કુમાર

સંસ્થાપક · રવિશંકર રાવળ
વર્ષ ૫૪મું · અંક ૧૧મો · નવેમ્બર · ઈ. સ. ૧૯૭૭ · સળંગ અંક ૬૪૭
તંત્રી · બચુભાઈ રાવત



રંગોળી · કલાકાર: સ્વ. પ્રો. લૅંગહૅમર

કુમાર

નવેમ્બર ૧૯૭૭ • અંક ૬૪૭

તંત્રી: બચુભાઈ રાવત ✿ ઉપતંત્રી: બિહારીલાલ ટાંક

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ. ૧૪૫૪ રાયપુર. અમદાવાદ-૧
વાર્ષિક લવાજમ: રૂ.૨૪-૦૦; પરદેશ: રૂ.૪૦ યા પાઉન્ડ ૨ યા ડા. ૫-૫૦; છૂટક નકલ: રૂ.૩ ૦૦

વાચકો લખે છે...

પાઠ્ય પુસ્તકમાં

ગુજરાતના રાજ્યપાલના સલાહકાર અને રાજ્ય શાળા પાઠ્ય પુસ્તક મંડળના અધ્યક્ષ શ્રી કે. ટી. સતારાવાળાએ રાજ્ય વન્યજીવન સલાહકાર મંડળના સભ્યોને લખેલા તા. ૮ જૂન ૧૯૭૫ના પત્રમાંથી :

'તમને જાણીને આનંદ થશે કે અમે આપણી શાળાઓમાં શક્ય એટલી વહેલી પળે પર્યાવરણ શિક્ષણ (Environmental education) યોજવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ. હમણાં પ્રસિદ્ધ થએલાં કેટલાંક પાઠ્ય પુસ્તકોમાં તદ્વિષયક પાઠો અને પ્રકરણો ઉપરાંત એમનાં પૂઠાં ઉપરનું સાહિત્ય પણ એ જ વિષયને અનુલક્ષીને છે : યથા વૃક્ષ સંરક્ષણ, વાઘ-સંરક્ષણ યોજના, કચ્છનાં સુરખાબ, વેળાવદર રાષ્ટ્રિય ઉદ્યાનનાં કાળિયાર, વૃક્ષ-વિષયક કાવ્યો આદિ. થોડાં પૂઠાંનો સંપુટ આ સાથે મોકલું છું અને મને શ્રદ્ધા છે કે એ તમને રસપ્રદ નીવડશે.'

સાચે જ અત્યંત શ્લાઘનીય પ્રયત્ન છે. સંશય એટલો રહે છે કે પાઠ્ય પુસ્તક મંડળના મનોરથની સિદ્ધિ અર્થે શિક્ષાર્થીઓમાં પ્રાણિ-સંરક્ષણ ભાવનાને જાગ્રત—મૂર્ત કરવા સમર્થ શિક્ષકો કેટલા નીકળશે.

મને મળેલાં ચિત્રો ઉત્તમ કક્ષાનાં છે. બેએક તો મઢીને ઘરમાં લટકાવવા જેવાં અપ્રતિમ. ચિત્રોનો પરિચય પણ સરળ ભાષામાં કરાવ્યો છે. યદ્યપિ એમાંનાં બેચાર વિધાન વિચારણીય છે.

કાળિયાર

૧) માનવ વિજ્ઞાન ધોરણ ૧૦ ભાગ ૨

મુખ ભાગે સોળમી સદીની મુઘલ ચિત્ર શૈલીની, કલાકાર મનોહરની પૂર્ણરંગી મનોરમ કૃતિ–નમણું કાળિયાર અને એની સાથે ક્રીડામગ્ન મુગ્ધ રમણી–છાપેલી છે. એના પરિચયપાઠમાં, અન્ય વિષય ભેગું આ કથન છે : 'મોરની જેમ કાળિયાર પણ આપણા ચિત્રકારોનો પ્રિય વિષય છે. શકુન્તલા ને સીતાની સોબતમાં મૃગ બતાવાયું છે.' વિષય સંદર્ભમાં અહીં 'મૃગ' શબ્દથી 'કાળિયાર' અભિપ્રેત હોય તો આ કથન (૧) શકુંતલાના સંબંધમાં યથાર્થ છે: દુષ્યન્તની મૃગયાનું લક્ષ્ય કાળિયાર હતો (कृष्णसारे ददच्चक्षुः), શકુન્તલાનો પરિપાલિત પણ કાળિયાર (पुत्रकृतकः मृगः) (૨) પરંતુ સીતાના સંબંધમાં અયથાર્થ છે. વનને પ્રજ્વલિત કરનારી પોતાની તરુણાદિત્યવર્ણી દેહપ્રભાથી સીતાને મુગ્ધ (अहो रूपम् अहो लक्ष्मीः) કરનાર મૃગ, કાળિયાર નહિ પણ સુવર્ણમય શરીર ઉપર રૂપાનાં અનેક બિન્દુઓ (पृषत्)થી ચિત્રિત (काञ्चनरोम्णा रौप्यैः बिन्दुशतैः चित्रं भूत्वा) ચીતળ હતો. પચીસ પૈસાની પોસ્ટની ટિકિટ ઉપર ચીતળનું ચિત્ર છાપેલું છે.

પ્રાણિવિજ્ઞાનની દૃષ્ટિએ કાળિયાર ને ચીતળ ભિન્ન ભિન્ન જાતિનાં હરણો છે. આવા શાસ્ત્રીય ભેદદર્શક વિશિષ્ટ સંજ્ઞાઓ સંસ્કૃત સાહિત્યમાં જડતી નથી. એમાં તો 'હરિણ' અને 'મૃગ' ઉભય સમાનાર્થ છે (શાકુન્તલ: आश्रममृगोऽयम्, क बत हरिणकानां जीवितम्). યદ્યપિ હરિણસમ પશુઓની કતિચિત્ જાતોને વિશિષ્ટ નામ પણ અપાયાં છે : कृष्णसारः–कृष्णमृगः–सारङ्गः = કાળિયાર; एणः = છિંકારું; शंबरः = સાબર; पृषतः–चित्रपृष्ठः–राजीवः = ચીતલ; चमरः = ચમરી.

ખરીઓવાળાં (विभक्तशफ) વાગોળનારાં (रोमन्थकर) પશુઓમાં સમાવિષ્ટ ગાય ભેંસ, બકરાં-ઘેટાં, હરણ-મૃગ સમૂહનાં બે નોખાં કુળ છે. એક Bovidae. તદંતર્ગત રોઝ, છિકારાં, ચોસીંગાં અને કાળિયાર–ચારે પિતરાઈ–Antelope સંજ્ઞાથી ઓળખાય છે; પણ સાચું Antelope તો કાળિયાર એકલું જ. એનું ગોત્ર Antelope, એનું અંગ્રેજી અભિધાન Black Buck (નર જાતિ સૂચક શબ્દ હોવા છતાં ઉભય જાતિ માટે વપરાય છે). બીજું કુળ Cervidae ચીતળનું. ચીતળ એટલે Spotted Deer. એના દેહની વિશિષ્ટ વર્ણવ્યવસ્થાને સર્વથા અનુરૂપ નામ. સાબર એનું સગોત્રી.

Antelope અને Deer જાતોનાં પ્રાણીઓની એકસરખી શરીર સંઘટનાના લીધે, દૂરથી જોતાં બંને સમાન જાતિનાં લાગે છે. પરંતુ એ બે વચ્ચે, સવિશેષ નર (એમની માદાઓને સામાન્ય રીતે શીંગડાં હોતાં નથી) વચ્ચે ભેદ એમનાં શીંગડાંને લીધે સહેજે કરી શકાય છે. Deerનાં શીંગડાં (Antlers સાચી સંજ્ઞા) ઝાડની ડાળીઓ પેઠે ફેલાએલાં (શાખી) હોય છે, જ્યારે Antelopeનાં (Hornsસાચી સંજ્ઞા) સીધાં સોટા જેવાં, ડાળાં-પાંખડાં રહિત, ક્વચિત્ સહેજ વળેલાં, સરળ, કોઈના ઉપર થોડે થોડે અંતરે કડીઓ તો કોઈનાં આમળો ખાધેલાં, બકરાંનાં પેઠે (એથી જ મરડાશીંગી વનસ્પતિનું નામ अजशृङ्गी); Deerનાં નક્કર (અંતર્ઘન) કેવળ હાડકાનાં બનેલાં, ત્યારે Antelopeનાં પોલાં—વચ્ચે હાડકાંની ભૂંગળી, એને ફરતું શીંગડાંનું આવરણ; Deerનાં યથાસમયે ખરી પડે અને એને સ્થાને ફરી નવાં ઊગે, અસલના જેવાં જ શાખી; પણ Antelopeનાં કદીય સ્વયં ખરી પડે નહિ, અને ભાગે કે ઊખડી જાય તો ફરી સંધાય કે ઊગે નહિ એવાં, એક જ વખત ઊગનારાં, ચિરસ્થાયી.

...અને સુરખાબ

૨) ભૂગોળ ધોરણ ૧૦મું ભાગ ૧

કચ્છના મોંઘેરા અતિથિ સુરખાબની અનિર્વચનીય સુન્દરતાનું સંપૂર્ણ ભાન કરાવતા, પૂઠા પર અંકિત રંગીન ચિત્રનો પરિચય આપતી વિસ્તૃત વિવૃતિમાંથી અવતરણ :

'આ પક્ષીઓ ઇંડાં મૂકવાની ઋતુમાં લાખોની સંખ્યામાં ભારતભરમાંથી તેમ જ એશિયા ખંડના અન્ય દેશોમાંથી કચ્છની ધરતી પર ઊતરી આવે છે. છીછરી જળસપાટીની સુવિધા કેવળ કચ્છના રણમાં જ છે. સુરખાબ આ સુવિધાને કારણે રણમાં ઇંડાં મૂકવા માટે ધગધગતી રેતીમાં ઊંચા ટીંબા કરી પોતાનો માળો બનાવી શકે છે.'

એનું વાર્તિક :

કચ્છના રણમાં સુરખાબ–Flamingo–ની ઉપસ્થિતિનું પક્ષિતત્ત્વવિદોને પ્રથમ ભાન કરાવવાનો યશ કચ્છના મહારાવશ્રીને ઘટે છે. એ પળથી એવી માન્યતા પ્રવર્તવા લાગી કે કચ્છના રણમાં દૃષ્ટિગોચર થતાં સુરખાબ ભારતેતર દેશોમાંથી ઋતુભેદે આવનારાં યાત્રીઓ-'કચ્છના મોંઘેરા અતિથિઓ'–છે. પરંતુ ચાલ્સૅ મૅક્કન ને સાલિમ અલીનાં અન્વેષણના પરિણામે એ ભ્રમ દૂર થયો અને નિશ્ચિત થયું કે રણમાં દેખાતાં સુરખાબ રણનાં સ્થાયી અધિવાસી છે, યાયાવર પક્ષીઓ નથી. એમનું પ્રજનનકાર્ય પણ રણમાં જ થાય છે.

સુરખાબ એટલે Flamingo. એની (ત્રણ ગોત્રની) છ જાતો આજે વિદ્યમાન છે. એમાંની એક જાત ઉ. અમેરિકાના ફ્લૉરિડા પ્રદેશમાં અને ત્રણ જાતો દ. અમેરિકાની ઍન્ડીઝ ગિરિમાળાનાં સરોવરોમાં સ્થગિત થએલી છે અને તે પણ મર્યાદિત સંખ્યામાં. પાંચમી જાત બૃહત્કાયફ્લેમિંગો The Greater Flamingo (Phoenicopterus ruber) પૃથ્વી તલની વધુ વ્યાપક અને સંખ્યાબળમાં ચડિયાતી છે ને ભૂમધ્ય સમુદ્રથી આરંભી ફ્રાન્સ, સ્પેન, મધ્ય પૂર્વના દેશો, આફ્રિકા, કાસ્પીઅનસમુદ્ર, ભારતવર્ષ અને ઍન્ડીઝ ગિરિમાળા પર્યંત વિસ્તરેલી છે. જ્યાં જ્યાં એ વસે છે તે તે પ્રદેશનાં જ એ અધિવાસી છે. કચ્છના મોટા રણમાં વસતાં મોટાં સુરખાબ પણ આ પાંચમી જાતનાં છે અને રણનાં સ્થાયી અધિવાસી હોઈ, પ્રજનન પણ ત્યાં જ કરે છે. અન્ય ઋતુઓમાં ભારતવર્ષમાં વિવિધ પ્રદેશોમાં નાના મોટા સમૂહોમાં એ સ્વચ્છંદે વિહરતાં દેખાય છે, પણ પ્રજનનકાળે તો એ રણમાં જ પાછાં ફરે છે. ભારતવર્ષમાં રણથી અન્યત્ર એ પ્રજનન કરતાં અદ્યાપિ દૃષ્ટિગોચર

થયાં નથી. ભારતેતર દેશોમાંથી આ જાતનાં ફ્લૅમિંગો કચ્છના રણમાં પ્રજનન કરવા આવતાં નથી. આવતાં હોવાનો કોઈ વિશ્વસનીય–કે સંદિગ્ધ–પુરાવો હજી મળ્યો નથી. છેલ્લાં થોડાં વરસોમાં ઈરાન (દ. કાસ્પીઅન)માં મુદ્રાબદ્ધ થએલાં આ જાતનાં ફ્લૅમિંગોમાંનાં કતિપય રાજસ્થાન, ઓરિસા અને આન્ધ્ર પ્રદેશ જેટલા દૂરના પ્રદેશોમાંથી મળી આવ્યાં છે; પણ એટલા ઉપરથી માની લેવું કે એ કચ્છના રણમાં પ્રજનન કરવા માટે આવ્યાં હતાં એ સાહસ છે. એવી આશા રાખી શકાય કે યાયાવર પક્ષીઓના સ્વભાવાનુસાર આર્તવી યાત્રાર્થે અન્ય દેશોમાં પ્રયાણ કરનાર ફ્લૅમિંગો પ્રજનનાર્થે તો સ્વભૂમિમાં જ પાછાં ફરવાનાં. હા, પ્રસંગે એમની સ્થાયી નિવાસભૂમિમાં પ્રજનનને સર્વથા અનુકૂળ જલરાશિમાં ઘટાડો થાય અથવા અન્ય પ્રાકૃતિક ફેરફારો થાય અને એના દબાણ હેઠળ તે સ્થળે પ્રજનન કરવું પ્રતિકૂળ થાય તો એ સ્વાભાવિક રીતે અન્ય પ્રદેશોમાં પ્રજનનાર્થે જવા લલચાય. આ સમગ્ર સમસ્યાના ઉકેલનો એક જ ઉપાય છે: વિશ્વનાં સમગ્ર ફ્લૅમિંગોનાં નિવાસસ્થાનોમાં ઊછરતાં ફ્લૅમિંગોનું મોટા પાયા ઉપર મુદ્રાબન્ધન કરવાનું. આ માર્ગે અસંદિગ્ધ પુરાવો ન મળે ત્યાં સુધી કચ્છના રણમાં પ્રજનન કરતાં દેખાતાં બૃહત્કાય સુરખાબ રણનાં જ સ્થાયી અધિવાસી છે એ માન્યા વિના છૂટકો નથી.

ફ્લૅમિંગોની છઠ્ઠી જાત, વામનદેહી સુરખાબ The Lesser Flamingo (Phoeniconaias minor)નું પ્રધાન નિવાસસ્થાન દ૦ આફ્રિકાનો Rift Valley પ્રદેશ છે, જ્યાંના મોટા સરોવરના આશ્રયે ૨૦ લાખ જેટલાં પક્ષીઓ કેન્દ્રિત થએલાં છે. જોકે પ્રજનનાર્થે તો એ સ્થાન ત્યજીને તે અન્યત્ર મીઠાનાં મેદાનો અને ખારાપાટમાં જાય છે. આ જાતનાં સુરખાબ કચ્છના નાના રણમાં પ્રસંગે પ્રસંગે ડૉ. સાલિમ અલીના જોવામાં આવેલાં, પણ એમના માળા અને ઇંડાં નજરે પડેલાં નહિ; એથી કમને એ એવા નિર્ણય ઉપર આવેલા કે આ પ્રદેશમાં દેખાતાં વામનદેહી સુરખાબ યાયાવર પંખી છે અને ભારતેતર પ્રદેશોમાંથી અહીં વિશિષ્ટ ઋતુમાં જ આવે છે. પરન્તુ સને ૧૯૭૪ના જાન્યુઆરીની આઠમી તારીખે વામનદેહી સુરખાબના માળા અને ઇંડાં મોટા રણની પૂર્વ ધારે ડૉ. સાલિમ અલીના જોવામાં આવ્યાં અને નિશ્ચિત થયું કે રણમાં દેખાતાં આ જાતનાં પંખી યાયાવર નથી પણ રણનાં જ સ્થાયી અધિવાસી હોઈ ત્યાં જ પ્રજનન કરે છે. પ્રથમ એમનો વસવાટ ઝિંઝુવાડા સામે નાના રણના પશ્ચિમ ભાગમાં હતો પણ રાષ્ટ્રિય ધોરી માર્ગ અંગેનો આડબંધ રચાવાથી બનાસ નદીની નાના રણમાં વહેતી ધારા બંધ થઈ એટલે વામનદેહી સુરખાબની નિવાસ-ભૂ સૂકી નિર્જળ બની ગઈ. પરિણામે ત્યાં વસતાં સુરખાબોના આ સમૂહને એ સ્થાન તજવું પડ્યું અને પાસેના મોટા રણના પૂર્વ પ્રાન્તે એ આવી વસ્યો અને ત્યાં જ પ્રજનન કાર્ય કરવાનો આરંભ કર્યો. આ સ્થાને ડૉ. સાલિમ અલીની ગણતરીએ ૨૦૦૦(એમના સાથી શ્રી શિવરાજકુમારની ગણતરીએ ૫૦૦૦) જેટલાં નાનાં સુરખાબ વસતાં દેખાયાં. જોકે હવાઈ જહાજમાંથી અવલોકન કરનાર યુરોપીય પક્ષીતત્ત્વવિદ ફ્રહાનની ગણતરીએ એ પ્રદેશના વસતિસ્થાનમાં આ સુરખાબના ૧૦,૦૦૦—જેમાંના ૭,૫૦૦થી યે વધુમાં તો ઇંડાં યે મૂકેલાં હતાં—જેટલા માળા હતા.

આ પરિસ્થિતિ અનુસાર સુરખાબ કચ્છના રણના 'મોંઘેરા અતિથિ' નથી પણ સ્થાયી અધિવાસી છે એ સ્પષ્ટ છે. આ વસ્તુસ્થિતિ, પાઠ્યપુસ્તકમાં સુરખાબનો અન્ય રીતે ઉષ્માભર્યો પરિચય આપનાર વિદ્વાન લેખકના ધ્યાન બહાર રહી ગઈ લાગે છે.

પરંતુ એમનો જ દોષ શા માટે કાઢવો? જેમની પાસેથી અદ્યતન માહિતી અને વધુ ચોકસાઈની અપેક્ષા રાખી શકાય એવા અનુસ્નાતક કક્ષાના પ્રાણિવિજ્ઞાનના અભ્યાસીઓની પણ આ જ દશા છે. થોડા સમય ઉપર ગુજરાત યુનિવર્સિટીની કૉલેજિયન યુવતીઓનું વૃન્દ કચ્છના સુરખાબ નગરની યાત્રાએ ગએલું. એની છબી 'જનસત્તા'માં છપાએલી ને એમના નેતાએ એમના અનુભવની રોમાંચક કથા પણ કહેલી. એમના કથન અનુસાર: 'વાસ્તવમાં વર્ષના ચાર મહિના આ...રણપ્રદેશમાં વિશ્વભરમાંથી ફ્લૅમિંગો અહીં આવે છે, ઇંડાં મૂકે છે અને પ્રજોત્પત્તિ કરે છે. ઑક્ટોબરથી ઠેઠ જાન્યુઆરી સુધી છેક દક્ષિણ અમેરિકા, સાઈબીરીઆ અને ન્યૂ ઝીલૅન્ડ જેવા... દેશોમાંથી ફ્લૅમિંગો પક્ષી હજારોની સંખ્યામાં હાજર થઈ જાય છે.'

આ કથન કેટલું અતિશયોક્તિમયું અને નિરાધાર છે એ ઉપરના વિવેચનથી સ્પષ્ટ થશે. એમનું અન્ય એક કથન: 'જો દરિયાના ખારા પાણીને અહીં આવતાં અટકાવી શકાય અને બનાસકાંઠાની કેટલીક નદીઓને આ તરફ વાળી શકાય તો...' કચ્છના રણના જે ભાગમાં સુરખાબના માળા છે ત્યાં દરિયાની ભરતીનાં પાણી આવતાં હોવાનું, એ પક્ષીઓના નિષ્ણાત અવલોકનકારોના અનુભવમાં આવ્યું નથી. ખારા મળકા, જે જલરાશિ વચ્ચે આ માળા ઊભા છે એ તો બનાસકાંઠાની લૂણી ને બનાસ તેમ જ ઉત્તર ગુજરાતની કુંવારકા સરસ્વતી, રૂપેણ ને મોઢેરાના સૂર્યમંદિરને ઘસાઇને વહેતી ક્ષુદ્રકાય પુષ્પાવતીનદીઓનાં વરસોથી રણમાં ઊભું વરસ રેલાતાં, સ્વભાવે મીઠાં પણ રણની ક્ષાર ભરેલી ભૂમિના સંસ્પર્શથી ખારાં બની ગએલાં પાણીમાંથી જ સર્જાયલો પોષાઈ રહેલો છે.

પરંતુ કેવળ નદીઓનાં 'જલ' રેલાવાથી આ રણ પ્રદેશ ફ્લદ્રુપ ન થાય. એ માટે તો વરસો પર્યંત નદીનાં પાણી ભેગો કાંપ પણ આ પ્રદેશમાં ઠલવાતો રહે અને એના યોગે રણનો નિમ્ન પ્રદેશ સમુદ્રની સપાટીથી ઊંચો આવી, પડખેની ગુજરાતની ભૂમિને સમતલ બની જાય તો સમય જતાં રણની આ ઊષર ભૂમિ રસવતી થાય એમાં સંદેહ નથી.

વળી 'જનસત્તા'ના અહેવાલમાં લખ્યું છે: 'આ ફ્લૅમિંગોને ફારસીમાં સુરખાબ કહેવાય.' સુરખાબ ફારસી શબ્દ છે કે અન્ય ભાષાનો તેની મને ખબર નથી પણ ફ્લૅમિંગોના ગુજરાતી નામ રૂપે 'સુરખાબ'નો સૌથી પ્રથમ ઉપયોગ મેં કર્યો

હતો ('કુમાર' ચૈત્ર ૧૯૯૧). આજે એ રૂઢ થયો છે (જો કે એ કેટલાકને સાલે છે). સુરખાબનો યથાર્થ (literal meaning) શો છે એ હું હજી ય જાણતો નથી. જો કે ઈરાનના એક ખૂણે દક્ષિણ કાસ્પીઅનના તટપ્રદેશમાં પ્રજનન કરતું Flamingoનું એક સ્થાયી થાણું છે, ત્યાં ઈરાની ભાષામાં સુરખાબનું સ્થાનિક નામ શું છે, એ જાણવાનો પ્રયત્ન હું કરી રહ્યો છું.

(અમદાવાદ) —હરિનારાયણ આચાર્ય

ગિરનારના શિલાલેખો

'કુમાર' અંક ૬૩૪માં શ્રી પલાણે કરેલાં અવલોકનોનો ઉત્તર આ પ્રમાણે છે : ૧) 'ગિરનાર પર સજ્જનમંત્રીની ઉપસ્થિતિ તેમ જ સિદ્ધરાજનું નામ દેતા સમકાલિક અભિલેખો છે' એટલું જ એમણે મારું ટાંકેલું વિધાન અપૂર્ણ ગણાય; કેમકે સજ્જનમંત્રીનું નામ દેતા લેખ વિષે મેં પં. ભગવાનલાલ ઇંદ્રજીની નોંધનો આધાર આપ્યો છે, અને સિદ્ધરાજનું નામ દેતા શિલાલેખમાંથી સંદર્ભગત મૂળ શબ્દો ટાંકયા છે. શ્રી પલાણ કહે છે કે 'આ હકીકત મને બરાબર લાગી નહિ, એટલે મેં અંક ૬૨૩માં શિલાલેખોની મૂળ હકીકત જણાવી.' આ 'મૂળ હકીકત' શું છે? તો શ્રી પલાણ ત્યાં કહી ગયા કે 'પં. ભગવાનલાલ ઇંદ્રજીએ 'બૉમ્બે ગૅઝેટીઅર'માં નોંધેલો શિલાલેખ સિદ્ધરાજ જયસિંહનો નહિ પણ રા' જયસિંહ ચુડાસમાનો છે. પં. ભગવાનલાલ પછી આ વિષે ચર્ચા થઈ ગઈ છે.' આ ચર્ચા કયાં થઇ ગઈ છે, કોણે કરી છે, તે વિષે પ્રશ્ન કરતાં તેઓ હજી પણ કશું જ સ્પષ્ટ કરતા નથી. તો હવે જણાવશે? ૨) શ્રી પલાણ કહે છે કે 'હું હજી પણ સ્પષ્ટ જણાવું છું કે ગિરનાર ઉપરથી સિદ્ધરાજનું નામ દેતો સમકાલિક એક પણ લેખ અદ્યાપિ પ્રાપ્ત નથી.' આ અંગે તેમણે અંક ૬૨૧ની ચર્ચા ફરીને જોઈ લેવી, અને મૂળ સ્રોતો ફરી એક વાર જોઈ જવા. ૩) શ્રી પલાણ ફરીને વિ.સં. ૧૧૭૫ ઈ.સ ૧૧૨૦-ના સજ્જનમંત્રીનું નામ જણાવતા લેખની ચર્ચા કરતાં કહે છે કે આવો લેખ પણ ગિરનાર ઉપરથી પ્રાપ્ત નથી. આ અંગે તેમણે પં. ભગવાનલાલ ઇંદ્રજીની મૂળ નોંધ જોઈ લેવી. પં. ઇંદ્રજીએ એ લેખ જોઈને નોંધ કરી છે. સજ્જનમંત્રીનું નામ દેતો લેખ ત્યાં ન હોય તોપણ, કે માની લઈએ કે પં. ભગવાનલાલ ઇંદ્રજીની સમજવામાં ભૂલ હોય તો પણ, ગિરનારનું નેમિનાથનું જિનાલય વિ. સં. ૧૧૮૫/ઈ. સ. ૧૧૨૯ હોવાનું વિજયસેનસૂરિના 'રેવંતગિરિરાસુ' પરથી સિદ્ધ છે જ.

(વારાણસી) —મધુસૂદન ઢાંકી

ગિરનારના નેમિનાથ-જિનાલયનો સમય

'કુમાર' અંક ૬૨૨માં સંદર્ભગત જિનાલય વિષે ચર્ચા કરતાં શ્રી પલાણે તેને 'તેરમી સદીના (અંતભાગનું)'? હોવાની કરેલી ઘોષણા સામે 'કુમાર' અંક ૬૨૪માં મેં શ્રી પલાણને તે વાત લક્ષણોથી સિદ્ધ કરવાનું સૂચન કરેલું, જેનો ઉત્તર હજી સુધી મળવામાં નથી તો શું સમજવું? શ્રી પલાણ તેમના વિધાનથી ઊભી થએલી સમસ્યાનો સપ્રમાણ ઉકેલ આપશે તેવી અપેક્ષા તેઓ હવે સત્વર પૂરી કરશે એમ માનવું વધુ પડતું નહિ ગણાય.

(વારાણસી) —મધુસૂદન ઢાંકી

શ્રી રમણલાલ એન્જિનીઅરને ઉત્તર

સોરઠમાંથી મળી આવેલા જયસિંહ સિદ્ધરાજના જે સિક્કાઓની વાત મેં કરેલી તે વંથળી પંથકમાંથી સ્વ૦ ધોધારી સાહેબને તેમના જૂનાગઢ નિવાસ દરમિયાન મળેલા અને સ્વ૦ અમૃતલાલ પંડયાએ તે જોએલા, અને તેના પર પોતે લખી રહ્યાનું મને જણાવેલું, તેના આધારે મેં લખ્યું હતું. બુંદેલખંડવાળા સિક્કાવાળી વાત જુદી જણાય છે ને તે મારી જાણ બહાર છે.

(વારાણસી) —મધુસૂદન ઢાંકી

મોતનું સ્વાગત

ઑગસ્ટ '૭૭ અંકની વાર્તા 'મોતનું સ્વાગત' બહુ ગમી. વાર્તા વાંચતાં વાંચતાં ઝળઝળિયાં આવી ગયાં. આપણી સંસ્કૃતિનું પ્રતિબિંબ આ વાર્તા પાડે છે. સુંદર અનુવાદ માટે અનુવાદકને અભિનંદન.

(મુંબઇ) —જયંતીલાલ વ. દવે

અષ્ટ દિક્પાલ

'કુમાર' મે-'૭૭માં રજૂ થએલાં દિક્પાલોનાં વર્ણનો અને રેખાચિત્રોને અનુષંગી થોડીક શાસ્ત્રચર્ચા રસિક બની રહેશે :

'દિશાઓની અને દિક્પાલોની કલ્પના પ્રાચીનકાળથી આપણે ત્યાં હતી.' એમ કહી દેવાથી કશું જ નક્કર સિદ્ધ થતું નથી. જિજ્ઞાસુને સવાલ થાય કે ખરેખર આવી કલ્પના આપણે ત્યાં ક્યારે આવી?

દિશાઓની કલ્પનાનું મૂળ હજુ સુધી હાથમાં આવ્યું નથી; કારણ કે વેદ, વૈદિક સાહિત્યનો કાળનિર્ણય હજુ સુધી સર્વમાન્ય રીતે થઈ શક્યો નથી. પરંતુ દિક્પાલ વિષે થોડીક સ્પષ્ટતા જરૂર થઈ છે. આજે છે તે રીતની દિક્પાલોની વ્યવસ્થિત કલ્પના પહેલવહેલી 'મનુસ્મૃતિ'માં મળે છે. 'મનુસ્મૃતિ'નો સમય ઈ. સ. પૂર્વે બીજી સદીથી ઈ. સ.ની બીજી સદી એમ ચારસો વરસનો માનવામાં આવે છે. આ ચારસો વરસમાં 'મનુસ્મૃતિ'નું સંઘટન થયું અને તેમાં આઠ દિક્પાલોની વ્યવસ્થિત ગણના થઈ એમ અનુમાની શકાય છે.

જોકે 'મનુસ્મૃતિ'માં ગણાવવામાં આવેલા આઠ દિક્પાલોમાં સૂર્ય અને ચંદ્ર છે, જેને સ્થાને પાછળથી ઈશાન અને નૈઋતિને મૂકવામાં આવ્યા છે. 'દશ દિક્પાલો'ની કલ્પના તો છેક 'વાસ્તુશાસ્ત્ર'માં મળે છે. 'વાસ્તુશાસ્ત્ર' એટલે કે સ્થાપત્ય-વિચાર આપણે ત્યાં ઘણા પ્રાચીન કાળથી છે, જેની ક્રમશઃ વ્યવસ્થિત વિચારણા થતી આવી હોવાનું અનુમાન જુદાંજુદાં પુરાણોને આધારે થઈ શકે છે; પરંતુ 'વાસ્તુશાસ્ત્ર'ની હાલ જે પ્રાપ્ત 'રચના' છે તે ઈ. સ.ની સાતમીથી દશમી શતાબ્દી વચ્ચે બંધાઈ હોવાનું જણાય છે, અને આ 'રચના'માં પ્રથમ વાર દિક્પાલોની સંખ્યા દશની થાય છે; એટલે કે દશની સંખ્યા તો ઘણી પાછળથી આવી છે. ગુજરાતના કોઈ મંદિરમાં (ધૂમલી સિવાય) હજુ સુધી દશ દિક્પાલો મળ્યા નથી. અતઃ 'વાસ્તુશાસ્ત્રે' રજૂ કરેલી દશની કલ્પના બહુ પ્રચારમાં આવી નથી.

'મનુસ્મૃતિ'ની પહેલાં રામાયણ અને મહાભારતમાં ચાર જ દિક્પાલો મળે છે. સંભવ છે દિક્પાલોની પ્રથમ કલ્પના મહાભારત સમયની હોય. હાલને તબક્કે એમ કહી શકાય કે મહાભારત પહેલાં 'દિક્પાલ' નથી. વેદ અને વૈદિક સાહિત્યમાં રજૂ થએલા ઘણા વિચારોને મહાભારતકારે સ્વરૂપ પ્રદાન કર્યાનું પ્રચલિત છે. સંભવ છે કે અગાઉ રજૂ થએલી દિશાઓની કલ્પનામાં તેના રક્ષકોની—દિક્પાલોની કથાનો આકર્ષક ઉમેરો મહાભારતે કર્યો હોય.

એટલે કે શરૂઆતમાં દિશાઓની જ કલ્પના છે. મહાભારતે ચાર દિક્પાલો મૂક્યા, ચારના આઠ દિક્પાલો ઇ. સ.ની શરૂઆતમાં 'મનુસ્મૃતિ' એ કર્યા, અને ઈ. સ.ની સાતમી-આઠમી સદીમાં 'વાસ્તુશાસ્ત્રે' આઠના દશ દિક્પાલો સર્જ્યા. અહીં એ પણ નોંધીએ કે દિક્પાલોની માફક દિશાઓની સંખ્યા પણ ફરતી રહી છે. શરૂઆતમાં ચાર, પછી છ, અને પછી આઠ તથા દશ દિશાઓની ગણતરી થએલી છે.

હવે શ્રી પ્રભાશંકર ઓ. સોમપુરાએ 'ભારતીય શિલ્પસંહિતા'માં રજૂ કરેલાં દિક્પાલોનાં વર્ણનો અને રેખાચિત્રો ('કુમાર' મે-'૭૭માં પ્રદર્શિત) ક્યાં ક્યાં યોગ્ય નથી તે જોઇએ.

શ્રી પ્રભાશંકરભાઈ એ રજૂ કરેલાં ચિત્રો અને વર્ણનો અમુક સ્થળે પરસ્પરના મેળમાં નથી તે તેમની પ્રથમ મર્યાદા છે; બીજી મર્યાદા દિક્પાલોનાં વિશેષ પ્રચલિત વિધાનોને છોડી દઈ, ઓછાં પ્રચલિત વિધાનોનો સ્વીકાર છે; તે છેક અને ક્યાંક અપૂર્ણ તથા ખોટી માહિતી આપી છે તે ત્રીજી મર્યાદા છે.

૧) ચિત્ર અને વર્ણન વચ્ચે પરસ્પર વિરોધ : (અ) ઈન્દ્રનું વાહન ઐરાવત ગણાવે છે, જ્યારે ચિત્રમાં હાથી છે. ઈન્દ્રનાં આયુધોમાં વજ્ર, ધનુષબાણ, અંકુશ, કમંડલ ગણાવે છે પરંતુ ચિત્રમાં વરદ મુદ્રા છે. (આ) કુબેરનાં આયુધોમાં ગદાને પ્રમુખ ગણાવે છે પરંતુ ચિત્રમાં ગદા નથી. ચિત્રમાં કુબેરને દાઢી છે જ્યારે વર્ણનમાં દાઢી નથી. વરદનું વર્ણન નથી જ્યારે ચિત્રમાં વરદમુદ્રા છે. (ઇ) યમના વાહન લેખે પાડાનું વર્ણન નથી, ચિત્રમાં પાડો છે. (ઈ) ઈશાનના વર્ણનમાં જટામુકુટમાં અર્ધચંદ્ર ને વ્યાઘ્રચર્મનો નિર્દેશ છે, પરંતુ ચિત્રમાં ચંદ્ર કે ચર્મ નથી. (ઉ) અગ્નિના વર્ણનમાં ત્રણ નેત્ર, દાઢીયુક્ત બે મુખ, ત્રણ પગ, ચાર શિંગડાં છે, પરંતુ ચિત્રમાં એકેય દૃષ્ટિગોચર નથી. (ઊ) નૈઋતિના વર્ણનમાં કાતર કહી પણ ચિત્રમાં નથી. વર્ણનમાં તલવાર અને દાઢી નથી જ્યારે ચિત્રમાં તલવાર અને દાઢી છે. (એ) વાયુના વર્ણનમાં તેના વાહન હરણનો નિર્દેશ છે પરંતુ ચિત્રમાં સમૂળગું વાહન જ નથી! (ઐ) બ્રહ્માના હાથમાં શંખ ગણાવેલ છે જ્યારે ચિત્રમાં સરવો છે!

૨) વધુ પ્રચલિત વિધાનોને બદલે ઓછાં પ્રચલિત વિધાનોનો સ્વીકાર (અ) ઈન્દ્રના હાથમાં સામાન્યતઃ દક્ષિણે વજ્ર અને વામે કમલ છે. ચાર હાથ હોય તો વજ્ર, કમલ, વરદ અને અંકુશ છે, જ્યારે અહીં ધનુષ્યબાણ અને કમંડલ જેવાં અલ્પ પ્રચલિત વિધાનોનો સ્વીકાર છે. ઇન્દ્ર દેવોનો રાજા છે; ભિક્ષાવૃત્તિનું નિર્દેશન કરતું કમંડલ તેમના હાથમાં ન હોય. અંગ્રેજીમાં 'Vase' ઈન્દ્રના હાથમાં ગણાવાય છે, પરંતુ ત્યાં કમંડલ કરતાં કળશનો અર્થ વિશેષ યોગ્ય લાગે છે. (આ) વરુણના વર્ણનમાં પાશ અથવા શંખ; વરદ અને રત્નપાત્ર મુખ્ય છે. અહીં રત્નપાત્રને બદલે કમંડલને મૂકવામાં આવેલ છે. (ઇ) કુબેરને ઉપલા બે હાથમાં નકુલક (દ્રવ્યથેલી) અને નીચેના હાથમાં વરદ અથવા ગદા અને બીજોરું અથવા અભય મુખ્ય છે. અહીં કમંડલનો સ્વીકાર છે. (ઈ) અગ્નિના સ્વરૂપમાં દાઢી મુખ્ય છે તેમ જ પગ પાસે નહિ પણ પ્રભાવલિને સ્થાને જ્વાલા છે. અહીં જ્વાલા નથી; તેમ જ દાઢીનો નિર્દેશ છે પણ ચિત્રમાં દાઢી નથી, (ઉ) નૈઋતિનાં મુખ્ય આયુધોમાં તલવાર અને ઢાલ છે. ચાર હાથ હોય તો તલવાર, ઢાલ, ખડ્ગ અથવા ખટ્વાંગ અને માથું છે, જ્યારે અહીં તદ્દન અયોગ્ય રીતે કાતરને ગણવામાં આવેલ છે! સારું છે કે ચિત્રમાં કાતર મૂકવામાં આવી નથી!

૩) અપૂર્ણ અને ખોટી માહિતી : (અ) દિક્પાલોના મુકુટની ચર્ચા કરવામાં આવી નથી તે મુખ્ય અપૂર્ણતા છે. (આ) અગ્નિનાં આયુધોમાં 'શક્તિ અથવા સૂચિ' બતાવાયાં છે પરંતુ 'સૂચિ' શબ્દથી શું અભિપ્રેત છે તે જાણી શકાતું નથી. (ઇ) નૈઋતિના વર્ણનમાં તેના આયુધ તરીકે 'કાતર' ગણવામાં આવી છે તે તદ્દન અયોગ્ય છે. શ્રી કનૈયાલાલ દવે પોતાના 'ગુજરાતનું મૂર્તિ વિધાન' ગ્રંથમાં નૈઋતિનાં આયુધ તરીકે 'કરવત' ગણાવે છે તે પણ અયોગ્ય છે મૂળ સંસ્કૃત શબ્દ 'કર્તરી' છે તેનો અર્થ શ્રી પ્રભાશંકર સોમપુરા અને શ્રી કનૈયાલાલ દવે ખોટી રીતે—'કાતર' તથા 'કરવત' કરે છે. શ્રી જિતેન્દ્રનાથ બૅનરજીએ અને શ્રી આર. ગુપ્તેએ યોગ્ય રીતે તેનો અર્થ 'Sword'—તલવાર–કર્યો છે. (ઈ) બ્રહ્માના વર્ણનમાં તો અક્ષમ્ય ક્ષતિ છે. બ્રહ્માના ચાર હાથમાં પુસ્તક, માલા, શંખ અને કમંડલ દર્શાવ્યાં છે, તેમાં 'સરવા'ને બદલે 'શંખ' બહુ ભયંકર છે! સારું છે કે ચિત્રમાં સરવો જ છે.

'ભારતીય શિલ્પસંહિતા' જેવું મૂલ્યવાન પુસ્તક એક દિક્પાલની બાબતમાં જ આટલી શિથિલતા ધરાવે છે તો અન્ય વિષયો પરત્વે આપણે શી કલ્પના કરીશું?

(પોરબંદર) —નરોત્તમ પલાણ

'કુમાર'ના જૂના અંકો

શ્રેષ્ઠ રાજ્યતંત્ર

અંક ૬૪૨માં એક વાચકે શ્રેષ્ઠ રાજ્યતંત્ર માટે પૂછ્યું છે. સ્વિટ્ઝરલૅન્ડનું રાજ્યતંત્ર શ્રેષ્ઠ છે. ત્યાં લોકશાહીનું પૂરેપૂરું વિકેન્દ્રીકરણ છે. દેશમાં ૩૦૦૦ Communities છે ને દરેક Communityને જરૂરી સત્તાઓ આપવામાં આવેલી છે,

(મુંબાઇ) —જયંતીલાલ વ. દવે

ઈ. ૧૯૭૬ના સપ્ટેમ્બર થી ૧૯૭૭ના ઑગસ્ટ સુધીના 'કુમાર'ના અંકોમાં પ્રકટ થએલા લેખો પૈકી 'ભારતીય સંસ્કારપરંપરાને પોષક અને જીવનઘડતરમાં સહાયક' થાય તેવા શ્રેષ્ઠ લેખ માટે

શ્રી સોમાભાઈ ભાવસાર (હરિઃ ૐ આશ્રમ - નડિયાદ) તરફથી

તેમની પુત્રી દીપ્તિના સ્મરણાર્થે વર્ષોવર્ષ અપાતું રૂ. ૫૧/–નું

દીપ્તિ-સ્મૃતિ-પારિતોષિક

'વિચાર-વિશેષ' લેખશ્રેણી માટે શ્રી બહાદુરશાહ પંડિતને મળે છે.



ગોપ-જીવન

કલાકાર સોમાલાલ શાહ ચિત્રસર્જનમાં વિવિધ શૈલીઓ અજમાવવાને બદલે પોતે અપનાવેલી શૈલીમાં જે નાનાવિધ સંયોજનો કરતા રહ્યા છે તેમાં ગ્રામપ્રદેશની પ્રાકૃતિક સુંદરતા અને રોજિંદા જનજીવનની મધુરતા સવિશેષ સ્થાન પામી છે. ચરીને આરામથી બેઠેલી ગાયોની વચ્ચે બપોરનું ભાત ખાઈને બે ઘડી વાર્તાવિનોદ કરતા ગોપ કુમાર-કિશોરીના આ ચિત્રમાં પણ એમના એક પ્રિય વિષયનું આલેખન છે. ભર્યે પેટ અદાથી બેઠેલી ગાયો, હાથમાં વાંસળી લઈને બેઠેલો ગોપ કુમાર અને હાથ લંબાવીને કંઈ મીઠો વાદ કરતી કે વાંસળી વગાડવા કહેતી કિશોરીના આ આલેખનમાં સર્વત્ર નરી નિરાંત નીતરતી લાગે છે. ગ્રામજીવનની એક મધુરી પળના આ નિરૂપણમાં ચિત્રવિષય પરત્વેની કલાદૃષ્ટિ તથા ચિત્રસંયોજન અંગેની એમની ચિત્રશક્તિ બંનેની પ્રતીતિ થાય છે. ભાવ અને સૌંદર્યથી એમણે નાના શા ચિત્રવિસ્તારને પણ ભર્યોભર્યો બનાવ્યો છે.



પ્રભાત (ફોટો : સુરેન્દ્ર પટેલ) પહોળે પને ખળખળ વહેતી નદીનાં છીછરાં જળ અને પનિહારીઓનાં બેડાં પર ઝળહળતાં પ્રભાતનાં કુમળાં કિરણો સાથે સમગ્ર પટ પર ફેલાતા જતા ઉન્નયની તાઝગી· ભરી તેજછાયાને સામા પ્રકાશે ઝડપીને સર્જેલું એક સુંદર ફોટોચિત્ર. એમાંનાં માનવપાત્રોની સાથે મથાળેથી આરંભાઇને આગળની ભૂમિ સુધી ઊતરી આવતી સંયોજન રેખા ત્યાં જ અટકી ન રહેતાં નદીના વળાંકમાં ભળી, ચક્રાકારે પુનઃ ઉપર જઈ, એક દૃષ્ટિવર્તુલ રચીને નજરને ચિત્રવિસ્તારમાં જ ઘુમાવે છે એટલું જ નહિ, ફરીફરીને સંયોજનના કેન્દ્રસ્થાન પરની પનિહારીઓ પર લાવીને ઠેરવે છે.

(સ્પીડ $\frac{1}{50}$ સે., એફ. ・૮, ફિલ્મ કોડાક XX, પેપર આગ્ફા, ડેવેલપર : ડી–૭૬)

સૉનેટ-દ્વય / ભગવતીકુમાર શર્મા

• વસંતતિલકા •

પારિજાત [૧]

વર્ષાઋતુ શત કળાથી ખીલી ઊઠી હો,
આકાશવૃક્ષ જલપુષ્પ વિખેરી રહેતું,
વિદ્યુલ્લતા તરુની ડાળખી શી શિરોટે,
હો પર્ણઝુંડ સમ વાદળવૃન્દ શ્યામ;
ત્યારે મહોરી ઊઠતું ઘરની પછીતે
વાડા વિષે તરલ, શ્વેતલ પારિજાત;
શો શુભ્ર આરસ તણો લઘુ તાજમ્હેલ
આવ્યો ધરા ઉપર સ્વર્ગથી મેઘ સંગ!
મોંસૂઝણે ભગિની-હસ્ત ગ્રહી અધીરી
દોડે શિશુપગલી પુષ્પસુગંધ પ્રેરી;
ફોરાં દ્વિવિધ, જલનાં, મૃદુ ફૂલનાં યે
ઝીલાય શીશ પર, દેવની છાબડીમાં.
રે, નિર્દયી સમય કેરી થપાટ વાગી,
ને વૃક્ષ, બાળપણ, બ્હેન—બધું ય ધ્વસ્ત!

પારિજાત [૨]

એ વૃક્ષ, બાળપણ, બ્હેન—બધું દટાયું
ઊંડે સ્મૃતિપટ તળે, થર રાફડા શા
જાડા, પ્રગાઢ પથરાઈ વળ્યા અદીઠા;
ભોરિંગ શો સમય ફેણ પછાડી દોડે.
ઘૂમ્યા કરે સતત ચક્ર ઋતુઋતુનાં—
હેમંતની સુરખી, મત્ત વસંતી હાસ્ય,
સૌન્દર્ય ગ્રીષ્મનું કરાલ, અષાઢ ભીનો,
ને સ્નિગ્ધ શી શરદ સ્વચ્છ—બધું ય વ્યર્થ
સંવેદના રહિત, યંત્રપ્રધાન કાળે,
જંજાળિયા જીવતરે..................
વર્ષાપ્રભાત સમયે તનુજા મૃગી શી
વાડે જઈ લઘુક બંધુની સંગ આણે
મંદારપુષ્પ તણી છાબ—અષાઢસિક્ત;
ને વૃક્ષ, બાળપણ, બ્હેન—બધું સજીવા

કાળના અકુલ ખોળે / રાજેન્દ્ર શાહ

• ગાન •

ખેલતી મારી કુલીન કાયા કાળના અકુલ ખોળે.
ઝૂલણ ઝીલણ પામતી કેવલ હેતની તેજલ છોળે.
વ્યોમને ગહન આવેગમયી
અગણ એની શીકર,
કેટલી ધરે વર્ણછટા
વિવર્તને ભીતર!
સકલ તે કિરણની મને છાવરે છાયા,
ખેલતી કુલીન કાયા.
ચોમેર મારી ગુંજરતી
હળવી હાલા-ગીતિ,
જાગવે જાણે નીંદ ને
લહાય નીંદમાં જાગામીઠી.
ઊડતું દુકૂલ અડકે એવા વાયરે વાયા,
ખેલતી કુલીન કાયા.
આખું ય આકાશ ભરતી
નાના ફૂલની વહે ગંધ,
હું ય જાણે જોઉં સઘળું
લોચન ઊઘડ્યાં કે હોય બંધ!
બેઉને રે કંઈ બેઉની પરમ માયા
ખેલતી કુલીન કાયા.
ઝૂલણ ઝીલણ પામતી કેવલ હેતની તેજલ છોળે,
ખેલતી મારી કુલીન કાયા કાળના અકુલ ખોળે.

પી જાઉં / કરસનદાસ લુહાર

• ગઝલ •

રેતકણ થઈને નદી પી જાઉં હું,
એક ક્ષણ થઈને સદી પી જાઉં હું.

જેમાં પરપોટા ય તારું નામ એ,
ઝંખનાનું જળ કદી પી જાઉં હું.

કંઈ તરસ જેવું પછી રહેશે નહિ,
ઘૂંટ લાવાનો યદિ પી જાઉં હું.

કાળપટની સાવ સુક્કી રેત પણ
નામ ભીનુંછમ વદી પી જાઉં હું.

છેવટે / હરેશ લાલ

• ગઝલ •

દબદબાથી ચાર કાંધે જાય છે.
મોત મોટા રાયનો યે રાય છે.

લો થઈ પૂરી રમત અણસારની,
ઓળખીતા આયના અકળાય છે!

જ્યાં કરે ઢીલી મુસાફર ગાંડડી,
આપમેળે ત્યાં ફરી બંધાય છે.

ગામ છેવાડે ભલે સ્મશાન હો,
મોત પોતાના જ ઘરમાં થાય છે!

લખ સમય મારી ઠરેલી રાખમાં
'છેવટે સૌની દશા આ થાય છે.'

¶ 'પારિજાત' પ્રકૃતિ-વર્ણનની પડછે વિષાદ-મય સંવેદનને રજૂ કરતા આ યુગ્મના પ્રથમ સૉનેટમાં પહેલી કડી જામેલી વર્ષાઋતુને એક વિશાળ વૃક્ષ તરીકે રજૂ કરે છે; પણ પછી બીજી કડીથી કાવ્યાનાયકનું સ્મરણ એમાં ભળે છે. આ વર્ષામય વાતાવરણમાં ઘરની પછીતે પારિજાત મહોરી ઊઠે છે (જાણે 'આરસ તણો લઘુ તાજમ્હેલ'!) અને એની સુગંધથી આકર્ષાઈ નાની બહેન અને તેની સાથે પોતે શિશુવયે ત્યાં દોડી જાય છે—ને શિર પર વરસાદનાં અને પારિજાતનાં મૃદુ પુષ્પ-ફોરાં પડે છે, જાણે દેવની છાબડીમાં ઝિલાતાં હોય! પરન્તુ કાવ્યાન્તે સુખમય સ્મરણમાં વિષાદની ચોટ ભળે છે, અને સૉનેટગત ભાવપલટો આવી રહે છે. નિષ્ઠુર કાળબળે એ પારિજાત, એ બહેન, એ બાળપણ બધું જ નાશ પામ્યું! ¶ એને અનુસંધાને આ બીજા સૉનેટમાં જુદી પરિસ્થિતિ નિરૂપાઈ છે. પ્રથમ સૉનેટને અંતે જે વિષાદ હતો તેની સ્મૃતિના પ્રગાઢ રાફડા પર કાળ પોતાની ફેણ પછાડીને દોડે છે. ત્યાં જ બીજા શ્લોકથી પરિસ્થિતિ પલટાઈ જાય છે. જંજાળિયા જીવતરના ફરતા ઋતુચક્રમાં ફરી ફરી વર્ષા-શરદ યંત્રવત્ આવી પહોંચે છે અને છેલ્લી કડીમાં જુદી જ અનુભૂતિ થઈ રહે છે. કોઈ વર્ષાભીના પ્રભાતે નાની મૃગીશી પુત્રી પોતાના નાના ભાઈ સાથે ઘર પછવાડેના વાડે જઈ મંદાર પુષ્પો લઈ આવે છે—અને કાવ્યનાયકને પોતાનું બાળપણ, બહેન, પરિજાતનું વૃક્ષ બધું તાજું તાજું ભાસે છે. પ્રથમ સૉનેટનો વિષાદમય અન્ત અહીં પ્રસાદમય બની જાય છે! ¶ 'કાળના અકુલ ખોળે': કાવ્યનાયક પોતાની કાયાને અનંત કાળના ખોળે હેરતી અનુભવે છે; વ્યોમમાંથી વરસની રંગ છટામાં જીવન ઝબકોરાય છે; ચોમેર મધુર ગતિનો આછો ધ્વનિ ગુંજે છે. અને એના સુરગાનમાં જાણે જાગતાં નિંદનો અને ઊંઘતાં જાગ્રતિનો (અહીં 'જાગામીઠી' શબ્દની મધુરતા માણો) આનંદાનુભવ થાય છે. નાનકડું ફૂલ વિશાળ વ્યોમમાં પોતાની ગંધ પાથરી દે છે, અને એમાં કવિનું આંતરનેત્ર દર્શનલાભ અનુભવી રહે છે. અંતે 'બેઉને રે કંઈ બેઉની પરમ મ[illegible]માં જીવ અને શિવના પરસ્પરના આકર્ષણની વાત કરી કવિએ આ જીવનની આનંદમય પળોને ગીતબદ્ધ કરી છે. ¶ 'પી જાઉં છું': તરસ્યાની તરસ કેટલી તીવ્ર છે તેની પ્રત્યેક શે'રમાં નૂતન અભિવ્યક્તિ. ¶ 'છેવટે': મનુષ્ય ક્ષણભંગુર છે અને મૃત્યુ અનિવાર્ય છે એ જૂના ભાવને નવીન અભિવ્યક્તિ દ્વારા સ્ફુટ કરતી ગઝલ.

જીવનનાં બે ઉજ્જવળ પાસાં : ક્ષમા અને ઔદાર્ય

—બહાદુરશાહ પંડિત—

સ્વામીનારાયણ સંપ્રદાયના પ્રસિદ્ધ સંત કવિ મુક્તાનંદજી એક વાર એમના થોડા બાલશિષ્યો સાથે એક ગામના મંદિરમાં ઊતર્યા હતા. એ સંપ્રદાયના સાધુઓ એક જ વાર જમે છે, એટલે બીજા દિવસે સવારે પેલા બાળ સાધુઓ ખૂબ ભૂખ્યા થઈ ગયા. રોજ તો ગુરુ સાથે ભજનકીર્તનમાં ભૂખને દબાવી કે ભૂલી શકાતી, પણ એ દિવસે મુક્તાનંદજી ગામમાં કોઈ ભક્તના ઘેર ગએલા, એટલે બાળ સાધુઓની ભૂખ ભડકી ઊઠી હતી. એમણે તો રસોડામાં જઈ આગલા દિવસના બનાવેલા બાજરીના રોટલા શોધી લાવી ખાવા માંડયા. પણ બીચારા બાળ સાધુઓ ખાવાનું શરૂ કરવા જાય છે ત્યાં મુક્તાનંદજી આવી પહોંચ્યા. ગુરુને જોતાં શિષ્યો ગભરાઈ ગયા અને એમના હાથમાંથી રોટલા પડી ગયા.

મુક્તાનંદજી પરિસ્થિતિ પામી ગયા. પોતે જાણે કશું જોયું જ નથી એમ સીધા રસોડામાં પહોંચી ગયા અને મોટેથી શિષ્યોને બોલાવ્યા: 'અરે બાળ સંતો, જુઓ તપાસ કરીને કંઈ ખાવાનું હોય તો! આજે તો મને કકડીને ભૂખ લાગી છે.' અને વરસોનું એકટાણાનું વ્રત તોડીને પણ મુક્તાનંદજીએ બાળ સાધુઓ સાથે રોટલા ખાધા. ક્ષમાશીલતાને સાંપ્રદાયિક નિયમોનું વળગણ રહેતું નથી.

'ક્ષમા વીરસ્યે ભૂષણમ્' એ પ્રસિદ્ધ ઉક્તિમાં જે વીરનો ઉલ્લેખ થયો છે એ આવા જીવનવીરનો, જે સામાન્ય નીતિનિયમોને બાજુએ મૂકી ઉદાર બની શકે છે.

માફ કરવું, ભૂલી જવું, જતું કરવું, નુકસાન સહન કરીને પણ અન્યના દોષ પ્રત્યે આંખમિચામણાં કરવાં એ ક્ષમાવૃત્તિ છે. એ વૃત્તિના પોષણ ને સંવર્ધન માટે હૃદયના અતલ ઊંડાણમાંથી પ્રકટતા ઔદાર્યના ઝરણાની જરૂર પડેછે.

એક શેઠના ઘરમાં ઘણાં વર્ષોથી એક બાઈ નોકર કામ કરતી હતી અને કુટુંબના સભ્ય જેવી બની ગઈ હતી. બાઈ વિશ્વાસપાત્ર અને પ્રામાણિક ગણાતી હતી. ઘરનાં સૌ એના વિશ્વાસે ઘર ખુલ્લું મૂકીને બહાર જતાં અચકાતાં નહિ. એક વાર આમ ઘરનાં બધાં બહાર ગયાં હતાં ને આ બાઈ ઘરમાં એકલી જ હતી. શેઠ એ દિવસે પેઢીએથી થોડા વહેલા ઘેર આવ્યા. પણ ઘરમાં પ્રવેશતાં શેઠે જોયું કે બાઈ એમના ખીંટીએ લટકતા જૂના કોટના ખિસ્સામાંથી પૈસા કાઢતી હતી. શેઠને થયું કે બાઈ જો પોતાને જોઈ જશે તો એને આઘાત લાગશે. પોતે પણ જેના ખોળામાં ઊછરીને મોટા થએલા એવી બાઈને ભોંઠા ન પડવું પડે તે માટે શેઠ બારણેથી જ પાછા ફરી ગયા—નોકર બાઈને અણસારો પણ ના આવે એટલી સિફતથી.

પાછળથી પોતાના મિત્રને આ વાત કરતાં શેઠે કહેલું: 'કેટલી મોટી લાચારી આવી પડી હશે ત્યારે એવી પ્રામાણિક બાઇને ચોરી કરવાની દાનત થઈ હશે! એની એક એવી નાની સરખી ભૂલ માટે એના આખા જીવન પર કંઈ ડાઘ પડવા દેવાય?'

ક્ષમાશીલતા અને ઔદાર્યનું આ આદર્શ દૃષ્ટાંત છે. ચોરી કરનારને તો શિક્ષા થવી જ જોઈએ, એ તો ન્યાયની વાત છે, એવી સુફિયાણી વાતો કરનારને એ વાત ભાગ્યે સમજાય છે કે ન્યાય કરતાં ય માનવતા મોટી ચીજ છે. શિસ્ત, સંયમ, આજ્ઞાપાલન વગેરે અંગેની આપણી કડકાઈ જીવનઘડતર માટે આવશ્યક છે, પણ એ બધાંના આગ્રહ પછી પણ માનવમનની ઉદારતાને તો સ્થાન છે જ.

આ ઔદાર્ય નાનાનાના બનાવોમાંથી ઘડાય છે. ઘરમાં બાળકના હાથમાંથી કાચનું વાસણ પડીને ફૂટી જાય કે પત્નીના હાથે ઘી કે તેલ ઢળી જાય તો તમે કેટલી સહજરીતે એ બાબતને સહન કરી લો છો એના પર, બસમાં કોઈનો બૂટ તમારા પગ પર પડતાં તમે કેટલી ક્ષમાશીલતા બતાવી શકો તેનો આધાર રહે છે.

સોક્રેટીસની કર્કશા પત્નીએ એના પર કટુ વચનોનો વરસાદ વરસાવ્યો પણ એણે કશો જવાબ ન આપ્યો. ગુસ્સે થએલી પત્નીએ જ્યારે એના પર એઠવાડનું પાણી ઢોળ્યું ત્યારે એણે હસતાં હસતાં માત્ર એટલું જ કહ્યું: 'ગાજવીજ થતી હતી એટલે મને ખાતરી હતી કે વરસાદ પડશે જ.'

ક્ષમા આપવી એ શૂરવીરતાનું લક્ષણ છે, કાયરતાની સંજ્ઞા નથી. જેની સામે તમે લડી શકતા નથી એને ક્ષમા આપવી એ ઉદારતા નથી, કાયરતા છે. જેને તમે ઘરમાંથી કાઢી મૂકી શકો છો એવા નોકરને હાથે તમારી સૌથી કીમતી ચીજને નુકસાન થયું હોય તો પણ તમે એને માફ કરી શકો એ ક્ષમા છે, ઔદાર્ય છે.

કુદરત પણ આપણને ઉદાર અને ક્ષમાશીલ બનવાની સલાહ આપે છે. પથ્થર મારનારને આંબાનું વૃક્ષ હમેશાં સામે કેરીનું મધુર ફળ આપે છે; પોતાને સળગાવનારને અગરબત્તી હમેશાં સુવાસ આપે છે; ચંદનના વૃક્ષને કુહાડી મારતાં એ ઊલટું સામે સુગંધ આપે છે.

ઈશ્વર પણ આપણને ઉદાર થવાનો બોધ આપતો રહે છે. ઈસુએ પોતાને વધસ્થંભ પર ચડાવનાર માટે પ્રાર્થના કરી હતી. ગાંધીજીએ એમની હત્યા કરનારને માફી આપવાનું કહેલું.

મેસોપોટેમિયા દેશની વાત છે. ત્યાંના અબ્રાહમ નામના શ્રીમંત પ્રભુભક્તને ઘેર એક રાતે એક ભિખારી આવી ચડયો. અબ્રાહમને એના પર દયા આવી અને એણે એને જમવા માટે ભોજન આપ્યું. ભૂખ્યો ભિખારી ભોજન પર તૂટી પડયો. અબ્રાહમે કહ્યું: 'અરે ભલા માણસ, ભોજન કરતાં પહેલાં બે મિનિટ ઇશ્વરની પ્રાર્થના તો કરવી હતી.'

ભિખારીએ અબ્રાહમની વાત તરફ ધ્યાન આપ્યા સિવાય પહેલાં તો બરાબર ખાઈ લીધું અને પછી કહ્યું: 'મોટા ભાઈ, તમે મારી આગળ ભગવાનનું તો નામ જ ન લેશો. એ દુષ્ટ, પાપી, પાખંડીએ તો મારી આ દશા કરી છે.'

ભિખારીને ભગવાનને ગાળો દેતો સાંભળી અબ્રાહમના આસ્તિક હૃદયને આઘાત લાગ્યો અને એણે શિયાળાની એ કડકડતી ઠંડીમાં પણ પેલા ભિખારીને મધરાતે ઘરમાંથી બહાર કાઢી મૂકયો. નાસ્તિકને બહાર કાઢવાની યોગ્ય સજા કરીને સંતોષ પામતો અબ્રાહમ ઘરમાં પાછો આવીને પ્રભુની મૂર્તિ આગળ ઊભો રહીને બોલ્યો: 'ભગવાન, તારા એક દુશ્મનને મેં આજે બરાબરની શિક્ષા કરી છે. એ હવે તને કદી ગાળો નહિ આપે.'

'બહુ ખોટું કર્યું, બેટા!' ભગવાને કહ્યું: 'જન્મથી એ મને ગાળો ભાંડતો આવ્યો છે, છતાં મેં આટલાં બધાં વર્ષો સુધી એની સંભાળ લીધા કરી હતી અને તું એને એક રાત માટે પણ તારા ઘરમાં ના રાખી શકયો ગાંડા? મારો ભક્ત આવો ક્ષમા અને ઔદાર્યવિહીન ના હોઈ શકે!'

ક્ષમાશીલતા ને ઔદાર્યવૃત્તિનો જન્મ ન્યાયપ્રિયતાને આભારી છે. એક વાર સંત રામદાસ એમના શિષ્યો સાથે એક શેરડીના ખેતર પાસે વિસામો લેવા બેઠા. સંત એક ઝાડ નીચે ઊંઘી ગયા એ દરમ્યાન શિષ્યો શેરડી ખાવા લાગ્યા. એટલામાં ખેતરનો માલિક ડાંગ લઈ આવી પહોંચ્યો. શિષ્યો બેબાકળા થઈ ભાગ્યા અને ગુસ્સે થએલા ખેડૂતે આવીને ઝાડ નીચે સૂતેલા સંત રામદાસને બેત્રણ લાકડી ફટકારી દીધી. ગુરુને માર પડતો જોઈ શિષ્યો પાછા આવ્યા ને ખેડૂતને પાછળથી પકડી ઝાડ સાથે બાંધી દીધો.

(અનુસંધાન પૃ. ૩૬૮)

નાના માણસ રહેવા માટે જિંદગી ઘણી ટૂંકી છે.'—આવું માનતા એણે જિંદગીની પળેપળ તેને મહાન બનાવવા પાછળ ખર્ચેલી. એકીસાથે એક ડઝન જિંદગી જીવી રહ્યો હોય એવું એનું જીવન હતું એ કવિ હતો, રાજનીતિજ્ઞ હતો. સપનાંનો ગૂંથનારો ને સામ્રાજ્યનો સર્જક હતો, કવિતાનો આશ્રય તો તે માત્ર પોતાની ઊર્મિના આવેગને મુક્ત વહન આપવા માટે લેતો, બાકી એનો પુરુષાર્થ તો પોતાનાં સપનાંને સિદ્ધ કરવા પાછળ રહેલો. એમાં યે એનું સૌથી મહાન સ્વપ્ન હતું બ્રિટનને જગતભરનાં રાષ્ટ્રોમાં મહત્તમ પદે સ્થાપવાનું, અને એ સિદ્ધ કર્યાના સંતોષ સાથે એણે ઈહજીવનની લીલા સંકેલી. ઇંગ્લૅન્ડમાં જન્મેલો અને ઇંગ્લૅન્ડને પ્રાણાધિક ચાહનારો એ મહાપુરુષ તે



ઇંગ્લૅન્ડનો અવિસ્મરણીય વડો પ્રધાન બેન્જામિન ડિઝરાએલી

લેખક • અશોક હર્ષ

વહાલસોયાં છતાં તદ્દન બિનવહેવારુ માબાપનું એ ફરજંદ પદ્ધતિસરનું શિક્ષણ સુધ્ધાં પામ્યો ન હતો. વળી એ હતો પણ જાતિએ યહૂદી, જે જાતિ ત્યારે ઠેર ઠેર હડધૂત થતી રહેલી. જો કે બીજા અંગ્રેજો કરતાં બીજી કોઈ રીતે જુદો ન તરી આવવા છતાં તેની જાતિના કારણે તે ત્યાંની ખ્રિસ્તી પ્રજા સાથે એકાત્મતા નહોતો. અનુભવી શકતો. જોકે એનો પિતા તો મહાન વિચારક્રાન્તિના જનક વોલતેરનો અનુયાયી હતો, પરંતુ એનો દાદો પોતાની યહૂદી જાતિ અને યહૂદી ધર્મ ઉપર એટલો મગરૂર હતો કે નાનકડા બેન્જામિનના શિક્ષણ માટે તેણે એક રબ્બી (યહૂદી ધર્મગુરુ)ને રોકેલો. પરંતુ નાનકડો બેન આવા ધર્મ ને જાતિનાં કૂંડાળાંમાંથી બહાર નીકળવા તરફડતો રહેતો. એને થયા કરતું હતું કે એ દેશના નાગરિકો સામે સમધર્મી બન્યા વિના પોતે એમની સાથે એકાત્મતા નહિ સાધી શકે, અને એ એકાત્મતા વિના પોતાનાં સપનાં કેવળ દિવાસ્વપ્નો જ રહેવાનાં. પરિણામે તેણે યહૂદી ધર્મ તજી ખ્રિસ્તી ધર્મ અંગીકાર કર્યો, અને હિબ્રૂ ભાષાનું ભણતર છોડી તેર વર્ષની વયે ડૉ. કૉગનની શાળામાં દાખલ થયો.

ધર્મ બદલ્યા છતાં અંગ્રેજી જીવનની ઢબછબમાં હજુ પછાત એવો, ભીના વાન, ઊંચા કદ અને વાંકડિયા વાળવાળો આ નવો નિશાળિયો બીજા વિદ્યાર્થીઓની ટોળનું સાધન બની ગયો. પણ એથી એ જરા ય હતાશ ન થયો; એનો સંકલ્પ ઊલટો વધુ દૃઢ બન્યો અને છાતી ફુલાવી તે પોતાના સહાધ્યાયીઓને કહેવા લાગ્યો કે, 'એક દિવસ એવો આવશે જ્યારે હું તમારા બધા ઉપર શાસન કરતો હોઈશ.'

અને એ માટેની પહેલી તક પણ તેણે ડૉ. કૉગનની આ શાળામાં જ ઝડપી. એણે જાતે જ નાટકો લખી ભજવવા માંડયાં. પરિણામે સારી યે શાળાનું લક્ષ એણે પોતાના પર કેન્દ્રિત કર્યું. પરંતુ નાટકની ભજવણી શાળાની શિસ્તની વિરુદ્ધ હતી અને વિદ્યાર્થીઓમાં વધતા જતા એના પ્રભાવ સામે પોતાની હતપ્રભતાથી જલી ઊઠી કેટલાક જૂના વિદ્યાર્થીનેતાઓએ ડૉ. કૉગન પાસે ચાડી ખાધી. ડૉ. કૉગને તેને સખ્ત ઠપકો આપ્યો. બેન કરતાં મોટી ઉંમરનો એક છોકરો ગરજી ઊઠયો: 'આ પરદેશીથી આપણે બહુ વખત દોરાતા રહ્યા.' બેને એ જ વખતે એને પોતાના મુક્કાનો સ્વાદ ચખાડયો. પણ એનું પરિણામ બેનને માટે ધાર્યા કરતાં યે અતિશય કડવું નીકળ્યું. ડૉ. કૉગને તેને આ શબ્દો સાથે ઘેર રવાના કરી દીધો કે, 'આ પાઠ બરાબર યાદ રાખજે, બેન્જામિન, કારણ કે તે જિંદગીભર તારી સામે જ રહેવાનો—પરદેશી, ચડી વાગનારો, યહૂદી!'

અને આ અપમાનજનક શિખામણ સાથે એ સ્વપ્નસેવી કુમારના શાળાજીવનનો અંત આવ્યો.

આમ રવડી પડેલા બેન્જામિનને માટે સૌથી મોટા આશ્વાસનરૂપ બની હોય તો તે તેની બહેન સારાહ. તે પોતાના ભાઈની મહત્ત્વાકાંક્ષાથી સુપરિચિત હતી એટલું જ નહિ, પરંતુ તેમાં એને પ્રોત્સાહન આપતી આવેલી. બંને જણ એ બાબતમાં એકમત હતાં કે સ્વાધ્યાય એ મહત્તાનું પ્રથમ સોપાન છે. અને બેને પોતાના પિતાની લાયબ્રેરીમાં હતાં એ બધાં જ પુસ્તકો એક પછી એક વાંચવા માંડયાં, ને તે પરનાં પોતાનાં ટીકાટિપ્પણથી પાનાંનાં પાનાં ભરવા માંડયાં. પુત્રને આ રીતે નિરર્થક પોતાનો સમય બગાડતો જોઈ બાપ આઈઝાકે શિખામણ આપી વકીલાતના ધંધામાં પડવાની.

'વકીલાત ? છટ્ !' દીકરાએ જવાબ આપ્યો : 'મહાન વકીલ બનવા માટે મારે મહાન પુરુષ બનવાની બધી તકો જતી કરવી પડે.'

'પણ બહુ જલદી મહાન બની જવાના પ્રયત્નમાં સાવધ રહેજે.' બાપે સમજાવટ ચાલુ રાખી: 'અને મનુષ્યોનો અભ્યાસ કરવાની ઉત્તમોત્તમ તક તને એ ધંધા સિવાય બીજે કયાં મળવાની ?'

છેવટે દીકરાને ગળે વાત ઊતરી ને મિ. પૅપલ્સ નામના એક સૉલિસિટરની ઑફિસમાં તે જોડાઈ ગયો; અને શરૂ થયો એક બાજુ શરાફો, સમાજનેતાઓ, રાજકારણીઓનો પ્રવાહ, ને બીજી બાજુ પૈસાનો રણકતો પ્રવાહ! એ અરસામાં પણ બે વ્યક્તિઓએ એના મન પર પકડ જમાવેલી : લૉર્ડ બાયરને ને બો બ્રુમેલે. દક્ષિણ અમેરિકાની ખાણોના શેરોમાં

નાણાંની ઊડતી છાકમછોળે એને આકર્ષ્યો અને ઑફિસના બીજા એક કારકુન સાથે મળી એણે નાના પાયા પર શેરસટ્ટાનો ધંધો શરૂ કર્યો. એમાં થોડાક ફાવતાં બેનને હવે સૉલિસિટરની કારકુનગીરીનું વૈતરું વસમું લાગવા માંડ્યું. શેરસટ્ટાનો ધંધો કરતાં તે એ ધંધાના જાણીતા ખેલાડી જૉન ડિસ્ટન પાઉલ્સના પરિચયમાં આવેલો. પાઉલ્સે એને દક્ષિણ અમેરિકાના ખાણઉદ્યોગ પર એક પુસ્તિકા તૈયાર કરવાનું કહ્યું. પ્રમાણમાં તે વિષે લગભગ અજ્ઞાન છતાં બેને એ સાહસ વહોરી લીધું, ને થોડા દિવસ એ વિષયની પાછળ પડી જોઈતી બધી માહિતી ભેગી કરી તેણે પુસ્તિકા તૈયાર કરી નાખી. જૉન મરે નામનો પ્રકાશક તે છાપવા અને પાઉલ્સ તેનું ખર્ચ આપવા તૈયાર થયા.

આ ત્રણેની અવારનવાર થતી રહેલી મુલાકાતો દરમિયાન જૉન મરેએ એક દૈનિક પત્ર શરૂ કરવાની દરખાસ્ત મૂકી. બેન્જામિને દૈનિક પત્રના પ્રકાશનનો કશો જ અનુભવ ન હોવા છતાં એ તક ઝડપી લીધી. અરધોઅરધ નાણાં જૉન મરેએ રોકવાનું અને બાકીનાં અરધાં નાણાં બેન અને પાઉલ્સે સરખા ભાગે રોકવાનું નક્કી થયું. તંત્રી તરીકે સર વૉલ્ટર સ્કૉટના જમાઈ લૉકહાર્ટ પર પસંદગી ઉતારવામાં આવી.

બેન હવે લૉકહાર્ટ સાથે વાટાઘાટ ચલાવવા સ્કૉટલૅન્ડ ઊપડ્યો. લૉટહાર્ટ બહુ સાચવીને પગ ભરનારો માણસ હોઈ બેનને તે પોતાના વિખ્યાત સસરાને ત્યાં લઈ ગયો. સર વૉલ્ટરે બેનનું પોતાના દરજ્જાને છાજે એવું ભવ્ય સ્વાગત કર્યું, બેનની દૈનિક પત્ર માટેની દરખાસ્ત પણ વધાવી લીધી, પણ એક શરતે—લૉકહાર્ટને તેણે પાર્લમેન્ટમાં બેઠક અપાવવી. બેને ઉદાર દિલે શરત સ્વીકારી લીધી—એ શી રીતે પૂરી પાડી શકાશે તેનો ખયાલ સરખો પણ કર્યા વિના જ.

લંડન પાછા ફરી તેણે પત્રની તૈયારી કરી ત્યાં જ અચાનક ફટકો પડ્યો. નૌકાખાતાના શક્તિશાળી મંત્રી ક્રોકરે આ યોજનાનો વિરોધ કર્યો. મરેના બીજા એક પ્રકાશન 'ક્વાર્ટર્લી'ના અગ્રગણ્ય લેખક તરીકે તેણે પોતાની જાણ બહાર આવી છાનીછપની યોજના કેમ કરવામાં આવી અને એ પત્રની જવાબદારી ઉઠાવવાની હિંમત કરનાર ડિઝરાએલી કોણ હતો એનો ખુલાસો માગ્યો. ક્રોકરના આ આક્રમણ સામે મરેએ દોષનો આખો યે ટોપલો ડિઝરાએલી પર ઢોળી પાડ્યો.

હજુ આની કળ પણ નહોતી વળી ત્યાં તો બીજો ફટકો આવી પડ્યો. શેરબજારમાં બેને અને એના ભાગીદાર ઈવાન્સે જબરી ખોટ ખાધી—૭૦૦૦ પૌન્ડની! આ બેવડા ફટકાએ એને સાવ એકાકી બનાવી દીધો. ગઈ કાલ સુધી એની પીઠ થાબડનાર આજ એનાથી પીઠ ફેરવવા લાગ્યા!

ડિઝરાએલી ઘેર પાછો ફર્યો. પણ એકાદ બે વારની પછાડે એકવીસ વર્ષનો એ જુવાનિયો કંઈ જિંદગી હારી નહોતો બેઠો. એણે કોઇને પણ જાણ કર્યા વિના નવલકથાલેખન શરૂ કર્યું. એની એ પ્રથમ નવલકથા 'વીવિયન ગ્રે'માં લગભગ તેની આત્મકથા જ તેણે નિરૂપી છે. એ પોતે જ એનો નાયક છે, પણ માત્ર ભૂતકાળ ન આલેખતાં તેણે નાયકનું ભવિષ્ય પણ તેમાં આલેખ્યું છે, અને પોતાનામાં જે ગુણોની ઊણપ લાગી તે સઘળા જ તેનામાં આરોપ્યા છે.

બીજી બાજુ સ્ત્રીઓ પ્રત્યેની ભીરુતાને કારણે એ તેમનાથી અતડો જ રહેતો આવ્યો હતો, પરંતુ પોતાને અપેક્ષિત સ્ત્રીની મનોમૂર્તિ એણે ઘડી રાખી હતી. આ મનોમૂર્તિનું જીવંત પ્રતીક એને એની પડોશમાં રહેતી શ્રીમતી ઑસ્ટિનમાં જણાએલું, જેની સાથેની અફલાતૂન દોસ્તીએ એના જીવનમાં પાછળથી મહત્ત્વનો ભાગ ભજવેલો. બેનનો એ પૂર્ણ વિશ્વાસ સંપાદન કરી શકેલી. બેન એને પોતાના સઘળા આઘાતો, સઘળી ભીતિઓથી વાકેફ કરતો, અને છેવટે પોતે લખી કાઢેલી નવલકથાની વાત પણ એને કરી. શ્રીમતી ઑસ્ટિને નવલકથા વાંચી અને તેને એ ગમી ગઈ. તેણે જ બેનને પ્રકાશક શોધી આપ્યો. લેખકના નામ વગર બહાર પડેલી એ નવલકથાની ખૂબ જાહેરાત કરવામાં આવી. એને અસાધારણ સફળતા મળી, અને એ સફળતા પર બેન અને શ્રીમતી ઑસ્ટીન બે તોફાની વિદ્યાર્થીઓની જેમ અંદરોઅંદર મલકતાં રહ્યાં.

ફરી સફળતા અને ફરી ફટકો! મહાન બનવા મથતા નાના માણસને સ્વાભાવિક એવો ફટકો. પ્રકાશકને ત્યાંના એક કર્મચારીએ આ રહસ્ય બહાર પાડી દીધું અને વિવેચકો એના ઉપર તૂટી પડ્યા ને કશી યે યોગ્યતા વિના નામના મેળવવા માટેના આડંબર તરીકે નવલકથાને ઉતારી પાડી. મરેને લાગ્યું કે નવલકથાના એક ગૌણ પાત્ર તરીકે એમાં તેને પણ ઉતારી પાડવામાં આવ્યો છે, એટલે તેણે ડિઝરાએલી સાથેનો તમામ સંબંધ કાપી નાખ્યો.

પણ ડિઝરાએલીને તેની સામેની આ જેહાદની કંઈ જ અસર ન થઈ. તેને ખાતરી હતી કે પોતાના પુસ્તકની અસામાન્યતા જ એ સામેના આટલા પ્રબળ વિરોધનું કારણ હતી. ભસતાં કૂતરાંને ભસતાં જ રહેવા દઈ પોતે પોતાનું લેખનકાર્ય ચાલુ રાખવાનો તેણે નિર્ણય કર્યો.

લાગણીઓના આ તુમુલ વચ્ચે તેની તબિયત લથડી જવા પામેલી હોઈ ઑસ્ટિન-પરિવારે તેને પોતાની સાથે વેનિસ આવવા નિમંત્ર્યો. ત્યાંની સહેલ ને સંગીતથી એની તબિયત સુધરતી ગઈ. દરમ્યાન લંડનથી કંટાળેલા એના પિતાએ ઇંગ્લૅન્ડના ગ્રામપ્રદેશમાં બ્રૅડનહામ મુકામે નવું વિશાળ મકાન ખરીદ્યું હતું. વેનિસથી પાછા ફરતાં ત્યાંનાં હરિયાળાં ખેતરોની ખુલ્લી હવાથી તેની તબિયત સંપૂર્ણ સુધરી ગઈ, પણ એ ખેતરોની પેલે પારથી લંડનનો અવાજ એના કાનમાં ગુંજતો જ રહ્યો.

પહેલાંના કરતાં હવે એનો આવેશ ઓછો થયો હતો ને નિર્ણયબુદ્ધિ વધુ પરિપક્વ બની હતી. એવામાં જાણીતા લેખક એડવર્ડ બુલ્વર-લિટન સાથે પરિચય બંધાતાં તે અવારનવાર તેને ત્યાં જવા લાગ્યો, જ્યાં સાહિત્યથી માંડી રાજકારણના ક્ષેત્ર સુધીની અગ્રગણ્ય વ્યક્તિઓ એકઠી મળતી. આ ફૅશનેબલ વર્તુલમાં રહી એણે 'ધ યંગ ડ્યૂક' પુસ્તક લખી કાઢ્યું. તે પ્રસિદ્ધ થતાં ખુદ તેના પિતા આઈઝાકે સાશ્ચર્ય પ્રશ્ન કર્યો: 'ડ્યૂકો વિષે બેન શું જાણે?' બેનની બહેન સારાહનો જવાબ તૈયાર જ હતો: 'બેન શું નથી જાણતો?'

અને બેન બધું જ જાણતો હતો ને બધાની ટીકા કરતો હતો. લંડનની શેરીઓમાં એની સાથે અથડાતા કોઇને પડી નહોતી કે બેન્જામિન ડિઝરાએલી કોણ છે. પણ સમય જાતે તેમને એને ઓળખવાની ફરજ પાડશે એ એની શ્રદ્ધા જરા યે મોળી નહોતી પડી. એને થયું કે એ માટે પ્રવાસ જરૂરી હતો. બાયરન ક્યાં પ્રવાસનો ઓછો શોખીન હતો? અને પ્રવાસમાં રહેતાં, પાછળ લોકો પોતાની નબળાઈઓ પણ ભૂલી જવાના.

એ પ્રથમ પોતાના પૂર્વજોના પારણા સમા સ્પેઈન ઊપડ્યો. ત્યાંથી ગ્રીસ અને તુર્કી થઇને પૅલેસ્ટાઈનમાં 'માઉન્ટ ઑવ ઑલિવ્ઝ' પર ઊભાં ઊભાં જેરૂસલેમ પર દૃષ્ટિપાત કરતાં એ જાણે અધ્યાત્મભાવે સમાધિસ્થ બની ગયો. તેને પરમ શાંતિનો અનુભવ થયો. અને એ જ સંદેશ જગતને આપવા માટે જેરૂસલેમની ધૂળિયા શેરીઓમાં વિહરતાં એના મનમાં એક કથાવસ્તુ ઊગી નીકળ્યું. 'અલરૉય' નામ એ કથા દ્વારા એક જુવાન યહૂદીની પોતાની જાતિ પ્રત્યેના જગતના પૂર્વગ્રહ દૂર કરવાની મથામણો તેને નિરૂપવી હતી.

તેની બહેન સારાહ અને બનેવી વિલિયમ મેરેડિથ ત્યારે ઇજિપ્ત ગએલાં હોઈ બેન પણ તેમને મળવા ઇજિપ્ત પહોંચ્યો. પરંતુ ત્યાં મેરેડિથ શીતળાનો ભોગ બની અવસાન પામતાં એનો પ્રવાસમાંનો સઘળો રસ ઊડી ગયો અને એ ઘર તરફ પાછો વળી નીકળ્યો.

પ્રવાસેથી પાછા ફરેલા બેનને લાગ્યું કે કેવળ સાહિત્યિક કારકિર્દી જ માનવીને મહાન બનાવવા માટે પૂરતી નથી. અને તે રાજકારણ તરફ વળ્યો. એના ઓછું અને મુદ્દાસર બોલવાના સ્વભાવે અને પૂર્વના

પ્રવાસની એની રંગભરી વાતોએ બુલ્વર-પરિવારનાદીવાનખાનાની મંડળી-માં એને સર્વપ્રિય બનાવી દીધો હતો. એ ઉમરાવ અને ફૅશનેબલ મંડળી સાથેના એના સંબંધને લઇને એને હવે રાજકીય ભોજનસમારંભોમાં ય નિમંત્રણો મળવા લાગ્યાં. આમ પાર્લમેન્ટમાં પ્રવેશ માટેનું અનુકૂળ વાતા-વરણ ઊભું થતું જતું હતું, સાથે એનું આંતરમંથન પણ ચાલુ હતું કે, કેવળ પોતાનો ગર્વ તો પોતાને એ દિશામાં નથી દોરી રહ્યોને ?

પરંતુ ઈ. ૧૮૩૨માં સુધારાનો ખરડો પસાર થયો અને બેનને જોઈતી તક સ્વયં ઊભી થતાં તે સ્વતંત્ર ઉમેદવાર તરીકે ઊભો રહેવા વૅડન-હામ ધસી ગયો. ચૂંટણીમાં એ હાર્યો અને પાછો લંડનનાં દીવાનખાનાં-ઓની મંડળીઓમાં ભળી ગયો. પણ એનો માંહ્યલો તરફડી રહ્યો હતો. એણે ત્યારે લખ્યા પ્રમાણે: 'હું કાર્ય માટે ઝૂરી રહ્યો છું, પણ દમીસ્કની તલવારની જેમ મ્યાનમાં પડ્યો કટાઈ રહ્યો છું.'

ઉમરાવ વર્ગમાં લૉર્ડ મેલબોર્ન સાથે એને સારું બનતું. એક વાર મેલબોર્ને તેને પૂછ્યું : 'બેન, આખરે તું શું બનવા માગે છે?' અને બેને લાગલો જ જવાબ વાળેલો : 'વડો પ્રધાન.' મેલબોર્ન આ જવાબથી જરા ય ચકિત ન થતાં બોલ્યો : 'જો, બેન, અમારા જમાનામાં તો એવી કોઈ તક તને નહિ મળવાની, પણ તું રાજકારણમાં આગળ વધતો જા, ધીરજ રાખીશ તો નામ ને સ્થાન બંને મેળવીશ, પણ વડા પ્રધાનપદના મૂર્ખાઈ-ભર્યા ખયાલો મનમાંથી કાઢી નાખજે.'

પણ ડિઝરાએલી એ રીતે પોતાના મનનું સમાધાન કરતાં શીખ્યો નહોતો. એને થયું કે પક્ષીય રાજકારણને જ ટેવાએલી પ્રજા વચ્ચે સ્વતંત્ર ઉમેદવાર તરીકે ઊભવું નકામું છે, એટલે સર રૉબર્ટ પીલની આગેવાની નીચેના ટોરી પક્ષ સાથે એ જોડાઈ ગયો. સમયે પડખું બદલ્યું ને અઢાર વર્ષની વિક્ટોરિયા ઇંગ્લૅન્ડની રાજગાદીએ આવી. એના રાજ્યારોહણ સાથે પાર્લમેન્ટ વીખરાઈ અને નવી ચૂંટણી આવી.

જે થોડાંઘણાં સ્ત્રીમિત્રો ડિઝરાએલીને થએલાં તેમાં શ્રીમતી વિન્ડ-હામ-લૂઈ મુખ્ય હતી. તેનું મન એના પ્રત્યે પ્રશંસા અને આદરથી ભરેલું હતું. એણે જ તેના માટે મેઈડનસ્ટોનનો મતવિભાગ નક્કી કરી આપ્યો અને તેની ચૂંટણી ઝુંબેશમાં તેની સાથે રહી, પોતાના મતદારોને બેને ખાતરી આપવા માંડી કે 'ફરી આપણે મળીશું ત્યારે તમારામાંનું એવું કોઈ નહિ હોય જે મારા ચૂંટાવાથી સંતોષ ન અનુભવતો હોય—અને તમારામાંના કેટલાક તો ગર્વ પણ.'

—અને એ ચૂંટાઈ આવ્યો, ને વૅડનહામ મુકામે પોતાની સફળતા અને તેમાંથી જન્મતી ભાવિ જવાબદારીઓ પર ચિંતન કરતો બેન પાર્લ-મેન્ટ શરૂ થવાની રાહ જોતો રહ્યો. ઇંગ્લૅન્ડ એને કોઈ અંગ્રેજના કરતાં પણ અધિક પ્યારું હતું, અને તે એને એક અવિભાજ્ય અને મહાન રાષ્ટ્ર બનાવવા માગતો હતો.

પાર્લમેન્ટની બેઠક શરૂ થઈ. સર રૉબર્ટ પીલની પાછળની બેઠકમાં બેઠો બેઠો એક પછી એક વક્તાને સાંભળતો રહેતો બેન પોતાનું વક્તવ્ય રજૂ કરવાના દિવસની રાહ જોવા લાગ્યો. એનું એ સ્વપ્ન ફળ્યું—પણ એક દુઃ-સ્વપ્ન રૂપે! એ બોલવા ઊભો થયો, ત્રુટક છૂટક શબ્દો એના મોંમાંથી સર્યા અને સભાખંડમાં હાસ્યનું મોજું ફરી વળ્યું. હિંમત કરી આગળ બોલવા જતાં 'હીઅર, હીઅર' અને 'ક્વેશ્ચન પ્લીઝ'ના અવાજો એના વાક્યે વાક્યે અથડાવા લાગ્યા. પહેલાં તો એ ગભરાઈ ગયો, પરંતુ પછી સ્વસ્થ થઈ જઈ પોતાની હાંસી ઉડાવનારાઓને આખો સભાખંડ ગજાવી દેતો પડકાર ફેંક્યો કે, 'અત્યારે તો હું બેસી જાઉં છું, પણ સમય એવો આવશે કે તમારે મને સાંભળ્યા સિવાય છૂટકો નહિ રહે.' ને હાસ્યના હજુ ય ચાલુ રહેલા મોજા વચ્ચે એ પોતાની બેઠક પર પાછો બેસી ગયો.

હતાશ બેનને સર રૉબર્ટ પીલે જબરી હૈયાધારણ આપી અને જે

ડિઝરાએલીના જીવનની મહત્ત્વની સાલવારી

- ૧૮૦૪ – ડિસેમ્બરની ૨૧મીએ લંડનમાં જન્મ.
- ૧૮૨૧ – સૉલિસિટર્સની પેઢીમાં.
- ૧૮૨૫ – દક્ષિણ અમેરિકામાં શેરસટ્ટામાં જબરી ખોટ. 'ધ રેપ્રિઝેન્ટેટિવ' પત્ર શરૂ કર્યું.
- ૧૮૨૬ – પ્રથમ નવલકથા 'વીવિયન ગ્રે'ની પ્રસિદ્ધિ.
- ૧૮૩૦ – પૂર્વના દેશોનો પ્રવાસ.
- ૧૮૩૨ – રૅડિકલ તરીકે આમ સભા માટે ઉમેદવારી ને પરાજય.
- ૧૮૩૭ – કન્ઝર્વેટિવ તરીકે આમ સભાની ચૂંટણીમાં વિજય.
- ૧૮૩૯ – શ્રીમતી વિન્ડહામ-લૂઈ સાથે લગ્ન.
- ૧૮૪૭ – આમ સભાના નેતા પદે.
- ૧૮૫૨ – ઈંગ્લૅન્ડના નાણાંમંત્રીપદે.
- ૧૮૬૧ – અમેરિકાના આંતરવિગ્રહમાં બ્રિટનની તટસ્થતા માટે હિમાયત.
- ૧૮૬૮ – ઇંગ્લૅન્ડના વડા પ્રધાનપદે.
- ૧૮૭૪ – ફરી વડા પ્રધાનપદે.
- ૧૮૮૧ – અવસાન.

પરાજય તેને પોતાની રાજકીય કારકિર્દીના અંતકાળ સમો લાગેલો એ હવે તેને ભાવિ ગૌરવની પ્રસૂતિ-પીડારૂપ લાગવા માંડ્યો. વિઘ્નોમાંથી પાર ઊતર્યા વિના કોઈ સિદ્ધિ સલામત નથી હોતી.

પાર્લમેન્ટમાં ચૂંટાયે છએક મહિના થયા હશે ત્યાં એના મિત્ર વિન્ડ-હામ-લૂઈનું અવસાન થયું. લૂઈની પત્નીથી પ્રભાવિત રહેતો આવેલો બેન તેને આશ્વાસન આપવા ગયો. એને થયું કે પોતાના ખાલી ખાલી લાગતા જીવનને શ્રીમતી લૂઈ ભર્યું ભર્યું બનાવી દઈ શકે તેમ છે, અને એણે સહસા લગ્નનો પ્રસ્તાવ તેની સામે મૂક્યો. મેરી ઍન લૂઇએ તે માટે એક વર્ષ થોભી જવા ને પોતાને વિચાર કરી જોવા માટે માગ્યો. દરમિયાન મેરી પર એ પત્રો લખતો રહી તેમાં 'પોતાનો એના પ્રત્યેનો પ્રેમ ઠાલવતો રહ્યો, પરંતુ મેરીના પ્રત્યુત્તરો ઉત્તરોત્તર ઓછા ને ઓછા થતા જઈ છેવટે બંધ થઈ ગયા. એના મૌનથી અકળાઈ બેને એની રૂબરૂ મુલાકાત માગી.

રૂબરૂ મુલાકાતમાં બેનને મેરીમાં કશી ઉષ્મા ન જણાઈ. પોતાને મળેલા ઠંડા આવકારે તેને થીજાવી જ દીધો! આનું કારણ રોઝિના બુલ્વરે કરેલી મેરીની કાનભંભેરણી હતી. તેણે મેરીના મનમાં ઠસાવી દીધેલું કે બેન તેના પ્રત્યે આકર્ષાયો હતો તે એની આવકના કારણે, નહિ તો ક્યાં પિસ્તાળીશ વર્ષની પ્રૌઢા એ, અને ક્યાં ત્રીસેક વર્ષનો જુવાનિયો બેન? આ રીતે પ્રેમમાં તરછોડાયેલા બેને ઘેર જઈ મેરીને અંતિમ પત્ર લખી કાઢ્યો, જેમાં જણાવ્યું કે, '...ભૌતિક સંપત્તિને લાગેવળગે છે ત્યાં સુધી આપણો સંબંધ મને કશો જ લાભ કરે તેમ નહોતું...વિદાય ...એવો સમય આવશે જ્યારે એક ઉષ્માભર્યા હૃદયને ઠુકરાવ્યાની અને એક પ્રતિભાને તરછોડયાની સ્મૃતિ તારા મનમાં સળવળી ઊઠશે.'

આ પત્રે મેરીના કઠોરતાના આવરણને સાવ ઓગાળી નાખ્યું. બેનને એણે લખી નાખ્યું : 'ભગવાનને ખાતર તું આવી જા. હું શરીર ને મનથી ભાંગી પડી છું.' પરિણામ ધાર્યા મુજબનું જ આવ્યું—૧૮૩૯ના ઑગ-સ્ટમાં સંત પીટરના દેવળમાં બંને લગ્નગ્રન્થિથી જોડાઈ ગયાં.

સર રૉબર્ટ પીલ બેન્જામિનની પાર્લમેન્ટરી કારકિર્દીનો મુખ્ય આધાર-સ્તંભ હતો. નવા પ્રધાનમંડળમાં બેનનો પણ સમાવેશ થવાની આશા હતી. પરંતુ એક પછી એક પ્રધાનોનાં નામ જાહેર થયાં તેમાં ક્યાં ય તેના નામનો ઉલ્લેખ ન જોઈ બેનને એટલું જ મેરીને પણ આશ્ચર્ય થયું. પણ સર રૉબર્ટનો એમાં વાંક નહોતો. એક પરદેશી તરીકે બેન પ્રત્યેનો પૂર્વ-

ગ્રહ હજુ ચાલુ હોઇને પક્ષના દબાણ સામે સર રૉબર્ટને નમતું જોખવું પડેલું. પરિણામે બેનને પક્ષના એક સભ્ય તરીકે જરૂર પડયે પોતાનો મત આપવા સિવાય કશું જ કરવાનું ન રહેતાં તે મેરીસાથે પારી(સ)ઊપડી ગયો.

પારી(સ)માં શિયાળા દરમિયાન જુવાનીયાઓના એક જૂથના કેટલાક પ્રતિનિધિઓ તેને મળ્યા. પુરાણી રાજકીય પરંપરાથી અસંતુષ્ટ એ લોકો એક નવો પક્ષ ઊભો કરવા માગતા હતા. નિર્ધારિત પક્ષના નેતા તરીકે તેમની પસંદગી બેન્જામિન ડિઝરાએલી ઉપર ઊતરી હતી. બેને તેમને શાંતિપૂર્વક સાંભળ્યા અને પોતાની યોજના તેમની સમક્ષ રજૂ કરી. એના ઇંગ્લૅંડ પાછા ફરતાં જ રાજકારણમાં નવી ચેતના પ્રગટી. પીલને બદલે ડિઝરાએલીની નેતાગીરીની હિમાયત થવા લાગી. જુવાન પેઢીમાં એની વધતી જતી લોકપ્રિયતા જોઈ રાણી વિક્ટોરિયા અને તેના પતિ આલ્બર્ટ પણ ચમકી ઊઠયાં.

ઘટનાચક્ર હવે વધુ વેગીલું બન્યું. બેનના પિતા આઈઝાકનું અવસાન થયું. બેન હ્યુએનડન મૅનોર ખરીદી ત્યાં મેરીઍન સાથે રહેવા લાગ્યો. રાણી વિક્ટોરિયાએ સ્ટૅન્લીની ભલામણ પરથી એને નાણાંમંત્રી બનાવ્યો. પણ ગ્લૅડસ્ટનના આક્રમણ સામે તેને એ પદનો ત્યાગ કરવો પડયો. એની બહેન સારાહનું અવસાન થયું. આલ્બર્ટનું પણ અવસાન થયું અને વિક્ટોરિયા પહેલાંના કરતાં પણ વધુ સત્તાધીશ બની. 'ડિઝી' તરફ હવે તેની નજર બદલાઈ હતી. એને તે પ્રેમ અને વિશ્વાસની નજરે જોવા લાગી હતી, હવે એક પછી એક માન-અકરામો પણ એને મળવા લાગ્યાં હતાં. ઑક્સફર્ડ યુનિવર્સિટીએ એને ડૉક્ટરની ઉપાધિ એનાયત કરી હતી, જે માન એના પહેલાં વેલિંગ્ટન સિવાય કોઇએ હજુ મેળવ્યું નહોતું.

નવી નવી શોધો, નવા નવા ઉદ્યોગો, સાહસો અને યોજનાઓથી વિક્ટોરિયન યુગ એની પૂર્ણ કળાએ ખીલી નીકળ્યો હતો. ને ડિઝરાએલી સમયની એ રફતારમાં સૌને મોખરે રહેલો. એનું શરીર હવે થાકવા આવ્યું હતું, પરંતુ એકસઠની વયે પણ એની માનસિક સ્ફૂર્તિ એવી ને એવી હતી. અને એવી જ એની સ્વપ્નશીલતા હતી. ઇંગ્લૅંડના વડા પ્રધાનપદનું સપનું હજી એણે છોડયું નહોતું.

ઉદ્યોગોની વૃદ્ધિ સાથે મિલો અને કારખાનાં વધતાં ગયાં. એમાં કામ કરનારાઓની સંખ્યા વધતી ગઈ. સંખ્યાબળે એમનામાં આત્મભાન પ્રગટાવ્યું અને આત્મગૌરવ જાગ્રત કર્યું. પોતાના અધિકારો મેળવવા કામદાર વર્ગે દેખાવો, દંગા વગેરે શરૂ કર્યા. ગ્લૅડસ્ટનના વિરોધ અને અન્ય અંતરાયો સામે ઝૂઝી ડિઝરાએલીએ સામાન્ય મતદાનનું ક્ષેત્ર વિસ્તારતો ખરડો પાર્લમેન્ટમાં રજૂ કર્યો અને એ સાથે સામાન્ય જનતાનો એ આરાધ્ય બની ગયો.

ઈ. ૧૮૬૭. લૉર્ડ ડર્બીની નિવૃત્તિ. રાણી વિક્ટોરિયાનું ડિઝરાએલીને તેડું. જો કે એ તેડાની તેને મન નવાઈ નહોતી, કારણ કે રાણીએ પોતાના એ ઈરાદાની જાણ ડિઝીને આ પહેલાં કરેલી જ હતી. પરંતુ રાણીની તેડાચિઠ્ઠી વાંચી તેની આંખોમાંથી હર્ષનાં બેચાર આંસુ ટપકી પડયાં. જિંદગીભર સેવેલા સ્વપ્નના સાર્થક્યની એ ઘડી હતી.

રાણીને એ મળ્યો. 'તમારે મારા હાથ ચૂમવા જોઇએ,' વિક્ટોરિયાએ ફરમાવ્યું, અને તેણે ઘૂંટણીએ પડી એના નાનકડા નાજુક હાથ કૃતજ્ઞભાવે ચૂમ્યા. એકબાજુ એક સૌમ્ય કબૂતરી, સામે એક ભવ્ય ગરુડ. ડિઝરાએલીએ પોતાના જીવનની પળે પળ પોતાની રાણીની મહત્તા પાછળ ખરચવાનો કૉલ આપ્યો. રાષ્ટ્રના તમામ અગ્રણીઓ એના યોજાએલા સન્માનસમારંભમાં ઉપસ્થિત રહ્યા. કૅન્સરથી પીડાતી મેરીઍન પણ પ્રિન્સ ઑવ વેલ્સના હાથના ટેકે હાજર થએલી.

પરંતુ પ્રજાને ડિઝરાએલીની પ્રતિભાનો પૂર્ણ પ્રકાશ મળે તે પહેલાં તો હ્યુએનડેન મુકામે દમ અને વાથી પથારીમાં પડેલા તેને તેની સરકારના પરાજયના સમાચાર મળ્યા. ઘડીભર તો તેને ક્ષેત્રસંન્યાસ લઈ લેવાનું મન થઈ આવ્યું. પરંતુ પરાજિત પક્ષને છેહ આપતાં તેનું દિલ ન ચાલ્યું. રાણીએ ચાલી આવતી પરંપરા પ્રમાણે તેને ઉમરાવપદની ઑફર કરી, પણ તેણે એ પ્રત્યે નામરજી બતાવી પોતાની પત્નીને માટે ઇલકાબની માગણી કરી. રાણીએ તે માન્ય રાખી ને મેરીઍન 'વાઈકાઉન્ટેસ ઑવ બીકન્સફીલ્ડ' બની, જ્યારે તેનો પતિ કેવળ 'ડિઝી'જ રહ્યો. જોકે ડિઝીની ત્યારની અડસઠ વર્ષની ઉમરના મુકાબલે તે એક્યાશી વર્ષની હતી.

છેવટે પેટના કૅન્સરે મેરીનો ભોગ લીધો અને ડિઝી એકાકી બની ગયો. આ દંપતીને ઓળખતા સર્વ કોઈના મનમાં ડિઝી પ્રત્યે સ્વયંભૂ સહાનુભૂતિ પ્રકટી. હવે વડા પ્રધાન બનેલા ગ્લૅડસ્ટન જેવા તેના કટ્ટર દુશ્મને તેના પર મૈત્રીપૂર્ણ ઉષ્માભર્યો પત્ર લખ્યો.

મેરીના જતાં ડિઝીના જીવનમાં જબરું પરિવર્તન આવી ગયું. મકાન એણે મેરીના વારસદારોને આપી દીધું અને પોતે એક હોટેલમાં રહેવા માંડયું. સૌ કોઇને એમ લાગવા માંડયું કે તેની રાજકીય કારકિર્દીનો અંત આવી ગયો. પરંતુ એમની એ માન્યતાને ખોટી પાડતો એ ફરી મેદાને પડયો—નવા જોમ અને જુસ્સા સાથે. રાણીએ તેનો આ પુનઃપ્રવેશ વધાવી લીધો, કારણ ગ્લૅડસ્ટન એને ગમતો નહોતો, અને એની રાજનીતિ તો મુદ્દલ નહિ. એ ધૈર્ય અને ઉત્સાહપૂર્વક ગ્લૅડસ્ટનના પતન માટેની ડિઝરાએલીની એક એક ચાલ જોતી અને પ્રશંસતી રહી.

ઈ. ૧૮૭૪ની સાલે એ સંધિ ઊભી કરી અને સત્તા તથા મૈત્રીના ક્ષેત્રે ઉભયનું પુનર્મિલન થવા પામ્યું. રાણી અને રાષ્ટ્ર પાછળ નિછાવર થઈ જવાની ધગશવાળા ડિઝીએ સુએઝની નહેર ઇંગ્લૅન્ડ હસ્તક કરીને રાષ્ટ્રનું ગૌરવ વધાર્યું, રાણીને હિંદની સમ્રાજ્ઞી ('એમ્પ્રેસ') બનાવીને તેનું ગૌરવ વધાર્યું. બદલામાં રાણીએ તેને ઉમરાવસભાના નેતાપદે મૂકી 'લૉર્ડ બીકન્સફીલ્ડ' બનાવ્યો.

ચુમોતેર વર્ષની ડિઝીની કાયા પર હવે કાળના ચાસ પડી ચૂક્યા હતા. અવારનવાર આવતી બીમારીના કારણે તે પાર્લમેન્ટમાં હાજર રહી શકતો નહોતો. રાણી હમેશાં તેને પોતાના બગીચાનાં ફૂલો મોકલતી રહેલી. એ નિવૃત્ત થવાની ઇચ્છા કરે છે, પણ રાણી તે એક કાને સાંભળી બીજે કાનેથી કાઢી નાખતી રહે છે. ગરુડ એ છેવટે ગરુડ છે, એના જેટલું આભને બીજું કોણ આંબી શકે?

અને જિંદગીના આખરી દાયકામાં એણે રશિયાના ઝારનું ને જર્મનીના પ્રિન્સ બિસ્માર્કનું પાણી ઉતારતી ચાલ ચાલીને તો જગતભરને મોંમાં આંગળાં ઘલાવ્યાં. મરદના ઘા મરદ જ વખાણી જાણે, એ મુજબ બિસ્માર્ક ખુદ બોલી ઊઠેલો: 'એ બુઢ્ઢો યહૂદી ખરો મર્દ છે!'

પરંતુ એની બધી મર્દાનગીને 'સેતાનના હથિયાર' તરીકે ખપાવતો એનો કટ્ટર દુશ્મન ગ્લૅડસ્ટન એની પાછળ લાગેલો જ હતો. ડિઝરાએલીને છેવટે એ પાડીને જ રહ્યો. અને આમ રાણી એને જે આપવા જરા ય રાજી નહોતી એ નિવૃત્તિ એને સ્વયં મળી ગઈ. રાણીએ ગળગળા હૃદયે તેને પોતાનું કાંસાનું એક પૂતળું ભેટ આપ્યું અને ડિઝીએ તેના હાથ છેલ્લી વાર ચૂમ્યા.

અને હાડકાંનો માળો બની ગએલા ડિઝીએ ઈ. ૧૮૮૧ના એપ્રિલની ૧૯મીએ ચિરવિદાય લીધાના સમાચારે રાણી વિક્ટોરિયા પગે ચાલીને ત્યાં પહોંચી, તેની કબ્ર પાસે પોતાને એકલી જ કેટલોક સમય ઊભા રહેવા દેવાની માગણી કરી, ને દેવળમાં તેનું એક બાવલું ઊભું કરવાનો આદેશ આપી પોતાને મહાન બનાવનાર એ મહાન મિત્રનું તર્પણ કર્યું.

વકીલ તરીકે, વેપારી તરીકે, પત્રકાર તરીકે અને નવલકથાકાર તરીકે નિષ્ફળ નીવડેલા ડિઝરાએલીએ રાજકારણી તરીકે મેળવેલી અનન્ય સફળ-

(અનુસંધાન પૃષ્ઠ ૩૬૮)

સગપણનાં ફૂલ

લેખક • અશ્વિન દેસાઈ

મોના ત્યારે ત્રણેક વર્ષની હતી એવું મને યાદ છે.

અમે પાંચે ય બહેનોમાં તે ખૂબ તોફાની હતી. મમ્મી પણ તેનાથી ખૂબ કંટાળી જતી એટલે તેને માર પણ ઘણી વાર ખાવો પડતો. તે રડતી રડતી પાડોશમાં ચાલી જતી અને તરત જ રડવાનું ભૂલી જઈને રમવા માંડતી. પાડોશીને તો ઘણી વાર ખબર પણ ન પડતી, કે મોના ઘરે માર ખાઈને આવી છે!

હું સૌથી મોટી હતી, એટલે ઘણી વાર તો સિફતથી મોનાને મમ્મીના મારથી બચાવી પણ લેતી. પણ આખો દિવસ તેની ધમાલ જ એટલી રહેતી, કે હમેશાં તેની તરફદારી કરવાનું શક્ય જ નહિ બનતું.

પછી કંટાળીને મમ્મીએ મોનાને એક બાલમંદિરમાં મૂકી દીધેલી. ત્યાં ય પહેલાં તો, 'ખૂબ નાની છે'—એમ કહીને સંચાલકે લેવાની ના પાડેલી; પણ પછી મોનાને જોઈને સંચાલક પણ માની ગએલા. મોના દેખાવડી અને ચાલાક પણ એટલી જ હતી. જેની નજર તેના ઉપર પડતી તે તેના ઉપર વારી જતું!

'કેટલી "સ્વીટ" છોકરી છે!'—એવું તો મોના માટે અમે એટલી બધી વાર સાંભળ્યું હતું, કે એની અમને કોઈ નવાઈ નહોતી રહી. ઊલટાનું મમ્મી, આવું કહેનારને કહેતી : 'એકાદ દિવસ એને વેઠો તો ખબર પડે, કે કેટલી "સ્વીટ" છે!'

પપ્પાને મોના ખૂબ ગમતી. એ તો ઑફિસેથી આવીને પહેલાં મોનાને જ શોધતા. 'મોના કેમ દેખાતી નથી?'—એમ ધીમેથી પૂછતા.

'હશે ક્યાંક રખડતી! હવે એનો પગ ઘરમાં પણ ક્યાં ઠરે છે?' મમ્મી કંટાળાથી કહેતી. પપ્પા કપડાં બદલીને ગમે ત્યાંથી મોનાને શોધી લાવતા, અને તેની સાથે કલાકેક વાતો કરતા. મોના ઘરમાં રહેતી ત્યાં સુધી આખા ઘરમાં છવાઈ જતી. બીજી બહેનો તરફ કોઈનું ધ્યાન પણ પડતું નહિ! જાણે કે ઘરમાં મોનાનું જ રાજ ચાલતું! મને પણ મોના હેરાન કરવામાં તો બાકી નહોતી રાખતી, છતાં ય મને તે ગમતી. એકાદ દિવસ તે કોઇને ત્યાં રોકાઈ જતી તો મને જરાય ચેન પડતું નહિ!

એક દિવસ અમારે ઘરે મમ્મીના કોઈ દૂરના સગા આવેલા. મોનાને જોઈને ખૂબ ખુશ થઈ ગએલા. 'આ કોઈ મોટા ઘરમાં જન્મી હોત, તો ખૂબ નામ કરત! ગજબની છોકરી છે!' મહેમાને કહેલું. એટલે મારા પપ્પા હસી પડેલા : 'અહીં તો આ પાંચમાં એને માર સિવાય કંઈ જ ખાવા નથી મળતું! અને તોફાની પણ એટલી છે ને......'

'હોય એ તો! અત્યારે તોફાની હોય તે જ મોટાં થઇને હોશિયાર બને ને?' મહેમાને મોનાને માથે વહાલથી હાથ ફેરવેલો. મોના પછી બહાર ભાગી ગએલી—ખુશ થતી થતી! મહેમાને જતાં જતાં સહેજ મજાકમાં કહેલું: 'બોલો, મોનાને "દત્તક" આપવી છે? એક ખૂબ મોટું ઘર છે! એ ય સુખી થશે, અને તમને કોઇનો ખોળો ભર્યાનું પુણ્ય મળશે! વિચાર કરી જોજો.'

પપ્પા તો હસી પડેલા. પણ મહેમાનના ગયા પછી મમ્મીએ રાત્રે જમતી વખતે વાત કાઢેલી : 'શું કહેતા હતા, રમણભાઈ?—મોના વિષે?' પપ્પા ફરીથી પહેલાંના જેવું જ હસી પડેલા : 'કહેતા હતા કે મોનાને "દત્તક" આપવી છે? ખૂબ મોટું ઘર છે, સુખી થશે વગેરે......'

મમ્મી સહેજ વિચારમાં પડી ગએલી : 'કોનું ઘર છે, કોણ માણસ છે વગેરે કંઈ ન કહ્યું?'

'આપણે પૂછીએ તો કહે ને? આપણે શું કામ છે? આપણી મોના આપણા ઘરમાં નથી સમાતી, તો બીજાને ત્યાં કેમ સમાઈ શકે?' પપ્પા ફરીથી હસેલા.

'સારું ઘર હોય, અને એકલી જ હોય તો સુધરી ન જાય?' મમ્મીએ ગંભીરતાથી કહેલું, એટલે પપ્પા સહેજ ચમકેલા : 'તું તો ખરેખર વિચાર કરવા માંડી! અરે એ તો મજાક કરતા હતા!'

'રમણભાઈ એવી ફાલતુ મજાક કરે એવા નથી! હું એમને સારી રીતે ઓળખું ને? એમણે તો સમાજસેવાનાં કેટલાં ય કામ કર્યાં છે! એ તો બધાંનું હિત ધ્યાનમાં રાખે એવા છે!'

અને તે દિવસ પછી આવા સંવાદો ઘરમાં ઘણી વાર સાંભળવા મળેલા. મમ્મી-પપ્પાએ કંઈ છૂપી વાતચીત પણ કરી જ હશે તો! અમને બહેનોને તો પૂછવાનું કોણ હતું? બે તો મોનાથી નાની હતી, એક મારાથી નાની હતી તે કાયમ લગભગ પથારીવશ જ રહેતી. હું જ એક પ્રયત્નપૂર્વક, મોનાની વાત થતી ત્યારે, સહેજ કાન સરવા કરીને સાંભળતી!

અને એક દિવસ એ ગોઝારી સવાર ઊગી, જેનું વર્ણન કરવું મુશ્કેલ હોવા કરતાં ખૂબ હચમચાવી નાખે એવું છે. મોનાને સારામાં સારું ફ્રૉક પહેરાવવામાં આવ્યું હતું. બધી નાની બહેનો તેને વીંટળાઇને તેનું ચમકતું ફ્રૉક જોવામાં મશગૂલ થઈ ગએલી! અને વધારામાં મોનાને નવા બૂટ પહેરવા મળ્યા હતા, અને નાની અમસ્તી વાળની ચોટલીમાં નાઇલૉનની રિબિન! મોનાની તો ખુશીનો પાર નહોતો! પણ મને તો અગાઉથી જ ગંધ આવી ગએલી, એટલે મેં મોનાને એક ખૂણામાં બોલાવીને પૂછેલું : 'કેમ આજે નવા કપડાં? ક્યાં જવાની?'

'હું તો મુંબાઈ જવાની! પપ્પા સાથે!' બોલતાં બોલતાં મોના નાચી ઊઠેલી. મારાથી નાની બહેન પથારીવશ હતી, તેને તો બીજી કંઈ ખબર જ નહોતી, એટલે મોનાને પથારી પાસે બોલાવીને પૂછેલું : 'મોના! મારે માટે મુંબાઈથી શું લાવશે?'

મોનાએ ઉત્સાહથી કૂદકા મારતાં કહેલું : 'તારે માટે દવા લઈ આવીશ! એવી દવા, એવી દવા, કે તને પથારીમાં સૂઈ રહેવું પડે છે ને, તે તું સારી થઈ જશે!' આ સાંભળીને મારી આંખમાં પાણી આવી ગએલાં. મોનાની સમજશક્તિ ત્યારે ય અદ્ભુત હતી!

મેં પપ્પાને એક ખૂણામાં શાંત ઊભેલા જોઇને પૂછેલું : 'પપ્પા! મોનાને લઇને મુંબાઈ જાઓ છો?'

પપ્પા ચમકીને પછી બનાવટી હસેલા : 'હા, બેટા! મોનાને ત્યાં એક સરસ સ્કૂલમાં ભણવા મૂકવી છે! વૅકેશનમાં તો આવશે જ ને?' હું કંઈ ન બોલી શકેલી. તમાશો જોયા જ કરેલો!

અને ખૂબ જ શાંતિથી મોનાને લઇને પપ્પા સ્ટેશને જવા નીકળેલા ત્યારે સાથે રમણભાઈ પણ હતા! મોના કૂદતી કૂદતી, અનહદ આનંદમાં બધાંને 'ટા ટા! ટા ટા!' કરીને, પપ્પાની આંગળી પકડીને ચાલી ગએલી! હું ક્યાં ય સુધી ઓટલે ઊભી ઊભી તેને જતી જોઈ રહેલી. કોઈ દિવસ આટલું દુઃખ અનુભવેલું નહિ! મમ્મી પણ ઓટલા સુધી વળાવવા તો આવી હતી, પણ કોને ખબર કેમ, તરત જ ઘરમાં પાછી વળેલી!

મોના દેખાતી બંધ થએલી એટલે હું દોડતી ઘરમાં ગએલી, અને મમ્મીને ધાંટો પાડીને પૂછેલું : 'મોનાને ક્યાં લઈ જાય છે આ લોકો?' મમ્મી જવાબ આપવાને બદલે રડી પડેલી. હું ય રડેલી, અને રડતાં રડતાં બોલેલી : 'તું ખોટું રડે છે, મમ્મી! તેં જ આપણી મોનાને કોઈના ઘરે મોકલી આપી છે! તું ખોટું રડે છે!'

મમ્મીએ ઊઠીને મારા ગાલ ઉપર એક તમાચો ચોડી દીધેલો, અને હું ચીસો પાડતી અંદરના ઓરડામાં ભાગી ગએલી, અને આખી રાત રડતી રહેલી! કોઈ મને પછી મનાવવા આવેલું નહિ! સવાર થઈ ત્યારે જાણે કે અગ્નિના ભડકાનો પ્રકાશ ઘરમાં ફેલાઈ ગયો હોય તેવું લાગ્યું.

મોનાના ગયા પછીના દિવસો, અઠવાડિયાંઓ, મહિનાઓ, વર્ષોનું વર્ણન કરવું મારે માટે શક્ય નથી! મોના કોઈના ઘરની બારી પાસે ઊભી ઊભી દૂર દૂર જોઈ રહી હોય, એવું દેખાતું! મોના—ડાહી-ડમરી, કહ્યાગરી, શાંત મોનાનાં ચિત્રો હું કલ્પી લેતી અને ખૂબ રડતી.

પછી તો હું ય ખાસ્સી મોટી થઈ ગઈ હતી. ફક્ત એક જ વાર બજારમાં રમણભાઈ જેવો માણસ દેખાએલો! મેં તેમની નજીક જઇને નમ્રતાથી પુછેલું: 'તમે રમણભાઈ કે?' માણસ સહેજ આશ્ચર્યથી મને જોઈ રહેલો: 'હા, બોલો! મેં તમને ઓળખ્યાં નહિ.'

મારું મગજ ધમધમી ઊઠેલું! હમણાં ને હમણાં આ રાક્ષસનો ટોટો પીસી નાખું, એવી લાગણી થએલી! પણ મારે તો મોનાની ખબર સાંભળવી હતી, એટલે પરાણે શાંત રહેલી. 'હું મોનાની બહેન!' કહીને હું જાણે કે શરમથી નીચું જોઈ ગએલી.

'ઓ–હો! એમ કે? સરસ! હું તમારે ઘેર આવીશ એકાદ દિવસ! કહેજે તારાં મમ્મી-પપ્પાને!' એમણે કહેલું. મેં હકારમાં ખૂબ પ્રયત્નપૂર્વક માથું હલાવેલું. પછી ધીમેથી પૂછેલું: 'મોના કેમ છે? કહેશો?'

એમણે ખૂબ ઉત્સાહથી જવાબ આપેલો: 'મઝામાં! ઈંગ્લિશ સ્કૂલમાં ભણે છે! મૅટ્રિકમાં આવી ગઈ! હમેશાં ફર્સ્ટ જ હોય! ડાન્સિંગ–સિંગિંગ–રાઇડિંગ બધાંમાં એક્સપર્ટ! ખૂબ સ્માર્ટ થઈ ગઈ છે!'

મારો અવાજ ખૂબ ભારે થઈ ગએલો, પણ હિંમત કરીને બોલેલી: 'અમને કોઇને યાદ કરે કે?'

એમણે આશ્વાસન આપતા હોય એ રીતે કહેલું: 'એ તો ખૂબ નાની હતી ને ત્યારે, એટલે સ્વાભાવિક ભૂલી જાય. પણ તમે કોઈ હવે એની ચિંતા ન કરતાં, હં! કહેજે તારાં મમ્મી પપ્પાને પણ!'

એઓ જાણે કે વધારે વાત કરવા ન માગતા હોય એ રીતે, છેલ્લું વાક્ય બોલીને ચાલ્યા ગએલા! હું એમને ક્યાં ય સુધી જતા જોઈ જ રહેલી. પછી ભારે કદમો માંડીને ઘરે પાછી વળેલી.

પછી કોઈ દિવસ મોનાના ખબર મળવાનો મોકો મળતો નહિ! કોને ખબર શરત થઈ હશે કે શું, પણ મમ્મી-પપ્પા ય કોઈ દિવસ મોનાની ભાળ કાઢવા મુંબાઈ ગયાં હોય એવું ધ્યાનમાં નથી!

હમણાં, અચાનક, એક દિવસ દોડતા દોડતા રમણભાઈ ઘરે આવ્યા! પપ્પા નહોતા, મમ્મી હતી. હું પણ હતી. રમણભાઈ, મમ્મીને રસોડામાંથી બોલાવવાનું કહીને ખુરશીમાં બેઠા. ખૂબ ચિંતામાં હોય એમ જણાયું! હું મમ્મીને બોલાવી લાવી. રમણભાઈ માથે હાથ દઇને બેઠેલા હતા. તેમણે ઊંચે જોયું: 'ખૂબ માઠા સમાચાર છે, બહેન! આપણી મોના તો સાવ એકલી થઈ ગઈ!' રમણભાઈ રડવા જેવા થઈ ગયા!

'કેમ?' મમ્મીની આંખો ફાટી ગઈ.

'ધનવંતરાય અને રુક્મણીબહેનનું તો...ઍક્સિડેન્ટમાં... મોટર–ઍક્સિડેન્ટમાં...' રમણભાઈના શબ્દો ફાટી ગયા!

'શું વાત કરો છો?' મમ્મી સામેના પાટ ઉપર બેસી પડી. પછી ફોન કરીને પપ્પાને પણ ઑફિસેથી બોલાવી લીધા, અને ધમાધમ મુંબાઈ જવાની તૈયારીઓ થવા માંડી. મેં ધીમેથી રમણભાઈની પાસે જઈને કહ્યું: 'રમણભાઈ! એક કામ કરશો? મારે પણ મુંબાઈ આવવું છે. મમ્મી-પપ્પાને કહેશો?' હું પણ રડવા જેવી થઈ ગઈ.

'સારું.' કહીને રમણભાઈ વિચારોમાં ખોવાઈ ગયા.

ખૂબ મોટા આલીશાન બંગલાની પાસે અમારી ટૅક્સી ઊભી રહી. હું, મમ્મી-પપ્પા અને રમણભાઈ ઊતરી પડયા. આગળ રમણભાઈ અને પાછળ અમે બધાં બંગલાના કંપાઉન્ડમાં દાખલ થયાં. જાતજાતનાં ફૂલોની સુગંધ આવવા માંડી. બાગમાં ચારે તરફ રંગબેરંગી ફૂલો સિવાય કંઈ જ દેખાતું નહોતું. ખૂબ સુંદર બાગ હતો!

અમે બંગલાનાં પગથિયાં પાસે પહોંચ્યાં એવો જ એક ખૂબ મોટો કૂતરો જોરજોરથી ભસવા લાગ્યો, એટલે અંદરથી કોઈ નોકર જેવા માણસે આવીને એને પકડી લીધો, અને અમે ધીમે ધીમે પગથિયાં ચડી ગયા. કૂતરો પકડીને ઊભેલા માણસે અમને હૉલ તરફ આંગળી ચીંધી. અમે ધીમે ધીમે હૉલમાં દાખલ થયાં.

લગભગ પચાસેક માણસો બેસી શકે એવડા હૉલમાંથી, બધું ફર્નિચર ખસેડી લીધું હોય એવું લાગતું હતું. મખમલ જેવો ગાલીચો મઢેલી ફ્લોર ઉપર ગાદી-તકિયા પાથર્યા હતા અને ઉપર સફેદ ચાદરો બિછાવેલી હતી. અમે બેઠાં એટલે અંદરથી કોઈ નોકર બાઈ બહાર આવી. રમણભાઈએ તેને ધીમા અવાજે કહ્યું: 'રીટા દીદી છે ને?'

'હા હમણાં જ સૂતાં. પણ જાગે છે.' 'બાઇએ કહ્યું.

'કહો કે, તમારે ગામથી તમારાં મમ્મી-પપ્પા આવ્યાં છે.' અને રમણભાઈ ચૂપ થઈ ગયા. ઘડીભરમાં મેં કલ્પના કરી લીધી કે મોનાનું નામ બદલીને અહીં 'રીટા' રખાયું હશે! દરમ્યાનમાં નોકર-બાઈ બધાંને પાણીના ગ્લાસ આપી ગઈ. બધાંએ ધીમે ધીમે પાણી પીધું.

ખાસ્સી એવી વાર પછી, એક યુવાન છોકરી, સફેદ સાડી પહેરીને અમારી તરફ ધીમે પગલે આવતી દેખાઈ. આ જ 'મોના' હશે કે શું, એવો મને વિચાર આવ્યો. છોકરી અમારી નજીક આવી, અને બધાંની સામે ઊભી રહીને 'નમસ્તે'ની મુદ્રામાં હાથ જોડયા. ઘડીભર તો હું ય મોનાને ઓળખી ન શકી!

આ જ મોના હશે?—એમ થયું. ક્યાં ખોવાઈ ગઈ હશે પેલી અમારી નાચતી-કૂદતી, તોફાન કરતી મોના?

'આ તારાં ખરાં મમ્મી–પપ્પા!' રમણભાઈએ છોકરીને કહ્યું અને નીચું જોઈ ગયા!

છોકરી ઘડીભર તો મમ્મી–પપ્પાને બાઘાની માફક જોઈ જ રહી! પછી ફરીથી 'નમસ્તે' કર્યું અને સહેજ હળવું, માંદલું સ્મિત કર્યું.

મમ્મી–પપ્પા કંઈ બોલી ન શકયાં. જોઈ જ રહ્યાં. છોકરી અમારી સામે નીચું જોઈને ચૂપચાપ બેઠી. પાંચેક મિનિટ બધાં જ, કંઈ પણ બોલ્યા વગર ચૂપચૂપ બેઠાં. પછી છોકરી, 'એક મિનિટ!' કહીને ધીમેથી ઊભી થઈ, અને ધીમે ધીમે અંદરના ઓરડામાં ગઈ. થોડી વારે પાછી આવી. એના હાથમાં બે સફેદ કવર હતાં. નજીક આવીને એણે એક કવર રમણભાઈના ખોળામાં અને એક કવર મમ્મીના ખોળામાં મૂકી દીધું, અને સહેજ સ્મિત કરીને બોલી: 'પપ્પા તમને આપવાનું કહી ગયા હતા!' અને એ થોડી વાર સામે ચૂપચાપ બેઠી.

કોઈ કંઈ બોલી શક્તું નહોતું! ગજબનો સોપો પડી ગયો હતો!

મને થયું કે આ સફેદ કવરમાં ય પૈસા જ હશે કે શું?

પછી થોડી વારે મમ્મી સહેજ હિંમત કરીને બોલી: 'અમે કોઈ આવીએ અહીં તારી સાથે રહેવા?' છોકરીએ ધીમે ધીમે નકારમાં માથું ધુણાવ્યું: 'કંઈ નહિ! એ તો ધીમે ધીમે ટેવાઈ જઈશ! થોડો વખત એકલું લાગશે; પછી...' અને છોકરીનો અવાજ ભારે થઈ ગયો, એટલે બોલતાં બોલતાં અટકી ગઈ.


પપ્પા નીચું જોઈ ગયા. એમની આંખમાં આંસુ દેખાતાં હતાં. મમ્મી પણ પછી વધારે કંઈ બોલી ન શકી.

પંદર-વીસ મિનિટ પછી રમણભાઈ ઊઠવાનો અભિનય કરીને બોલ્યા: 'તો અમે જઈએ, રીટા! હિંમત રાખજે. બીજું શું?'

છોકરીએ સહેજ સ્મિત કર્યું, વેદનાથી ભરેલું. બધાં ઊભાં થયાં. હું પણ ઊભી થઈ.

(અનુ. પૃ. ૩૬૮)

માનવ સેવામાં કૃત્રિમ ઉપગ્રહ



જુઓ નીચે

લેખક · ડૉ. પરંતપ પાઠક

કૃત્રિમ ઉપગ્રહની મદદથી અવકાશ-વિજ્ઞાનમાં નવાંનવાં સંશોધન કરવાની સાથેસાથે માનવ-જીવનમાં પણ તેના વિવિધ શાંતિમય ઉપયોગ કરવામાં આવી રહ્યા છે. આમાં સંદેશ-વ્યવહાર, હવામાન વિષેની આગાહી, ભૂ-સંપત્તિ સર્વેક્ષણ, નૌકાનયન-નાવિકવિદ્યા-Navigation વગેરેનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, લશ્કરી હેતુ માટે પણ કૃત્રિમ ઉપગ્રહનો ઉપયોગ કરવામાં આવે છે. જો કે આ વિષે સાધારણ રીતે કોઈ ચોક્કસ માહિતી મળતી નથી, પરંતુ ઉપલબ્ધ માહિતીને આધારે એટલું તો કહી શકાય કે અમેરિકા અને સોવિયેત રશિયામાં અવકાશયંત્રવિજ્ઞાનના વિકાસ માટે ફાળવવામાં આવતા કુલ ખર્ચનો અડધા ઉપરાંતનો હિસ્સો લશ્કરી હેતુ માટે જ વાપરવામાં આવે છે. વાસ્તવિક દૃષ્ટિએ જોતાં અવકાશ-યંત્રવિજ્ઞાનનો વિકાસ મુખ્યત્વે તો લશ્કરી હેતુ માટે જ કરવામાં આવ્યો હતો, પરંતુ વૈજ્ઞાનિકો ને ઈજનેરોની આગવી સૂઝને પરિણામે આ નવા સાધનના પણ કેટલાક ન ધાર્યા હોય તેવા વિવિધ ઉપયોગ આજે શક્ય બન્યા છે. આ લેખ સાથે શરૂ થતી આ લેખમાળામાં માનવ-જીવનમાં કૃત્રિમ ઉપગ્રહના શાંતિમય ઉપયોગો વિષે વિસ્તૃત માહિતી અને સમજૂતી આપવાનો વિચાર છે. આ પ્રથમ લેખમાં આપણે સંદેશ-વ્યવહાર માટે વપરાતા કૃત્રિમ ઉપગ્રહ વિષે ચર્ચા કરીશું.

સંદેશ-વ્યવહારનો ઇતિહાસ

ટેલિગ્રાફ, ટેલિફોન ને રેડિયોની શોધથી દૂરદૂરના પ્રદેશો વચ્ચેનો સંદેશ-વ્યવહાર ઉત્તરોત્તર વધારે ઝડપી અને વિશ્વસનીય બનતો ગયો. પરંતુ આ બધાં નવાં ઝડપી સાધનો હોવા છતાં ખાસ કરીને દરિયાપારના દેશો વચ્ચેનો સંદેશવ્યવહાર ખૂબ મુશ્કેલીભર્યો અને ખર્ચાળ રહેતો હતો. ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં આટલાંટિક મહાસાગરને તળિયે તારનાં દોરડાં મૂકીને યુરોપ અને અમેરિકા વચ્ચે ટેલિગ્રાફ-વ્યવહાર શરૂ કરવામાં આવ્યો. એ પછી રેડિયો ટેલિફોનની પદ્ધતિથી યુરોપ અને અમેરિકા વચ્ચેનો સંદેશ વ્યવહાર વધારે કાર્યક્ષમ બન્યો. આ પદ્ધતિમાં પૃથ્વીના અયનાવરણ દ્વારા પરિવર્તિત થતા રેડિયો-તરંગની મદદથી લાંબા અંતરનો સંદેશ-વ્યવહાર શક્ય બને છે, પરંતુ અયનાવરણમાં થતાં વિચિત્ર પરિવર્તનોને લીધે આ પદ્ધતિના ઉપયોગમાં કેટલીક વખત મુશ્કેલી ઊભી થાય છે. ખાસ કરીને સૂર્ય ઉપર થતાં તેજ-વિસ્ફોટને લીધે અયનાવરણની ભૌતિક પરિસ્થિતિમાં કેટલીક વખત અણધાર્યું પરિવર્તન થાય છે અને પરિણામે અયનાવરણ દ્વારા થતા રેડિયો-તરંગના પરાવર્તનમાં ઘણી અનિયમિતતા દેખાય છે; કોઈક વખત અયનાવરણમાં રેડિયો તરંગનું સંપૂર્ણ શોષણ થઈ જવાથી પૃથ્વી ઉપરનો રેડિયો વ્યવહાર લાંબા સમય માટે લગભગ બંધ પણ પડી જાય છે.

ઈ. ૧૯૫૦ના અરસામાં માઇક્રો વેવ (સૂક્ષ્મ તરંગ—સે. મી. કે મી. મી.ની તરંગ-લંબાઈ ધરાવતા રેડિયો-તરંગ)ના ઉપયોગથી સંદેશ-વ્યવહારમાં ઘણો સુધારો થયો. આ પદ્ધતિમાં પૃથ્વીના અયનાવરણ ઉપર આધાર ન રાખતાં ભૂમિ ઉપર ૨૦-૩૦ માઈલના અંતરે માઇક્રો વેવ ટાવર ઊભા કરીને ઘણા લાંબા અંતર સુધી સંદેશ-વ્યવહાર કરી શકાય છે. આ માઇક્રો વેવ ટાવર રેડિયો-તરંગ ગ્રહણ કર્યા પછી તેને વિસ્તૃત કરીને આગળના ટાવર ઉપર મોકલે છે, અને આમ સંખ્યાબંધ માઇક્રો વેવ ટાવરનો ઉપયોગ કરીને ઘણે દૂરના પ્રદેશો વચ્ચે સંદેશવ્યવહાર શક્ય કરાય છે. અલબત્ત, દરિયાપારના સંદેશવ્યવહાર માટે માઇક્રો વેવ પદ્ધતિ પણ ખૂબ મુશ્કેલીભરેલી છે, કારણ કે દરિયામાં ૨૦-૩૦ માઈલના અંતરે ઊંચા માઇક્રો વેવ ટાવર બાંધવાનું અને દરિયાની તોફાની પરિસ્થિતિમાં આ બધા ટાવરને સલામત રાખવાનું ઘણું અઘરું છે.

ઈ. ૧૯૫૭માં સોવિયેત સ્પુતનિક અવકાશમાં ઘૂમતો મુકાયો, અને જ્યારે તેમાંથી પ્રસારિત થતા રેડિયો તરંગ પૃથ્વી ઉપર ઝીલી શકાયા ત્યારે અવકાશમાં કૃત્રિમ ઉપગ્રહના રૂપમાં માઇક્રો વેવ ટાવર ઊભા કરીને તેની મદદથી સંદેશ-વ્યવહારની વ્યાવહારિક શક્યતા વિષેનું ચિત્ર વધારે સ્પષ્ટ થયું. અહીં એ જાણવું રસપ્રદ થશે કે ૧૯૪૫માં, એટલે કે સ્પુતનિક પહેલાં બાર વર્ષ બ્રિટનના એક રેડિયો-ઈજનેર અને કલ્પનાશીલ વિજ્ઞાન લેખક આર્થર ક્લાર્કે 'વાયરલેસ વર્લ્ડ' સામયિકમાં Extraterrestrial Relays નામના એક લેખમાં ભૂસમકક્ષિક ભ્રમણકક્ષામાં મૂકેલા કૃત્રિમ ઉપગ્રહની મદદથી રેડિયો સંદેશવ્યવહારની શક્યતા વિષે સૂચન કર્યું હતું ને સાથે સાથે આ પ્રકારના તંત્રનાં જુદાં જુદાં પાસાંઓ વિષે વિસ્તૃત ચર્ચા પણ કરી હતી.

સંદેશ-વ્યવહાર ઉપગ્રહના પ્રયોગો

સંદેશવ્યવહાર માટે વપરાતા આવા કૃત્રિમ ઉપગ્રહને મુખ્ય બે પ્રકારમાં વહેંચી શકાય: નિષ્ક્રિય અને સક્રિય (Passive and Active). નિષ્ક્રિય પ્રકારનો ઉપગ્રહ રેડિયો-તરંગનું ફક્ત પરાવર્તન જ કરે છે, જ્યારે સક્રિય પ્રકારનો ઉપગ્રહ રેડિયો તરંગને ગ્રહણ કરીને તેને વિસ્તૃત કર્યા પછી એ રેડિયો-તરંગની કંપ સંખ્યાને બદલીને ટ્રાન્સમીટર દ્વારા તેને પુનઃ પ્રસારિત કરે છે.

કૃત્રિમ ઉપગ્રહ દ્વારા સંદેશ-વ્યવહાર કરવા માટે પદ્ધતિસરના જે પ્રયોગો કરવામાં આવ્યા એમાં આ બંને પ્રકારના–નિષ્ક્રિય અને સક્રિય

ઉપર: પૃથ્વીથી ૩૫,૦૦૦ કિલોમીટર ઊંચે અમેરિકાએ ઘૂમતા મૂકેલા આ 'ઍપ્લિકેશન્સ ટૅક્નૉલૉજી સેટેલાઈટ' ('એ. ટી. એસ.-૬')ની સહાયથી ઈ. ૧૯૭૫ના જૂન માસથી ભારતમાં ૫૦૦૦ ગામમાં ટેલિવિઝન કાર્યક્રમોનું પ્રસારણ શક્ય બનાવાયું હતું. એની સફળતાથી સંદેશવ્યવહાર ક્ષેત્રે ઉપગ્રહના ઉપયોગની અનેક નવી શક્યતાઓનાં દ્વાર ખુલ્લાં થાય છે.



આર્થર. સી. ક્લાર્ક. બ્રિટિશ વિજ્ઞાની અને વિજ્ઞાનકથાઓના વિખ્યાત લેખક. સેટેલાઇટો (કૃત્રિમ ઉપગ્રહ)ને અવકાશમાં તરતા મૂકી એના દ્વારા આખી દુનિયાને આવરી લેતી સંદેશ-વ્યવહાર વ્યવસ્થાની વિગતવાર કલ્પના વર્ષો પહેલાં એમણે રજૂ કરેલી. વિજ્ઞાન અને એન્જિનીઅરિંગ વિષયક અનેક પુસ્તકો એમણે લખ્યાં છે. દરિયાની અંદરની સૃષ્ટિનો અભ્યાસ એ એમનો શોખ છે.

ઉપગ્રહોનો સમાવેશ થાય છે. ઈ. ૧૯૫૮ના ડિસેમ્બરની ૧૮મી તારીખે અમેરિકન લશ્કરી સંસ્થા દ્વારા સ્કોર (Score) નામનો એક ઉપગ્રહ છોડવામાં આવ્યો હતો. આ ઉપગ્રહમાં રાખેલા ટેઈપ રેકોર્ડર ઉપરથી તે વખતના અમેરિકાના પ્રમુખ આઈઝનહોવરનો નવા વર્ષનો સંદેશ પ્રસારિત કરવામાં આવ્યો હતો. સાચા અર્થમાં આ જાતનો ઉપગ્રહ સંદેશ-વ્યવહાર ઉપગ્રહ ન કહી શકાય, તે છતાં તેનું ઐતિહાસિક મહત્ત્વ જોતાં તેને પ્રથમ સંદેશવ્યવહાર ઉપગ્રહ ગણવામાં આવે છે. આ પછી નિષ્ક્રિય પ્રકારના ઉપગ્રહોના પ્રયોગાત્મક અભ્યાસમાં એકો ૧, ૨ (Echo I, II) નામના લગભગ ૧૦૦ થી ૧૩૫ ફીટ વ્યાસ ધરાવતા પ્લાસ્ટિકના મોટા બલૂન ઉપગ્રહને ૧૦૦૦ માઈલની ઊંચાઈ પર ભ્રમણકક્ષામાં મૂકવામાં આવ્યો. આ બલૂનની બહારની સપાટી ઉપર ઍલ્યુમીનિયમનું અત્યંત પાતળું પડ ચડાવવામાં આવ્યું હતું, જેની મદદથી પૃથ્વી ઉપરથી પ્રસારિત થતા રેડિયો તરંગનું પરાવર્તન કરીને યુરોપ અને અમેરિકા વચ્ચે ટેલિફોન અને ટેલિવિઝનની આપ-લે થઈ શકી હતી.

નિષ્ક્રિય પ્રકારના ઉપગ્રહની રચના પ્રમાણમાં વધુ સહેલી હોય છે, પણ તેનો ઉપયોગ કરવામાં ભૂમિ પરના ટ્રાન્સમીટરની શક્તિ ઘણી વધુ રાખવી પડે છે. ઉપગ્રહ દ્વારા રેડિયો તરંગ પરાવર્તિત થઈને પૃથ્વી ઉપર પાછા આવે તે દરમિયાન તેની શક્તિ અત્યંત ઓછી થઈ ગઈ હોવાથી ભૂમિ પરનું રિસીવર અત્યંત સંવેદક(Sensitive) હોય તે ખાસ જરૂરી છે. આની સરખામણીમાં સક્રિય પ્રકારના ઉપગ્રહની રચના ખૂબ ગૂંચવણભરી હોવા છતાં તે બીજી રીતે વધારે લાભકાર પુરવાર થયો છે.

એ સક્રિય પ્રકારના ઉપગ્રહમાં સૌપ્રથમ ઉપગ્રહ કુરીઅર–Courier છે, જે ઑક્ટોબર ૧૯૬૦માં અમેરિકાની લશ્કરી સંસ્થા દ્વારા લગભગ ૮૦૦ કિ. મી.ની ઊંચાઈ ઉપર વર્તુળાકાર ભ્રમણ કક્ષામાં મૂકવામાં આવ્યો હતો. આ ઉપગ્રહમાં પૃથ્વી ઉપરથી પ્રસારિત કરવામાં આવેલી માહિતીનો સંગ્રહ કરીને તેને થોડા સમયના ગાળા પછી પૃથ્વીના ભૂમિ-મથક ઉપર પાછી મોકલવામાં આવતી હતી. આ પછી ૧૯૬૨ના જુલાઈની દસમી તારીખે 'અમેરિકન ટેલિફોન ઍન્ડ ટેલિગ્રાફ કંપની'એ બનાવેલો ૧૭૦ રતલ વજનનો ટેલસ્ટાર–૧ Telstar–I ઉપગ્રહ 'નાસા' દ્વારા લંબ-વર્તુળાકાર ભ્રમણકક્ષામાં મૂકવામાં આવ્યો હતો. આ ઉપગ્રહની મદદથી યુરોપ અને અમેરિકા વચ્ચે ટેલિફોન અને ટેલિવિઝનની આપ-લે થઈ શકી હતી. આ પ્રયોગ માટે ઇંગ્લૅન્ડ, યુરોપ અને અમેરિકામાં ખાસ ભૂમિ-મથક ઊભાં કરવામાં આવ્યાં હતાં. ટેલસ્ટાર-૧ની લંબ-વર્તુળાકાર ભ્રમણકક્ષાને કારણે સંદેશ-વ્યવહાર બહુ મર્યાદિત સમય માટે—જ્યારે ઉપગ્રહ યુરોપ અને અમેરિકાનાં ભૂમિ-મથકોની દૃષ્ટિ-મર્યાદામાં એક જ સમયે હોય તેટલા જ સમય માટે–શક્ય બનતો હતો. એ ટેલસ્ટાર-૧નો અંત બહુ જ વિચિત્ર સંયોગોમાં આવ્યો એ આ અગત્યના પ્રયોગની એક કમનસીબી ગણાય છે અને સાથેસાથે અવકાશની પરિસ્થિતિ સાથે મન ફાવે તેમ ચેડાં કરવાની વૈજ્ઞાનિકોની વૃત્તિ સામે લાલબત્તી પણ ધરે છે. એ ટેલસ્ટાર-૧ તેની ભ્રમણકક્ષામાં કામ કરતો હતો તે દરમિયાન જ અમેરિકન વૈજ્ઞાનિકોએ અવકાશમાં એક નવતર પ્રયોગ કર્યો. આ પ્રયોગમાં પૃથ્વીના ચુંબકીય ક્ષેત્રમાં નૈસર્ગિક રીતે બનેલા 'વાન ઍલન વિકિરણ'ના ગુણધર્મોના અભ્યાસ માટે પૃથ્વીથી લગભગ ૨૫૦ માઈલની ઊંચાઈએ આશરે ૧.૫ મૅગાટનની શક્તિ ધરાવતો અણુ-વિસ્ફોટ કરવામાં આવ્યો હતો. આ વિસ્ફોટથી મૂળ વિકિરણની માત્રામાં લગભગ ૧૦૦ ગણો વધારો થઈ ગયો અને આ પ્રચંડ વિકિરણના સતત મારાને લીધે ટેલસ્ટાર-૧ અને બીજા ઘણા ઉપગ્રહોનાં વિજાણુ ઉપકરણોમાંનાં ટ્રાન્ઝિસ્ટર નકામાં બની ગયાં જેથી આ ઉપગ્રહો કાર્ય કરતા અટકી ગયા.


આ પછી ટેલસ્ટાર–૨ Telstar–II વધારે ઊંચી લંબ-વર્તુળાકાર કક્ષામાં મૂકવામાં આવ્યો, જેથી બે લાભ મળ્યા: ૧) ભ્રમણકક્ષાના મોટા ભાગના સમય માટે તે ઉપર્યુક્ત વિકિરણની અસરથી દૂર રહ્યો, અને ૨) ટેલસ્ટાર-૧ની સરખામણીમાં વધારે સમય સુધી યુરોપ અને અમેરિકા વચ્ચે સંદેશવ્યવહાર શક્ય બન્યો. આ પ્રયોગો ચાલતા હતા તે દરમિયાન ૧૯૬૩–૬૪માં 'નાસા' દ્વારા બનાવાએલા બીજા બે સક્રિય પ્રકારના ઉપગ્રહો રીલે–૧ Relay-1 અને રીલે–૨ Relay-2 લંબ વર્તુળાકાર ભ્રમણકક્ષામાં મૂકવામાં આવ્યા. આ બંને ઉપગ્રહનો ઉપયોગ કરીને સંદેશવ્યવહારમાં જુદાજુદા પ્રયોગો સફળતાપૂર્વક કરવામાં આવ્યા.


ઉપર્યુક્ત બધા જ ઉપગ્રહ પૃથ્વીની આજુબાજુની નજીકની ભ્રમણકક્ષામાં ફરતા હોવાથી તેમના દ્વારા બહુ જ મર્યાદિત સમય માટે તૂટક તૂટક સંદેશ-વ્યવહાર થઈ શકતો હતો, કારણ કે ભ્રમણકક્ષાના થોડાક સમય દરમિયાન જ આ ઉપગ્રહ યુરોપ અને અમેરિકાના ભૂમિમથક ઉપરથી એક જ સમયે દેખાતા હતા. ચોવીસે કલાકના અતૂટ સંદેશવ્યવહાર માટે તો આ જાતના ઘણા ઉપગ્રહની હવે જરૂર લાગી, એટલે લગભગ ૩૦ જેટલા ઉપગ્રહનો ઉપયોગ કરીને ૨૪ કલાક માટે સંદેશવ્યવહાર સ્થાપવાની એક યોજના વિચારવામાં આવી. પરંતુ એ ખર્ચાળ અને કાંઈક અંશે મુશ્કેલ લાગી એટલે તેને બદલે ઉપગ્રહને પૃથ્વીના વિષુવવૃત્તની સપાટીમાં ૩૬,૦૦૦ કિ. મી.ની ઊંચાઈ ઉપર ૨૪ કલાકની ભૂ-સમક્રમિક ભ્રમણકક્ષામાં મૂકવાનો આર્થર ક્લાર્કનો મૌલિક વિચાર વધારે આકર્ષક અને વ્યવહારુ લાગવાથી એ દિશામાં પ્રયત્નો શરૂ કરવામાં આવ્યા. આ ભૂ-સમક્રમિક ભ્રમણકક્ષામાં ઉપગ્રહનો ભ્રમણકાળ બરાબર પૃથ્વીના દૈનિક ભ્રમણકાળ જેટલો, અર્થાત્ ૨૪ કલાકનો હોવાથી પૃથ્વીના સંદર્ભમાં આ ઉપગ્રહ હંમેશાં 'સ્થિર' દેખાય છે—જે રીતે સમાંતર પાટા ઉપર એક જ દિશામાં સરખી ગતિથી દોડતી બે ટ્રેઈન અરસપરસ સ્થિર લાગે છે.

આ ભૂ-સમક્રમિક ભ્રમણકક્ષાના બે વિશિષ્ટ લાભ છે: ૧) પૃથ્વી ઉપરથી ઉપગ્રહ અવકાશમાં એક જ સ્થાન ઉપર હંમેશાં 'સ્થિર' દેખાતો હોવાથી સંદેશ-વ્યવહાર માટે તે ચોવીસે કલાક ઉપલબ્ધ હોય છે; અને ૨) ૩૬,૦૦૦ કિ. મી.ની ઊંચાઈ ઉપરથી ઉપગ્રહ પૃથ્વી ઉપરના લગભગ ⅓ ભાગમાં આવેલાં બધાં જ ભૂમિ-મથકોના ઍન્ટીનાને 'જોઇ' શકે છે અને તેમની સાથે સંપર્ક રાખી શકે છે. આ રીતે પૃથ્વી ફરતા ભૂ–સમ-



'એકો-૧'. ઈ. ૧૯૬૦ સુધીમાં માણસે અવકાશમાં છોડેલા સૌથી મોટા એ પ્લાસ્ટિકના ચળકતા ગોળાનો વ્યાસ ૧૦૦ ફૂટ જેટલો હતો. (બાજુમાં માણસની તુલનામાં એ કદનો ખયાલ આપ્યો છે.) એનું કાર્ય પૃથ્વી પરથી મોકલાએલા સંકેતોને પડઘારૂપે પૃથ્વી પર પાછા વાળવાનું હતું.






◁ પૃથ્વીને ફરતા 'ટેલસ્ટાર' જેવા અનેક સેટેલાઈટો તરતા મૂકવાની પદ્ધતિ. એમાં ઓછી ઊંચાઈએ ફરતા સેટેલાઈટોની ને એના પરથી મળતા સંકેતો ઝીલવા માટે જમીન પરનાં મથકોની મોટી સંખ્યા જોઈએ. જ્યારે વિષુવવૃત્તીય ભૂ સમક્રમિક ભ્રમણકક્ષામાં પર બતાવ્યા પ્રમાણે ૧, ૨, ને ૩, સ્થાનો ઉપર સંદેશવ્યવહાર ઉપગ્રહ મૂકવાથી સમગ્ર પૃથ્વી ઉપર કોઈ પણ સ્થળેથી કોઈ પણ જગ્યાએ સંદેસ-વ્યવહાર શક્ય બને છે.


ક્રમિક કક્ષામાં અનુકૂળ સ્થાન ઉપર ફક્ત ત્રણ જ ઉપગ્રહ રાખવાથી આખી પૃથ્વી ઉપર એક છેડાથી બીજા છેડા સુધી સંદેશવ્યવહાર થઈ શકે છે.

ઈ. ૧૯૬૩ના ફેબ્રુઆરીની ૧૪મી તારીખે આવો પહેલો ભૂ-સમક્રમિક ઉપગ્રહ સિનકૉમ-૧—Syncom-I અવકાશમાં મૂકવામાં આવ્યો, પરંતુ કેટલાંક કારણોસર તેનાં વિજાણુ-ઉપકરણો નિર્ધારિત કાર્ય ન કરી શક્યાં. આ પછી અનુક્રમે સિનકૉમ-૨—Syncom-II અને સિનકૉન-૩—Syncom III-ભૂ-સમક્રમિક કક્ષામાં મૂકવામાં આવ્યા. આ બંને ઉપગ્રહની મદદથી સફળતાપૂર્વક સંદેશ-વ્યવહાર કરી શકાયો. ત્યાર બાદ જૂન ૧૯૬૫માં ઉત્તર અમેરિકા અને યુરોપ વચ્ચે વ્યાપારી ધોરણે સંદેશ-વ્યવહાર સ્થાપવા માટે ઈન્ટેલ સૅટ-૧ (અર્લી બર્ડ)—Intel sat-I (Early Bird) આટલાટિક મહાસાગર ઉપર ભૂ-સમક્રમિક કક્ષામાં મૂકવામાં આવ્યો. ત્યારથી અત્યાર સુધીમાં આવા કુલ ૮ ઈન્ટેલ સૅટ ઉપગ્રહ આટલાંટિક, પ્રશાંત અને હિન્દી મહાસાગર ઉપર ભૂ-સમક્રમિક કક્ષામાં અનુકૂળ રેખાંશ ઉપર મૂકવામાં આવ્યા છે, અને આ બધા ઉપગ્રહની મદદથી આંતરરાષ્ટ્રીય ધોરણે જુદાજુદા ૮૦ જેટલા દેશો વચ્ચે સંદેશ-વ્યવહાર શક્ય બન્યો છે. આ માટે 'આંતરરાષ્ટ્રીય ઉપગ્રહ સંદેશ-વ્યવહાર સંગઠન' (International Telecommunication Satellite Organization—INTELSAT) સ્થાપવામાં આવ્યું છે, જેમાં દુનિયાનાં ૯૫ જેટલાં રાષ્ટ્રો સભ્યપદ ધરાવે છે.

ઉપર્યુક્ત આઠ ઈન્ટેલસૅટ ઉપગ્રહમાંના કેટલાક વધારાના (Spare) ઉપગ્રહ તરીકે પણ રાખવામાં આવ્યા છે, જે અણધાર્યા સંયોગોમાં ભૂમિ-મથક ઉપરથી રેડિયો-આદેશ આપીને ઉપયોગમાં લઈ શકાય છે. આ ઉપરાંત, ભૂ-સમક્રમિક કક્ષામાં અમેરિકા, કૅનેડા, યુરોપ, સોવિયેત રશિયા, ઈન્ડોનેશિયા વગેરે દેશોના પોતાના આંતરિક સંદેશ-વ્યવહાર ઉપગ્રહ (Domestic Communication Satellite) પણ સ્વતંત્ર રીતે કાર્ય કરી રહ્યા છે. વળી હવામાનના અભ્યાસ અને તેના વધારે વિશ્વસનીય વરતારા માટે પણ ભૂ-સમક્રમિક ભ્રમણકક્ષા અત્યંત ઉપયોગી હોવાથી આજે ઉત્તર અમેરિકા, જાપાન અને સોવિયેત રશિયાના પોતાના હવામાન-ઉપગ્રહ પણ આ ભ્રમણકક્ષામાં કામ કરી રહ્યા છે. નજીકના ભવિષ્યમાં યુરોપનો પોતાનો હવામાન-ઉપગ્રહ મીટિયોસૅટ—Meteosat—પણ ભૂ-સમક્રમિક ભ્રમણકક્ષામાં ગ્રીનિચ રેખાંશ ઉપર મૂકવામાં આવશે. આ ઉપરાંત, દસેક વર્ષ પહેલાંના સંદેશવ્યવહાર ઉપગ્રહ—જેમાંના કેટલાક હજુ કાર્ય કરી શકે છે ને બાકીના 'નિષ્પ્રાણ' થઈ ગયા છે—પણ હજુ આ ભ્રમણકક્ષામાં ઘૂમી રહ્યા છે. આમ આ ભ્રમણકક્ષામાં ભીડ વધતી જાય છે અને 'ટ્રાફિક જૅમ' થવાનો ડર ઉત્પન્ન થયો છે. જો કે આ ભ્રમણકક્ષાનો કુલ પરિઘ લગભગ ૨·૫ લાખ કિ. મિ. જેટલો વિશાળ હોવાથી કોઈ બે ઉપગ્રહ વચ્ચે અકસ્માત થવાનો સંભવ ઘણો ઓછો છે, પરંતુ નજીક નજીકના બે ઉપગ્રહ દ્વારા પ્રસારિત થતા રેડિયો-તરંગ અમુક ભૂમિ-મથક માટે મુશ્કેલી ઊભી કરે એ જાતની શક્યતા નકારી ન શકાય. વળી આવા સંદેશ-વ્યવહાર-ઉપગ્રહની સંખ્યા જેમજેમ વધતી જાય તેમ તેમ દરેક ઉપગ્રહ માટે અલગ અલગ રેડિયો-કંપસંખ્યા નક્કી કરવાનું કાર્ય પણ મુશ્કેલ બનતું જાય છે. આ કારણથી ભૂ-સમક્રમિક



ભૂ-સમક્રમિક ઉપગ્રહ વડે દરિયાપારના કે અતિ દૂરના દેશો વચ્ચેનો સંદેશવ્યવહાર આ રીતે શક્ય બને છે.



આટલાંટિક, હિંદી અને પ્રશાંત મહાસાગર ઉપર વિષુવવૃત્તીય ભૂ સમક્રમિક ભ્રમણકક્ષામાં મૂકવામાં આવેલા ઈન્ટલસૅટ ઉપગ્રહોનાં સ્થાન આ નકશામાં બતાવ્યાં છે. આટલાંટિક ઉપરના ચાર ઉપગ્રહોમાંના બે ઉપયોગમાં લેવામાં આવે છે, જ્યારે બાકીના બે વધારાના છે. એ જ રીતે હિંદી ને પ્રશાંત મહાસાગર ઉપર પણ એક એક વધારાનો ઉપગ્રહ રાખવામાં આવેલો છે.

ભ્રમણકક્ષા અને રેડિયો-સંખ્યા એ બંનેને એક પ્રકારની 'નૈસર્ગિક સંપત્તિ' ગણવામાં આવે છે. આ નૈસર્ગિક સંપત્તિ મર્યાદિત હોવાથી તેના ઉપયોગનું સમજણપૂર્વક આયોજન કરવું ખાસ અગત્યનું બની રહ્યું છે.

સંદેશ-વ્યવહાર ઉપગ્રહની રચના

કોઈ પણ સંદેશ-વ્યવહાર ઉપગ્રહની રચનામાં ૧) વિદ્યુતશક્તિ ઉપ-તંત્ર, ૨) સંદેશ-વ્યવહાર ઉપ-તંત્ર, ૩) દિશા-નિયંત્રણ ઉપ-તંત્ર અને ૪) સ્થાન-નિયંત્રણ ઉપતંત્ર મહત્ત્વની કામગીરી બજાવે છે. આ બધાં ઉપ-તંત્ર વિષે હવે અનુક્રમે સમજીએ.

ઉપગ્રહમાં વપરાતાં બધાં જ વિજાણુ-ઉપકરણોને વિદ્યુતશક્તિ પૂરી પાડવા માટે સીલીકૉન સૌર-કોષ અને ચાર્જ કરી શકાય તેવી રાસાયણિક બૅટરી એ બંનેનો ઉપયોગ થાય છે. કેટલાક ઉપગ્રહમાં બધા જ સૌર-કોષ હમેશાં સ્વયંસંચાલિત રીતે સૂર્યની દિશામાં જ રહે એ જાતની રચના કરવામાં આવે છે, જેથી વિદ્યુત શક્તિ હમેશાં એકસરખા પ્રમાણમાં અને મહત્તમ માત્રામાં મળી શકે. ઈન્ટેલસૅટ શ્રેણીના ઉપગ્રહોમાં તેના નળાકાર કલેવરની બહારની સપાટી ઉપર મોટી સંખ્યામાં વિદ્યુત-શકિત ઉત્પન્ન કરવામાં આવે છે. ઈન્ટેલસૅટ–૧માં આ રીતે કુલ ૪૦ વૉટ જેટલી જ વિદ્યુત શક્તિ મળતી હતી જ્યારે છેલ્લામાં છેલ્લા ઈન્ટેલસૅટ–૪એ માં લગભગ ૫૦૦ વૉટ જેટલી વિદ્યુત-શક્તિ મળી શકે છે.

સંદેશ-વ્યવહાર ઉપ-તંત્રમાં રિસીવર, ટ્રાન્સપૉન્ડર, ટ્રાન્સમીટર તથા રેડિયો-તરંગ ગ્રહણ કરવા અને પ્રસારિત કરવા માટેનાં એન્ટીના મુખ્ય ભાગ ભજવે છે. ઈન્ટેલસૅટ શ્રેણીના ઉપગ્રહ માટે ભૂમિ-મથક ઉપરથી ૬ ગીગાહર્ટ્ઝ (૬૦૦૦ મેગાહર્ટ્ઝ અથવા ૫ સે. મી. તરંગ લંબાઈ)ની કંપ સંખ્યાના ગાળામાં રેડિયો–તરંગ પ્રસારિત કરવામાં આવે છે, જે ઉપગ્રહના એન્ટીના અને રિસીવરની મદદથી ગ્રહણ થાય છે. ૩૬,૦૦૦ કિ. મી.નું અંતર કાપીને ઉપગ્રહ સુધી પહોંચતાં આ રેડિયો-તરંગની શકિત અત્યંત ઓછી થઈ ગઈ હોવાથી આ રેડિયો-તરંગને ઉપગ્રહમાં રાખવામાં આવેલા ઍમ્પ્લીફાયરની મદદથી યોગ્ય પ્રમાણમાં વિસ્તૃત બનાવવામાં આવે છે. એ પછી ટ્રાન્સપૉન્ડરની મદદથી આ રેડિયો તરંગની કંપ-સંખ્યા ૪ ગીગાહર્ટ્ઝ (૪૦૦૦ મેગાહર્ટ્ઝ અથવા ૭.૫ સે. મી. તરંગ-લંબાઇ)ના ગાળામાં બદલવામાં આવે છે અને આ રેડિયો તરંગ ટ્રાન્સમીટરને એન્ટીનાની મદદથી પુનઃપ્રસારિત કરવામાં આવે છે.

રેડિયો-તરંગ હમેશાં સીધી રેખામાં જ ગતિ કરતા હોવાથી ઉપગ્રહના એન્ટીના બરાબર પૃથ્વીની દિશામાં જ રહે તે ખૂબ જરૂરનું છે. આ કાર્ય ઉપગ્રહના દિશા નિયંત્રણ ઉપ-તંત્ર દ્વારા કરવામાં આવે છે. અત્યાર સુધીના બધા જ ઈન્ટેલસૅટ ઉપગ્રહને તેના દિશા નિયંત્રણ માટે એક મિનિટના ૫૦ આંટા જેટલો ચાક આપવામાં આવે છે, જેથી તેની ચાક-ધરી પૃથ્વીની ધરીની સમાંતર દિશામાં રહે. આ ઉપ-તંત્રમાં હાઇડ્રેઝાઈન (N_2H_4) નામના પ્રવાહી બળતણ દ્વારા ઉત્પન્ન થતા પ્રત્યાઘાતનો ઉપયોગ કરાય છે. નિર્ધારિત મૂલ્ય કરતાં ચાક-માત્રા ઓછી થાય ત્યારે ભૂમિ-મથક ઉપરથી રેડિયો-આદેશ આપીને ચાક-માત્રા વધારી શકાય છે.

પૃથ્વીના વિષુવવૃત્તીય પ્રદેશની વધારાની જાડાઇને લીધે ઉપગ્રહની ભ્રમણકક્ષા સૂક્ષ્મ રીતે બદલાય છે અને પરિણામે તેનો ભ્રમણકાળ ૨૪ કલાક જેટલો ન રહેતાં થોડો ઓછો કે વધારે થાય છે. આને લીધે ઉપગ્રહ ધીમે ધીમે પશ્ચિમ કે પૂર્વ દિશા તરફ ખસતો જાય છે. આ ઉપરાંત, સૂર્ય અને ચંદ્રના ગુરુત્વાકર્ષણબળની પણ સૂક્ષ્મ અસર થવાથી ઉપગ્રહની ભ્રમણકક્ષા પૃથ્વીની વિષુવવૃત્તીય સપાટીમાં ન રહેતાં દૂર ખસતી જાય છે. ઉપર્યુક્ત બંને-જાતની પરિસ્થિતિમાં ઉપગ્રહને તેના મૂળ સ્થાન ઉપર લાવવો ખાસ જરૂરી છે. આ કાર્ય માટે ઉપગ્રહનું સ્થાન-નિયંત્રણ (station keeping) ઉપ તંત્ર અત્યંત મહત્ત્વનું છે. આ ઉપ-તંત્રમાં પણ હાઇડ્રેઝાઈન દ્વારા પ્રત્યાઘાતનો ઉપયોગ કરવામાં આવે છે. ઉપગ્રહને ભૂમિ-મથક ઉપરથી રેડિયો-આદેશ આપીને કોઈ પણ દિશામાં પ્રત્યાઘાત રૂપે વધારાનું જરૂરી વેગમાન આપી શકાય એ પ્રકારની રચના કરેલી હોય છે.

ઉપરની ચર્ચા ઉપરથી સમજી શકાશે કે ઉપગ્રહનાં દિશા અને સ્થાન-નિયંત્રણ ઉપ-તંત્રોની કામગીરીમાં હાઇડ્રેઝાઈન બળતણનો પુરવઠો પૂરતા પ્રમાણમાં હોય એ ખાસ મહત્ત્વનું છે. આ પુરવઠો ઘટી જાય તો આ બંને ઉપ-તંત્ર નકામાં થઈ જાય અને ઉપગ્રહ બીજી બધી રીતે કાર્ય કરતો હોવા છતાં, તેનાં સ્થાન અને દિશામાં થતાં અનિયમિત પરિવર્તનને લીધે, સંદેશ-વ્યવહાર માટે તે ઉપયોગી ન રહે. આ કારણથી ઉપગ્રહના ઉપયોગી આયુષ્યનો આંક તેના હાઇડ્રેઝાઈન બળતણના પુરવઠા ઉપરથી નક્કી કરવામાં આવે છે. અત્યારે વપરાતા મોટા ભાગના ઈન્ટેલસૅટ ઉપગ્રહનું ઉપયોગી આયુષ્ય તેના હાઇડ્રેઝાઈનના પુરવઠા ઉપરથી વધારેમાં વધારે લગભગ ૭ વર્ષનું આંકવામાં આવે છે.

ઉપગ્રહનું સામાન્ય સ્વાસ્થ્ય જાણવા માટે તેનાં બધાં જ ઉપ-તંત્રની કામગીરી વિષે ભૂમિ-મથક ઉપર નિયમિત રૂપે માહિતી મેળવવામાં આવે છે. આ પ્રકારની માહિતીમાં ઉપગ્રહનો ચાક, તેની દિશા, જુદાંજુદાં વિજાણુ-ઉપકરણોને અપાતા વોલ્ટેજનાં માપ, સૌર-કોષમાંથી મળતી વિદ્યુત-શક્તિનું માપ, ઉપગ્રહના જુદાજુદા ભાગ ઉપરનું ઉષ્ણતામાન, હાઇડ્રેઝાઈન બળતણનો પુરવઠો વગેરેનો સમાવેશ થાય છે. આ બધી માહિતી ઉપરાંત ભૂમિ-મથક ઉપર નિયમિત રૂપે ઉપગ્રહનું સ્થાન પણ નક્કી કરવામાં આવે છે અને આવશ્યકતા પ્રમાણે રેડિયો-આદેશ આપીને તેના સ્થાનમાં સુધારો કરવામાં આવે છે.

(ચાલુ)

[હવે પછી સંદેશ-વ્યવહાર ઉપગ્રહની ભૂ-સમક્રમિક ભ્રમણકક્ષા ભૂમિમથકો વગેરે વિષે જોઈશું.]

પ્રો. શંકુ અને અજાયબ પૂતળાં

જીવતા મોતના અનુભવની એક રોમાંચકારી વિજ્ઞાનકથા

—મૂળ લેખક: સત્યજિત રાય • અનુવાદક: સુકન્યા ઝવેરી

૧૩મી મે

આજ મારા જીવનનો એક સ્મરણીય દિન છે! સ્વીડિશ ઍકેડેમી ઑવ સાયન્સે મને ડૉકટરની પદવી આપી મારાં છેલ્લાં પાંચ વર્ષનો પરિશ્રમ સાર્થક કર્યો છે. એક ફળના બીજને બીજા એક ફળના બી સાથે ભેગું કરવાથી આવું આશ્ચર્યજનક, સુંદર, સુગંધિત, સ્વાદિષ્ટ અને પુષ્ટિકર નવતર ફળ બની શકે, એવી મારી આ રીસર્ચની પહેલાં કોઇને જાણ ન હતી. ગયા વર્ષે સ્વીડનના વૈજ્ઞાનિક સ્વેન્ડસેન મારી ગિરિડીની લેબૉરેટરીમાં આવી મારા ફળનો નમૂનો જોઈ-ચાખીને એકદમ આશ્ચર્યચકિત થઈ ગયા હતા. દેશ પાછા ફરીને વૈજ્ઞાનિક સામયિકોમાં તથા વર્તમાનપત્રોમાં છપાવીને મારી શોધને વિખ્યાત કરી મૂકી. મારા આજના આ સન્માન માટે સ્વેન્ડસેનનો જ ખાસ તો ફાળો છે. તેથી ડાયરી લખવા બેઠો છું ત્યારે તેમના તરફ કૃતજ્ઞતાની લાગણીથી મારું મન છલકાઈ રહ્યું છે.

સ્વીડન અગાઉ ક્યારે ય નથી આવ્યો. આવ્યો એવું જ ગમ્યું. સુંદર, સ્વચ્છ, સુઘડ દેશ. એમાં પાછો મે મહિનો, એટલે ચોવીસે કલાક સૂર્ય-દર્શન. પણ આ સૂર્ય સાવ ઝાંખો–નિસ્તેજ. રોજ લાગે જાણે સાંજ પડવા આવી છે. શિયાળામાં અહીં જ્યારે રાત જાણે પૂરી જ ન થવા માગતી હોય ત્યારે ખબર નહિ માણસના મનની સ્થિતિ કેવી થતી હશે! સાંભળ્યું છે કે છ મહિનાની રાત પછી પ્રથમ સૂર્યનો પ્રકાશ જોઈ અહીંના ઘણા લોકો આનંદથી ભાન ભૂલી આત્મહત્યા કરતા હોય છે! આપણે જે બધા વિષુવવૃત્ત પાસે રહીએ છીએ તે ઘણા સુખી છીએ. ખૂબ જ ઉત્તરમાં ઠંડા મુલકમાં રહેનારાઓની અદેખાઈ કરવાની બિલકુલ જરૂર નથી.

અહીંનું કામકાજ પતાવી નૉર્વે જવાની ઇચ્છા ખરી. એનું એક કારણ છે. ચાર વર્ષ પહેલાં જ્યારે ઇંગ્લૅંડ ગયો હતો ત્યારે વિખ્યાત પ્રાણીતત્ત્વવિદ્ (ઝૂલૉજિસ્ટ) પ્રોફેસર આર્કીબાલ્ડ એકરૉઈડની સાથે મારે ગાઢ દોસ્તી થઈ હતી. સસેક્સમાં એમના કૉટેજમાં હું વીક-ઍન્ડ પણ ગાળી આવ્યો હતો. એકરૉઈડ પણ ત્યારે નૉર્વે જાઉંજાઉં કરતા હતા: ત્યાં 'લેમિંગ' નામના ઉંદરની જાતનું એક અદ્ભુત જાનવર થાય છે એનો અભ્યાસ કરવા માટે. લેમિંગ એક આશ્ચર્યજનક પ્રાણી છે. વર્ષના એક ખાસ સમયે તેઓ હારની હાર બાંધી જંગલમાંથી બહાર નીકળી સમુદ્ર ભણી મુસાફરી કરે. રસ્તામાં શિયાળ-વરુ, ગીધ ગરુડ વગેરેનું આક્રમણ અવગણીને યે ખેતરનો પાક પૂરો કરી નાખે, અને અંતે દરિયે પહોંચીને દરિયાના પાણીમાં કૂદી પડી આત્મહત્યા કરે!

દુ:ખની વાત છે કે એકરૉઈડનો અભ્યાસ અધૂરો જ રહી ગયો હતો. કેમ કે ગિરિડીમાં હતો ત્યારે જ વૈજ્ઞાનિક સામયિકમાં વાંચ્યું હતું કે નૉર્વેના ભ્રમણ દરમિયાન એમનું મૃત્યુ થયું હતું. એકરૉઈડ માટે જે સંભવ્યું નહોતું તે મારાથી બની શકશે કે કેમ એ જોવા ખાતર જ નૉર્વે જવાનો વિચાર કરતો હતો.

રાતના ભોજનસમારંભ પછી હોટેલમાં પાછો ફર્યો ને થોડી જ વાર થઈ હશે ત્યાં મારા બારણે ટકોરા પડ્યા. તે વખતે પણ લેમિંગનો જ વિચાર મારા મગજમાં ઘૂમતો હતો. બારણું ખોલી જોયું તો એક મધ્યમ વયનો ઊંચો સજ્જન, માથે સોનેરી વાળ, આંખ પર સોનાની ફ્રેમનાં ચશ્માં, એ ચશ્માંના જાડા કાચ પાછળ વેધક ભૂરી આંખો. જ્યારે એ સજ્જને હોઠ પહોળા કરી જરાક હસીને પોતાનો પરિચય આપ્યો ત્યારે જોયું કે એમનો એક દાંત સોનાનો હતો. એમની વાત પરથી જાણ્યું કે તેઓ નૉર્વેના સુલિટેલ્મા શહેરના વાસી છે. નામ ચેગર લિન્ડક્વિસ્ટ. પોતે શિલ્પી છે. વિખ્યાત લોકોનાં પૂતળાં આબેહૂબ અસલ માણસ જેવાં જ તૈયાર કરે છે: એટલે કે શરીરનો રંગ, વાળ, નખ, પોશાક બધું જ અસલ માણસ જેવું જ. અને કદમાં કેવળ છ ઈંચ!

આડીઅવળી વાતો પછી જરા વિનયપૂર્વક, અચકાતા હોય એમ કહે: 'તમે મારે ત્યાં આવી થોડા દિવસ મારી મહેમાનગતિ સ્વીકારશો તો હું ખૂબ આભારી થઈશ. એ દરમિયાન હું તમારું એક પૂતળું બનાવી લઈ શકીશ.' લિંડક્વિસ્ટે ઉમેર્યું કે એમના સંગ્રહમાં કોઈ પ્રખ્યાત ભારતીયનું પૂતળું નથી, અને હું જો હા પાડીશ તો એ પોતાને ધન્ય માનશે.

વાતવાતમાં મારાથી લેમિંગ વિષે જાણવાનું કુતૂહલ પ્રકટ થઈ ગયું. તે વિષે એ સજ્જને કહ્યું કે લેમિંગની શોધમાં વનવગડામાં ભટકતા ફરતા તેઓ તેમના જ ઘરમાં એક લેમિંગ લાવીને મને દેખાડશે. એ પછી તો મારે કશું જ કહેવાપણું ન રહ્યું.

મેં આવતા ગુરુવારે જ એ સજ્જન સાથે નૉર્વે જવાનું નક્કી કર્યું.

૧૭મી મે

બે દિવસ થયાં સુલિટેલ્મા શહેરમાં આવ્યો છું. નૉર્વેના ઉત્તર છેડે ફિયોર્ડની ખીણમાં વસેલું આ શહેર ખૂબ મનોરમ છે. બાજુમાં તાંબાની ખાણ છે. ને શહેરની પશ્ચિમ તરફ પ્રહરી જેમ ઊભો છે સુલિટેલ્મા પર્વત. ઊંચાઈ લગભગ ૬૦૦૦ ફૂટની. એટલે જો કે આપણા હિમાલયના એકેએક શિખર પાસે તો સામાન્ય ટેકરી જેવો જ લાગે. પણ અહીં નૉર્વેમાં એ ઊંચાઈમાં બીજે નંબરે આવે છે.

લિંડક્વિસ્ટ મને ખૂબ જ સારીરીતે રાખે છે. એમના બંગલાની આજુબાજુ બીજો કોઈ બંગલો નજરે પડતો નથી. આમ પણ નૉર્વે દેશમાં વસ્તી ઓછી, તેમાં પાછું લિંડક્વિસ્ટે જાણે નિર્જન વાતાવરણ જ શોધી લીધું હતું. મને એમાં કંઈ વાંધો નથી. મારું ગિરિડીનું ઘર પણ મેં એકાંત શોધીને જ બનાવ્યું છે.

લેમિંગ હજુ ય મેં જોયું નથી. લિંડક્વિસ્ટે એકાદ બે દિવસની મહેતલ માગી લીધી છે. એમાં ય મને કોઈ વાંધો નથી, કારણ હું દેશથી ફુરસદ કાઢીને જ નીકળ્યો છું. હાલમાં તો આરામની જ જરૂર છે. ટ્રાઉટ માછલી ને ખૂબ મજાનું ચીઝ ખાઉં છું, ને એકંદરે ખૂબ મજામાં છું.

પણ લિન્ડક્વિસ્ટની એક આદત વચ્ચે વચ્ચે મને ખૂબ જ અકળાવે છે. એ મારી તરફ ટગરટગર એકીટશે લગભગ હંમેશાં જ તાકી રહે છે. વાત કરતી વખતે સામે જોવું એ અસ્વાભાવિક નથી; પણ જ્યારે બંને જણા ચૂપચાપ બેઠા હોઈએ, ત્યારે પણ ક્યારેક ક્યારેક મને લાગે કે એ મારી તરફ સ્થિર નજરે તાકી રહ્યો છે. આજ સવારે હું પૂછ્યા વિના ન રહી શક્યો. લિંડક્વિસ્ટ લેશમાત્ર છોભીલો પડ્યા વિના બોલ્યો: 'કોઈ પણ માણસનું પૂતળું કરતાં પહેલાં થોડા દિવસ જો બરાબર ધારી ધારીને જોઈ લીધું હોય તો પૂતળું બનાવતી વખતે શિલ્પીનું કામ

સરળ બની જાય અને જેનું પોર્ટ્રેઈટ બનાવવાનું હોય એને પણ એકસરખું વધારે વાર સુધી પથ્થરની જેમ ઊભા કે બેસી રહેવું ન પડે.'

હું બીજો પ્રશ્ન પણ રોકી ન શક્યો. મેં પૂછ્યું : 'તમારાં પૂતળાં ક્યારે બતાવશો ? ખૂબ જ ઇંતેજારી થાય છે.'

લિન્ડક્વિસ્ટ કહે : 'પૂતળાં પર ધૂળ ચડી ગઈ છે. મારો નોકર હાન્સ એ બધાંને આજકાલમાં સાફ કરશે, તો પછી કાલે સાંજ સુધીમાં હું માનું છું કે તમને દેખાડી શકીશ.' 'અને લેમિંગ ?'

'પહેલાં પૂતળાં, પછી લેમિંગ; બરાબર ?' નછૂટકે હું માની ગયો.

તા. ૧૮મી મે રાતના બાર

બે કલાક પહેલાં રૂમમાં પાછો આવ્યો છું. પણ હજુસુધી ઉત્તેજના ઓછી થઈ નથી. તેથી આજની ઘટના બરાબર લખતાં અગવડ પડે છે.

આજે સાંજના સાત વાગ્યે (સાંજ ઘડિયાળના સમય અનુસાર, કારણ અહીં ખરેખર તો રાત ને દિવસમાં કંઈ જ ફર્ક સમજાતો નથી.) લિન્ડક્વિસ્ટે એના બેઠકખંડનું એક છૂપું બારણું ખોલ્યું અને એક ગોળ દાદર પરથી મને જમીનની નીચેના એક ઓરડામાં લઈ જઈ એનાં પૂતળાંઓ દેખાડયાં. મેં આવી અજાયબ ચીજ ક્યારે ય જોઈ નહોતી.

ટેબલ પર મૂકેલી કાચના આવરણથી ઢંકાએલી જે વસ્તુઓ મેં જોઈ એને પૂતળાં કહેતાં ખૂબ જ ખંચકાટ અનુભવું છું. અસલ માણસ અને એ પૂતળાં વચ્ચે ફરક કેવળ એટલો જ હતો કે તે નિષ્પ્રાણ, નિશ્ચેત હતાં. અને એમાંનું એક પણ કદમાં છએક ઇંચથી વધુ મોટું ન હતું. ટૂંકમાં એમ કહી શકાય કે અસલ માણસનું જે કદ હોય એનો આ દશમો ભાગ.

બધાં મળીને છ પૂતળાં હતાં. બધાં જ જાણીતા-નામીચા લોકો. જો કે આમાંના બધાને જ ચહેરાથી હું પહેલાં ઓળખતો નહોતો. જેમને જોઈને ઓળખી શક્યો તેઓ હતા—જગપ્રવાસી ફ્રેન્ચ મુસાફર આંરી ફુલેમો અને નિગ્રો ચૅમ્પીઅન બૉક્સર બૉબન સ્લીમૅને.

અને છઠ્ઠા નંબરની બરણીમાં જે પૂતળું કાળાં ચશ્માં પહેરી જમણો હાથ કોટના ખીસામાં ખોસી ઊભું હતું, તે હતા પરલોકવાસી બ્રિટિશ પ્રાણીતત્ત્વવિદ્ અને મારા મિત્ર આર્ક્રીબાલ્ડ એકરૉઈડ—છ વર્ષ પહેલાં લેમિંગની શોધમાં ફરતાં ફરતાં જેમનું નૉર્વેમાં મૃત્યુ થયું હતું.

એકરૉઈડનું પૂતળું જોઈને જ લાગ્યું કે પોર્ટ્રેટને હિસાબે આ બધાં અજાયબરીતે બેનમૂન હતાં. કેવળ એમના ચહેરા અને આકૃતિ જ હૂબહૂ હતાં એમ નહોતું—એ બધાં એવા પદાર્થમાંથી બનાવ્યાં હતાં કે માથાના વાળ, શરીરની ચામડી, આંખની કીકી, બધું જ એકદમ જીવંત હોય એવું લાગતું હતું !

અને આ છેલ્લું પૂતળું જોઈને તો મને થયું કે મારો શ્વાસ જ બંધ થઈ જશે! એકરૉઈડની સામે મને આમ ઊભેલો જોઈ લિન્ડક્વિસ્ટે પૂછ્યું: 'શું થયું ? આને ઓળખો છો કે શું ?'

મેં કહ્યું : 'ખૂબ સારી રીતે. ઈંગ્લૅન્ડમાં ઓળખાણ થઈ હતી—લગભગ દોસ્તી જ કહોને. લેમિંગની વાત મેં એમની પાસેથી જ સાંભળી હતી. નૉર્વેમાં જ તેમનું મોત થયું છે એમ સાંભળ્યું હતું.'

'એ તો સાચી વાત. પણ મારું નસીબ ખૂબ જ સારું. મરતાં પહેલાં તેઓ થોડા દિવસ મારે ત્યાં આવ્યા હતા, અને ત્યારે જ મેં આ પૂતળું બનાવી લીધું હતું. જેમનાં પૂતળાં જુઓ છો એ બધાંએ જ મારે ઘેર રહી મને 'સિટિંગ' આપ્યાં હતાં.' અને ઓરડામાંથી નીકળી ગોળ દાદર પર ચડીને ઉપર આવતી વખતે લિંડક્વિસ્ટ કહે : 'પરમ દિવસથી હું તમારું પોર્ટ્રેટ બનાવવાનું શરૂ કરીશ.

હું ઓરડામાં બેઠો બેઠો ડાયરી લખું છું અને એકરૉઈડનો એ હસતો ચહેરો મને યાદ આવે છે. કોઈ પણ માણસ માટે આવું પૂતળું તૈયાર કરવું સંભવી શકે એ તો હું કલ્પી જ શકતો નથી. આ માણસ લિન્ડક્વિસ્ટ શું કેવળ શિલ્પી જ છે કે પછી વૈજ્ઞાનિક પણ છે? કઈ વસ્તુઓ વડે આ પૂતળાં બનાવતો હશે કે આંખ, નખ, ચામડી, વાળ વગેરે નવાઈભરી રીતે સ્વાભાવિક હોય એવું લાગે છે ? મને થાય છે કે મારું પૂતળું જો મારી નજર સામે બનાવશે તો એ સરસામાન મને સગી આંખે જોવાની તક મળશે. કાલે સવારે એને આ વિષયમાં એકાદ બે સવાલ પૂછીને જોઉં, તો ખરો કે એ શું કહે છે.

હાલ તુરત તો લેમિંગની વાત બાજુએ રાખી પૂતળાની જ પાછળ પડું.

૧૯મી મે

કાલે રાતના હવાના એક ઝોકા સાથે કોઈ તીવ્ર ઉગ્ર ગંધની નાકમાં વાસ આવતાં મારી ઊંઘ ઊડી ગઈ. ગંધ ઘણી વાર રહી. કેટલીક પરિચિત અને કેટલીક અપરિચિત વાસ ભેગી મળીને એક નવી જ જાતનો વાસ. જાણીતીમાં કૉપર સલ્ફેટની અને ફેરસ ઑક્સાઈડની વાસ. એ સિવાય પણ એક મીઠાશભરી ગંધ. એ કદાચ કેમિકલ—રસાયણની વાસ ન પણ હોઈ શકે. અથવા બીજું કશું પણ હોય. ટૂંકમાં આ મકાનમાં અથવા મકાનની આસપાસ ક્યાંક રસાયણનું કામકાજ ચાલતું હતું. લિન્ડક્વિસ્ટ વૈજ્ઞાનિક પણ છે એ વિષેનો મારો સંદેહ વધુ દઢ થયો.

સવારે ઘરડો નોકર હાન્સ આવીને કહે : 'શેઠ જરાક બહાર ગયા છે અને તમને એમની રાહ ન જોતાં નાસ્તો કરી લેવાનું કહેતા ગયા છે.'

નાસ્તો પતાવી મેં ઘરની અંદર અને આસપાસ જરાક આંટાફેરા કરી જોયું. અહીંતહીં ઝાડઝાંખરાંની પાછળ ફ્લાસ્ક તથા ટેસ્ટટ્યૂબના ટુકડા અને એક કટાએલો બુન્સેન બર્નર જોઈ મને કોઈ સંદેહ ન રહ્યો. પૂતળાંની પાછળ એક વૈજ્ઞાનિક કરામત રહી છે. મારી આંખમાં ધૂળ નાખવી એટલી સહેલી નથી.

એક ખટકો મનમાંથી કેમે ય નીકળતો નથી કે એક વિજ્ઞાની બીજા એક વૈજ્ઞાનિકની પાસે પોતાને શિલ્પી તરીકે શા માટે ઓળખાવે ?

સાડા નવ વાગ્યે જ્યારે હું ઘેર પાછો આવ્યો ત્યારે પણ લિન્ડક્વિસ્ટનો પત્તો નહોતો. હાન્સને પૂછ્યું, પણ એનો પાછા ફરવાનો સમય એ કહી ન શક્યો. ઘરમાં એકલા બેઠાંબેઠાં મગજમાં એક દુર્બુદ્ધિ સૂઝી. દિવસે એક વાર એ પૂતળાંઓને જોઉં તો કેવું?

છૂપા ઓરડાનું બારણું ખોલવાનો એક સંકેત છે. બારણાના હાથાને જરીક વાર આમતેમ ફેરવ્યા પછી એને એક ધક્કો મારવાથી ખૂલી જાય. ગઈ કાલે લિન્ડક્વિસ્ટે હાથાને કેટલી વાર જમણી અને કેટલી વાર ડાબી તરફ ફેરવી પછી ધક્કો માર્યો હતો એ મેં બરાબર યાદ રાખ્યું હતું. જોકે સામાન્ય માણસ માટે આ કામ સંભવિત નહોતું એ નક્કી વાત હતી.

હાન્સને બોલાવી કહ્યું : 'મારે એક જરૂરી તાર કરવાનો છે. જો તું કરી આપે તો સારું. આ ઠંડા મુલકમાં આવીને મને જરાક દમ જેવું થઈ ગયું છે, એટલે દૂર જવાની મારી હિંમત થતી નથી.'

હાન્સ તે જ પળે તૈયાર થઈ ગયો, અને મેં મારા ઘરના નોકર પ્રહ્લાદ પર એક ભળતો જ ટેલિગ્રામ લખી હાન્સને પૈસા દઈ મોકલી દીધો.

હાન્સના ગયા પછી પાંચેક મિનિટ વાટ જોઈ હું બંગલાના દરવાજા બહાર રસ્તા પર જઇને ઊભો રહ્યો. આમતેમ નજર નાખો તો ખાસ્સું દૂર સુધી જોઈ શકાય. લિન્ડક્વિસ્ટનું ક્યાંય નામનિશાન નહોતું. તેથી લાગ્યું કે એને પાછા આવતાં ઓછામાં ઓછી પંદર મિનિટ તો લાગશે જ.

અંદર આવી ગુપ્ત બારણા પાસે જઈ ગોખી રાખ્યા પ્રમાણે આમતેમ હાથાને ફેરવવા માંડ્યો. થોડી વારમાં ધક્કો મારવાથી ખટ અવાજ સાથે દરવાજો ખૂલી ગયો. ખીસામાં ટૉર્ચ હતી એને પેટાવી ગોળ દાદર પરથી નીચે ઊતર્યો.

છૂપા ઓરડામાં પહોંચી એક પછી એક કાચના પીંજરા પર પ્રકાશ ફેંકી જોવા માંડ્યું. કાલમાં ને આજમાં કંઈ ખાસ ફેર નજરે ન ચડ્યો એક નંબરમાં એ જ ઈટાલિયન ગવૈયો—નામ લાગે છે કે મારિયા બાતિસ્તા. બીજામાં બૉક્સર બૉબ સ્લીમેન, ત્રીજામાં ફ્રેન્ચ મુસાફર આંરી

ક્લેમો, ચોથામાં જાપાની તરવૈયો હાકીમોતો, પાંચમામાં પેલો જર્મન કવિ, જેનું નામ યાદ નથી. અને છઠ્ઠામાં મારો મિત્ર એકરૉઈડ.

હું ટૉર્ચ લઈ એકરૉઈડના પીંજરા તરફ આગળ વધ્યો. પીંજરું મજાનું હતું. આવી જાતનું ક્યારે ય જોયું નહોતું. એક જાતનું કાચનું આવરણ હોય—મંદિરના શિખર જેવું, જેમાં ઘણી વાર સારી ઘડિયાળ કે મૂર્તિને રાખવામાં આવે છે. આ પણ લગભગ એવું જ, પણ ફરક એટલો કે આને ચાવી મારવાની સગવડ હતી. જોકે ધારો તો આખું ઢાંકણું જ હાથેથી ઊંચકીને ફેંકી દઈ શકો.

કાચને મારું મોં અડકાડીને એકરૉઈડના પૂતળાને હું જોઈ રહ્યો. જોતાંજોતાં મને લાગ્યું કે કાલ જે સ્ટાઈલથી ઊભો હતો એમાં આજે જરાક ફરક લાગ્યો. કાલ જમણો હાથ ખીસામાં વધારેપડતો ખોસેલો હતો. ખરેખર? કે પછી મારી નજરનો ભ્રમ હતો? બની શકે કે પૂતળાના અંગ પ્રત્યંગ હલાવી શકવાની, સ્થિતિ બદલવાની કોઈ વ્યવસ્થા કરી હોય. લિંડક્વિસ્ટ વખતેવચ્ચે વચ્ચે બારણું ખોલી તેમની ઊભા રહેવાની ઢબ બદલી દેતો હોય. અથવા પૂતળાંને ઝાપટતાંલૂછતાં હાથ જરાક હલી જતો હશે. એક વાર ખોલીને તપાસી જોઉં તો કેવું?

પણ એકરૉઈડના પૂતળાને, કોણ જાણે કેમ, હાથ લગાડતાં સંકોચ થયો. તેથી જાપાની તરવૈયાના પૂતળાનું ઢાંકણું ખોલી ધીમેથી હાથમાં ઊંચકી લીધો. લેતાં જ ખબર પડી કે લિંડક્વિસ્ટે હાથપગ હલાવવાનો કોઈ ઉપાય રાખ્યો નહોતો. પૂતળાં એકદમ અચળ અને અક્કડ હતાં.

કાચનું આવરણ ઊંધું વાળી, ગોળ દાદર પર થઈને ઉપર આવી, ગુપ્ત બારણું વાસી મારા રૂમમાં પાછો આવ્યો.

લિન્ડક્વિસ્ટ લગભગ સાડા બારે પાછો આવ્યો. બપોરે જમવાના ટેબલ પર મેં એને કહ્યું: 'આજે મારો વિચાર જરાક વાંચવાનો છે. તમારે ત્યાં, સાંભળ્યું છે કે એક સરસ મજાની પબ્લિક લાયબ્રેરી છે. એક વાર હું જઈ આવું?'

લિન્ડક્વિસ્ટ કહે: 'ખુશીથી. હું રસ્તો બતાવી દઈશ. આજે જ જાઓ, કારણ કાલથી તો તમારે સિટિંગ આપવું પડશે.'

આરામ ન કરતાં જ હું નીકળી પડયો. મનમાં કોણ જાણે એક અસ્પષ્ટ સંદેહ ડોકિયું કરી રહ્યો હતો, એ માટે જ કેટલાંક જૂનાં છાપાં જોઈ જવાની જરૂર હતી.

સાડા ત્રણ કલાક લાયબ્રેરીમાં બેઠાંબેઠાં લંડનના 'ટાઈમ્સ'ની ફાઈલ ઊથલાવી, મનમાં પાકો સંદેહ, ઉત્તેજના ને ઉદ્વેગ સાથે ઘેર પાછો આવ્યો. બે વર્ષ પહેલાંના ૧૧મી સપ્ટેમ્બરના 'ટાઈમ્સ' આર્કિબાલ્ડ એકરૉઈડના મૃત્યુના સમાચાર વાંચી જાણી શકયો કે એકરૉઈડ કઈ રીતે કયાં મરી ગયા હતા એ ખબર પડી નહોતી. નૉર્વેમાં ફરતાફરતા તેઓ ગુમ થઈ ગયા હતા. તેમને છેલ્લી વાર જોયા હતા ફિયોર્ડ ફરવા જવા માટે એક નાવમાં ચડતાં. એ હોડીનો કોઈ પત્તો લાગ્યો ન હતો. તેથી માની લેવામાં આવ્યું હતું કે હોડી ડૂબી જતાં એકરૉઈડનું મૃત્યુ થયું હશે.

બૉબ સ્લીમૅન, હાક મોતો, અને આંરી ક્લેમોના મૃત્યુના સમાચાર પણ વાંચ્યા. તેઓ બધા જ યુરોપમાં ગુમ થઈ ગયા હતા, ને બધાની ખૂબ જ શોધખોળ પછી મૃત માની લેવામાં આવ્યા હતા.

ઘેર આવી બાકીનો દિવસ બને તેટલો સ્વાભાવિકરીતે પસાર કરવા કોશિશ કરી. લેમિંગ કુતૂહલ મનમાંથી લગભગ નાબૂદ થઈ ગયું છે.

રાતના જમવા બેઠા ત્યારે લિન્ડક્વિસ્ટે પૂછ્યું: 'શંકુ, તમે શરાબ લ્યો છો? અમારા દેશનો એક સારી ઊંચી જાતનો વાઈન છે, જરાક ચાખવો છે? મને તો જોકે શરાબ ભાવતો જ નથી, પણ લોકો કહે છે કે ખૂબ સારો છે. જરાક ચાખી જુઓને?'

લિન્ડક્વિસ્ટને પાછો કયાંક મારા મનમાં કશી શંકા પડી છે એવો શક પેદા થાય તેથી મેં વાંધો ન ઉઠાવ્યો.

લિન્ડક્વિસ્ટે થોડો દારૂ મારા ગ્લાસમાં નાખ્યો. ગ્લાસને હોઠ પાસે લાવતાં જ કોણ જાણે એક જાતની સંદેહજનક વાસ આવી. તેથી એક જરાક ચુસકો લઈ બાકીનો નૅપકિનમાં ઢોળી દઈ કહ્યું: 'આ બાબતમાં મારી અને તમારી રુચિ સરખી છે. આના કરતાં તમે જે પીઓ છો એમાંથી જ થોડો આપોને મને!'

લિન્ડક્વિસ્ટે દારૂમાં મને ઘેનની દવા આપી હતી એ વિષે મને જરા યે સંદેહ નહોતો. એની મકસદ હવે મને સ્પષ્ટ સમજાઈ ગઈ હતી. આજ રાતના ગમે તે હિસાબે જાગતા રહી એ શું કરે છે એ જોવું જોઇએ.

૨૦મી મે

કાલે રાતના જાગતા રહેવાથી જે અદ્ભુત અનુભવ થયો તે લખું છું.

લિંડક્વિસ્ટના આ લાકડાના ઘરમાં ઊંબરા જેવું કશું જ નહોતું, તેથી બાજુના ઓરડામાં બત્તી પેટાવે તો બારણાં બંધ હોય તો પણ નીચેની તડમાંથી પ્રકાશ દેખી શકાય. લિન્ડક્વિસ્ટના દીવાનખાનામાં કકૂ-ક્લૉકની કોયલ જ્યારે બાર વાગ્યાના ટહુકા કરી રહી હતી ત્યારે હું જાગતા રહેવાની ગોળી ખાધા વિના જ મજાનો જાગતો રહ્યો હતો. કારણ મને, કોણ જાણે કેમ, નક્કી ખાતરી હતી કે આજે રાતના કંઈક નવાજૂની જરૂર થશે. એવામાં મારા બંધ બારણાની નીચેની તડમાંથી મેં અજવાળું જોયું. કોઇએ દીવાનખાનાની બત્તી પેટાવી હતી.

થોડી વાર બિલકુલ સન્નાટો. પછી એ જ પેલો પરિચિત 'ખટ' અવાજ સંભળાયો અને પછી બેઠકખંડની બત્તી ઓલવાઈ ગઈ.

પાંચેક મિનિટ ચૂપચાપ બેસી રહી, પગમાં મોજાં સાથે મારા બારણા ભણી આગળ વધ્યો, અને એને એકાદ ઈંચ ખોલી આંખ માંડી આમતેમ નજર ફેરવી. એ પછી બારણું ખોલી આગળ વધ્યો અને ગુપ્ત બારણા પાસે જઈ જોયું તો બારણું ખુલ્લું હતું.

વિપદની આશંકા હોવા છતાં પણ ત્યારે એક અદમ્ય વૈજ્ઞાનિક કુતૂહલે મારા મનનો કબજો લઈ લીધો હતો. મેં બારણું ખોલ્યું અને હું અંદર ગયો, અને ગોળ દાદર પરથી નીચે ઊતરવા માંડયો. સાડા ત્રણ ચક્કર પૂરાં ઊતરો એટલે પૂતળાના ઓરડામાં પહોંચાય. ત્રણ ચક્કર પૂરાં થતાં જ એક અદ્ભુત અવાજ મારા કાને અથડાયો.

મારા કાન-કેવળ કાન જ શાના, મારી બધી જ ઇંદ્રિયો-સામાન્ય માણસ કરતાં ઘણી વધારે સજાગ છે. તો યે શબ્દ એટલા નવતર હતા, કે પારખતાં મને ઘણો બધો સમય લાગ્યો. અંતે અચાનક પારખી શકયો ત્યારે વિસ્મય અને ડરથી મારું લોહી થીજી ગયું!

આ તો માણસની ચીસ! પણ ગળાનો અવાજ સાધારણ માણસ કરતાં ઘણો તીણો અને બારીક. ચીસની ભાષા જાપાની.

મને સમજતાં વાર ન લાગી કે આ પેલા જાપાનીઝ તરવૈયા હાકીમોતાનું પૂતળું કંઈક તકલીફમાં આવી પડવાથી આ રીતે આર્તનાદ કરે છે.

હું સ્તંભિત થઈ ચીસો સાંભળી રહ્યો, ત્યાં અચાનક એ અટકી ગઈ. એ પછી 'ટંગ' કરીને કાચનો અવાજ. એ અવાજના કારણનું પણ અનુમાન કરવું અઘરું નહોતું. કાચનું પીંજરું બંધ થવાનો એ અવાજ.

મારી કુતૂહલવૃત્તિ ત્યારે બધા જ ભયને વટાવી ચૂકી હતી. હું બાકીનો દાદર ઊતરી જઈ દીવાલ પાસે જઈ ડોક લંબાવી જોઈ રહ્યો.

લિન્ડક્વિસ્ટ પેલા ફિરંગી મુસાફરનું પીંજરું ખોલતો હતો. એ પછી મુઠ્ઠીમાં પૂતળાને બહાર કાઢી કંઈક એના ડાબા હાથમાં ઘુસાડયું કે પૂતળું હાથપગ હલાવવા માંડયું અને પછી શરૂ થઈ ક્ષીણ બારીક અવાજમાં ચીસો! લિંડક્વિસ્ટના વર્તનમાં વિચલિત થવાનું એકે લક્ષણ મારી નજરે ન પડયું. એ ચીસોને અવગણીને એક નાનકડા ડ્રૉપર વડે પૂતળાના ફાડેલા મોંમાં એ કંઈક મૂકતો હતો.

આસ્તે આસ્તે પૂતળાના હાથપગની હલચલ બંધ થઈ ગઈ. એ પછી લિંડફ્વિસ્ટે પહેલાંની પેલી વસ્તુ પૂતળાને અડકાડતાં જ એના પગ નિશ્ચિત થઈ પહેલાં હતી તેવી સ્થિર સ્થિતિ થઈ ગઈ. લિન્ડફ્વિસ્ટે એને પણ પીંજરામાં પૂરી દીધું. હું મારી જગ્યાએ વિહ્વળ અને છતાં તન્મય બની ઊભો રહ્યો. તેની પાછળ ફક્ત જ હાથના અંતરે હું ઊભો હતો, એનો લિન્ડફ્વિસ્ટને ખ્યાલ જ નહોતો.

એ પછી આવ્યો એકરૉઈડનો વારો!

એ પાગલ વૈજ્ઞાનિકના હાથની મૂઠીમાં એકરૉઈડની શોચનીય સ્થિતિ જોઈ મારો ગુસ્સો અને ઉશ્કેરાટ કાબૂમાં રાખવા મુશ્કેલ થઈ પડયા હતા. એવામાં જોયું કે અચાનક એકરૉઈડના ધમપછાડા બંધ થઈ ગયા. આટલા દૂરથી પણ મને થયું કે એનું માથું મારી તરફ વળ્યું અને પછી ચોખ્ખા શુદ્ધ અંગ્રેજી ઉચ્ચારે અતિ કષ્ટે બૂમ સંભળાઈ: 'શંકુ! તું અહીં શું કરે છે? ભાગી જા ભાગી જા!'

પૂતળાના મોંએ મારું નામ સાંભળતાં જ લિન્ડફ્વિસ્ટ વીજળી વેગે મારી તરફ નજર ફેરવતાં જ મેં પાછા વળી, એકસાથે ત્રણત્રણ ચારચાર પગથિયાં ચડી જઈ, બેઠકખંડ વટાવી, અધ્ધર શ્વાસે મારા ઓરડામાં પેસી બારણાં વાસી દીધાં.

પણ નવાઈ! લિન્ડફ્વિસ્ટ પછી મારા ઓરડા ભણી આવ્યો જ નહિ!

અત્યારે સવારના નવ થયા છે. બ્રેકફાસ્ટ માટે મને બોલાવવામાં આવ્યો નથી. એ ય મને ખબર છે કે મને બોલાવશે પણ નહિ. મારા ઓરડાનાં બારણાં બહારથી બંધ કરી દીધાં છે!

૨૧મી મે

કાલના બનાવને બન્યાને ચોવીસ કલાક પૂરા થઈ ગયા છે. હજુ લિન્ડફ્વિસ્ટનો પત્તો નથી. મારા ઓરડામાં થોડાં ફળ હતાં અને મારી પોતાની પાસે થોડાં બિસ્કિટ હતાં એ સિવાય કાલથી કંઈ જ ખાધું નથી, ભૂખની સાથેસાથે શરીરને થાક પણ ખૂબ લાગ્યો છે. કાલ રાત્રે જે બધાં વિચિત્ર સ્વપ્નો જોયાં છે તેમાં એકમાં જોયું કે ઉંદર જેવું દેખાતું એક અતિકાય જાનવર મારી બારીમાંથી ઓરડામાં દાખલ થવાની કોશિશ કરતું હતું. એ પછી એક ધડાકાનો અવાજ અને એક ભયંકર ચીસ સાંભળી ઊંઘ ઊડી ગઈ. હું થોડી પળ ઢીલો ઢફ નિશ્ચેત બની પડયો રહ્યો. ત્યારથી જ ઘરમાં એક જાતની વાસ આવતી હતી. હવે ખબર પડી કે એ મારા ફાયર-પ્લેસની અંદરથી આવતી હતી. ચિમની-માંથી વાસ અંદર ખંડમાં પ્રવેશતી હતી.

કેવળ વાસ જ નહિ. વાસની સાથે વરાળ જેવા કંઇક પ્રવેશી ઓર-ડાને ધુમાડાથી ભરી દીધો. મારા માથામાં પણ જાણે ઝણઝણાટી થવા માંડી. લખવામાં પણ ખૂબ અગવડ પડે છે. લાગે છે કે...

(આવતા અંકે પૂરી)

ક્રિકેટ્સ માસ્ટરપીસ

ભરત ના. ભટ્ટ


ઇંગ્લૅંડ વિ. ઑસ્ટ્રેલિયા, ત્રીજી ટેસ્ટ, લીડ્ઝ : જુલાઈ ૧૧ થી ૧૫, ૧૯૩૦.

સર્વોત્તમ બૅટ્સમૅન બ્રૅડમૅનનો અદ્વિતીય દાવ જોવો એ પણ ક્રિકેટ રસિકો માટે જીવનનો અમૂલ્ય લહાવો હતો. બ્રૅડમૅનના ઉત્તમ દાવો તો અનેક છે, પણ તેમાં આ દાવની ગુણવત્તા તો અજોડ રહી છે. એમની આ બીજી સીરીઝમાં જ તેમણે પોતાની પ્રતિભાને સોળે કળાએ પ્રકટ કરી. આ સીરીઝની આગલી બે ટેસ્ટોમાં ૮ અને ૧૩૧ તથા ૨૫૪ અને ૧ રન કરનાર બ્રૅડમૅન લીડ્ઝ ખાતે એથી પણ આગળ જશે તેવી કોઈને કલ્પના નહોતી.

આગલી ટેસ્ટમાં લૉર્ડ્ઝ ખાતે બ્રૅડમૅન ૨૫૪ રન કરવા મેદાને પડયા ત્યારે પહેલી વિકેટે ૧૬૨ રન ચડાવ્યા હતા ને બોલરો થાકેલા હતા. જ્યારે અહીં; લીડ્ઝ ખાતે લારવૂડ અને ટેઈટની તાજી ઓપનિંગ બોલિંગનો સામનો કરવાનો હતો. ટેઈટની પ્રથમ ઓવરમાં બે રનના જુમલે જૅક્સન ગયા. ક્રીઝ તરફ જઈ રહેલા ૨૨ વર્ષના નવયુવાન બ્રૅડમૅનને પ્રેક્ષકો-સમીક્ષકો બે નજરે જોઈ રહ્યા હતા: એક નજરમાં ટકોર ભર્યો પડકાર હતો, બીજી આશાભરી નજર હતી.

ક્રીઝ પર આવીને બ્રૅડમૅને જે દાવ આરંભ્યો છે તેનાથી તો એ ક્રીઝ, એ દિવસ, એ મૅચ અને એ સાલ ટેસ્ટક્રિકેટમાં ઐતિહાસિક બની ગયાં. આક્રમક રમત આરંભીને એમણે ૪૯ મિનિટમાં ૪૦ રન અને ૯૯ મિનિટમાં સદી નોંધાવી. લંચ સમયે તેઓ ૧૦૫ (૧૬ ચોગ્ગા) રન સાથે રમતમાં હતા. ૧૯૪ રને વૂડફુલ માત્ર ૫૦ રન કરીને ગયા ને કિપેક્સ જોડાયા. બ્રૅડમૅન ૨૧૪ મિનિટમાં ૨૦૦ રને પહોંચ્યા જે દર-મિયાન સામે છેડે માત્ર ૬૬ રન થયેલા. ચાના સમયે બ્રૅડમૅન ૨૨૦ રન રમતમાં હતા. આ પછી ૪૨૩ રન કિપેક્સ ગયા ત્યારે તે બંનેએ ૨૨૯ રન ચડાવેલા, જેમાં કિપેક્સના ૭૭ હતા. આ પછી બ્રૅડમૅને ૩૩૬ મિનિટમાં ત્રેવડી સદી પૂરી કરી અને દિવસને અંતે ૩૦૯ રન સાથે અણ-નમ રહ્યા. આ વખતે પેવિલિયનમાં આવતાં તેઓ પોતાના સુકાની વૂડફુલને હળવાશથી કહે છે, 'આજે સારી નેટ-પ્રેક્ટિસ થઈ કાલે પણ હું ચાલુ રાખીશ.' કાર્ડસે નોંધ્યું છે કે, 'બ્રૅડમૅન એ વખતે પણ લેશ માત્ર થાકેલા જણાતા નહોતા!' બ્રૅડમૅન લગભગ ૬ કલાકના ૫૧ રનની સરાસરીએ રમેલા! બીજે દિવસે કુલ ૩૮૯ મિનિટમાં ૩૩૪ રન (૪૬ ચોગ્ગા) કરી તેઓ આઉટ થયા. આ દાવને સર્વોત્તમ દાવ ગણાવતાં તે મૅચના ઈંગ્લિશ વિકેટ કીપર ડકવર્થ લખે છે: 'પ્રથમ બૉલ (જે બ્રૅડ-મૅન મારવા જતાં ચૂકી ગયેલા) બાદ આ દાવમાં મેં આરામખુરશીમાં બેસીને વિકેટકીપિંગ કર્યું હોત તો પણ ચાલત.' જાણીતા ઈંગ્લિશ સુકાની સર વૉર્નરે લખેલું કે, 'આ દાવ બાદ લોકોએ બ્રૅડમૅનને માન આપવા જે તાળીઓ પાડી તે છેક ઑસ્ટ્રેલિયા સુધી સંભળાઈ હશે!'

બ્રૅડમૅન આઉટ થતાં ઑસ્ટ્રેલિયા ૫૬૬ રનમાં ઑલ આઉટ થયું ને ઇંગ્લૅન્ડે જવાબમાં ૩૯૧ અને ૩ વિકેટે ૯૫ રન કર્યા ત્યાં સમય પૂરો થતાં મૅચ ડ્રૉ થઈ. આ દાવ દરમિયાન બ્રૅડમૅને ટેસ્ટમાં સૌથી ઝડપી બેવડી સદી અને સૌથી ઝડપી ત્રેવડી સદી નોંધાવી જે વિક્રમો હજી પણ તૂટયા નથી. આ દાવ દરમિયાન તેમણે માત્ર ૧૩ ટેસ્ટ દાવમાં હજાર રન પૂરા કર્યા એ પણ વિક્રમ છે. ટેસ્ટમાં એક જ દિવસમાં ૩૦૦ ઉપર રન કર્યાનો વ્યક્તિગત દાખલો આ એક જ છે. સબળ પ્રતિસ્પર્ધી સામે આવો સુઘટ્ટ (Compact), ત્વરિત અને છતાં જંગી દાવ ટેસ્ટ ક્રિકેટ ફરી જોશે કે નહિ તે સવાલ છે! 'It will remain as a crickets masterpiece.' □



ગુજરાતનું જૂનામાં જૂનું સંગ્રહસ્થાન અને કચ્છનું સંસ્કારદર્પણ

ભુજનું મ્યુઝિયમ

લેખક · રામસિંહજી રાઠોડ

પ્રદર્શન માટે આવા કચ્છી પદાર્થ અને કારીગરીના નમૂનાઓના વીસ જથ્થા અને તે દરેકના પેટા જથ્થા નક્કી કરવામાં આવ્યા. ખનિજ, પ્રાણિજ અને વનસ્પતિજન્ય અણઘડ પદાર્થ અને એમાંથી જે ઉપયોગી ઘાટ અને રૂપ થાય તેના નમૂના તેના સંચા, હથિયાર ને ઓજાર સહિત સાથે રજૂ કરવાનું સૂચવાયું. સુતરાઉ, રેશમી, ઊન અને બીજું વણાટકામ, ભાતીગર છાપકામ, મીણિયા, અજરખ, બાંધણીના રેગાની કામના ઉત્તમ નમૂના રજૂ થાય તેવી કાળજી કરવામાં આવી. સોના-રૂપાના સાદા, જડાઉ, નકસીદાર, વિખ્યાત 'કચ્છ વર્ક'નું કામ, તરેહતરેહના દાગીના અને મીનાકારી અથવા પરપુરાના કામ માટે એક આકર્ષક જથ્થો ઊભો કરવામાં આવ્યો. જૂનાં-નવાં હથિયાર, વાસણકુસણ, હાથીદાંત ને શિંગડાની બનાવટ, ઘરશણગારની ચીજો, નાનાં ગાડી-ગાડાં ને વહાણોના નમૂના, સંઘાડે ઉતારેલું લાકડાનું કામ, લાખી, વાર્નિશ ને પૉલિસ કામ, કચ્છની જુદીજુદી કોમના ભાતીગર પહેરવેશ, સાદું અને નકશીદાર પથ્થરકામ, માટીકામ ને તેનાં રસેલાં વાસણો, રમકડાં અને શોભાના પદાર્થો, સુગંધી ઘાસસળીનું ગૂંથણકામ, વિદ્યાકળા અને ચિત્રકળાનાં કમાંગરી આલેખનો, અડી ખોદવાનું કામ, બીબાં, ઓઢાં અને રંગેલા ફોટા વગેરે કચ્છી કારીગરો કને કરાવડાવી પ્રદર્શનમાં રજૂ કરવાની તકેદારી રખાઈ. ૨૭ ચીજો કચ્છમાં નવીન શોધી તેની પણ રજૂઆત કરવાની સૂચના અપાઈ હતી. કચ્છ રાજ્યમાં બનેલા આવા સૌથી ઉત્તમ પદાર્થો માટે ખાસ ઈનામોની જોગવાઈ રાખવામાં આવી અને તેમાં પોશાક, રોકડ નાણું, પ્રમાણપત્રો વગેરે આપવાનું ઠરાવાયું, આ બધી કામગીરી તે વખતના કચ્છના એજ્યુકેશનલ ઈન્સ્પેક્ટર દલપતરામ ખખ્ખર અને 'હુન્નરશાળા'ના સુપરિન્ટેન્ડેન્ટ મિ. જે. ડી. એસ્પરન્સ હસ્તક રાખવામાં આવી.


શતવર્ષી 'હુન્નરશાળા'

ભુજનું મ્યૂઝિયમ ગુજરાતનું જૂનામાં જૂનું સંગ્રહસ્થાન છે. શતવર્ષી આ મ્યૂઝિયમના આયખાનો એક શતક પૂરો થતાં ચાલુ સાલે એની શતાબ્દી ઊજવણી છે. એક સૈકા પૂર્વે ઈ. સ. ૧૮૭૭માં ભુજમાં 'હુન્નરશાળા' રૂપે એનો પ્રારંભ થયો. પ્રાથમિક દર્શિત નમૂના માટે મુકાએલી કચ્છી કારીગરીની કળાકૃતિઓ અને હુન્નરી બનાવટો એમાં જ્યાં ગોઠવાઈ તે સંગ્રહસ્થાન પછી તો 'હુન્નરશાળા' નામે ખ્યાતનામ થયું, અને કચ્છીમાં 'હુન્નરશાળા' શબ્દ મ્યૂઝિયમનો પર્યાય બની રહ્યો. હમીરસરને કાંઠે 'નજરબાગ' સહિત આ હુન્નરશાળા માટે આલીશાન મકાન ખડું કરવામાં આવ્યું. તેના ઇતિહાસમાંથી ડોકાતી કચ્છના કળાવારસાની શતવર્ષી કહાણી રસપ્રદ છે.

'કચ્છ તણી કારીગરી' જે મુલ્કમશહૂર છે તેને 'હજાર રસ્તે હુન્નરમાં પણ પરદેશોથી કરવા સ્હેલ' આ હુન્નરશાળા સ્થાપવામાં આવેલી. તેની કળાકૃતિઓનો આ સંગ્રહ, કચ્છમાં ૩૦ નવેમ્બર ૧૮૭૭ના રોજ મુંબાઈના ગવર્નર સર રીચર્ડ ટેમ્પલ ભુજ આવ્યા ત્યારે તેમને દેખાડવામાં આવ્યો. કચ્છદેશનું રૂપાકામ ને ભરતકામ ત્યારે ઘણું વખણાતું વળી ગેંડાના ચામડાની ઢાલો, જુદીજુદી તરેહનાં કચ્છનાં હથિયારો, હીરનું લૂગડું, ખનિજ વગેરે કચ્છ દેશના હુન્નર તથા કારીગરીના મુખ્ય પદાર્થો મહેલાતના એક વિભાગમાં ગોઠવવામાં આવ્યા હતા. પરિણામે હુન્નરશાળા સંગ્રહસ્થાન બની રહી. અને ગોપભાટે દોહામાં કવિતા કહી:

જદુપતી નૃપ ખેંગારકો, પાઈ વિવાહ-પ્રસંગ,
કચ્છ સંગ્રહસ્થાન કિયો, મનરંજન બહુ રંગ.

રૂડા અને રૂપાળા કચ્છના ૧૮ વર્ષના યુવાન માણારાજ મહારાવ ખેંગારજી ત્રીજાનાં સને ૧૮૮૪માં લગ્ન લેવાયાં ત્યારે ભુજમાં આપણા વિદ્યાપ્રિય મણિભાઈ જશભાઈ કચ્છ રાજ્યના દીવાન હતા. રાજવંશી રઢિયાળા મહારાવના એ લગ્નોત્સવની ધામધૂમના એક ભાગ તરીકે તેમણે ત્યારે કચ્છ-કળા કારીગરીના પ્રદર્શનનું એક ધ્યેયલક્ષી આયોજન કર્યું. અને 'કચ્છ-રાજ્યપત્ર' (વૉ. ૧૧ નં. ૧૩)માં તે અંગે તા. ૭-૧-૧૮૮૪-ના રોજના વધારાથી દીવાન બહાદુર મણિભાઈએ એક જાહેર ખબર છપાવી. તેમાં આ પ્રદર્શનનો હેતુ સમજાવતાં તેમણે સ્પષ્ટ કર્યું કે 'ભુજમાં હુન્નરશાળ'ને લગતું એક મ્યૂઝિયમ યાને સંગ્રહસ્થાન છે તેમાં આ પ્રદર્શન થયાથી વધારો તથા સુધારો થવાનો હેતુ સહેલાઈથી પાર પડશે.' વળી જણાવ્યું કે 'કચ્છની નવીનવી પેદાશ, હુન્નર અને કારીગરીનાં કામોના સારામાં સારા નમૂના ભુજમાં એક સ્થળે આ રીતે પ્રદર્શન રૂપે ભેગા કરી લોકોને બતાવવા, જેથી લોકો તેમાંથી બોધ લે.' અને આ રીતે મ્યૂઝિયમની વિશેષ ખિલવણી થવાથી કચ્છના કારીગરોનો હુન્નર તથા કળામાં વધારો થશે એવી આશા તેમણે દેખાડી.





મનસ્વી રાજશાહીમાંથી કચ્છને ઉગારી લેનાર 'કચ્છના ક્રોમવેલ' સમા જમાદાર ફતેહમહમદે છેક દક્ષિણમાંથી ટીપુ સુલતાને મોકલેલી તોપ.

મથાળે: મ્યુઝિયમનું જૂનું મકાન.



દીવાન મણિભાઈએ 'કચ્છ-રાજ્યપત્ર' (પુ. ૧૧, અંક ૧૪)માં કચ્છ મ્યૂઝિયમને સમૃદ્ધ કરવા કચ્છના દેશાભિમાની કસબીઓ અને કારીગરોને, તેમની પ્રતિષ્ઠા અને પ્રખ્યાતીને, તેમની કારીગરીની કુશળતાને પોરસ ચડે તેવી ઉક્તિઓથી બહુ યુક્તિઓ લડાવી છે. તેમણે કહ્યું કે 'કચ્છ હુન્નરને વાસ્તે દેશપરદેશમાં પ્રસિદ્ધ છે. તેના કારીગરો નવા નવા હુન્નરો કરે છે. દરેક નાના ગામડામાં કાંઈને કાંઈ જાણવા જેવી કારીગરીની પેદાશ હોય છે. કારીગર ભલે અભણ લાગે પણ પોતાના કામણગારા કલાકામે બહુ કામઠા રહે છે.'...'બાપદાદાના વખતથી હુન્નર માટે વખણાતા આવ્યા છીએ તે હુન્નર શોધી કાઢો; હુન્નર બતાવો; આળસ ઉડાડો; સુસ્તી સાથે કુસ્તી કરી પ્રદર્શનને પુષ્ટિ આપો, તમારી આબરૂ વધશે, કીર્તિ મેળવવામાં બાકી ન રહો, શાબાશી મળશે; ઉમંગથી સારું દેખાય તેમ સ્તુતિપાત્ર શ્રમ કરી ફતેહમંદ પ્રયત્ન કરો; પ્રજા-ઉપયોગી કામને પરિશ્રમથી પુષ્ટિ આપો.' ઉદ્યમી લોકોનો ઉત્સાહ વધે





◁ ફૂલપત્તીની વેલની ઝીણવટભરી કાષ્ઠ-કોતરણીવાળાં કમાડ. ઉપર: નાગપાંચમની રાજ-સવારીના આલેખનવાળા લાંબા ઓળિયાનો એક અંશ. એમાં હાથી ઉપર હોદ્દામાં કચ્છના મહારાવ શ્રી ખેંગારજી ત્રીજાની સાથે એમના વિદ્યાપ્રિય દીવાન મણિભાઈ જશભાઈ છે. ભુજના મ્યૂઝિયમના નિર્માણનો ખરો યશ એમને જ ઘટે છે. કચ્છના લાક્ષણિક ચિત્રકામ —કમાંગરીનો આ એક સુંદર નમૂનો છે. નીચે: કચ્છ રાજ્યમાં એનું પોતાનું આગવું ચલણ હતું, જેમાંની એક સો કોરીની ચલણી નોટ; જો કે અમુક કારણોસર એ ચલણમાં મૂકી શકાઈ નહોતી.

એવા આવા બિરદ થકી કચ્છનું પ્રદર્શન ઘણું જ પ્રશસ્ય અને સફળ થયું. કવિ શિવલાલ ધનેશ્વરે આ પ્રસંગે હરિગીત છંદમાં કહ્યું કે :

શ્રીમન્ મહારાજાતણા શુભ લગ્નદિન પર નેહથી
કચ્છી પ્રદેશિ ચિન્હોનું સંગ્રહસ્થાન કરિયે સ્નેહથી;
આ દેશના ઉદ્યોગનો ઉત્કર્ષ થાશે એહથી,
મ્યૂઝિયમની સુઝશે યોજના નવિ એથિ નિ:સંદેહથી.

પ્રવીણ ને પરોપકારી પ્રધાન મણિભાઈએ આવા શોભિત સંગ્રહસ્થાનના આ પ્રદર્શનનું ઉદ્‌ઘાટન કરવા પ્રેમ ને કોડથી કચ્છના પોલિટિકલનાં શ્રીમતી કર્નલ ફિલીપને શ્રીદરબાર ભણીથી સાદર દરખાસ્ત દીધી :

અને કવિએ વસંતતિલકા છંદમાં આ અવસરને લડાવતાં ગાયું :


'આ છે પ્રદર્શનરૂપી રુડિ હિંદવાણી,
શૃંગાર-વસ્તુ બહુથી ભૂષિતાંગિ જાણી;
છે પ્હેલું આણું નવ જોબનિયે નવોઢા,
રૂપે અનૂપ વળી લક્ષણમાં વિશુદ્ધા;
શું આ વિશાળ પડદો દિસતો મજાનો,
લાજે ધરેલ પટઘુંઘટ પ્રેમદાનો;
લજ્જાની એ રીત વખોડી શું તાણિ છેડો
તેનો મિસીસ ફિલિપે ઘુમટો ખસેડચો.'


આમ પ્રદર્શન ખુલ્લું મુકાયું; અને જન તનમને તે નીરખ્યું, તે જાણે :

'સર્વાંગ સુંદરી અલૌકિક સૌ વિલોકે
દિગ્મૂઢ સર્વ બનિયાં નવિ તેનિ નોકે
છે ભિન્નભિન્ન સમુદાય ચિન્હોતણા ત્યાં
ઉત્કૃષ્ટ સૌની રચના કરિ ના મણા જ્યાં.'

આ પેખીને પ્રખ્યાત કવીશ્વર દલપતરામ કવિત થકી કોળી ઊઠચા:

દેશ ને વિદેશના વિશેષ વિદ્વાન મળ્યા,
જે થકી વિવેકની વાત વિસ્તરી જહાનમાં;





ડાબી બાજુ : ભુજ મ્યૂઝિયમમાં સંઘરાએલાં વિવિધ પ્રકારનાં છરી, ચપ્પુ, કટાર વગેરે જૂનાં હથિયારો. જમણી બાજુ: મોર, પૂતળી અને હંસ ઘાટની ઝુમ્મર દીવી.

કારીગર લોકો ઘણી કારીગરી કરી લાવ્યા,
સંગ્રહ તેનો કર્યો પ્રદર્શન-સ્થાનમાં.
દર્શન કરીએ પ્રદર્શન-સ્થાનકમાં,
દર્સે છે વસ્તુઓ જ્યાં વિવિધ પ્રકારની;
કેટલીક કારીગરી લુહાર કુંભાર કેરી,
ને સારી કાંઈક સોની, સાળવી, સુતારની.
પશુ પક્ષી પ્રત્યક્ષ પદાર્થો ને પૂતળાં છે,
વળી છે વિશેષે વસ્તુ વિવિધ વેપારની;
પ્રદર્શન કીધું, દેખનારાઓને જ્ઞાન દીધું,
નવી ચીજો નીરખવાની તો આ નવાઈ છે.

નામદાર મહારાજાધિરાજ મિરઝાં મહારાઓશ્રી ખેંગારજી બહાદુર, માલિક મુલ્ક કચ્છ, એમની બાલ્યાવસ્થા પૂરી થઈ. એમને કચ્છ રાજ્યની કુલ સત્તા સ્વાધીન થયાની શુભ વિધિ હિંદુસ્તાનના શહેનશાહબાનુ ક્વીન વિક્ટોરિયા વતી મુંબાઈના ગવર્નર સર જેમ્સ ફર્ગ્યુસનના હાથે થવાનો પ્રસંગ ઊભો થયો.

કચ્છના મહારાઓ ખેંગારજી ત્રીજાના એ રાજ્યારંભના માંગલિક દેખાવોમાં એ વારે મુંબાઈના ગવર્નર સર જેમ્સ ફર્ગ્યુસનને કચ્છ મ્યૂઝિયમની જે ચીજો ગોઠવેલી હતી તે ખાસ બતાવવામાં આવી; અને તેમણે જુદીજુદી જાતની કારીગરીની એ ચીજો રસપૂર્વક બારીકાઈથી જોઈ.

ત્યારે કેળવણીનો પ્રજાને ભાગ આપવા, માટે દેશની જનતા માટે, તેના લાભ અને કલ્યાણાર્થે રૂડી ઉત્કંઠા દેખાડી પોતાના રાજ્યના આરંભના સ્મરણાર્થે મહારાવ ખેંગારજીએ થોડીક ફરજો સ્વીકારી તેમાં ભુજ મ્યૂઝિયમના વિકાસની વાત અગ્રિમ હતી.

અને ના. મહારાજાસાહેબે પોતાની રાજ્યસત્તાના આ માંગલિક પ્રારંભના સ્મરણાર્થે કચ્છી પ્રજાના હિત સંબંધી કેટલાંક રૂડાં કામોની યોજના કરી ઠરાવ કર્યો (૧૪ નવેમ્બર ૧૮૮૪ના 'કચ્છ રાજ્યપત્ર'માં પુ. ૧૨, અં. ૧૧) તે પૈકી ૪ નં. ઠરાવ છે કે: 'ભુજ એ કચ્છનું રાજ્યધાનીનું સ્થળ છે. ગૅ સાલ ભુજમાં નામદાર મહારાજા સાહેબના લગ્ન પ્રસંગે પ્રદર્શન કરેલું તેના પરિણામ તરીકે મ્યૂઝિયમ માટે કેટલોક સામાન એકઠો થએલો છે; અને કેટલોક સામાન પ્રથમનો છે, તો એક સારા પાયા ઉપર મ્યૂઝિયમ (સંગ્રહસ્થાન) સ્થાપવું. વળી સારા પાયા ઉપર ભુજમાં એક લાયબ્રેરી (પુસ્તકશાળા) પણ હોય તો ઠીક. આ બંને હેતુ માટે ઉપયોગી થાય એવું એક સ્થળ પ્રથમ બાંધવું જોઇએ. આ હેતુથી મહાદેવના દરવાજાની બહાર નવી હાઈસ્કૂલ પાસે એક સારી ઈમારત મ્યૂઝિયમ તથા લાયબ્રેરી માટે બાંધવી. તેનું ખર્ચ આસરે કોરી સવા લાખ જેટલું કરવું અને ઈમારતને 'ફર્ગ્યુસન મ્યૂઝિયમ અને લાયબ્રેરી' એમ કહેવું.'


તદનુસાર ઇટાલિયન સ્થાપત્યશૈલીની ઝમકવાળા પ્રાગમહેલના બાંધકામના ધાટીએ તેમણે એન્જિનીઅર મિ. મૅક લીલૅન્ડ પાસે ભુજના મ્યૂઝિયમનું હાલનું જદુરાઈ લાલ પથ્થરની છાંટનું ભવ્ય મકાન બંધાવ્યું. ને ના. મહારાજા પ્રત્યેના સ્નેહની કિંચિત નિશાની તરીકે સને ૧૮૮૪-માં મુંબાઈના ગવર્નર સર જેમ્સ ફર્ગ્યુસનના હાથે જે ચુનારણાથી તેનો પાયો નાખવામાં આવ્યો એ ઉપર અક્ષરો કોતરવામાં આવ્યા:



'મુંબાઈના નામદાર ગવર્નર સર જેમ્સ ફર્ગ્યુસન, કે. સી. એમ. જી., સી. આઈ. ઈ. એમણે ભુજમાં ફર્ગ્યુસન સંગ્રહસ્થાન અને પુસ્તકશાળાનો પાયો નામદાર મહારાજા મિરઝાં મહારાવશ્રી ૭ ખેંગારજી બહાદુરના કહેવાથી નાખ્યો, સને ૧૮૮૪.'

એ કાળે યોજાતાં દેશપરદેશનાં પ્રદર્શનોમાં પણ ભુજ મ્યૂઝિયમે પોતાના નમૂનાઓ મોકલી અગ્રિમ ભાગ લેવાની પ્રણાલિકા પાડી હતી. તેના સ્મૃતિચિહ્નરૂપ અનેક પદકો અને પ્રમાણપત્રો મ્યૂઝિયમે મેળવેલાં છે. કોલંબસના ઉતરાણની ચારસોમી જયંતીની ઊજવણીના પ્રદર્શનમાં ભુજ મ્યૂઝિયમે ભાગ લીધેલો તેમાં કચ્છના મહારાઓને તેનો મેડલ એનાયત થએલો. ૧૮૮૮ના ભારતીય કળાકારીગરીના પૂના પ્રદર્શનમાં મ્યૂઝિયમ તરફથી રજૂ થએલી વિખ્યાત 'કચ્છવર્ક'ની કારીગરી માટે કચ્છના દીવાન બહાદુરને ચંદ્રક એનાયત થએલો. વેમ્બલીમાં ૧૯૨૪ના બ્રિટિશ એમ્પાયર એક્ઝીબિશનમાં ભુજ મ્યૂઝિયમે ભાગ લીધો તેમાં પણ કચ્છ રાજ્યે નામ રાખ્યું, અને તેના માટે પદક અને પ્રમાણપત્રો મેળવ્યાં.

આ 'ભુજ સંગ્રહસ્થાન અને હુન્નરશાળા' તરફથી કચ્છી કારીગરીની વિશિષ્ટ બનાવટની ભેટ સોગાદો માનનીય મહેમાનોને આપવાની પ્રથા પણ હતી. ભુજના કંસારા મૂળજી દેવશીની બનાવેલી કોતરકામ વાળી નાગફણી અને લારી બે ઈ. ૧૯૦૦માં લૉર્ડ કર્ઝનને અપાઈ હતી તેવી રીતે ડયૂક ઑવ કૉનૉટને ગેંડાની કચ્છ કમાંગરીની ચાર ઢાલ ભેટ અપાયાની નોંધ મ્યૂઝિયમમાં છે. વળી, મ્યૂઝિયમના મકાનમાં ભોંયતળિયે 'રાજ્ય-આગગાડી કચેરી' પણ લાંબા સમય સુધી રાખવામાં આવી હતી. એને પડખે રહેલી દરબાર લાયબ્રેરી તો જ્યારે 'મહારાવશ્રી વિજયરાજજી પુસ્તકાલય'નું નવું મકાન કૃષ્ણાજી પુલ પાસે બંધાયું ત્યાં લગી ચાલુ હતી.

ભારતીય સંસ્કૃતિના પુરસ્કર્તા વિચક્ષણ પ્રધાન મણિભાઈની દીર્ઘદૃષ્ટિ અને કચ્છી કળા માટેની લાગણીના ફળસ્વરૂપ દિલચસ્પીમાંથી ઉદ્‌ભવેલા 'ભુજ-સંગ્રહસ્થાન', ને પછી કચ્છના સંસ્કારદર્પણ જેવા વિકસેલા આ સત્ત્વશીલ સંગ્રહાલયની કેટલોક વખત લગી બોલબાલા રહી. ઉત્તરોત્તર નિમાએલા હુન્નરશાળાના સુપરિન્ટેન્ડેન્ટોમાં જ્યારે છેલ્લે મીનાકામના કાબેલ કારીગર દેવજીભાઈ ગજ્જર હતા ત્યાં લગી મ્યૂઝિયમની સમૃદ્ધિમાં વૃદ્ધિ થતી રહી. બાદમાં મહારાવ વિજયરાજજીના સમયમાં, કળાવિદ્યાના આધુનિક વિકાસના અતિ ઉત્સાહમાં, ભુજની હુન્નરશાળાને જે. જે. સ્કૂલ ઑવ આર્ટના પ્રિન્સિપલ સર જિરાર્ડના માર્ગદર્શન તળે




ભુજ-મ્યૂઝિયમના સંગ્રહમાંની કેટલીક કલાકણિકાઓ: (ડાબી બાજુ મથાળેથી) પાકી માટીની શોભનયુક્ત 'બતક'—સીમ-ખેતરમાં પીવાનું પાણી ભરી જવાનું સાધન, અફીણનો ગોળો મૂકવા માટેનો કાષ્ઠનો દડાકાર દાબડો–બન્નીના રોગાની વાઢાકાપનો નમૂનો; (બીજી હારમાં) તલવાર લટકાવવા માટેના કમરબંધના ધાતુના અંકોડા–'ગંગાજમની' અને ફરી શકે તેવા ઢાંકણવાળું ગોળ ભરી રાખવા માટેનું માટીનું પાત્ર. જમણી બાજુ: કાષ્ઠમાં કોતરેલો 'ઐરાવત'–કચ્છી કાષ્ઠ-ઘડતરનો નમૂનો.

'આર્ટ સ્કૂલ' બનાવાઈ; અને મ્યૂઝિયમનો સંગ્રહ રાજ્યના અંગત સુશોભન પૂરતો ગણાતો થયો. ઈ. ૧૯૪૮માં સ્વરાજ્ય મળ્યા પછી કચ્છ પાર્ટ 'સી' સ્ટેટ બન્યું, તે પછી દ્વિભાષી મુંબાઈ રાજ્યમાં તે ભળ્યું; અને ત્યાર બાદ ગુજરાત રાજ્યની સ્થાપના થતાં કચ્છ તેનો એક જિલ્લો બન્યું. ત્યારે આર્ટ સ્કૂલ બંધ થઈ, પરંતુ મ્યૂઝિયમ ચાલુ રહ્યું.

આ ગાળા દરમ્યાન સંગ્રહસ્થાનની માંડણીમાં અવનવા ફેરફારો થતા રહ્યા. તેની સંગ્રહ-સમૃદ્ધિમાં અરોચક રીતે વધઘટ થતી રહી. ભલે નુકસાનીવાળી કે ઘસારો લાગેલી તેવી પણ પ્રાચીન બનાવટની કેટલીક વસ્તુઓ જે મ્યૂઝિયમમાં સંગ્રહવા યોગ્ય હતી તે પણ નકામી તરીકે બાકાત થઈ ગઈ. કેટલીક 'ડુપ્લીકેટ'ને નામે બીજે મોકલાવી દેવાઈ. ખૂણે પડેલું દૂરનું આ સંગ્રહસ્થાન અત્યાર લગી લક્ષ બહાર અને કાંઈક ઉપેક્ષિત રહ્યું છે. આ સંગ્રહસ્થાનમાં સો વર્ષ પહેલાં તેની સ્થાપના સમયે લેવાયો હતો તેવો જ જનતારસ જાગે તો સ્થાનિક કળાકૃતિઓની ઐતિહાસિક સમૃદ્ધિથી ઓપતું 'કચ્છી કળા'ના ઠાટમાટવાળું આ સંગ્રહસ્થાન વિશ્વભરમાં વિશિષ્ટ ભાત પાડતું બની રહે તેમ છે.


ભારતીય કળાનું ગૌરવ વધારતા ભુજના આ મ્યૂઝિયમની એકસો વર્ષ પહેલાં કચ્છના મહારાઓશ્રી ખેંગારજી ત્રીજાના રાજ્યમાં પ્રતિષ્ઠા થઇ તેની પરંપરામાં હવે એક સૈકા બાદ એમના પૌત્ર મહારાઓ મદનસિંહજીએ કચ્છના એ તવારીખી નામને દર્શનીય કરવા, તથા કચ્છી અરમાન અને કચ્છ વતન વિશ્વભરનાં પ્રજાજનોનું ઉપયોગી આકર્ષણ બને તે માટે એના આ શતાબ્દી વર્ષમાં અઢી સો વર્ષ જૂનો કવિરાજવી લખપતજીનો આયનામહેલ પ્રજાચરણે ધરેલ છે.

ભારતમાં જૂનામાં જૂનાં પૈકીનું એક અને ગુજરાતનું સૌથી જૂનું


આ કચ્છ મ્યૂઝિયમ નાનાવિધ વિષયોની નજરે ભલે બહુહેતુક પ્રકારનું લેખાવાયું, પરંતુ તેના વિવિધ વિભાગોના સરવાળે તેમાંથી કચ્છના પ્રાદેશિક સંસ્કાર અને સંસ્કૃતિનું એક એકત્ર નિદર્શન મળે છે. એટલે તેના આવા વિવિધ વિભાગોને સંપૂર્ણ બનાવાય તો તે હેતુલક્ષી ઉત્કૃષ્ટ એવું ભારતનું એક નમૂનેદાર પ્રાદેશિક મ્યૂઝિયમ ગણાય. પ્રાકૃતિક ઇતિહાસના કચ્છના વિશિષ્ટ એવા મેષશૃંગી જેવા અશ્મીભુત અવશેષો, તથા તેના ભૂસ્તરના અને ખનિજના નમૂના જે છૂટક છે તેમને કડીબદ્ધ ક્રમમાં ગોઠવવા આવશ્યક છે. ફ્લેમિંગો–સુરખાબ-નું નમૂનેદાર ચિત્ર અને મોડલ મ્યૂઝિયમમાં છે. એ શ્રેણિમાં કચ્છનાં પક્ષીઓનો એક અપૂર્વ વિભાગ બનાવી શકાય. કચ્છના દરિયાકાંઠાની અસ્કયામતો અને વહાણવટા વિભાગ જે કચ્છની ખાસ વિશિષ્ટતા છે તે વધારી દેવાય. કચ્છમાંથી મળેલાં પથ્થરયુગનાં ઓજારો, સિંધુ સંસ્કૃતિના થોડા અવશેષો અને ખડીરના ધોળાવીરા પાસેથી મળેલું લોથલ પ્રકારનું એકશૃંગી અને સિંધવી લિપિના લખાણવાળું સીલ મ્યૂઝિયમમાં ગોઠવવામાં આવ્યું છે. આ આખો વિભાગ એકરૂપ ગોઠવાય તો તેનું શૈક્ષણિક મહત્ત્વ વધી જાય.

મ્યૂઝિયમમાં પ્રારંભકાળે અને પછીથી કચ્છમાંથી પ્રાપ્ત થએલી શિલા–લષ્ટીઓ અને પ્રાચીન પાળિયાઓ ઉપરના શિલાલેખનો સંગ્રહ કચ્છ સંગ્રહસ્થાનની મહામૂલી મૂડી છે. સોલના નિર્દેશવાળા ગુજરાતના આ જૂનામાં જૂના શિલાલેખો પૈકી ક્ષત્રપ કાળના દશ આખા અને ચાર કટકા કચ્છમાં ખાવડાના આંધૌ, વાંઢ ને મેવાસામાંથી મળેલા છે. જેમાં આ સૌથી પ્રાચીન લેખ રાજા ચષ્ટનનો છે. એ શક સંવત ૧૧ એટલે કે ઈ. ૮૯નો છે. પચ્છમના એકલા આંધૌ ગામેથી એકસામટા દશ જેટલા ક્ષત્રપકાલીન શિલાલેખો અત્યાર લગીમાં પ્રાપ્ત થયા છે. આ પૈકી ત્રણ-





△ ક્ષત્રપોના પ્રાચીનતમ ઉપલબ્ધ શિલાલેખનો ખંડ. શક સં. ૧૧ (ઈ.સ. ૮૯)ના આ શિલાલેખમાં ક્ષત્રપ રાજા ચષ્ટનનો ઉલ્લેખ થએલો છે.







△ કેરાકોટ (કચ્છ)ના દશમી સદીના મધ્યકાળના શિવમંદિરનો એક સ્તંભ-અવશેષ. (જમણી બાજુ) લગભગ ઈ. સ. ૧૦૦૦ના અરસાનો એક લાવણ્યયુક્ત શિલ્પાવશેષ. (જમણી બાજુ છેડે ઉપર): લગભગ ૭-૮મા સૈકાની બુદ્ધની એક કાંસ્ય-પ્રતિમા, અને તેની નીચે: સંવત ૧૩૩૨નો સવચ્છી ગાયનો એક પાળિયો.

માં એક જ વ્યક્તિ સિંહલના પુત્ર મદને એક જ દિવસે પોતાના કુટુંબના સ્મરણાર્થે શિલાલષ્ટીઓ ઊભી કર્યાની નોંધ છે. સિંહિલ, જયેષ્ઠવીરા, મદન, શ્રેણિક યશોદત્ત જેવાં તેમાં આપેલાં વિશેષ નામો અને વિશિષ્ટ વિગતોથી એ કાળે આ પ્રદેશમાં વસતા લોકોમાં કેવા સંસ્કાર, ધર્મ ને રીતરિવાજ પ્રવર્તતા હશે એ વાત પર આછો પ્રકાશ ઊતરે છે.

ઐતિહાસિક મહત્ત્વના એવા બીજા શિલાલેખો પણ ભુજ મ્યૂઝિયમમાં છે. તેમાં આભીર રાજા ઈશ્વરદેવનો શિલાલેખ ઉલ્લેખનીય છે. એ શક સંવત ૨૫૪ એટલે કે ઈસ્વી સન ૩૩૨નો છે. ગુજરાતમાં મળી આવેલા આવા આભીરોના નોંધપાત્ર શિલાલેખો પૈકી આ એક અતિ મહત્ત્વનો લેખ છે. સતી અને શૂરાપૂરાઓના વિવિધ પ્રકારના પાળિયાઓના સંગ્રહમાં સંવત ૧૩૩૨નો વાઘેલા રાજા સારંગદેવના કાળનો ગોચરનો. સિંમાડુ મલાખડો, ગો'સુવર, નારીસવાર અને ગધેડેગાળના પાળિયા ભુજ મ્યૂઝિયમનનું આગવું આકર્ષણ છે. પુરાવિદો માટે એ અગત્યની અભ્યાસ-સામગ્રી છે.

ગુજરાતમાં ગુપ્ત કાળ અને સોલંકી સમયની વચ્ચેના ગાળાને સાંકળી લેતા પુંઅરોપઢ, કેરા અને કોટાયના શિલ્પાવશેષો તથા તે પછી વિકસેલી મારુગુર્જર શૈલીની પરંપરામાં કચ્છમાં 'કચ્છ વર્ક' તરીકે વિકસેલા કંડારકામવાળા શિલ્પના સુષ્ઠુ નમૂના મ્યૂઝિયમમાં છે. ચાંદી ઉપર કરેલા 'કચ્છ વર્ક' અને સોનાચાંદીનાં ઘરેણાંના વિવિધ નમૂનાઓનો સમૃદ્ધ સંગ્રહ પણ આ મ્યૂઝિયમમાં છે, ને ભરતકામમાં આરીભરત, બન્ની આરી ભરત અને લોકભરતના નમૂનાનો સંગ્રહ મજાનો છે. કચ્છના વિવિધ લોકોનાં આભૂષણો અને પહેરવેશના આવા સંગ્રહ વડે કચ્છની તમામ જાતિઓના પ્રાચીન પોશાક અને રીતરિવાજની સામગ્રી થકી એક અચ્છું અભ્યસનીય લોકચિત્રણ ઊભું થઈ જાય. કચ્છની બીજી કળા કારીગરી·

ડૉક્ટર (શિવપ્રસાદ ત્રિવેદી (ઠાકરવગા-ઉમરેઠ)) ની સલાહ

૧. નારંગીના ખાદ્ય ઘટકો કયા છે?

ઉ. નારંગીમાં તેત્રીસ ખાદ્ય ઘટકો છે, પણ નારંગીનું ખાદ્યમૂલ્ય વિટામિન 'સી'ના લીધે છે. ઉપરાંત તેમાં ફળ-શર્કરા, ફૉસ્ફરસ, લોહ, વિટામિન 'બી'૧, 'બી'૨ ને 'નિવાસિન' છે. લોહીના ઊંચા દબાણના રોગીનું વજન ઉતારવાના ખોરાકમાં નારંગીનું સ્થાન છે. હોજરીના ચાંદાના રોગી માટે પણ તે વિટામિન સી ધારક હોવાથી ઉપયોગી છે. પીતી વખતે જ તેનો રસ કાઢવાનો છે. હા, તેને ઢાંકી રાખી ફ્રીઝમાં રાખ્યો હોય તો વિટામિનોના નાશ થયા વિના તે લાંબો વખત જળવાઈ રહે છે.

૨. તમાકુ પીવામાં નુકસાનકારક છે પણ ખાવામાં તો નથી ને?

ઉ. તમાકુ પીવાય કે ખવાય, તેમાંનું નિકોટિન નુકસાન કરે જ છે. ૫૦ થી ૬૦ મિલિગ્રામ નિકોટિનથી શ્વસનતંત્રને અસર થવાથી મરણ આવી પડે છે. રોજ બે પૅકેટ સિગારેટ પીનારના શરીરમાં આશરે ૧૦૦ મિલિગ્રામ નિકોટિન જાય છે, પણ તે એક સામટું નહિ જવાથી તેમ જ શરીરમાંથી તેનું વિસર્જન પણ થતું રહેવાથી તેની માઠી અસરો વરતાતી નથી. આઠ કલાક પર્યંત તમાકુ ચવાય તો આસરે ૮૦ મિલિગ્રામ નિકોટિન પેટમાં જાય છે. સાથેના તમાકુના 'માવા'થી લાંબા ગાળે હોઠ, ગાલ કે અવાળાનું કૅન્સર, બિનવ્યસની કરતાં વ્યસનીને આઠ ગણા પ્રમાણમાં વધારે થાય છે. બીજું નિકોટિન મૂત્રપિંડો દ્વારા શરીર બહાર ફેંકાતું હોવાથી આ અવયવો પણ કૅન્સરના ભોગ બની શકે.

૩. અન્નાહારમાંથી પૂરતાં પ્રોટીન મળી રહે ખરાં?

ઉ. ઘઉંનો લોટ ને હાથછડના ચોખાવાળા ૨૫૦૦ કૅલોરી આપતા આહારમાંથી ૫૦ થી ૬૦ ગ્રામ પ્રોટીન સહેલાઈથી મળે છે. પુખ્ત વયના આદમીને સરાસરી ૬૫ ગ્રામ પ્રોટીન જોઇએ. પૂરતી કૅલોરીવાળી વિવિધ વાનગીઓના ખોરાકમાંથી શરીરને પોષણ દ્રવ્યો સારી રીતે મળે છે. અન્નાહારીને પ્રાણિજ પ્રોટીન મેળવવા માટે રોજ ઓછામાં ઓછું દસ ઔંસ દૂધ તો લેવું જ જોઇએ.

૪. આધાશીશી ન ચડે એવો કોઈ ઉપાય છે ખરો?

ઉ. આધાશીશી થવાનું વ્યક્તિના જ્ઞાનતંત્ર સાથે જોડાએલું છે. આનો ઉગ્ર હુમલો મટાડવા માટે 'માઇગ્રેનિલ' 'વાસોગ્રેઈન' વગેરે ગોળીઓ છે, પણ તે આધાશીશી થતાં વેંત જ લેવાની છે. પૂર્ણરૂપે વધુ માથું દુખ્યા બાદ તેના વિશેષ ગુણ નથી.

આધાશીશી ન થાય તેના માટે 'ઇક્વિપીસ', 'ઇક્વિબ્રોમ' જેવી ટ્રાન્ક્વિલાઈઝર ગોળીઓ ગુણકારી છે. આ ગોળી રાતના એક લેખે છ અઠવાડિયાં સુધી લેવાથી છ મહિનાથી એક વર્ષ સુધી આધાશીશીના હુમલા નિવારી કે ઓછા કરી શકાય છે. 'ડેકસારીર' કે 'આર કામિન'ની રોજની બે ગોળી ત્રણ અઠવાડિયાં સુધી એ લેવાથી આધાશીશી અટકાવી શકાય છે.

આ ઉપરાંત, આધાશીશી અટકાવવા (૧) બીજાઓ પાસે કે પોતાની દ્વારા બહુ ચોકસાઈ રાખવાનો આગ્રહ ટાળવો. કામકાજનું આયોજન રાખવું, પણ તે પ્રમાણે ન થાય તો એથી ખિજાવું કે તેની ફિકર કરવી નહિ. (૨) રાતના ગાઢ ઊંઘ લેવી. દિવસે પણ બપોરના સૂવું. થોડી આરામભરી જિંદગીથી મનની તાણ ઓછી થાય છે. (૩) ઠંડા પવનના સપાટા, પુષ્કળ પ્રકાશ, ઘોંઘાટ કે મોટા અવાજ, બીડી-સિગારેટનો ધુમાડો, કોઈ ઉગ્ર વાસ, લાંબી વાતો, કંટાળો ઉપજાવનાર વ્યક્તિ, વાહન વ્યવહારની ભીડ વગેરે જે કોઈ બાબત માફક ન આવતી હોય તે ટાળવી. (૪) માથું દુખવાની શરૂઆતમાં ગરમ પાણીમાં પગ બોળવા. માથા પર બરફનાં કે તેના જેટલા ઠંડા પાણીનાં પોતાં પણ કોઇને ફાયદાકારક નીવડે છે. (૫) જ્ઞાનતંત્ર ઉપર તાણ આવે એવી બાબત ટાળવી ખુલ્લામાં ફરવા જવાની ટેવથી તાણ હળવી થવા સાથે માથાનો દુખાવો નિવારી શકાય છે. ટેન્શન શિરોવેદના હોય તો બોચી ઉપર ગરમાવો ને ગરદનની પાસેની પેશીઓના માલિશથી પણ ઘણો ફાયદો થાય છે. (૬) શાંતિ ને સ્વસ્થતા જાળવવી. જ્ઞાનતંત્રની તાણથી આધાશીશી થઈ આવે છે. યોગ્ય રીતે જીવન જીવવાથી આ ટાળી શકાય છે. આપણી ઇચ્છા પ્રમાણે બધું મળી રહે એમાં સુખ નથી, પણ ભય અને નિર્બળતા દાખવ્યા વિના આપણા પ્રશ્નોને પહોંચી વળવામાં સુખ છે. એક વાર આવી ફિલસૂફી સ્વીકાર્યા બાદ આપણે આપણી જાત સાથે અને બીજાઓ સાથે પણ સુખથી ને સ્વસ્થતાથી જીવી શકીએ છીએ. □

માં માટીકામ, ધાતુકામ, વાટોનું રોગાની કામ, લાકડા પર કચ્છ વર્કની કારીગરીવાળા સુતારીકામના કેટલાક નમૂના નિગેહબાનીમાં લેવા જેવા છે. ૧૯૭૧માં કચ્છની સરહદે ફેંકાયેલા આધુનિક નેપામ બૉમ્બનો નમૂનો પ્રાચીન શસ્ત્રાસ્ત્રો, ટીપુ સુલતાને જમાદાર ફતેહમહમદને ભેટ આપેલી તોપ, ૧૬૬૨ના નિર્દેશવાળી વલંદાતોપ, ઘંટકાર તોપ અને બખ્તરો થકી કચ્છની કિલ્લેબંધીનો વિભાગ ઉજાળી શકાય એવું છે.

ભુજ મ્યૂઝિયમનો સિક્કા સંગ્રહ તો અતિ સમૃદ્ધ છે. કચ્છના લાંબા સમુદ્રકાંઠે ચાલતા દરિયાઈ વ્યવહારને લીધે કચ્છમાં દેશપરદેશના ઘણા સિક્કા ઉપલબ્ધ થયા છે. વળી કચ્છને તેની પોતીકી ટંકશાળ અને તેનું પોતીકું ચલણ હતું. જરબભુજની સિક્કા પાડવાની આખી પ્રક્રિયા કરવાની યંત્રસામગ્રી મ્યૂઝિયમને મળેલી છે. આ બધા થકી 'સિક્કા'નો મ્યૂઝિયમમાં આગવો વિભાગ વધારી દેવાય તેવું છે. ઈ. ૧૬૧૭ની જહાંગીરના નામોલ્લેખવાળી ભારાજીની પ્રથમ કોરીથી દેવનાગરી લિપિમાં છપાએલી 'જય હિંદ' છાપવાળી ઈ. ૧૯૪૭ની કોરી, એડવર્ડ આઠમાના ઉલ્લેખવાળો ઈ. ૧૯૩૬નો પાંચિયો, ૨૫, ૫૦, ૧૦૦ અને ૫૦૦ કોરીની છાપેલી પણ ચલણમાં નહિ આવેલી કોરીની નોટો અને દસ કોરીનો ચાંદીનો દસિયો વગેરે સિક્કા-સંગ્રહ રસસભર છે. કચ્છી કમાંગરીનાં કેટલાંક ચિત્રો, સવારી મહોરમ વગેરેનાં ચિત્ર-ઓળીઆં અને 'ઐરાવત જેવું કમાંગરી કળાકામ મ્યૂઝિયમની નવીનતા છે. નાગસિંધ નામના ભિક્ષુકે પોતાની માતા કીર્તિદેવીની સ્મૃતિમાં કરાવ્યાની બ્રાહ્મી લિપિમાં જે પર નોંધ છે તે સમભંગ મુદ્રાવાળી ભગવાન બુદ્ધની કાંસ્ય-પ્રતિમા જેવો પ્રાચીન નમૂનો, તેમ સને ૧૮૧૧માં ભુજમાં બનેલા ઘડિયાળનો અર્વાચીન નમૂનો ભુજ મ્યૂઝિયમમાં નોંધપાત્ર છે.

કસબ અને કલમકૃપાણની આવી પ્રાચીન-અર્વાચીન સામગ્રીરાજ ભુજના મ્યૂઝિયમમાં આવા ત્રણેક હજાર જેટલા નમૂનાઓ છે તે જ્ઞાનદાયક, પ્રેક્ષણીય અને સંગ્રહણીય છે. નાનકડો ગ્રંથસંગ્રહ કેળવણીનું વિશિષ્ટ અને સુયોગ્ય માધ્યમ છે. વીતી ગએલા કાળની વિજારી અને ભુતકાળના ભાતીગર ઝલકારા પ્રાદેશિક વિશિષ્ટતા સાથે આપણે આ મ્યૂઝિયમમાં માણીએ છીએ. સંસ્કૃતિ-ઘડતરમાં પાયાના પૂરક બને એવા અહીંના પ્રાચીન અર્વાચીન અવશેષો માનવ સંસ્કૃતિની પ્રાણભરી સંસ્કારવિધિ છે. એમના જમાનામાં એમની રીતે આપણા પૂર્વજ સુસ્થ, સ્વપ્નશીલ, સુખી અને સંતોષી હતા. તેમણે કળાકારીગરીના વારસાના આપણને આપેલા સંસ્કાર અને આધુનિકતાના ઓપ થકી આપણે મ્યૂઝિયમને સંસ્કારીએ. ભુજના મ્યૂઝિયમે તો ૧૦૦ વરસનું એક આયખું પૂરું કર્યું. તેના બીજા શતકના જીવન-આરંભે તેને સંસ્કાર-સજાવટ જોવાનું દર્પણ બનાવીએ. દર્પણ જેટલું સાફ, સૂથરું, સોજું રાખીશું એટલી આપણી સંસ્કાર-આકૃતિ સુંદર દેખાશે. મ્યૂઝિયમ જેટલું સમૃદ્ધ અને સંપૂર્ણ હશે, સંસ્કાર-દર્પણ તેટલું શિષ્ટ દેખાશે.

(ફોટોચિત્રો સૌજન્ય : અમેરિકન ઈન્સ્ટિટ્યૂટ ઑવ ઇન્ડિયન સ્ટડીઝ, વારાણસી; ભુજ મ્યૂઝિયમ; રામસિંહજી રાઠોડ, કચ્છ.) □

પદચ્યુત, પ્રજવી

ઘોરાલ


લેખક
હરિનારાયણ આચાર્ય 'વનેચર'

દિવાળીનો દિવસ હતો. સવારના અગિયાર વાગ્યા હશે. ખારાઘોડા સ્ટેશનની સામેના પાટા ઓળંગી, પૂર્વમાં આવેલી કસ્ટમ લાઈનના રસ્તે હું ઝિંઝુવાડા જવા નીકળ્યો હતો. સ્ટેશનથી થોડે છેટે રસ્તા વચ્ચે એક નાની તળાવડી આવે છે. એમાં ઊગેલા બાવળના કાંટાથી બચાવવા સાઈકલ ખભે કરી હું છીછરાં પાણી ખૂંદતો જતો હતો, ત્યાં ડાબે હાથે થોડે છેટે રણની ધારે ઊગેલાં ઝાળાં-ઝાંખરાંમાંથી એક પક્ષીની ડોક નજરે પડી. એનું સમગ્ર શરીર તિરોહિત હતું અને ઢેલના જેવી એની ઊંચી ડોક પણ અસ્પષ્ટ દેખાતી હતી. આવા નિરસ્તપાદપ પ્રદેશમાં મોર ક્યાંથી, એ વિચારતો હતો ત્યાં સામેથી એક અંગ્રેજ ઘોડેસવાર આવી ચડ્યો. એની સાથે ચારપાંચ સિપાહીઓ હતા. પાસે આવીને એણે મને સહેજ કડકાઈથી કહ્યું: 'આ તો સરકારી સુરક્ષિત માર્ગ છે. એના ઉપરથી તમારાથી જવાય નહિ.' હું બોલ્યો: 'હું આ પ્રદેશનાં પુરાતન સ્થળો જોવા નીકળ્યો છું અને આ લાઈન ઉપરથી જવા માટે પરવાનગી આપવા માટે, ખારાઘોડાના સૉલ્ટ મૅનેજર મિ. ઝાલાએ કસ્ટમ ઑફિસર મિ. બૅરટ ઉપર ચિઠ્ઠી આપી છે એથી હું આ રસ્તે છું. આગળ ઓડુ ગામે મિ. બૅરટ રહે છે ત્યાં હું આ ચિઠ્ઠી એમને આપીશ.' ઘોડેસવારે કહ્યું: 'હું જ બૅરટ. લાવો ચિઠ્ઠી.' એટલે મેં એ એમને આપી. વાંચીને બોલ્યા: 'બરાબર છે. તમે નિઃશંક આ માર્ગનો ઉપયોગ કરી શકો છો. જાઓ, આગળ મારા બંગલે રોકાજો. હું થોડી વારમાં પાછો આવું છું. પછી આપણે નિરાંતે વાતો કરીશું. પણ, એ તો કહો કે આમ સાઈકલ ખભે કરી પાણી વચ્ચે ઊભા રહી, આ ખારાપાટમાં તમે શું જોઈ રહ્યા છો?' મેં એમને મારી મૂંઝવણ કહી, એટલે એ ખડખડાટ હસી પડ્યા અને બોલ્યા: 'તમે જેને મોર માની લીધું એ તો The Great Indian Bustard[1] હોવું જોઈએ. એને આ તરફ 'ઘોરાલ' કહે છે અને આ પ્રદેશમાં સ્થળે સ્થળે નજરે પડે છે. (અમારી વાતચીત અંગ્રેજીમાં ચાલતી હતી.) ત્યાં તો પેલું પક્ષી કશાકથી બીન્યું હશે, કદાચ અમારી વાતોથી, એટલે એ ત્યાંથી ઊડ્યું અને મંદ ગતિએ રણમાં આઘે ઊતરી ગયું. પછી મિ. બૅરટ એમના કામે ગયા અને હું મારા રસ્તે પડ્યો.

અરણ્ય દશામાં ઘોરાલનો મારો આ પહેલો અને છેલ્લો પ્રત્યક્ષ પરિચય. એ પછી બરાબર પાંચ વરસે હું એ રસ્તે નીકળેલો પણ એને શોધવા પ્રયત્ન કરવા છતાં એ પુનઃ મારી નજરે ચડ્યું ન હતું.

ઘોરાલ: આ એ જ હતપ્રભ પક્ષી છે જેને એક વખત ભારતવર્ષના રાષ્ટ્રિય પક્ષી પદે સ્થાપવામાં આવ્યું હતું અને અન્ય ક્ષણે એને પદચ્યુત કરીને એ સ્થાન મોરને આપવામાં આવ્યું હતું.

ઘોરાલ કદમાં ગીધથી મોટું. દેખાવે નાના શાહમૃગ (ostrich) જેવું લાગે. ટટાર ઊભું હોય ત્યારે ઊંચાઈમાં ૩ ફૂટ, લંબાઈમાં ૪ ફૂટ. પાંખોનો વિસ્તાર ૭ ફૂટ જેટલો. શરીર ભારે: ૩૦–૪૦ રતલ. ઉડ્ડયનશક્તિવાળાં ભૂચારિ પક્ષીઓમાં એ અગ્રસ્થાને આવે. (ઉડ્ડયનશક્તિહીન ભૂચારિમાં એ સ્થાન શાહમૃગનું: વજન ૩૪૦ રતલ. ઊંચાઈ પૂરા ૮ ફૂટ.) ત્વરિત વેગે ઊડનારું: ૪૦ માઈલની ઝડપે; છતાં ભારે શરીરના લીધે જમીન ઉપરથી અધ્ધર થતાં વાર લાગે. જમીનથી બહુ ઊંચે ચડતું નથી, પણ ભોંય પર ઊતરતાં પહેલાં માઈલો સુધી એકધારી ગતિથી ઊડ્યું જાય. ઉડ્ડયન-પદ્ધતિ-ગીધના જેવી: વિશાળ પાંખોના હળવા ઝપાટાવાળી. એની એક ખરાબ ટેવ: ભય સમયે ઊડી જવાના બદલે એકાદ ઝાંખરાની ઓથે નિશ્ચલ થઈ ભોંય સરખું ચોંટી બેસવાની. આથી એ સહેજે શિકારીનો ભોગ બની જાય છે.



ઘોરાલ ▷
The great-Indian Bustard [Choriotis nigriceps Vigors]

વર્ણ-નર: ઉપરના ભાગે ઘેરા બદામી વર્ણનો, કાળા રંગની બારીક રેખાઓથી ખરડાએલો. હેઠળના ભાગે શ્વેત. છાતીની નીચલી ધારે આડો કાળો પહોળો પટો કે ચાંદુંચકતું. માથા ઉપર કાળા રંગની કલગી સ્પષ્ટ દેખાય. માદા: કદમાં નરથી નીચી પણ સમાન વર્ણની. માત્ર પેટ ઉપર પટો ન મળે. હોય તો ય અસ્પષ્ટ. કોઈ કોઈમાં અખંડ પણ જોવા મળે. શ્વેત વર્ણ આભા વિનાનો, શ્યામ છાયાવાળો.

આયુર્મર્યાદા: ૨૦ વરસની.

પ્રજનનકાળ પ્રધાનતયા માર્ચથી સપ્ટેમ્બર. પ્રસંગે સ્થાનભેદે અન્ય ઋતુઓમાં પણ પ્રજનન કરતાં જોવામાં આવે. એ કાળની એમની વિશિષ્ટતા: નરનું લોકોત્તર સંવનનનૃત્ય—केलिविलासलीलाखेल (Display) છે. અત્યંત અદ્‌ભુત અને કલ્પનાતીત. બહુપત્નીવ્રતનો પુરસ્કર્તા હોઈ એ નૃત્યારંભે એના સહચરીવૃન્દને એકત્રિત કરી પોતાની સામે ગોઠવે છે. પછી પાછળ થોડાક અંતરે સહજ ઊંચાણવાળા સ્થળે ઊભો રહી, માદાઓનું ધ્યાન પોતાનામાં કેન્દ્રિત છે એની ખાતરી કરીને એ નૃત્યલીલા આરંભે છે. ભોંય પર પગ પછાડતો, ડોક લંબાવી આક્રમક રીતે માદાઓ ભણી થોડાંક ડગ ભરે છે. પછી જીભ નીચે આવેલી ગળામાંની ચામડીની કોથળી ફુલાવે છે: જાણે રબરનો ફુક્કો! એટલો વિશાળ કે જેમાં એની ડોક અને માથું ઢંકાઈ જાય છે. ક્રમે ક્રમે પીછાં ફુલાવવા માંડે છે: ઘેરાં બદામી અને શ્વેતરંગી. પછી ઊભી થાય છે પૂછડી, પંખા આકારે, મોરની પેઠે ફેલાવેલી. સાથે સાથે પાંખો પણ ઊંચી કરે છે: આગળ પડતી, ધનુષ્યાકાર. એ વખતે એની સમગ્ર કાયામાંથી તેજના રંગબેરંગી ફુવારા ઊડતા લાગે છે: એટલી હદે કે એનું માથું ક્યાં છે અને પૂછડી કઈ દિશામાં છે, એ જાણવાનું કઠિન થઈ પડે છે. એનો દેહ, નાચમાં એકતાન થએલા આફ્રિકાના મસાઈ યોદ્ધા જેવો કે વિવિધ વર્ણના કાગળમાંથી બનાવેલા, પ્રજ્વલિત ચિનાઈ ફાનસ જેવો બની જાય છે. એ જ ઢંગમાં એ પત્નીઓ સમક્ષ ચકરાવા લેવા માંડે છે. પછી ધીમે ધીમે નૃત્યની સમાપ્તિ થાય છે. જો કે આ નૃત્યભંગિ જોવા છતાં એની માદાઓનાં હૃદયમાં ઉષ્મા ફેલાઈ હોય એવું ચિહ્ન તો દેખાતું જ નથી. ઘોરાલની આ નૃત્યપ્રક્રિયા યુવાવસ્થાના દર્પની પ્રદર્શક પણ હોય. એમની

[1] શાસ્ત્રીય સંજ્ઞા Choriotis nigriceps Vigors; કુલ Otididae; વર્ગ Gruiformes; સારસ અને કુંજ એના વર્ગનાં પક્ષી.

અલ્પ સંખ્યાના લીધે એમનું નૃત્યજોવાનું સદ્ભાગ્ય કોઈ વિરલનું જ હોય છે.

નિવાસસ્થાન : રણપ્રદેશ, છૂટાંછવાયાં ઊગેલાં ઝાડવાંવાળાં ઘાસનાં વિશાળ સપાટ મેદાનો-જ્યાંથી ચોપાસ દૂર સુધી નજર પહોંચી શકે, આછાંપાતળાં જાળાંઝાંખરાંવાળી સમતલ ભૂમિ અને પાક સભર ખેતરો.

ભારતવર્ષનું સ્થાયી અધિવાસી હોવા છતાં એ આપણું સામાન્ય પક્ષી ન ગણાય. છતાં ગઈ સદીના અંત ભાગે, બંગાળ અને આસામ સિવાય, સિન્ધ, પંજાબ, મધ્ય પ્રદેશ, ગુજરાતમાં સૌરાષ્ટ્ર અને કચ્છ, મહારાષ્ટ્ર અને દક્ષિણમાં મદ્રાસ પર્યંત સૂકા અને વેરાન પ્રદેશોમાં ઓછાવત્તા પ્રમાણમાં એમની વસતિ હતી. સ્વભાવે યૂથચર નથી એટલે જોડકે જોડકે છૂટાંછવાયાં, ૫ થી ૧૦. ક્વચિત્ ૨૫-૩૦ જેવડાં ટોળાંમાં નજરે પડે છે : એક પ્રસંગે ૩૪ જેટલાં ભેગાં ફરતાં પણ દેખાયાં હતાં. એક કાળે કચ્છના રણમાં ઝિંઝુવાડાના પરિસરે પણ એમનો વસવાટ હતો. ધ્રાંગધ્રા પાસે ટિક્કરના રણમાં સારા પ્રમાણમાં જોવા મળતાં; પરન્તુ કહેવાય છે કે પાકિસ્તાન સાથેના યુદ્ધ કાળે ભારતીય સેનાનીઓનો પડાવ ત્યાં હતો, જેમના હાથે ઘોરાલનો એ સ્થળે સમૂલ વિનાશ થયો.

આજે જેસલમેર પાસે ઊંડાણમાં, મહારાષ્ટ્રમાં અને સૌરાષ્ટ્રમાં ગણ્યાંગાંઠ્યાં સ્થળે એમની નજીવી વસતિ છે. અણખેડ જમીનનો ખેતી માટે વધતો જતો ઉપયોગ, મનુષ્યની વધતી જતી વસતિનું આક્રમણ, માણસો અને વાહનોનો ભારે સંચાર અને પ્રધાનતયા શિકારીઓના હાથે અનિયંત્રિત વધના પરિણામે આજે ઘોરાલની વસતિ એટલી હદે ઘટી ગઈ છે કે એમનું નામ હવે લાલકિતાબમાં (જુઓ પુરવણી) ચડી ચૂક્યું છે. એનો સમૂલ વિનાશ થાય અને એ નામાવશિષ્ટ બને એ પૂર્વે એમનો વંશવેલો ચાલુ રહે એ હેતુથી મધ્યપ્રદેશની સરકારે સંરક્ષણ-યોજના ઘડી છે. એ કેટલી સફળ થશે એ તો ભાવિ જ કહી શકે. આજે તો એ અત્યંત વિરલ, લગભગ નાસ્તિ સ્થિતિએ પહોંચેલું ગણાય.

ભારતેતર દેશોમાં એનાં સજાતિઓની વસતિ આફ્રિકા અને યુરોપના વિશિષ્ટ પ્રદેશોમાં છે. એથી અંગ્રેજી આવૃત્તિ The Great Bustard (Otis torda)ની પણ આ જ દશા છે. અઢારમી સદીના આરંભકાળે આ પક્ષી ઈંગ્લૅંડનું સ્થાયી અધિવાસી હતું. અને સૅલિસ્બરી જેવાં મેદાનોમાં એનાં ટોળેટોળાં જોવામાં આવતાં. પરન્તુ લોહી તરસ્યા શિકારીઓના હાથે એમનો સમૂલ વિનાશ થયો ને ઈ. ૧૮૩૨માં એનું છેલ્લું જોડું નાશ પામ્યું. એ પછી ઈંગ્લૅંડમાં પ્રસંગેપ્રસંગે નજરે પડતાં ગ્રેટ બસ્ટાર્ડ સ્થાનિક પક્ષીઓ નહિ પણ યુરોપમાંથી યાત્રાએ આવેલાં પક્ષી હતાં. આજે હવે એમની ઇંગ્લૅંડમાં પુનઃ સ્થાપના કરવાનો ભાર લશ્કરી સત્તાવાળાઓએ ઉપાડી લીધો છે ને એમના જાપ્તા નીચે ઊછરતાં બસ્ટાર્ડને કોઈ આંગળી અડકાડી શકતું નથી. એમના વસતિસ્થાન પાસેથી નીકળવાનો વાહનોને પ્રતિબંધ છે, એટલું જ નહિ પણ ઉજાણીએ જનારને પણ એ પ્રદેશમાં પ્રવેશ મળતો નથી. પરિણામે એમની વસતિ એકધારી વધતી જાય છે અને એવી આશા સેવાય છે કે પૂર્વની પેઠે પુનઃ બસ્ટાર્ડ ઇંગ્લૅંડનું વ્યાપક સ્થાયી અધિવાસી બની જશે.

યુરોપના કેટલાક પ્રદેશોમાં એમની સારા પ્રમાણમાં વસતિ છે, પણ આજના ઔદ્યોગિક આદિ સાહસોના આક્રમણના દબાણનો સામનો એ કેટલાક દિવસ કરી શકશે એ વિવાદાસ્પદ પ્રશ્ન છે, કારણ એમની વસતિમાં ધીમે ધીમે ઘટાડો થતો જોવામાં આવ્યો છે.

ઘોરાલની કથા અહીં પૂરી થઈ. હવે એના કુળનાં એક-બે પક્ષીઓનો પરિચય કરીને આ પ્રકરણ પૂરું કરીએ. ઘોરાલનાં આ કુટુમ્બીજનો તે હુબારા અને લીખ.

હુબારા

Houbara Bustard.[2] કદમાં પાળેલી મરઘી કરતાં સહેજ મોટું. ઉપલક રીતે જોતાં ઘોરાલની નાની આવૃત્તિ જેવું લાગે. ઊંચાઈ ૨ ફૂટ. વર્ણ—નર : ઉપલા ભાગે ધૂળિયો, શ્યામ વર્ણનાં ટપકાં ટીલડી રેખાઓથી અલંકૃત. ટૂંકી શ્વેત શ્યામ વર્ણના મિશ્રણવાળી શિખા. ગળાની બંને બાજુ ધોળા ને કાળા વર્ણના વાળના ગુચ્છા. છાતી ઉપર ગળાની હેઠળ લટકતું રાખોડી રંગનાં પીછાંનું ફૂમતું. માદા: કદમાં નાની ને આછા વર્ણની.

એની પ્રજનનભૂમિ બલુચિસ્તાન, પણ શિયાળામાં ભારતમાં ઊતરી આવે—ઠેઠ કચ્છ ને સૌરાષ્ટ્ર સુધી, સ્થાનભેદે ઓછીવત્તી સંખ્યામાં. રણ જેવા પ્રદેશો અને ખારાપાટનાં પક્ષપાતી હોઈ કચ્છના રણની ધારે ઘાસનાં બીડમાં નજરે પડતાં. હવે એ પ્રદેશમાં પણ એ દુર્લભ બની ગયાં છે. મારી દૃષ્ટિએ એ ચડ્યું નથી.



લીખ

Lesser Florican.[3] દેખાવે જાણે નાનું ઘોરાલ, પણ કદમાં મુરઘી જેવડું, દોઢ ફૂટ ઊંચું. વર્ણ—નર : પ્રજનનકાળે કાળા અને શ્વેત વર્ણના મિશ્રણવાળો. માથા પાછળ, છેડે, ચપટાં, ઉપર વળેલાં કાળા રંગનાં બંને પડખે ત્રણ ત્રણ પીંછાં. આવા આભરણના યોગે એને 'ખડમોર' (ઘાસનો મોર) નામ અપાયું લાગે છે. માદાનો સમગ્ર દેહ ધૂળિયા રંગે, શિર ઉપરના છોગા રહિત.

આપણાં એ સ્થાયી અધિવાસી, પણ સ્થાનિક પરિભ્રમણ કરનારાં. ઊંચા ઘાસવાળાં બીડ, જાળાંઝાંખરાંવાળાં અવેડ ખેતર તેમ જ બાજરી, કપાસ આદિ પાકોથી સભર ભૂમિ એમની નિવાસભૂમિ. અમદાવાદના પરિસરે સાણંદ પાસે છારોડીના ખેતીવાડી ખાતાના બીડમાં મેં એમને જોયાં છે. છૂટાંછવાયાં ફરતાં દેખાય. પ્રધાનતયા ચોમાસું એમનો ગર્ભાધાન કાળ. માળો રચવાની ખટપટમાં ન પડતાં, ભોંય પર ઘાસના ભોથામાં ઇંડાં મૂકે : ૩ થી ૫, લીલાશપડતા બદામી રંગનાં, ઘેરા રંગની છાંટ, છૂંદણાં, રેખાવાળાં.

પુરવણી

૧. લાલ કિતાબ—Red Data Book: List of the Survival Service Commission. પ્રકાશક IUCN. ૪ ભાગ : સ્તની, પક્ષીઓ, સરીસૃપો, માછલીઓ. જે જાતો આજે વિદ્યમાન છે એવું માનવામાં આવે છે અને શક્ય છે કે જેમની વસતિ ૨૦૦૦થી ઓછી થઈ ગઈ છે એવાં, સમૂલ વિનાશ અવસ્થાએ પહોંચેલાં પ્રાણીઓની અનુક્રમણી. એમાં ભારતવર્ષનાં નીચેનાં મુખ્ય પ્રાણીઓ નોંધાયાં છે : ગેંડો, બારાસીંગ, ઘોરાલ અને સિંહ.

૨ Chlamydotis undulata macqueenii J. E. Gray.

૩ Sypheotides indica J. E Millen.

કાળી કિતાબ–Black List: સને ૧૬૮૦ થી જે પ્રાણીઓ નામાવશિષ્ટ (Extinct) થયાં છે એમની અનુક્રમણી.

ભારતવર્ષનાં નીચેનાં પ્રાણીઓ એમાં ગણાવી શકાય : Jerdon's Plover, Mountain Quail, Pinkheaded Duck : એનું છેલ્લું જોડું સને ૧૯૪૪માં, ઈંગ્લૅંડમાં બન્દી અવસ્થામાં નાશ પામ્યું.

૨. IUCN : International Union for Conservation of Nature and Natural Resources–આન્તારાષ્ટ્રીય પ્રકૃતિ ને પ્રાકૃતિક સંપત્તિ સંરક્ષક સંઘ. સને ૧૯૪૮માં સ્થપાએલી આ સ્વાયત્ત સંસ્થાનું પ્રધાન કાર્યાલય સ્વિટ્ઝર્લૅન્ડના મોર્ગીસ નગરમાં છે. એનાં સભ્યો છે મહારાજ્યો, સરકારી અને બિનસરકારી વૈજ્ઞાનિક સંસ્થાઓ, જે માનવજાતિનાં પ્રાકૃતિક પર્યાવરણોને ચિરંજીવ રાખવાના તથા પ્રાકૃતિક સંપત્તિ, જેના ઉપર માનવજાતિના અસ્તિત્વનો આધાર છે એને, એનાં પાયાનાં સાંસ્કૃતિક અને વૈજ્ઞાનિક મૂલ્યો પૂરતું જ નહિ પણ માનવસમાજના લાંબા ગાળાનાં સામાજિક અને આર્થિક હિતોને સંરક્ષવા માટે, વૈજ્ઞાનિક પાયા ઉપર આધારિત પ્રક્રિયાના આરંભ અને વ્યવહાર સાથે સંકળાયેલી છે. આ હેતુઓ સિદ્ધ કરવા માટે વૈજ્ઞાનિક પદ્ધતિએ ઘડાએલી સંરક્ષણ અને વિકાસ યોજનાઓ રચવામાં આવે છે. સને ૧૯૬૧ થી IUCNને એની ભગિની સંસ્થા WWFનો સહયોગ મળ્યો છે. આજે એ બંનેએ ભેગા મળીને સમગ્ર વિશ્વમાં સંરક્ષણની પ્રત્યેક યોજના આચરી છે.

૩. WWF : World Wildlife Fund–વિશ્વ વન્યજીવનનિધિ. સને ૧૯૬૧માં આ સંસ્થાનો જન્મ થયો. એનું નિધિ-સંરક્ષણ-મંડળ ૨૦ જેટલા દેશોમાંથી ચૂંટાએલી વિખ્યાત વ્યક્તિઓ, વૈજ્ઞાનિકો અને ધનપતિઓથી રચાએલું છે. આ નિધિનો પ્રધાન હેતુ પ્રકૃતિનાં સર્વ અંગો—પ્રાણીઓ, વનસ્પતિ, વનસ્થલિઓ, ભૂપૃષ્ઠ અને જલરાશિઓ—ને સર્વ રીતે સંરક્ષવાનો છે. એના અધ્યક્ષ નેધરલૅન્ડના પાટવી કુંવર, ઉપાધ્યક્ષ પીટર સ્કૉટ અને એના ટ્રસ્ટીમંડળમાં ભારતીય સભ્યો વડોદરાના મહારાજા શ્રી ફતેહસિંહરાવ અને જયપુરનાં રાજમાતા શ્રી ગાયત્રીદેવી છે. નિધિનું પ્રધાન કાર્યાલય મોર્ગીસ નગરમાં છે અને ભારતવર્ષની શાખાનું કેન્દ્રસ્થાન મુંબાઈમાં છે.

એનું પ્રધાન કર્તવ્ય વન્યજીવન સંરક્ષણ અર્થે ભંડોળ એકઠું કરવાનું છે. આ માટે યુરોપ, આફ્રિકા, એશીઆ અને ઉત્તર અમેરિકામાં આર્થિક સહાય માટે જાહેર અરજ કરવામાં આવે છે. આ સંસ્થાએ એની સ્થાપના પછીનાં દશ વર્ષમાં ૬૦ દેશોમાં ૬૦૨ જેટલી સંરક્ષણ યોજનાઓ માટે આર્થિક સહાય આપી છે. WWFના આ કાર્યમાં જે તે દેશની રાજ્ય સરકાર અને લાગતી-વળગતી સરકારી કચેરીઓ પણ એના જેટલી જ આર્થિક સહાય આપે છે.

ભારતવર્ષમાં WWFની પ્રેરણા અને આર્થિક સહાયથી અમલમાં મુકાએલી પ્રધાન યોજના આ છે :

ધોરાલ : એની આધુનિક સ્થિતિનો તાગ કહાડીને અભયારણ્યો સ્થાપવાં. બારાસિંગ (Swarep Deer), સર્પઉદ્યાન (મદ્રાસ), વાઘ, ગેંડો આદિનું સંરક્ષણ.

૪. પોતાના દેશની પ્રજાને વન્યજીવસૃષ્ટિના સંરક્ષણની આવશ્યકતાનું ભાન કરાવવાના હેતુથી કેટલાંક રાજ્યોએ એક અભિનવી પદ્ધતિ અપનાવી છે અને તે સોનાના અને રૂપાના વિશિષ્ટ રચનાના સિક્કાઓને ચલણમાં મૂકવાની. આવી મુદ્રાઓ ઉપર ઊરાંગઊટાંગ, મોરિસ્યસનો કેસ્ટ્રેલા, નેપાળનો ગેંડો, જિરાફ જેવાં વિવિધ પ્રાણીઓનાં પ્રતીકો છપાયાં છે. આ યોજનાનો આરંભ સને ૧૯૭૪માં થયો. એનું નામ Conservation Coin Operation છે અને એના પુરોધાઓ ઇંગ્લૅંડના ડયુક ઑવ એડિનબરો અને નેધરલૅન્ડના પ્રિન્સ બર્નહાર્ડ છે. બધા

લઘુકથા

ચંદનનો ચાંદલો

સરોજ ત્રિવેદી

હું ને મારી પત્ની મંદિરનાં પગથિયાં ઊતરતાં હતાં, ત્યારે એક નાનકડા હાથની નાજુક આંગળીઓ મારા કપાળ તરફ લંબાઈ. 'ઉંહ !...'નો ચીડભર્યો ઉદ્‌ગાર કાઢી હું થંભી ગયો, અને મારી પત્ની ખીજથી જોતી ઊભી રહી. તો યે પેલા બાળકનો હાથ લંબાએલો હતો, ને આંખો મારા તરફ મંડાએલી હતી. મારી પત્નીએ એનો હાથ દૂર ધકેલી એના તરફ ઘૃણાભરી દૃષ્ટિએ જોયું. છતાં એ જ વિવશ આંખો મારી સામે તકાઈ રહી હતી.

'ઉંહ ! આ કમબખ્ત માગણવૃત્તિ ક્યારે ટળશે ?'–મારી પત્નીએ ગુસ્સે થઈ કહ્યું ને અમે પગથિયાં ઊતરવા માંડ્યાં. પણ પેલી દયામણી આંખો મારી નજરમાંથી હજુ યે ખસતી ન હતી, ને કાર સુધી પહોંચતાં તો અનેક દૃશ્યો મારા માનસપટ પર ઊપસી આવ્યાં.

દૂર જંગલમાં નદીકિનારે મંદિરના પટમાં દર વર્ષે ભરાતા 'ભાદરવી અમાસના મેળા'માં, બિચાર આના યે ખર્ચી ન શકાય એવી ઘરની પરિસ્થિતિ જાણવા છતાં પણ મેં મેળામાં જવાની રઢ લીધી હતી, ને અંતે માર ખાઈ મેળામાં જવાની તીવ્ર ઇચ્છા અને માનાં દબાણવશ મજબૂર આંખોએ, નદીમાં ડૂબકીઓ લગાવી મંદિરે દર્શન કરી ઊતરતા ભાવિકોને ચાંદલા કરવા હું મંદિરે આમ જ ઊભો હતો. ચાંદલો થતો, પાઈ-પૈસો મળતો, ને હૃદયમાં અનેરો આનંદ થતો. પરંતુ એક માણસે મારો હાથ તરછોડી આમ જ ઘૃણાભરી નજરે 'ઉંહ' ! કર્યું હતું ને મારું વિવશ બાળહૃદય ખિન્નતાથી છલકાઈ ઊઠ્યું હતું.

મેળામાંથી સાંજે મોટીબેન સાથે પાછા ફર્યો ત્યારે માએ પૂછયું હતું : 'શું લીધું બેટા ?'–ને મેં જવાબમાં માના હાથમાં સવારમાં થએલી ચાંદલાની કમાણીમાં આવેલા પાંચ આના એમ ને એમ અકબંધ મૂકી દીધા હતા. એ જોઈ માની આંખમાં આંસુ ઊભરાઈ આવ્યાં હતાં. બધું જાણે હમણાં જ બની ગયું હતું !

'આવું'–કહી હું મંદિરમાં ગયો... ને પાછો ફર્યો ત્યારે મારા કપાળ પરના ચંદનના ચાંદલાને મારી પત્ની જોઈ રહી. □

દેશોના આવા સિક્કા એક જ પ્રકારની ધાતુના અને કદ, વજન તેમ જ બાહ્ય રૂપરંગમાં એકસરખા હોવાના. એના ઉપરનાં અલંકરણમાં, એક તરફ જે તે રાજ્યસત્તાનું સૂચક પ્રતીક અને બીજી તરફ નષ્ટપ્રાયઃ દશાએ પહોંચેલા પ્રાણિવિશેષની મુદ્રા. આવા સિક્કા મર્યાદિત પ્રમાણમાં ચલણમાં મુકાશે. એ છાપવાની જવાબદારી ઈંગ્લૅંડની રૉયલ મિન્ટે ઉપાડી છે. આજ પર્યંત ઇન્ડોનેશીઆ, ટાન્ઝાનીઆ અને મોરિસ્યસમાં આ યોજના અમલમાં મૂકવામાં આવી છે અને એવી આશા સેવવામાં આવે છે કે સમય જતાં અન્ય રાજ્યો પણ એમાં જોડાશે. પ્રકૃતિસંરક્ષણની ભાવના, પ્રસંગે કેવી અકલ્પિત દિશામાં વલણ લે છે, એનું આ જ્વલંત ઉદાહરણ છે. □

[વાચકોને જાણીને આનંદ થશે કે શ્રી 'વનેચર' (હરિનારાયણ આચાર્ય)ની 'કુમાર'માં આવેલી, આ ક્ષેત્રની પહેલી, માહિતીસમૃદ્ધ અને રસ જમાવી ગએલી આખી લેખમાળા 'વનવગડાનાં વાસી' ગુજરાત વિદ્યાસભા (ભદ્ર, અમદાવાદ-૩૮૦ ૦૦૧) તરફથી સચિત્ર, દળદાર અને સંવર્ધિત ગ્રંથ રૂપે છપાઈ રહી છે. એ જૂની લેખમાળા ઉપરાંત તેમાં કરેલા નવા ઉમેરા પૈકી આ લેખ લેખકના તથા પ્રકાશક સંસ્થાના સૌજન્યથી આભાર સાથે ઉતારતાં અમને આનંદ થાય છે. ખરીદવા ઇચ્છનારે પ્રકાશક સંસ્થાનો સંપર્ક સાધવો. –તંત્રી]

અનુસંધાન] બેન્જામિન ડિઝરાએલી [પૃ. ૩૪૮થી

તાનું રહસ્ય એ હતું કે એ ક્ષેત્રને યોગ્ય એવાં ધૈર્ય ને કુનેહ એ ધરાવતો હતો. એણે વડું પ્રધાનપદ પ્રાપ્ત કરતાં એક મિત્રે આપેલા અભિનંદનના જવાબમાં એણે જણાવેલું: 'હા, છેવટે એ લપસણા થાંભલાની ટોચે હું પહોંચી શકયો છું!' અલબત્ત, એનું રાજકારણ સિદ્ધાંતલક્ષી કરતાં સત્તાલક્ષી વિશેષ હતું, પરંતુ લગભગ ચાર દાયકાની એની નેતાગીરીએ જ ટોરી પક્ષને તેના આજના સ્વરૂપે ઘડયો એમ કહીએ તો ખોટું નથી.

એની રાજકીય કુનેહની પ્રતીતિ તો ઈ. ૧૮૭૮માં બિસ્માર્કે બર્લિનમાં મેળવેલી યુરોપીય સત્તાઓની કૉંગ્રેસમાં અગ્રગણ્ય ભાગ લઇને બાલ્કન દ્વીપકલ્પમાંથી યુદ્ધનો દાવાનળ જાગી પડવાની શકયતાનું એણે કરેલું નિવારણ આપે છે. યુરોપીય શાંતિની એણે નાખેલી આ બુનિયાદ ૧૯૧૪ પર્યંત ટકી રહી. ઇંગ્લૅન્ડે યોગ્ય રીતે જ એને 'સંમાનપૂર્ણ શાંતિ ના દૂત' તરીકે બિરદાવ્યો.

એથી યે વિશેષ કુનેહ ડિઝરાએલીએ સુએઝની નહેરનો કબજો બ્રિટનને અપાવવા પાછળ બતાવેલી. એણે સાંભળ્યું કે ઇજિપ્તનો ખેદિવ ઈસ્માઈલ પાશા દેવાના ડુંગર નીચે દટાઈ ગએલો હોઇને નહેરના શેરો વેચી નાખવા માટે ફ્રેન્ચો સાથે વાટાઘાટ ચલાવી રહ્યો છે. ડિઝરાએલીને આ તક જવા દેવા જેવી ન લાગી. જો કે નાનીસૂની નહિ પણ ચાર કરોડ પાઉન્ડની જંગી રકમનો સવાલ હતો, અને વળી પાર્લમેન્ટની બેઠક પણ ત્યારે ચાલુ ન હતી. ઉપરાંત નાણાંનો પ્રબંધ પણ સત્વર એટલો જ ગુપ્તપણે કરવાનો હતો, જેથી વાત બહાર જાય નહિ. પણ ડિઝી તેના નિર્ણયમાંથી ડગે તેમ ન હતો.

ડિઝરાએલીએ તાબડતોબ પોતાના સેક્રેટરીને બ્રિટનના એ વખતના ધનકુબેર બૅરન રૉથ્સચાઈલ્ડ પાસે દરખાસ્ત લઇને મોકલ્યો. બૅરન ત્યારે ભોજન પર બેઠો હતો. સેક્રેટરી કોરીની ચાર કરોડની માગણી સાંભળતાં જ એના મોંમાંનો કોળિયો વગર ચાવ્યે એના ગળેથી ઊતરી ગયો અને વિસ્ફારિત નેત્રે તે કોરીને તાકી રહ્યો: 'પણ...પણ આવડી મોટી રકમ માટેનો જામીન કોણ?' બૅરન રૉથ્સચાઈલ્ડે પૂછ્યું.

'બ્રિટિશ સરકાર!' કોરીએ જવાબ આપ્યો. 'તો મંજૂર છે.'

અને એક અઠવાડિયામાં તો બ્રિટન પૂર્વના પ્રવેશદ્વાર સમી સુએઝની નહેરનું માલિક બની બેઠું!

બ્રિટિશ સામ્રાજ્યના સ્થાપના અને યશોવિસ્તારમાં ડિઝરાએલીએ ભજવેલા ભાગને અનુલક્ષીને જ રાણી વિક્ટોરિયાએ તેના મૃત્યુને 'રાષ્ટ્રીય આપત્તિ' તરીકે ઓળખાવેલું.

બ્રિટનના તમામ વડા પ્રધાનોમાં સૌથી વિલક્ષણ એવા બેન્જામિન ડિઝરાએલીના વિરોધીઓ જેમ ઓછા નહોતા તેમ એના પ્રશંસકોની સંખ્યા પણ કમ નહોતી. રશિયાએ તુર્કી પર વિજય મેળવ્યા પછી બાલ્કનમાંથી ઊઠનારા ખંડવ્યાપી દાવાનળ સામે બર્લિન કૉન્ફરન્સમાં ભાગ લેવા જતાં એ યુરોપ ને રશિયાને જોડતી દાર્દેનલ્સની સામુદ્રધુનીમાં બ્રિટિશ નૌકાકાફલો અને માલ્ટામાં હિંદી સૈન્યને રવાના કરવાના હુકમો આપતો ગએલો. ખુદ બ્રિટનમાં જ એના આ હુકમો સામે જબરો ઊહાપોહ મચેલો, પરંતુ એ સામર્થ્ય પ્રદર્શને જે યુરોપની શાંતિની બુનિયાદી નાખી, જેને પરિણામે એને બમણા ઉત્સાહભેર વધાવી લેવામાં આવેલો.

નવલકથાલેખન કરતાં પણ પત્રલેખનમાં કોઈ પણ બ્રિટિશ રાજપુરુષ કરતાં વધુ કાબેલ ડિઝરાએલી વસ્તુતઃ તેની નવલકથાના નાયકને ચરિતાર્થ કરતો ગએલો. એના મનોજગતમાં તો તે તેના કથાજગતનો જ નાયક રહેલો. એણે સ્વયં ઊપજાવી કાઢેલાં કેટલાંક વાક્સૂત્રોને ઑસ્કાર વાઈલ્ડ સિવાય હજુ કોઈ હજી આંટી શક્યું નથી, પરંતુ એના જીવનની સારભૂતતા તો એની નવલકથા 'વીવિયન ગ્રે'ના નાયકના આ શબ્દોમાં જ આવિર્ભૂત થએલી છે કે 'મનુષ્ય કંઈ સંજોગોની નીપજ નથી; સંજોગો મનુષ્યની નીપજ છે.' □

અનુસંધાન] વિચારવિશેષ [પૃ. ૩૪૪થી

મારથી બેભાન થઈ ગએલા સંત રામદાસ ભાનમાં આવ્યા, એટલે શિષ્યોએ પૂછ્યું: 'ગુરુજી, આપના ઉપર હાથ ઉપાડનાર આ દુષ્ટને અમે બાંધી દીધો છે. આજ્ઞા કરો, એને શી શિક્ષા કરવી છે?'

'વત્સો,' રામદાસે કહ્યું: 'એને શિક્ષા ન થાય. એણે પોતાના ખેતરના રક્ષણ માટે જે કર્યું છે તે યોગ્ય જ કર્યું છે. તમે જે ભૂલ કરી છે એની શિક્ષા મને બરાબર થઈ ગઈ છે. એને છૂટો કરી દો.' અને છૂટો થએલો ખેડૂત રામદાસના પગમાં લેટી પડયો.

ક્ષમા ને ઔદાર્ય પારસમણિ છે. એના સ્પર્શે કથીરમાંથી કાંચન બને છે. આ ગુણો ચેપી રોગની જેમ પ્રસરે છે. તમારી ક્ષમાશીલતા ગમે તેવા પાખંડીને પણ પીગળાવી દે છે. દીવે દીવો જલે એમ ઉદારતા ઉદારતા પ્રેરે છે.

ક્ષમા કેટલી વાર આપવી એનો કોઈ નિયમ ના હોય. ઈસુ ખ્રિસ્તને એમના એક શિષ્યે પૂછ્યું: 'પ્રભુ, મારો ભાઈ અપરાધ કરે તો મારે એને કેટલી વાર ક્ષમા આપવી? સાત વાર?'

ઈસુએ કહ્યું: 'સાત વાર નહિ, સિત્તેર વખત સાત વાર. ક્ષમાને સંખ્યાથી મપાય નહિ.'

ક્ષમા વ્યવહાર નથી, આદર્શ છે; વેપાર નથી, પરમાર્થ છે. એમાં લઇને નહિ પણ આપીને રાજી થવાનું છે, ગુમાવીને મેળવવાનું છે. □

અનુસંધાન] સગપણનાં ફૂલ [પૃ. ૩૫૦થી

છોકરી બધાંની સામે ફરીથી 'નમસ્તે' કરીને ઊભી રહી. મારા પગ સહેજ સળવળ્યા. મેં એક પગલું માંડયું. બીજું માંડયું... ધીમેધીમે, આકસ્મિક જ હું છોકરીની નજીક ગઈ. એના બન્ને ગાલ ઉપર હાથ મૂકીને એનો ચહેરો મારી તરફ ફેરવ્યો!


છોકરી છલોછલ ભરેલી આંખોથી, મારી છલોછલ આંખોમાં એકીટશે જોઈ રહી! હું મહામુસીબતે એક જ શબ્દ બોલી શકી: 'મોના!'

અને મોના, 'બહેન!—મારી બહેન!'ની ચીસો પાડીને, મને વળગી પડી, અને ધ્રૂસકે ધ્રૂસકે રડી પડી. મારી ય આંખોના બંધ ખૂલી ગયા. અમને બન્નેને કોણ છાનું રાખી શકે એમ હતું? □

રંગીન પુષ્પવલ્લીઓમાં અગ્રગણ્ય, અસાધારણ સૌન્દર્યવતી અને વિપુલ કુસુમવતી

ભુંગલપુષ્પ્યાદિ વર્ગની લતામંડલી

લેખક · મધુસૂદન ઢાંકી



△ જમ્બુજ્યોત્સના–Pseudocalymma alliaceum △

આ લેખ માટે ભુંગલપુષ્પ્યાદિ વર્ગ (Bignoniacae)ની લતારૂપ વનસ્પતિની પસંદગી પાછળ મનઃપટ પર સંવેદન ઉપસાવતાં બે પ્રસંગચિત્રો પડેલાં છે: પ્રસન્નકર અને અવિસ્મરણીય. પહેલો પ્રસંગ છે પૂના–પૂણે–ખાતેનો, ઈ. સ. ૧૯૪૫ના માહ માસની એક પૂર્વ-સંધ્યાનો. યાદ કરું છું તો નજર સામે આવે છે મિત્રો સાથે બંડ ગાર્ડન તરફની એક સાંજની લટાર. બંડ ગાર્ડનને રસ્તે, એક ખૂબસૂરત કુટિરના મુખદ્વારના ઘાટીલા છજ્જા ઉપર, શેવાળી રંગનાં પાંદડાંઓ પર કેસરી વર્ણનાં નળાકાર ફૂલોના ઝુરખાઓથી લચી પડતી, પોતાનાં રૂપરંગ કોઈ મોટા મુલકની માલિકાના ઠાઠથી પ્રકટ કરતી એક વેલ તરફ અમારા સૌની અચાનક નજર ગઈ. નમતા પહોરના સૂરજનાં ત્રાંસાં કિરણો, હિંગળોકના રસમાં ઝબોળ્યાં હોય તેવાં એ ફૂલોની અર્ધપારદર્શક કિનારે સોંસરવો આછો આછો હેમી ઢોળ ચડાવી રહ્યાં હતાં. તાજ્જુબી અને હર્ષોર્મિથી અમારા સૌનાં નજરોમન અને કલેવર ત્યાં લાંબી પળો સુધી જડાઈ રહ્યાં. 'જ્વાલામાલિની' ઊર્ફે 'કાંચનવર્ષા' સાથેનો એ પહેલો સામનો—encounter—હતો. બે-એક અઠવાડિયાં બાદ, ફરીને પૂનામાં જ, એક વાર છાવણી તરફથી ઘોડદોડના મેદાન તરફ જતાં રસ્તામાં આવતા જિમખાનાની પડસાળના પ્રલમ્બ છજ્જાને પૂરેપૂરું આવરી લઈ, પાંદડાંઓને ફૂલોથી પૂર્ણપણે ઢાંકી દેતી એ વેલને જોઈ, ને ફૂલો પણ અગાઉ જોયાં તેવાં જ ચમકદાર, ગરમાટવાળાં અને તાજગીભર્યાં. પછીથી અમારી ફર્ગ્યુસન કૉલેજના દખ્ખણાદા મોરાની મુખચોકીની બગલમાં લપાઇને ઠેઠ બીજા માળે અગાસીની ગરાદ સુધી ચડી, ત્યાં અંધારખૂણામાં નારંગી ઉજાસ પાથરતી તે વેલ પુનઃ જોવા મળી. એના અસલી નામનો—ને એ ભુંગલપુષ્પ્યાદિ મહાસંકુલની સુસભ્યા હોવાની વાતનો—પત્તો તો છેક ૧૯૫૦માં મળ્યો: અને પછી તો તેને કલકત્તાની તરુપાલિકાઓમાંથી મંગાવી પોરબંદરમાં વસાવવા ત્રણેક વાર પ્રયાસ પણ કરેલો; પરંતુ જુદાંજુદાં કારણોસર ત્યારે સફળતા મળેલી નહિ.

કાંચનવર્ષાના આ પ્રથમ પરિચય બાદ છ-એક માસે, મુંબાઈ વિશ્વવિદ્યાલયના ગ્રંથાગારની પડખે રહેલ મુખ્ય કાર્યાલયની જમણી પાંખની સોડમાં આ સંકુલની વળી એક બીજી લતા જોવા મળી. આછા જાંબુડી રંગનાં, શીતલ પ્રભાના પુંજ શાં ભુંગલાકાર કિંવા સંકીર્ણ–ઘંટાકાર પુષ્પોથી લચી રહેલી આ જાતને પહેલી વાર દીઠી. આજુબાજુ જોયું કે કોઇને એના નામની ખબર હોય તો પૂછી જોઉં. પણ સૌ બેધ્યાન—રસ અને રમણીયતાથી પૂર્ણતયા અસ્પૃશ્ય; ને એમાં કોઇને યે ઉપવનવિદ્યાની જરાયે ગતાગમ હોય તેવું જણાયું નહિ. આ હતી 'જમ્બુજ્યોત્સના'ની પહેલી પિછાન. લલચાઇને બીજે દિવસે એ જ સમયે એ ફૂલો જોવા ફરીને ત્યાં ગયો ત્યારે જે. જે. સ્કૂલ ઑવ આર્ટ્સનો કોઈ છાત્ર એનાં પુષ્પોનું પર્ણ સમેત યથાર્થવાદી ચિત્ર દોરી રહેલો. મારી સામે જોઇને કહે કે આના રંગો અને મુલાયમ રંગછાયાઓ (pastal shades) ચિત્રમાં યથાતથ ઉતારવાં ભારે કઠણ છે! એને પણ આના નામની ખબર નહોતી. કદાચ એણે મને બતાવ્યું હોત તો પણ એ કાળે તેનું સ્મરણ રહેતું કે તેનો મર્મ સમજવાનું અસંભવિત હતું. આ લતા પણ ભુંગલપુષ્પ્યાદિ મહાસંકુલની એક સદસ્યા હતી તે વાતનું જ્ઞાન તો ઘણાં વર્ષો બાદ, બે એક દાયકા વીત્યા કેડે થયું.

ઈ. સ. ૧૯૭૪ની નાતાલ પહેલાં બનારસમાં મિત્રવર્ય ડૉ. આનંદકૃષ્ણને ઘેર, મુખચોકીમાં અચાનક જમ્બુજ્યોત્સનાનો ફરીને ભેટો થયો. વેલ પણ ઘેઘૂર ફેલાએલી અને ઉપરથી લઈ નીચે સુધી આછા જામ્બવાં ફૂલોથી ભરચક! અદ્‌ભુત દર્શન હતું આ વલ્લીની ઠંડકભરી ફૂલસંપદાનું. બીજી સાલ ચોમાસા બાદ આનંદકૃષ્ણ એક સાંજે એકાએક ઘેર આવ્યા. કહે 'તમારે માટે એક ભેટ લાવ્યો છું.' બહાર જોઉં તો કૂંડામાં જંબુજ્યોત્સનાનો રોપ! બનેલું એવું કે આ વેલ અને તદુપરાંત આ મહાસંકુલની અન્ય બે સદસ્યાઓ—'હેમાંગુલિ' અને 'જામ્બવતી'—ની લતાના રોપ અમેરિકન ઍકૅડેમી ઑવ બનારસ માટે મેં કલકત્તાથી છેક ઈ. સ. ૧૯૬૭માં મંગાવેલાં. ત્યાં ઉઝરી પણ આવેલાં; પરંતુ તે બધાનાં ફૂલ જોવા મળે તે પહેલાં ઍકૅડેમીનું મથક રામનગર ખાતે ખસેડાયું. (સદ્‌ભાગ્યે આ વેલો ઉપરથી ઉતારેલી દાબકલમો ડૉ. પ્રમોદચંદ્રના અમેટી કોઠીવાળા નિલયમાં વાવેલી; જ્યાં એ ત્રણેનાં પુષ્પો પછીથી ઈ. સ. ૧૯૭૫ની વસંતમાં જોવાં મળેલાં)

એ ચારુ દર્શનો પછી આ અત્યંત આકર્ષક કુસુમવલ્લીઓ અંગે મળ્યું તેટલું સાહિત્ય ફેંદી વળ્યો અને કલકત્તાની તરુપાલિકાઓના સંચાલક-મિત્રો દ્વારા ભુંગલપુષ્પ્યાદિ વર્ગની ભારતમાં ઉપલબ્ધ એવી તમામ



બિગ્નોનીઆ: પોતાની શિખા પરના તંતુઓની સહાયથી બહુ ઊંચે સુધી ચડી શકતી, ઝાંખરાંના વર્ગની સુંદર સપુષ્પ વેલીઓ. ફ્રાંસના લૂઈ ૧૪માના ગ્રંથપાલ Abbe Bignonના નામ પરથી એનું આ જાત-નામ પડયું છે. અમેરિકાના ગરમ પ્રદેશો એ એમનું મૂળ વતન. એના લગભગ ૧૨૦ પ્રકાર છે. 'બિગ્નોનીઆ ચિકા' નામની એની એક જાતનાં પાન પલાળવાથી પ્રકટતા રતૂમડા રંગે રેડ ઇન્ડિયનો પોતાનું શરીર રંગતા હતા.

જાતો એકઠી કરી તેનો અભ્યાસ કર્યો, જેનો સાર આ લેખમાં આપું છું.

ભુંગલપુષ્પકો (Bignons)ની ઘણીખરી ઉત્તમ જાતોનું મૂળ વતન છે દક્ષિણ અમેરિકા. ત્યાંથી બ્રિટિશ યુગ દરમિયાન, લગભગ ઓગણીસમી સદીના ઉત્તરાર્ધથી, ભારતમાં તેની જાતોનો ક્રમશઃ પ્રવેશ થયો. ભારત આ વેલોનું વતન ન હોવાથી તેનાં નામાદિ કે ઉલ્લેખો પ્રાચીન સંસ્કૃત–પ્રાકૃત–અપભ્રંશ કે તમિળલાદિ સાહિત્યમાં સહેજે મળતાં નથી. આ કારણસર તેનાં પુષ્પોનાં પ્રધાન લક્ષણોના આધારે ને કોઈક કિસ્સામાં અંગ્રેજી જનભાષાના સમાન્તર સંસ્કૃત પર્યાયો યોજી, અહીં ભારતીય ભાષાઓને સુસંગત એવાં નવાં નામો નિર્માણ કર્યાં છે. સાથે જ વનસ્પતિશાસ્ત્રમાં જાણીતાં વિશ્વમાન્ય અભિધાનો—પર્યાયો પણ વિદગ્ધો અને વિદ્વાનોની પિછાન માટે અને વૃક્ષપાલિકાઓની અંગ્રેજી સૂચિઓમાં આ વેલોને ખોળવા માટે અહીં આપીશું.

ભુંગલપુષ્પ્યાદિ (Bignoniacae) એ શોભાયમાન પુષ્પો ધરાવતું વૃક્ષલતાનું એક મહાસંકુલ છે. જેના પરથી પૂરા વર્ગનું નામકરણ થયું છે તે ભુંગલપુષ્પી (Bignonia) અતિરિક્ત પિત્તભુંગલા (Adenocalymma), સેનાભુંગલ (Anemophaegma), ચંદ્રભુંગલ (Arrabidiea), યતીન્દ્રભૂષા (Campsis), બ્રહ્મભુંગલ (Clytostoma), સ્વર્ણભુંગલા (Doxentha), નીલેન્દ્રભુંગલ કિંવા નીલમહોર (Jacarranda), અગ્નિભુંગલા (Pyrostegiea), મંજુભુંગલ (Saritaea), યતિવેશા (Tecomeria કિંવા Tecoma), મુનિપટલ (Tecomella) ઈત્યાદિ ઉપવનોપયોગી ઘણાં ગોત્રોનો સમાવેશ થાય છે. નીલેન્દ્રભુંગલ (કે જે વૃક્ષરૂપી છે) અને યતિવેશા તથા મુનિપટલને છોડી બાકીનાની અંદર આવી જતી, વિશેષે લતારૂપ જાતિઓનો અહીં પરિચય કરીશું.

એક જમાનો એવો હતો કે અહીં વિવરણ કર્યું તે લગભગ બધી જ જાતો ભુંગલપુષ્પી (Bignonia)માં આવરી લેવામાં આવતી હતી. પણ વનસ્પતિશાસ્ત્રમાં આગળ વધેલાં સંશોધનો-પરીક્ષણોના પરિણામે પછીથી એમાંની ઘણીખરીનાં ગોત્રો અલગ અલગ હોવાનું હવે નિર્ણિત થયું છે. અને આ નવા મતોને પ્રમાણરૂપ માની વર્ગીકરણ કર્યું છે.

કનકામ્બરા

Adenocalmma calycina

પિત્તભુંગલ ગોત્રની એક આગળ પડતી આ લતા કનકામ્બરાનાં પાન ઘેરાં લીલાં અને પહોળાં તેમ જ કાંઈક દળદાર કહી શકાય તેવાં છે. ફૂલ પાંચ પાંખડીનાં, ગળણી આકારનાં, બે ઇંચ લાંબાં અને સવા બે ઇંચ પહોળાં. સહેજ સુગંધીલાં પણ ખરાં. પીળા રંગનાં એ ફૂલો, વસંતથી આરંભી ગ્રીષ્મ સુધી આવતાં રહે છે. વેલનો ઉગાવો સારો ને ફેલાવટ પણ ઘણી. કનકામ્બરાને ઉગાડવા માટે કૂંડું નહિ, જમીન જ જોઈએ. ભુંગલપુષ્પ્યાદિ વર્ગની કેટલીક અન્ય પ્રચલિત જાતોને મુકાબલે આ વેલ બહુ ઓછી જોવા મળે છે અને કલકત્તા સિવાય બીજે ઉપલબ્ધ નથી. એનો ભાવ પણ વૃક્ષવિક્રેતાઓ વિશેષ ટેવે છે. પ્રમાણમાં દુષ્પ્રાપ્ય હોઈ તેમ જ નિશ્ચયતયા રમણીય હોઈ, આ વેલનો સમાવેશ સંગ્રહકર્તાઓએ ખાસ કરવા લાયક છે. ગુજરાતમાં તે બિલકુલ જાણીતી ન હોઈ તેનો પ્રવેશ સહેજે જ આવકારદાયી બની રહેશે.

આ કુળની બીજી ત્રણેક જાતો બ્રાઝિલ અને સીંગાપુર તરફ મળે છે, પણ ભારતમાં તે દાખલ થઈ જણાતી નથી. એનાં નામ છે A. comasum, A. marginatum, અને A. paluistarum.

હેમાંગુલિ

Anemophaegma chemberlaynii

મતાંતરે આ વેલનું નામ Anemophaegma racemosum પણ મળે છે. પણ ઘણીખરી સૂચિઓમાં તો Bignonia chamberlaynii અભિધાન જ પ્રાપ્ત થાય છે. માદરે વતન છે બ્રાઝિલ. વેલનો ફેલાવ ઘણો; પણ એકંદરે હળવી અને પાતળી વેલ ગણી શકાય. પાન સંયુક્ત, ત્રણ પત્તીયુક્ત. પ્રત્યેક પત્તી લગભગ ૨½ થી ૨¾ ઇંચ લાંબી અને સવાથી દોઢ ઈંચ પહોળી; પાન લીસાં ને એની શિરાઓ જરા યે ઊંડી ન હોવાથી જલ્દી નજરે પણ પડતી નથી. પાન ઉપરથી ચળકતાં લીલાં અને નીચે આછાં લીલાં; તેમાં ધારે ધારે વળિયાં પડી જતાં હોઈ, પત્તી થોડી જૂની થતાં પાન થોડાં થોડાં બિડાઈ જતાં હોય તેવાં લાગે. પાનને કારણે દૂરથી વેલનો દેખાવ ઘેરો શેવાળીઓ લીલો જણાય છે. ફૂલ તો લગભગ બારે માસ થોડાંથોડાં આવે. પણ વેલ ફૂલથી ભરચક બને વસંતમાં અને ગ્રીષ્મના પ્રારંભ સુધી અને ફરી શ્રાવણ બાદ. વેલ ઊંચે ચડવા માટે કેટલીક વાર નખીઆઓ (Tendrils)ની સહાય લે છે. ફૂલના દિનો થોડા જ હોય છે અને પ્રતિદિન આગળનાં ખીલેલાં ફૂલો ખરી જઈ જમીન પર બિછાત બનાવી રહે છે. ફૂલ ભૂંગળાકાર, બે–અઢી ઇંચથી લઈ ત્રણ–સાડાત્રણ ઈંચ જેટલાં લાંબાં, અને એક્સરખાં આછાં વાસન્તી-પીળાં (primrose yellow, creamy yellow). (અમેરિકા તરફ ઘેરા રંગનો પ્રકાર પણ જાણીતો છે.) ફૂલની નલિકા તળિયાને ભાગે જરા સાંકડી; પછી આગળ જતાં મેરાઈની ટેભા દેવાની અંગૂઠી જેવો દેખાવ ધારણ કરે છે. આગળ મુખ ભાગે પાંચ સાંકડી અને કંઈક સફેદાઈ ધારણ કરતી નાનેરી પાંખડીઓ. ફૂલ આવે ત્રણથી પાંચસાતનાં ઝૂમખાંમાં મોટી સંખ્યામાં. ફૂલ બેસે ત્યારે વેલની શોભા અવર્ણનીય બને છે. ઘેરાં લીલાં ઓપદાર પાનના જથ્થા પર, પાન અને ડાળીઓના સંધાને ફૂટી આવતાં અને ઝૂકતાં મીઠાશભર્યા આછા પીળા રંગનાં ફૂલોનો દાયરો આ વેલને ઉષ્ણકટિબંધની ઉત્તમોત્તમ પુષ્પાન્વિત વેલોમાં સ્થાન અપાવી રહે છે. ગુજરાત તરફ આ વેલનો પ્રચાર ઘણો ઓછો છે અને એથી એનું વાવેતર વધે તે ઇચ્છવા યોગ્ય છે.

હેમાંગુલિમાં તળિયેથી ખૂબ લાંબા લાંબા તરશા ઘણા ફૂટે છે. એનો ફેલાવો ઘણો થતો હોઈ, વસંત પૂર્વે એની છટણી કરવાથી નવી ફૂટો આવી પુષ્કળ ફૂલો બેસે છે (આ સેનાભુંગળ ગોત્રની અન્ય એક પીળાં ફૂલની જાત A. chrysanthemum કોલંબિયા ને ઈક્વીડોર તરફ જાણમાં છે; પણ ભારતમાં હજી તે દાખલ થઈ હોઈ તેમ જણાતું નથી.)

ઉષામ્બરા

Arrabidea rotundata

ચંદ્રભુંગળ ગોત્રની આ વેલ ઉષામ્બરાનાં પાન લગભગ ગોળાકાર, આછા પોપટીઆ લીલાં ને તેની પશ્ચાદ્‌ભૂમાં પ્રગટતાં. નસોનું જાળીદાર કલાત્મક ગુમ્ફન આ વેલમાં રહેલું પર્ણોનું પણ શોભનમૂલ્ય સ્થાપિત કરી રહે છે. પણ ફૂલ બેસતે સમયે પાન ખરી જાય છે, અને પત્તીઓની સાંધે સાંધે નાનાંનાનાં ભુંગલાકાર ગુલાબી રંગનાં સુંદર ઝૂમખાં વસંત ઋતુમાં બેસે છે. આ વેલ કલકત્તા તરફ મળે છે; અને ખાસ વસાવવા યોગ્ય છે. મૂળ વતન મલયે દ્વીપ.

સ્વર્ણઘંટિકા

Bignonia argyereo–violescens

સ્વર્ણઘંટિકાનાં પાનની ડાંખળીઓ ઘણી ટૂંકી; પાન નીચેથી કંઈક ગોળાઈમાં રહે છે. તેને જડો ઘણી ફૂટે છે ને જડોનાં નવાં પાન જાંખુડી રંગનાં; જેમાં પછીથી શ્વેત રંગની ટશરો ફૂટે છે અને પાન આછાં લીલાં બની તેમાં ધોળાં ટપકાંનું ચિત્રામણ આવી જાય છે. ફૂલ નાનાં, ભુંગલાકાર અને આછા પીળા રંગનાં; ખાસ કરીને સુક્કી હવામાં જ ફાલે છે. અસલ વતન દક્ષિણ અમેરિકા, પણ ભારતમાં છેલ્લાં ત્રીસ-ચાળીસ વર્ષથી આ જાત ઉપલબ્ધ છે; ખાસ તો કલકત્તા તરફ. સ્વર્ણઘંટિકા વિરલ અને ખૂબસૂરત લતા હોઈ વસાવવા યોગ્ય છે.

હેમામાલિની

Bignonia curtisii

આ જાત ઓછી જાણીતી છે અને સહેલાઈથી જોવા નથી મળતી. એનાં ઘેરાં લીલાં પાન વચ્ચે ફૂટતાં ભુંગળાકાર ફૂલ શરૂઆતમાં પીળાં દેખાય છે ને પછી આછાં કેસરી બને છે. ફૂલોથી છવાએલી વેલ આ કારણસર દ્વિરંગી શોભા ધારણ કરી રહે છે. ફૂલોની મોસમ ગરમીના દિવસો. આ વેલ પણ સંગ્રહવા યોગ્ય છે. કલકત્તા તરફ મળે છે.

જંબુશ્વેતા

Bignonia incarnata

આનાં પાન કંઈક અંશે કનકામ્બરાનાં પાનને મળતાં આવે છે. ભુંગળાકાર ફૂલ આગળ વર્ણવેલી જમ્બુજ્યોત્સના તેમ જ જમ્બુમાલિનીનાં ફૂલને મળતાં આવે છે. ફૂલનો રંગ રીંગણી; તેમાં વચ્ચે આછા જાંબુડી રંગના ઊભા પટ્ટા જોવા મળે છે. ફૂલની બહાર કયારેક ઠંડી દરમિયાન, પણ બહુધા ગ્રીષ્મના પ્રારંભે. ઉમર વધતાં ડાળો પાકીને કાષ્ઠ રૂપી બને છે. આ જાત પણ કલકત્તા તરફ જ મળે છે.

વિરાગશેખર

Campsis grandiflora

યતીન્દ્રભૂષા (Campsis) ગોત્રની આ જાત પૂર્વે Campsis chinensis નામે ઓળખાતા ને તે પહેલાં એને Tecoma grandiflora પણ કહેતા એનાં સાત પત્તીવાળાં, દાંતીવાળાં પાનને કારણે આ ગોત્ર અન્ય ભુંગલપુષ્પકોથી નોખું તરી આવે છે. વિરાગશેખરનાં ભગવાં-નારંગી ફૂલ ગ્રીષ્મ તેમ જ વર્ષાઋતુ દરમિયાન અને ખાસ કરીને ઉપરના ભાગે ઝૂમખાંમાં આકર્ષકરીતે નમી જતાં બેસે છે. ફૂલની નળી ટૂંકી, ને મુખભાગે પાંખડીઓ પહોળી. આ એક અત્યંત આકર્ષક ફૂલ ધરાવતી વેલ છે; પણ તેનાં બે દૂષણ છે: એક તો શિયાળામાં જ્યાં વધુ ઠંડી પડે છે તે ભાગોમાં તેનાં તમામ પાન ખરી જાય છે: અને એકવાર જામી ગયા બાદ આસપાસની જમીનમાં ગમે ત્યાં-મૂળ વેલથી દૂરને અંતરે પણ તેની જડો ફૂટી નીકળતી હોઈ, આ વેલ કાઢી વાખવી હોય ત્યારે સહેલાઈથી જતી નથી. ગુજરાતમાં વડોદરા તરફ આ વેલ ક્યાંક ક્યાંક જોવા મળે છે. ફૂલ કેવળ ઉપરના જ ભાગે અને ઓછાં બેસતાં હોવા છતાં આ વેલ વસાવવા યોગ્ય જરૂર છે.

જોગીઆવેશ

Campsis radicans

યતીન્દ્રભૂષા કુળની આ બીજી વેલનાં પાન વિરાગશેખરના જેવાં જ પણ કદમાં મોટાં. ફૂલની ભુંગળી વિશેષ લાંબી પણ મુખભાગે ખૂલતી. પાંખડીઓ ટૂંકી. ફૂલોનો રંગ ભગવો, પણ વિરાગશેખર જેટલો ઉષ્મિલ નહિ. બીજી બધી ખાસિયતો વિરાગશેખર સમાન જ છે. અગાઉ આ Bignonia radicans અને Tecome radicans નામે જાણીતી હતી.

વિરાગશેખર અને જોગીઆવેશ વચ્ચેથી એક સંકર જાત C. Taglialuana અથવાC. hybrida (અપરનામ Mme. galen) અમેરિકા તરફ ઉપલબ્ધ છે, જેમાં બંનેના ગુણો જોવા મળે છે.

જરૂબુરેખા

Clytostoma callistegioides

બ્રહ્મભુંગલ ગોત્રની આ વેલ ભારતમાં બિરલ સંગ્રહો સિવાય અન્યત્ર જોવા મળતી નથી. એને પણ એક કાળે ભુંગલપુષ્પી (Bignonia) કુળની માનવામાં આવેલી. એનું પ્રચલિત નામ છે ચિત્રભુંગલ (Painted trumpet). મૂળ વતન આર્જેન્ટિના. એનાં સદાપર્ણી, ઓપીલાં, લીલાં, બબ્બેનાં જોડકાંવાળાં પાન શરૂઆતમાં કાંસુવર્ણી હોય છે. ત્રણથી ચાર ઈંચ પહોળાં ફૂલ વસંતઋતુમાં ખીલે છે. ફૂલની પાંખડીઓ પહોળી, આછા રીંગણી રંગની, પાતળી પણ સ્પષ્ટ રેખાઓથી અંકિત, ફૂલની ગરદન અંદરથી આછો પીળો રંગ બતાવે છે. આ અત્યંત શોભનીય લતા છે અને ઊંચાઈમાં બહુ વધતી ન હોઈ, વાડ ઉપર કે બારીઓ પર ચડાવવામાં આવે છે. આ વેલનો ખૂબ જ પ્રચાર થવો વાંછનીય છે.

આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર-૮૨

ખોડો

ખોડો એ માથાનો સામાન્ય રોગ છે. તેમાં વાળના મૂળમાં અને ખોપરી ઉપર સફેદ અભ્રક જેવી પાતળી ફોતરી બાઝે છે જે માથું ખજવાળવાથી યા દાંતિયાથી કે કાંસકીથી ઘસીને વાળ ઓળતાં ઊખડી આવે છે.

ખોડો કફજન્ય રોગ છે. માથાની અસ્વચ્છતા ઉપરાંત, વધારેપડતા ગળ્યા, ભારે, ઠંડા, વાસી અને વાયડા પદાર્થો ખાવાથી ખોડો થાય છે. નિયમિત માથું ધોવું નહિ, ધોઈ ને બરાબર સાફ કરવું નહિ, માથું સુકાયા પહેલાં તેમાં તેલ નાખવું, માથું ઘસીને ઓળવું નહિ વગેરે કારણે પણ ખોડો થાય છે. બપોરે સૂવાની ટેવ હોય તેમને પણ આ રોગ થાય છે. માથામાં સફેદ ફોતરી થવા ઉપરાંત માથામાં ખંજવાળ પણ આવે છે. અને તેને હિસાબે વાળ પણ ખરતા જોવા મળે છે.

ઉપચાર

૧) રોગીએ ગળ્યા, ભારે, ખાટા, વાસી, વાયડા, ઠંડા પદાર્થો અને દિવસે ઊંઘવાનો ત્યાગ કરવો. ૨) દર અઠવાડિયે માથું ધોવું. ધોવા માટે અરીઠાં, ચિકાખાઈ, આમળાં વગેરેમાંથી ગમે તેનો ઉપયોગ કરવો. ૩) લીંબુથી કે છાશથી પણ માથું ધોઈ શકાય. ૪) ધોયા બાદ માથું બરાબર કોરું પડે તે પછી જ તેલ નાખવું. ૫) ખોડો દૂર કરવા રાત્રે માથામાં કણજીનું યા લીંબોળીનું તેલ ભરી સવારે માથું ધોઈ નાખવું. ૬) ઔષધસેવન કરવું હોય તો આરોગ્યવર્ધિની, કૈશોર ગૂગળ કે મહામંજિષ્ઠાદિ ક્વાથ લઈ શકાય.

વૈદ્ય નવીનભાઈ ઓઝા

જારૂબવતી

Clytostoma purpurea

જમ્બુરેખાની સગોત્રી આ વેલને પણ ભુંગલપુષ્પી કુળની માની તેનું વર્ગીકરણ Bignonia purpurea રૂપે ઉદ્યાનવિદ્યાના ગ્રંથોની સૂચિઓમાં આજે પણ મળે છે. પાન બે-અઢી ઇંચ લાંબાં ને ત્રણત્રણ પત્તીઓવાળાં સંયુક્ત; શેવાળીઆ લીલાં; પાછળને ભાગે આછાં લીલાં. ફૂલ રંગછાયા વગરનાં શુદ્ધ જાંબુડી, આછી શી સુવાસવાળાં અને ગ્રીવામાં સફેદ. ફૂલની લંબાઈ લગભગ બે ઈંચ અને મુખભાગે ખીલતી પાંચ પાંખડીઓ પહોળાઈમાં સવા બે ઈંચ. પ્રારંભે આ વેલને ઓછાં ફૂલ બેસે છે અને ફૂલો પત્તીઓ વચ્ચે ક્યારેક સંતાએલાં પણ રહે છે; પણ બે ત્રણ સાલ જૂની થતાં ખૂબ ફૂલ આપે છે. વર્ષાકાળથી લઈ છેક વસંતના અન્ત સુધી પાંચ-છ વખત, કેટલીક વાર તો આઠેક વખત ફૂલોનો ફાલ આવતો રહે છે. જમ્બુરેખા, જમ્બુજ્યોત્સના તેમ જ જમ્બુમાલિનીને મુકાબલે થોડી ઓછી આકર્ષક હોવા છતાં આ એક વાંછનીય લતા હોઇ, સંગ્રહકારોએ તે મેળવી લેવા યોગ્ય જાત છે. આ વેલ તેમજ જમ્બુરેખાને કૂંડામાં પણ ઉછેરી શકાય છે.

હેમાવતી

(Doxantha unguis-catii)

હેમાવતીને 'unguis-catii' કિંવા cat's claw એટલે કે 'માજેરનખી' કહેવાના કારણમાં એના બિલાડીના નહોર જેવા ચડ-અંકોડા કે નખિયાં (tendril) છે. અગાઉ આનું વર્ગીકરણ પણ ભુંગલપુષ્પી

કુળમાં કરવામાં આવતું, અને તે હિસાબે તેને Bignonia Unguis catii કહેતા. તે પહેલાં તેને B. gracilis વા B. tweediana એવાં નામ પણ અપાએલાં, અને આજે પણ ઘણીખરી તરુસૂચિઓ B. gracilis કે વિકલ્પે વિશેષે B. tweecliana નામ હેમાવતી માટે ખૂબ પ્રયોગમાં છે. અસલ વતન આર્જેન્ટિના; પણ આજે તો સમશીતોષ્ણ કટિબંધના દેશોમાં ખૂબ પ્રચાર પામી ચૂકી છે.

હેમાવતીની વેલમાં સામસામી પત્તીની જોડ, એ રીતે સંયુક્ત પાનની વ્યવસ્થા હોય છે. લગભગ ૩ ઇંચ લાંબાં ને ઘેરા લીલાં, ઓપદાર પાન ભલ્લાકાર અને છેડે પાતળાં બની અણીઆળાં થાય છે. પાનને છેડે ત્રણ વાંકીઆંવાળા ચડ-અંકોડા ઉત્પન્ન થાય છે. ફૂલ જોડીમાં ને ભુંગલાકાર, અને નળીભાગે બહારથી સોના જેવા પીળા રંગનાં; જ્યારે ગ્રીવામાં અંદરથી વિશેષ ઘેરા પીળા રંગની લીટીઓ જોવાય છે, ને મુખભાગે ખૂલતી પાંખડીઓમાં કેસરિયા ઝાંય વરતાય છે. ફૂલ એકંદરે યક્ષઘંટા (Allamanda)ની નાની આવૃત્તિ જેવાં દેખાય છે. ફૂલની નલિકા લગભગ બે ઈંચ લાંબી ને તેની પાંચ પાંખડીઓ ગોળાકાર અને લગભગ ૨$\frac{1}{2}$ થી ૨$\frac{3}{4}$ ઈંચના વ્યાસની હોય છે. ફૂલની મોસમ ફાગણ ઊતરતાં લઇ વૈશાખના પૂર્વાર્ધ સુધી. જ્યારે ફૂલની બહાર હોય ત્યારે પાંદડાં ભાગ્યે જ નજરે પડે એટલો ભરચક ફાલ બેસે છે અને ત્યારે બેહદ ખૂબસૂરત દૃશ્ય ઊપજાવી રહે છે. વેલ સદા લીલી રહે છે. હેમાવતીની ગણના પણ સંસારની અત્યુત્તમ વેલોમાં થાય છે.

આને મળતી એક જાત છે કનકાવલિ કે Macfadyena dentata. પણ તેનાં પાન દાંતીવાળાં હોય છે. આ જાતને પણ Bignonia tweediana તરીકે ઘટાવાએલી, પણ હવે એ ગોટાળો દૂર થયો છે।

જમ્બુજ્યોત્સ્ના

(Pseudocalymma alliaceum)

જમ્બુજ્યોત્સના આ અગાઉ Adenocalymma alliacea નામે અને તેનાથી પૂર્વે Bignonia alliacea નામે ઓળખાતી. આજે પણ તરુપાલકો એને A. alliacea રૂપે જ ઘટાવે છે. પણ વર્તમાને સ્વીકૃત સાચું વૈજ્ઞાનિક નામ ઉપર આપ્યું તે છે. જમ્બુજ્યોત્સનાનાં પાન ચર્મિલ અને કંઈક અંશે હળદાર હોવા સાથે લીસાં, ચળકાટયુક્ત પણ ખરાં. રંગે ઘેરાં લીલાં, ને ઘણા માસ ટકે છે. ફૂલ પાંચ પાંખડીનાં ભુંગળાકાર (જુઓ ચિત્ર); વર્ણે રીંગણી-ગુલાબી અને ગ્રીવામાં જાંબુડી (Lavender-mauve), ફૂલોની પાંખડીઓ ઊઘડયા બાદ બીજા દિવસથી રંગમાં થોડીક ફિક્કાશ પકડે છે, જ્યારે ગ્રીવામાં સફેદાઈ દાખવે છે અને પછીથી લગભગ સફેદાઈ પર આવી જાય છે ને ગ્રીવામાં આછી પીળાશ વરતાય છે. આમ એકી સમયે વેલ પર ત્રિવિધ રંગછાયાની શીળી પ્રભાવાળાં ગુલાબી-રીંગણાં અને જમ્બવાં-સફેદ રંગનાં ફૂલનો મૃદુ વિરોધાભાસ અસાધારણ કહી શકાય તેવી પ્રશાન્ત રમણીયતા સર્જી જાય છે.

ડાળીઓ આછી સફેદ. સાધારણતયા પાકટ ડાળીની ફૂટોમાં પાંદડાં-ડાળીના સંધાનભાગે ફૂલોનાં ઝૂમખાં બેસે છે અને ઘણી વાર તો પૂરી વેલ તેનાથી છવાઈ જાય છે. સુકુમાર રંગના, ઠંડી, શાંતિદાયક માધુરીપૂર્ણ રંગવર્ણા પ્રભવવામાં આની સમતા કરી શકે તેવી બહુ થોડી પુષ્પવલ્લીઓ જાણમાં છે. ફૂલની પ્રથમ બહાર શ્રાવણ માસથી શરૂ થઈ, વસંત ઋતુ સુધીમાં તો ત્રણ ચાર વાર અંતરે અંતરે ફાલ આવી જાય છે. વસંતના ઉત્તરાર્ધથી ફૂલો આવવાં બંધ થાય છે.

ઓગણીસમી સદીના અને વીસમી શતાબ્દીના આરંભના ભારતીય ઉદ્યાનવિદ્યાના ગ્રંથોમાં આ વેલનો ઉલ્લેખ મળતો નથી. સંભવ છે કે તેનો પ્રવેશ પ્રથમ મહાયુદ્ધ બાદ થયો હોય. એ કારણસર આ વેલ જોઈએ તેટલી જાણમાં નથી. પણ કલકત્તા તરફ આજે કંઈ નહિ તો યે પચ્ચીસ-ત્રીસ વર્ષથી તો તરુપાલકો તેનું વિતરણ કરે છે. ગુજરાતમાં આ વેલ છેલ્લાં થોડાંક વર્ષથી અમદાવાદમાં પણ પ્રવેશી છે.

ઉપવન-મીમાંસકોની આકરી પરીક્ષામાંથી પસાર થનાર આ ઉત્કૃષ્ટ વલ્લીમાં એક દૂષણ છે. એની પત્તી તેમ જ ફૂલમાં લસણની વાસ રહેલી છે! આ અવગુણને આગળ કરીને તેને અંગ્રેજીમાં garlic vine અને અમદાવાદમાં તેને 'લસણવેલ'ના દુર્ભાગ્યપૂર્ણ અભિધાનથી ઓળખવામાં આવે છે. જો કે આ દુર્વાસ તો પત્તીને બળપૂર્વક ઉઝરડવામાં આવે તો જ પ્રકટ થાય છે, એ મોટી રાહતની વાત છે. જમ્બુજ્યોત્સના કમાનો પર શોભતી નથી. એનો ઉઠાવ તો તેને દીવાલો પર મોટી બારી પર ચઢાવી ત્યાંથી ફરીને નીચે ઉતારતાં આવે છે, અને ત્યારે તે ઘણી જ કમનીય લાગે છે. એકંદરે આ વેલ સંસારની સર્વોત્તમ કુસુમવલ્લીઓમાં સ્થાન લેતી હોઈ, તેનો આપણી તરફ ખૂબ પ્રચાર થવો જરૂરી છે.

જ્વાલામાલિની

Pyrostegia venusta

આનું મતાંતરે નામ Pyrostegia ignea કે Bignonia ignea પણ મળે છે; પણ વિશ્વભરમાં તે Bignonia venustaના નામથી મશહૂર છે. અમેરિકા તરફ તે Flame Vine (જ્વાલાવલ્લી) તથા Flame trumpet (જ્વાલાભુંગલ) અને બ્રિટિશ બોલીમાં Golden shower (કાંચનવર્ષા)ના નામથી વિખ્યાત છે. માતૃભૂમિ: દક્ષિણ અમેરિકામાં બ્રાઝિલ અને બોલીવિયા.

જામ્બવતી અને હેમાંગુલિને મુકાબલે આ વેલનાં પાન થોડાં ઓછાં લીલાં ગણાય. પણ દૂરથી તે ઘેરા શેવાળિયા રંગનાં જણાય છે. પાન લગભગ ત્રણથી ચાર ઈંચ લાંબાં; બબ્બે કે ત્રણત્રણનાં જોડકાંવાળાં.

અન્ય ભુંગલપુષ્પકો કરતાં આનાં ફૂલની રચનામાં થોડો ફેર વરતાય છે. એની ત્રણેક ઈંચ પાતળી ભુંગળી સારી પેઠે લાંબી અને મુખભાગે પાંખડીઓ ટૂંકી, જેમાંથી બે ઉપલી પાંખડીઓ પાછળ વળતી ખૂલે છે. ફૂલનાં પુંકેસરો પણ સ્પષ્ટરીતે બહાર નીકળતાં દેખાય છે. ફૂલની મોસમ માગશર ઊતરતાં શરૂ થઈ પોષ અને માહ પૂરો અને કયારેક ફાગણના પ્રારંભિક દિનો સુધી ચાલુ રહે છે. ઝુરખાઓથી અત્યંત ભરચક તો તે માહ માસના પ્રારંભે બને છે, અને ત્યારે સર્જાતા તેના જાજ્વલ્યમાન દેખાવ સામે સંસારની કોઈ કુસુમલતા સ્પર્ધા કરી શકતી નથી તેવો ઘણા તજ્જ્ઞોનો મત છે (જે સાથે હું પણ સંમત છું). ભુંગલપુષ્પ્યાદિ વર્ગની આ સૌથી વિશેષ પ્રસિદ્ધ અને અત્યંત લાડીલી વેલ છે. મકાનમાં જો પૂર્વ બાજુએ કે ઉત્તર બાજુ પ્રકાશમાન હોય તો ત્યાં તે વાવવી હિતાવહ છે.

પણ આ વેલને ઉછેરવી મુશ્કેલ છે, ને શરૂઆતમાં ધીમી ગતિએ વધે છે. જો કે જૂની વેલો કયારેક ૭૦ ફીટ સુધી ફેલાએલી જોવા મળે છે! જ્યાં ઠંડીની ઋતુ હોતી નથી ત્યાં આ વેલ ફાલતી નથી; જેમકે સીંગાપુરમાં તેને ફૂલ બેસતાં જ નથી. ભારતમાં પર્વતીય સ્થાનોમાં ને ઉત્તર ભારત કે જ્યાં વધુ ઠંડી પડે છે ત્યાં ફૂલ ખૂબ બેસે છે. કુસુમલતાઓનો સંગ્રહ કરનાર શોખીનોથી આ વેલ વિસારી શકાય જ નહિ.

આ કુળમાં Bignonia cherere કે B. chirere કિંવા કનકશોભા નામની વેલ છે, જેમાં જ્વાલામાલિનીથી ફૂલમાં જરા કેસરીપણું વિશેષ હોવા ઉપરાંત ગળામાં પીળાશનો ભાગ બતાવે છે. પત્તી સહેજ નાની અને ફૂલ માહથી લઈ ચૈત્ર સુધી રહે છે. આ વેલ ઓછી જોવા મળે છે અને ખાસ મેળવી લેવા યોગ્ય છે. (કેટલાકોના મતે આ વેલ જ્વાલામાલિનીની જ પ્રકારભેદે પેટાજાત છે.)

જમ્બુમાલિકા

Saritaea magnifica

મંજુભુંગલ કુળની જે થોડીક લતાઓ જાણમાં છે તેમાં આ ખૂબ સુંદર ગણાય છે. આને Arrabidea-ચારુભુંગલ-કુળની પણ થોડાં દશકા અગાઉ ગણવામાં આવતી. જ્યારે તરુપાલિકાઓની સૂચિઓમાં તેમ જ

અગાઉનાં ઘણાં ઉદ્યાનવિષયક પુસ્તકોમાં તેનો Bignonia magnificaના નામે પરિચય આપેલો જોવાય છે. આ જાતમાં પણ પાન બબ્બે પત્તીવાળાં સંયુક્ત ને ૨¾ ઈંચ લાંબાં હોય છે; પણ આકારમાં છેડેથી લંબગોળ ફુગ્ગાની માફક અને બિલકુલ છેડે સહેજ જ અણી સાથે હોય છે. પહોળાઈ લગભગ ૨ ઈંચ, જે ક્યારેક ત્રણથી ચાર ઈંચ સુધી પહોંચે છે. નવા પાનનો રંગ કંઈક પોપટીઓ. જૂનાં પાન થોડાં ઘેરાં ખરાં, અને ઓપદાર પણ. નવાં પાનની નસો જાળીદાર અને આછા જાંબુડી રંગની. આથી પાન શોભાયમાન બની રહે છે. ફૂલ પાનના સંધાનભાગે તેમ જ વચ્ચેથી ચચ્ચારના ઝૂમખાંમાં નીકળે છે. ફૂલની નળીને છેડે પાંચ પાંખડી ખૂલે છે. ફૂલ બેથી ત્રણ ઈંચ લાંબાં અને એટલાં જ પહોળાં. નળીનો રંગ આછો લવંડર; પણ ફેલાતી પાંખડીઓ રીંગણી રંગથી લઈ પછી કંઈક જાંબુડી રંગ પકડે છે, જે સમયે નળીનો અંતરભાગ આછો પીળો બની જાય છે. આ વેલનું મૂળ વતન છે દક્ષિણ અમેરિકાનું કોલંબિયા.

જમ્બુમાલિકાને છોડ રૂપે પણ સંસ્કારી શકાય છે; અને ભારેખમ અર્ધ-વેલ તરીકે પણ ચડાવી શકાય છે. એના મૂળ વતનમાં તો એ લગભગ સોએક ફીટ જેટલી ચડી ગયાના દાખલા છે. કલકત્તા સરખી ગરમ અને ભેજવાળી આબોહવામાં તેને ફૂલ ઓછાં બેસે છે. તેમ છતાં ભુંગલપુષ્પ્યાદિ વર્ગની જાતો એકઠી કરનાર સૌએ તે વસાવવા યોગ્ય જાત છે. જમ્બુમાલિકાનો પ્રચાર ઘણો જ કમ હોઈ, તેનું વિશેષ વર્ધન અને ફેલાવ થાય તે ઇચ્છવાયોગ્ય છે.

સંસારભરની ઉત્તમોત્તમ કુસુમવલ્લીઓમાંથી કેટલીકનો આમ ભુંગલપુષ્પ્યાદિ વર્ગમાં સમાવેશ થાય છે. આ વર્ગની ઘણીખરી જાતો ઊગવે ઝડપી, સદાપર્ણી અને એનાં મૂળનો ફેલાવો ઘણો થતો હોઈ, તેને રોકવો જરૂરી બની જાય છે; નહિ તો પાંદડાં ખૂબ વધે અને ફૂલ કમ બેસે છે. ભુંગલપુષ્પકોને રેસાવાળું ગળતિયું છાણિયું ખાતર માફક આવે છે. વેલના મૂળમાં પાણી ટકી રહે તે વાંછનીય છે અને એથી વસંત અને ગ્રીષ્મમાં સારું એવું પાણી દેવું પડે છે. ફૂલ પર ન હોય ત્યારે પિચકારી દ્વારા પાણીનો દરરોજ સવાર-સાંજ છંટકાવ કરવાથી ડાળીઓનું કાષ્ઠ પકવ બને છે. (ફૂલ પાકેલી ડાળીઓમાં થતી ફૂટો પર જ આવતાં હોઈ આ ક્રિયા સહેજે જ લાભદાયી છે. વેલ કાચી ને કાચી રહી મોટી થતી જાય તે હિતાવહ નથી.) એ જ પ્રમાણે નકામી સુકી ડાળ-પ્રડાળો તેમ જ ઝાંખરાં જેવાં ડાળી–ડાળખાંઓ કાઢી નાખવાથી, તેમ જ ફૂલ આવી ગએલી ડાળીઓ કાપી નાખવાથી હવાનો આવરોજાવરો વિશેષ રહે છે, અને હવાના અવકાશ પર જ ફૂલોનું બેસવું નિર્ભર રહેતું હોઈ સાફસફાઈથી ચોક્કસ લાભ રહે છે. સામાન્ય રીતે વાવ્યા બાદ બીજે વર્ષે, પાકટ ડાળીઓ પર આજુબાજુ કૂંપળો ફૂટી તેના પર ફૂલો બેસે છે.

હેમાવતી સરખી જાતો તો બીજથી પણ તૈયાર થાય છે. પણ ઘણીખરી જાતોનું સામાન્ય રીતે ચોમાસે દાબ-કલમથી કે કટકા રોપીને વર્ધન કરવામાં આવે છે. કટકાઓ જરા પાકેલ, મજબૂત, નજીક નજીક સાંધવાળા અને આજુબાજુ ફૂટ મૂકેલ હોય તો વેલા ઘણા સારા નીકળે છે. રોપ લગભગ અઢીથી ત્રણ માસમાં તૈયાર થઈ જાય છે. રોપને નિયમિત પાણી દેવું જરૂરી છે.

હેમાંગુલિ અને હેમાવતી સરખી જાતો વૃક્ષપાલન-ગૃહો (conservatories green houses)પર ચડાવવામાં ને એ રીતે છાંયડો કરવામાં ખૂબ ઉપયોગી છે, જ્યારે બીજી બધી જાતો વાડ-વંડી પર અને દીવાલો, છજાંઓ અને બારીઓની frame પર ચડાવવાથી શોભાયમાન લાગે છે.

ગુજરાતમાં એકંદરે અલ્પજ્ઞાત આ ભુંગલપુષ્પ્યાદિ વર્ગની વેલોનો ખૂબ જ પ્રચાર થાય તો સૌંદર્યમાન અને કલાત્મક કુસુમલતાઓની જનજ્ઞાત સંખ્યામાં સારો એવો વધારો થઈ શકે. □

અનુસંધાન] **ચન્દ્રકાન્ત બક્ષી** [પૃ. ૩૭૫થી

આબિદની એ વાર્તામાં 'બિલ્લી'નું પાત્ર આવે છે. આ વાર્તાના વિવેચનમાં બક્ષીએ એક જ લીટી લખી : 'મનહૂસ બિલ્લી...મિયાંઉ...'.

બક્ષીલાં સેન્સ ઑવ હ્યૂમર પણ જોરદાર. મડિયા ગુજરી ગયા એ અરસામાં બક્ષી અમદાવાદમાં હતા. મડિયાના અવસાનની એક શોકસભા એચ. કે. આર્ટ્સ કૉલેજના હૉલમાં ભરાએલી. બક્ષી મારી બાજુમાં બેઠેલા. શોકસભા શરૂ થઈ. વક્તાઓએ અંજલિ આપવા માંડી. બક્ષીએ સહેજ ઊંચે જોયું. પછી નીચું મોં રાખીને હસવા માંડચા. હસવા જેવું કોઈ કશું બોલ્યું નો'તું. (હા, મડિયા ત્યાં હાજર હોત તો એવું જરૂર બોલ્યા હોત). મેં ધીમેથી પૂછ્યું : ઍનીથિંગ રૉંગ?'

'ઊંચે જુઓ.' તે બોલ્યા. મેં ઊંચે જોયું : 'એવરીથિંગ ઈઝ નૉર્મલ.'

'પેલું વાંચો. ડબલા પર શું લખ્યું છે?' લાઉડ સ્પીકરના ચોરસ ડબલા પર લખેલું 'આર. ટોલાટ' જોઇને મેં કહ્યું : આ લાઉડ સ્પીકર આર. ટોલાટનું છે.'

'એ બરાબર છે, વિનોદસાહબ...' બક્ષી મારા કાનમાં ધીમેથી ગણગણ્યા : 'પણ કાચી આંખોને કારણે હું "ટૉઇલેટ" વાંચતો'તો. આટલે ઊંચે "ટૉઇલેટ" રાખવાનું શું કારણ હશે એ વિચારે મને હસવું આવતું'તું.'

આ બક્ષી ક્યારે શું વિચારશે, કોને ગ્રેઈટ ને કોને બંકમ કહેશે એ કલ્પવું ઘણું અઘરું પડે. 'સરસ્વતીચંદ્ર' નવલકથા નથી. એમાં કોઈ પાત્રાલેખન નથી એવું એ પુસ્તક વાંચ્યા વિના તે બેધડકપણે કહી શકે છે. ('સરસ્વતીચંદ્ર' વાંચવા માટે ય ખાસ્સી ધીરજ જોઇએ.)

તેમની એક નવલકથા 'ચિત્રલેખા' સાપ્તાહિકમાં સળંગ હપ્તેથી ચાલતી હતી. એ ગાળામાં જ તેમણે જાહેર કરેલું કે 'હરકિસન મહેતા (તંત્રી 'ચિત્રલેખા')ની મને મીઠી ઈર્ષ્યા આવે છે. તેના જેવો બેસ્ટ સેલર નવલકથાકાર ઇન્ડિયામાં શોધ્યો નહિ જડે.' બક્ષી હંમેશાં સુપરલેટિવ ડિગ્રીમાં જ વાત કરવાના. પોતાના વિષે વાત કરતાં એક વખત તે બોલેલા : 'ગુજરાતી સાહિત્યમાં માત્ર ત્રણ જ વાર્તાકારો છે : ચંદ્રકાંત બક્ષી, સુરેશ જોશી ને મધુ રાય. સુરેશ ને મધુ મરી પરવાર્યા છે. ફક્ત એક જ વાર્તાકાર બચ્યો છે જે બક્ષી છે.'

એક વાર મારા માટે ય બક્ષીએ કોઈકના મોઢે કહેલું કે 'ગુજરાતી સાહિત્યમાં શ્રેષ્ઠ હાસ્યલેખક તરીકે વિનોદ ભટ્ટનું નામ મૂકી શકાય. (બક્ષીને ન્યાય કરવા ખાતરે ય કહેવું પડશે કે એમનું આ વિધાન સાવ સાચું છે.) એટલું વળી સારું છે કે બક્ષીને હાસ્યલેખક બનવાનો કુવિચાર આજની તારીખ સુધી નથી આવ્યો; (કાલની કોને ખબર છે?) નહિ તો તે બોલી નાખત કે ગુજરાતી સાહિત્ય પાસે ટચલી આંગળીને વેઢે ગણી શકાય એટલા હાસ્યલેખકો છે : ચંદ્રકાંત બક્ષી, બકુલ ત્રિપાઠી ને વિનોદ ભટ્ટ. બકુલ ને વિનોદ લાંબો સમય જીવવાના નથી ને બક્ષી મરવાનો નથી.

બક્ષી બેફામ છે, બેજવાબદાર છે, સેલ્ફિશ છે, મની માઈન્ડેડ છે, સેઈલ્સમૅન છે, અંતિમવાદી છે, ભીરુ છે...ઘણું બધું છે. પણ જેવો છે તેવો એ મારો દોસ્ત છે. તેના ગુણ જેટલા જ અવગુણ પણ મીઠા છે. કેમકે તેમાં ય પેલો 'બક્ષી' જ બેઠો છે. □

'વિનોદ'ની નજરે
[૨૦]

ચન્દ્રકાન્ત બક્ષી

લેખક— વિનોદ ભટ્ટ



લાભશંકર ઠાકર માટે મેં 'જેકિલ ઍન્ડ હાઈડ'ની ઉપમા વાપરેલી. એ વાંચીને એક મિત્રે કહ્યું: 'જેકિલ ઍન્ડ હાઈડ'ની ઉપમા લાભશંકર જેટલી બક્ષીને ય લાગુ પડે.' પણ એક જ ઉપમા બે જણ માટે વાપરવી ઠીક નહિ. એમાં બે ય નારાજ થઈ જાય. ને આ બે કદાચ નારાજ ના થાય તો પેલું અસલ પાત્ર ખફા થઈ જાય.

પણ કોઈ મને એમ પૂછે કે ચન્દ્રકાન્ત બક્ષી એટલે?–માત્ર એક જ લીટીમાં પરિચય આપો, તો કહેવું પડે કે બક્ષી એટલે ગુજરાતી સાહિત્યના આચાર્ય (હવે ભગવાન રજનીશજી). રજનીશજી ને બક્ષીજીમાં ઘણું સામ્ય છે. રજનીશજીનો ચહેરો દાઢીમાં જડાએલો છે, જ્યારે બક્ષીજી વચ્ચેવચ્ચે મૂડ આવે ત્યારે દાઢી ઉગાડી લે છે. (એમ તો ક્યારેક તે કવિતા પણ કરી લે છે. તેમને મન કવિતા કરવી એ દાઢી ઉગાડવા જેવું કામ છે. કવિતાને ય તે ઉગાડી લે છે.) પણ દાઢી દાઢીમાં ય ફેર છે પાછો. રજનીશજી પ્રજાને પ્રભાવિત કરવા, પ્રભાવ જમાવવા દાઢી રાખે છે, જ્યારે બક્ષીજી માત્ર એક જ વ્યક્તિને–દાઢી વગરના બક્ષીને–ઈમ્પ્રેસ કરવા ઉગાડે છે.

આ બન્ને '—જી' સનસનાટી ફેલાવવામાં પોતાની જાતને ધન્ય ગણે છે. એવાં અંધાધૂંધ સ્ટેઈટમેન્ટ્સ કરશે કે સાંભળનાર ઘડીભર સ્તબ્ધ થઈ જાય. ઈ. ૧૯૬૧ના વર્ષના ડિસેમ્બરમાં કલકત્તા ખાતે સાહિત્ય પરિષદનું ૨૧મું અધિવેશન ભરાએલું. લગભગ પાંચસો પ્રતિનિધિઓ અને પાંચેક હજાર પ્રેક્ષકોની ઠઠ. આંગણે આવેલા સાહિત્યકારોના સ્વ–પરિચયનો કાર્યક્રમ ચાલતો'તો. મંચ પર એક હૃષ્ટપુષ્ટ, ઠીંગણો, દાઢીવાળો, ચશ્માં પહેરેલો, મોં પર ચેચકના ડાઘવાળો, પચીસેકની વયનો યુવાન ઊભો થઇને પોતાનો પરિચય આપવા માંડયો: 'સોનાગાછીની બજારુ ઔરતોના તસતસતા બ્લાઉઝમાંથી ટપકતા ચુસ્ત બદનમાંથી બક્ષી અને બક્ષીની વાર્તાઓ આવ્યાં છે.' ઑડિયન્સમાં ધ્રુજારો આવી ગયો! આમ ખૂબ જ નાટયાત્મક રીતે, લોકોને આંચકો આપીને બક્ષી સાહિત્યમાં પ્રવેશ્યા. ત્યારથી માંડીને આજની ઘડી સુધી તે પ્રજાને શૉક્સ આપતા રહ્યા છે. તેમને મન ગુજરાતી વિવેચન એ વપરાએલ સેનેટરી ટૉવેલ છે. તેમના કહેવા પ્રમાણે ગુજરાતી કવિતા કૉટેજ ઈન્ડસ્ટ્રી છે. બાથરૂમ સાફ કરવાના ઘેર બનાવેલા વૉશિંગ સોડાની જેમ તેના બહુ ઘરાક નથી. કોઈ પણ સેન્સિબલ માણસ કવિતા નહિ કરે. ગાળ ન બોલી શકનાર પુરુષને મર્દ માનવા બક્ષી તૈયાર નથી. ગાળને તે પુરુષની 'મેન્સિસ' તરીકે ઓળખાવે છે. ટૂંકમાં રજનીશજી જેમ બક્ષીને ય કૉન્ટ્રોવર્સી ઊભી કરવામાં, ચગાવવામાં અત્યંત રસ છે. આ તેમની હૉબી છે,

મને લાગે છે કે આ સરખામણી અહીં જ અટકાવી દેવી જોઇએ, કેમકે બક્ષીએ પોતાને માટે હજી સુધી 'ભગવાન બક્ષી'નું વિશેષણ વાપર્યું નથી. આ બાબતમાં તે થોડા વધુ નમ્ર ગણી શકાય. જો કે હિન્દી સામયિક 'સારિકા'ના 'ગર્દિશ કે દિન' વિભાગમાં પોતાના આત્મ-પરિચયમાં બક્ષી લખવાનું ચૂકયા નથી: 'આજ તો યહ હાલત બની હુઈ હૈ કિ બિના મેરા નામ લિયે ગુજરાતી કથા–સાહિત્યકી બાત નહીં હો સકતી.'

આ બક્ષીને લગભગ નવેક વર્ષ અગાઉ મુંબાઈમાં મળેલો. સેલારકા મને બક્ષી પાસે લઈ ગએલા. રાત્રે આશરે નવેકનો શુમાર હશે. અમે ફૂટપાથ પાસે કાર પાર્ક કરીને ઊભા. ત્યાં લૂંગીભેર બક્ષી માળ પરથી નીચે આવ્યા. બનતાં સુધી ચશ્માં ય નો'તાં પહેર્યાં. દેખાવથી ના આકર્ષી શકયા એટલું અવાજથી, વિવેકી ભાષાથી ખેંચ્યો. 'વિનોદ સાહબ', 'ભટ્ટ સાહબ'નો ઉપયોગ આર્ટિકલ 'એ' ને 'ઍન'ની જેમ છૂટથી કરતા. પહેલા જ પરિચયે ખુલ્લાસથી બક્ષીને મળવાની મઝા આવી.

ઈ. ૧૯૬૭ના 'ગ્રંથ'માં બક્ષીએ મારા સંપાદિત સંગ્રહ 'શ્લીલ–અશ્લીલ'નું વિવેચન લખેલું. આ પુસ્તકની તેમણે ભરપેટ પ્રશંસા કરેલી. દિલ્હીમાં ભરાએલી સાહિત્ય પરિષદ વખતે ઠાકરે એ માટે મારો ખભો થાબડેલો. બક્ષી જેવો માણસ સંપૂર્ણપણે એક પુસ્તકનાં વખાણ કરે એથી ઠાકરને થોડી નવાઈ ઊપજેલી. બક્ષી આવાં અઘરાં કામો કરી શકે છે એ જાણીને તેમને આશ્ચર્ય થએલું, બક્ષીને રાજી કરવો એ બહુ મોટી વાત કહેવાય.—આવું બધું સાંભળીને બક્ષી માટે એક નેગેટિવ માણસ તરીકેની છાપ એ વખતે મારા મનમાં ઊપસેલી. પણ બક્ષીને મળ્યો ત્યારે એમાંનું બહુ ઓછું જણાયું.

પછી ધીરે ધીરે બક્ષી સાથેનો પરિચય વધતો ગયો. આ પરિચયમાંથી એક છબી ઊભી થઈ તે એ કે બક્ષી પાલનપુરના એક વાણિયાનો પુત્ર છે ને પાક્કો વેપારી છે. ઉસ્તાદ સેઈલ્સમૅન છે. પોતાનો માલ તે બહુ સારી રીતે, વખાણી વખાણીને વેચી શકે છે. કલકત્તામાં તેમની રેડીમેઈડ ડ્રેસની દુકાન હતી. બાબાસૂટ, બેબીફ્રૉક, લાળિયાં, પૅન્ટ્સ વગેરે તે વેચતા. એ જ રીતે આજે વાર્તા, નવલકથા, વિવેચનો, ઇતિહાસ, ભાષણો ને ગાળો ય વેચી શકે છે. માલ પર 'બક્ષી બ્રાન્ડ'ની ટીકડી ચીપકાવી નથી ને માલ ઊપડયો નથી! બક્ષી શી ચીજ છે એની તેમને પોતાને પાકી ખબર છે. એટલે કોઈ તેમને 'સાહિત્યકાર' કહે તો તેને તે મસમોટી ગાળ સમજે છે.

'સાહિત્યકાર' નામના પ્રાણી પર બક્ષીને ભારે ખીજ છે. જેમ સાહિત્યકાર વધુ બુઢ્ઢો એટલી ખીજની માત્રા વધારે. પોતાની આ ખીજ, સૂગ દર્શાવવાની તક મળે તો વાણી કે વર્તન દ્વારા બતાવ્યા વગર તે ભાગ્યે જ રહી શકે છે. બક્ષીના મોંમાં ચૂંગી હોય, મોંમાંથી ધુમાડા નીકળતા હોય એ દરમિયાન કોઈ બુઝર્ગ સાહિત્યકાર તેમની 'રેઈન્જ'માંથી પસાર થતો દેખાય તો એ ધુમાડા સાથે, બક્ષીની ગાળ પણ હવામાં ફેંકાયા વગર રહેશે નહિ.

બક્ષી માટે કેટલાક લોકો એવી ફરિયાદ કરે છે કે તે બિલકુલ થૅન્કલેસ–નગુણો–માણસ છે. તેમનું ભલું કરનારને ય પેટ ભરીને ગાળો આપે છે. એ લોકો ઠાકરનો દાખલો ટાંકે છે. ઠાકરે તેમને માટે ઘણું કર્યું. મુંબાઈમાં સ્થાયી કરવામાં મદદ કરી. નોકરી અપાવી. પિતા જેવો સ્નેહ આપ્યો... ને આજે બક્ષી ઠાકર વિષે બોલી શકાય એટલું ખરાબ બોલે છે. એક જમાનામાં બક્ષીએ ઠાકર માટે લખેલું: 'એકાએક મારા મોઢામાંથી અકારણ, અનાયાસે, નીકળી ગયું—યાર, ઠાકર જેવો એક પણ માણસ આપણી જિંદગીમાં પચીસ વર્ષ પહેલાં અથડાઈ ગયો હોત તો...કમથી

કમ આ બિટરનેસ તો ઘણી ઓછી થઈ જાત...'

અને આજે જ્યારે ઓકર જેવો માણસ નહિ, ખુદ ઓકર જ અથડાઈ ગયા છે ત્યારે તેમના પડછાયાથી ય દૂર નાસવા બક્ષી છટપટાય છે. કોઈ કાર્યક્રમમાં ઓકર પ્રમુખ હોય ને બક્ષી વક્તા હોય ત્યારે તે બબડે છે: 'આ ઓકર સ્સા—કાયમ આડો ઊતરે છે. હું વક્તા તરીકે જ્યાં હોઉં ત્યાં પ્રમુખ તરીકે તે મારી આગળ પહોંચી જાય છે.' (જો કે હકીકતમાં પ્રમુખ પહેલાં નક્કી થાય છે ને વક્તા પાછળથી.)

શિવકુમાર જોષી માટે યે બક્ષી તક મળે ત્યારે જાહેરમાં બોલે છે: 'આ માણસ સોળ વર્ષમાં અઢાર ઈનામો લઈને બેસી ગયો છે. પૂછો, કેવી રીતે?' બક્ષીએ પોતાની જીભથી યથાશક્તિ શત્રુઓ પેદા કર્યા છે. (તે આપકમાઈમાં માને છે.)

પણ મને આમાં બક્ષીનો કાંઈ લાંબો દોષ નથી દેખાતો. દરેક માણસના જીવનમાં કોઈક ને કોઈક હાથ પકડનારું આવે જ છે. કેટલાક લોકો એને ગળે લગાડીને ફરે છે; વારંવાર એના ઉલ્લેખો કરીને બીજાને 'બોર' કરે છે; જ્યારે બક્ષી એ બધાને માત્ર એક 'સ્ટેપિંગ સ્ટોન'થી વધારે નથી ગણતા.

લગભગ એવરેઈજ માણસ, એક યા બીજા પ્રસંગે, પોતાને વિષે સીધા કે પછી આડકતરા ઉલ્લેખો કરતો હોય છે. બક્ષી આ બાબતમાં વધારે પ્રામાણિક છે. પોતાને વિષે બીજા કોઈ કશું કહે એની રાહ જોતા નથી. એવી જવાબદારી તે કોઈના પર નાખતા નથી. તે જ બધું કહી દે છે. આ તેમની નિખાલસતા છે. પોતાના માટે પારદર્શક થઈને, પોતે જે માનતા હોય તે બેધડકપણે કહી દે છે. આને લીધે લોકો માને છે કે બક્ષી 'સેલ્ફ-સેન્ટર્ડ' છે. આપણે બધાય, આમ તો, સેલ્ફ સેન્ટર્ડ જ હોઈએ છીએ, પણ વર્તુળ જરા મોટું દોરીએ છીએ એટલે પકડાતા નથી. બક્ષી નાનપણમાં ભૂમિતિમાં એટલા કાચા હશે એટલે વર્તુળની વચ્ચેનું બિંદુ જરા મોટું મૂકી દે છે.

બક્ષીને બોલવા ય બહુ જોઈએ. પણ એમની વાતો રસહીન–નિષ્પ્રાણ નથી હોતી. તેમની હાજરીથી જ વાતાવરણ ધબકતું થઈ જવાનું, તે ગમે તેવું ઉટપટાંગ બોલે, ગમ્મત તો આવે જ. એક વાર સુરેન્દ્રનગરમાં તેમનું પ્રવચન ગોઠવવામાં આવેલું. મોહમ્મદ માંકડે બક્ષીના જ એક નિકટના મિત્રને પૂછ્યું: 'આ બક્ષી કેવું બોલે છે?' 'આમ તો વાહિયાત બોલે છે...' મિત્રે કહ્યું: '...પણ ઑડિયન્સને પકડી રાખશે.'

બક્ષીને આ રીતે બોલતાં તો મેં ય સાંભળ્યા છે. ફરી પાછા રજનીશજીને યાદ કરવા પડશે. બક્ષીને બોલતા સાંભળીએ એટલી ક્ષણ તો મંત્રમુગ્ધ થઈ જ જવાય. તેમનો લહેજો. શૈલી, શબ્દો—બધું જાણે આપણને ખેંચી જતું લાગે. પણ એ પ્રવાહ પૂરો થાય પછી બે મિનિટ આંખો બંધ રાખીએ એટલે લાગવા માંડે કે બક્ષી એક હિપ્નૉટિસ્ટ છે. તેની ભુરકીમાંથી બહાર આવીએ ત્યારે લાગે કે મા'જો વાણિયો બનાવી ગયો!

બક્ષીનો સંગ ૧૯૬૯માં બરાબર થએલો. કલકત્તા છોડીને તે અમદાવાદ આવેલા. ક્યાં સ્થિર થવું,—મુંબાઈ કે અમદાવાદ એ નક્કી નહોતું. તેમની પહેલી પસંદગી અમદાવાદ હતી. કાંકરિયા ભૈરવનાથ રોડ પરના એક બંગલામાં તે થોડું રહ્યા ન રહ્યા ને હુલ્લડો ફાટી નીકળ્યાં. (કલકત્તામાં છાશવારે થતાં હુલ્લડોથી ત્રાસીને જ તે અમદાવાદ આવેલા.) અમદાવાદને તેમણે ભડકે બળતું જોયું. (અમદાવાદની આ વિશિષ્ટતા છે. દરેક ઉત્સવ તે આગથી જ ઊજવે છે. પછી તે દિવાળી હોય કે હોળી.) હુલ્લડો જોઈને બક્ષી ડઘાઈ ગયા. મુંબાઈ જતી પહેલી જ ટ્રેઈનમાં તે ચઢી બેઠા—અમદાવાદને રામરામ કરીને. તેમની વાર્તાઓમાંના નાયકો જેટલી બહાદુરી પણ તેમણે ના બતાવી.

એથી ય વધારે આશ્ચર્ય તો મને એ જાણીને થયું કે બક્ષી ભૂતથી બીએ છે. (સારું છે કે ભૂતને આ વાતની ખબર નથી.) એક રાતે હું ને બક્ષી લૉ-ગાર્ડનની સામે આવેલી 'બીઝી બી' રેસ્ટોરાંમાં બેઠેલા. લગભગ દસેક વાગ્યા હશે. ગપસપ ચાલતી'તી. (સ્વાભાવિક છે કે બક્ષી સાથે હોય ત્યારે બોલવાનું ઓછું હોય ને સાંભળવાનું વધારે.) વચ્ચે વચ્ચે એકાદ જોક કહી દઈને સાટું વાળી દેતો. એકાએક મને ભૂતની એક જોક યાદ આવી: 'બક્ષી, તમને ભૂતની એક સરસ જોક કહું'.

'ના વિનોદસાહબ!' બક્ષી મને વચ્ચે જ રોકતાં ધડકતા અવાજે બોલ્યા: 'ભૂતની કોઈ પણ વાત આ સમયે ના કહેશો.'

'અરે પણ આ તો જોક છે...બહુ જ ઈન્ટરેસ્ટિંગ છે.'

એ કોઈ વાર બપોરના સમયે કહેજો પ્લીઝ...' બક્ષીના અવાજમાં થ્રિલ હતી. હું તો તેમની સામે જ જોઈ રહ્યો. પહેલાં લાગ્યું કે કદાચ તે મારી મજાક કરતા હશે. પણ તે ઘણા ગંભીર જણાયા. ને પછી તો અમારી એકે ય વાત જામી જ નહિ.

પણ ભૂતથી યે વધારે તો તેમની 'કુત્તી'એ તેમને ડરાવી મારેલા. આ વાર્તા તેમણે લખતાં તો લખી કાઢી, પણ ગુજરાત સરકારે એ વાર્તાને અશ્લીલ ગણાવી તેમની સામે કેસ માંડયો. અગાઉ તેમને ગુજરાત સરકારના ત્રીજા ઈનામનો ય અરધો હિસ્સો મળ્યો ત્યારે તેનો અસ્વીકાર કરતાં બક્ષીએ વાતાવરણમાં થોડોક ખળભળાટ મચાવી મૂકેલો; એટલે દાઢમાં તો હતા જ. ત્યાં 'કુત્તી' સરકારની અડફેટે ચડી ગઈ. આ વાર્તા લખવાના ઈનામ તરીકે તેમને સૂરતની કૉર્ટના ધક્કા ખાવાના શરૂ થયા. કોઈકે તો ખાનગીમાં તેમને ભડકાવ્યા પણ ખરા કે આ વાર્તા બીભત્સ છે એવું પુરવાર થાય તો કાયદામાં જેલની યે જોગવાઈ છે... ને બક્ષીના મોતિયા મરી ગયા. તે બક્ષીશાઈ ગરમાવો ખોઈ બેઠા. મારા એક મિત્રને કોઈ પ્રકાશકને ત્યાં ભેટી ગયા. થોડીક આડીઅવળી વાત થઈ. પણ બક્ષી સંપૂર્ણ અસ્વસ્થ હતા. વાતચીત કરતાં ઓચિંતા જ તે ટેલિફોન પર વળ્યા. ઘેર ફોન કર્યો. પૂછ્યું: 'પોલીસનો કોઈ માણસ આવ્યો હતો? કંઈ વૉરંટ કે એવું કંઈ?...જો કોઈ આવે તો...' રીસીવર ક્રેડલ પર ગોઠવતાં બક્ષી બોલ્યા: '"કુત્તી"ના કેસના અનુસંધાને પોલીસ આવે એવી શક્યતા છે. કદાચ સમન્સ હોય કે પછી વૉરંટ પણ હોય. જો આમ થાય તો—' બક્ષી પાછા પરસેવો લૂછવા માંડયા... 'કુત્તી'એ તેમની જાન ફસાવી હતી. પછી તો મિત્રોના પ્રયત્નોથી સમાધાન થયું. સરકારે કેસ પાછો ખેંચી લીધો. વાત પતી ગઈ.

પણ બક્ષીની દૃષ્ટિએ એ વાત પતી નહોતી—હવે શરૂ થતી'તી. કેસ પાછો ખેંચાઈ ગયો, ભય ચાલ્યો ગયો, ત્યારે બક્ષી પાછો 'ભાયડો' બની ગયો! 'ગ્રંથ'માં ગુજરાતી સાહિત્યકારો ને એમાં ય ખાસ કરીને બમ્બૈયા સાહિત્યકારોને ઝરાઈને ગાળો દીધી: 'લ્યાનત છે આ સાહિત્યકારોને! મારી મદદે કોઈ ન આવ્યા...' (જો કે આ કેસ પાછો ખેંચવાને બદલે લડી લેવા અને એ લડાઈમાં પોતે બક્ષીની પડખે ઊભા રહેશે એવું કહેનારા અનેક હતા.)

બક્ષી છેડાનો માણસ છે—અંતિમવાદી. જેને પ્યાર કરે તેને દિલ ફાડીને પ્યાર કરે, ને ધિક્કારે તેને ય દિલ ફાડીને ધિક્કારે. જરા યે કચાશ ન રાખે. મધુ રાય તરફ બક્ષીને ઘણો પક્ષપાત. મધુનું નાટક 'કુમારની અગાસી' પૂર બહારમાં ચાલે. એવામાં મને જયંતી પટેલ મળ્યો. કહે કે 'હું ય એક નાટક લખવાનો છું—'કુંભારની અગાસી.' બક્ષીએ આ વાત જાણી. એ વખતે હું મુંબાઈમાં. બક્ષીએ મને કહ્યું: 'આ જયંતી તમારો દોસ્ત છેને? એને કહેજો, એવું મશ્કરીમાં ય ના કરે. મધુ આપણો મિત્ર છે. તેની તરફ કોઈ અ-મિત્ર થવા પ્રયત્ન કરે તો એને વારવો જોઈએ.'

એ જ બક્ષીએ ગ્રંથમાં 'શ્લીલ-અશ્લીલ'ના રિવ્યૂમાં મોટા ભાગની વાર્તાઓ વિષે લંબાણથી લખેલું. આબિદ સૂરતીની વાર્તા પણ એ સંગ્રહમાં લેવાએલી. બક્ષી કલકત્તા હતા ત્યારે આબિદ સાથે તેમને કંઈક અનબન થઈ ગએલી. (અત્યારે તો એ બંને અચ્છા દોસ્ત છે.) (અ. પૃ. ૩૭૩)

કૉલેજિયનોને જ નહિ, પણ સૌ સાહિત્યરસિક ઉત્સુક વાચકો સુધ્ધાંને આકર્ષી રહેલી—ડૉ. મધુસૂદન પારેખની—લેખમાળા

અંગ્રેજી સાહિત્યનું આચમન

—ખંડ ૫મો · પ્રકરણ ૫મું (ચાલુ) · પૅરૅડાઈઝ લૉસ્ટ—

ઈવ અને આદમે જ્ઞાનનું નિષિદ્ધ ફળ ખાધું તે પ્રસંગ સમગ્ર કાવ્યમાં કેન્દ્રસ્થાને છે. મિલ્ટને આ પ્રસંગ દ્વારા માનવજીવનમાં વરતાતો એક નૈતિક વિરોધાભાસ (moral paradox) રજૂ કર્યો છે. ઈવ ભોળી ને શ્રદ્ધાવાન હતી. તેની નરી સરળતાનો લાભ ઉઠાવીને સેતાને સર્પ રૂપ ધારણ કરીને પોતાની તર્કાભાસી વાક્ચાતુરીથી ભોળવી. ઈવને જો જ્ઞાન અથવા સમજ હોત તો સેતાનની વાક્છટાથી તે શંકાશીલ બની હોત. પણ જ્ઞાન અને ડહાપણ પ્રાપ્ત કરવા માટે તો જ્ઞાનવૃક્ષનું ફળ ચાખવું પડે! માનવજીવનનો આ વિરોધાભાસ છે. ઈવે ઈશ્વરી આજ્ઞાનું ઉલ્લંઘન કરવાનું પાપ કર્યું તે વાત સાચી, પણ એ પાપ તેના ભોળપણમાંથી સ્ફુર્યું હતું. સરળ પ્રકૃતિની ઈવ પ્રપંચ ને જૂઠાણાથી સર્વથા અજાણ હતી. સેતાન એથી જ તો તેને ભોળવી શક્યો! અહીં પ્રશ્ન એ છે કે નરી સરળતા એ શું દોષ? અને સંશય એ સદ્‌ગુણ? આ પ્રશ્નનો જવાબ મળતો નથી. પણ 'પૅરૅડાઈઝ લૉસ્ટ'માં રજૂ થએલો આ એક કૂટ પ્રશ્ન છે.

ઈવ એના ભોળપણમાં ગબડી. અને આદમ નિષ્પાપ રહેલો હોવા છતાં પતિત ઈવને ઉગારવાના પુરુષાર્થ કરવાને બદલે તે પોતે પણ તેના સૌંદર્યમાં મોહ પામીને તેના પાપમાં સહભાગી બન્યો એ તેની કરુણતા છે. જ્ઞાનના ફળનો આસ્વાદ કરતાં જ આદમ અને ઈવમાં જાતીય આકર્ષણ ઉદ્‌ભવ્યું. દેહના ઉપભોગ તરફ તેમની વૃત્તિ પ્રબળપણે વળવા માંડી. બંનેમાં ભૌતિક સૌંદર્ય વિષેની સભાનતા આવી. એ વિલાસનો તેમને અતિ મધુર અને અવનવો અનુભવ થયો. પણ એ પછી તરત જ એમના દામ્પત્યમાં વિસંવાદ પ્રવેશ્યો. અને પરસ્પર દોષારોપણમાંથી ઉગ્રતા અને કટુતાની ક્ષણમાં આદમે ઈવને ધુત્કારી કાઢી : 'મારી સામેથી દૂર થા, સાપણ!'

ઈશ્વરનો પુત્ર આદમ અને ઈવને તેમના પાપની સજા ફરમાવે છે. આદમ પોતે ઈવનો સ્વામી અને માર્ગદર્શક હતો. તેમ છતાં તે પોતાનું કર્તવ્ય ચૂક્યો તે એનો દોષ. અને ઈવે દૈવી આજ્ઞા ઉથાપી, પતિને પણ પોતાની સાથે પતિત કર્યો. હવે પૃથ્વી પર જઈને બાળકોને પ્રસવવાની પીડા તેને ભોગવવી રહી. સંસારના સંતાપ તેને સહેવા રહ્યા અને પતિના અંકુશમાં જ તેને રહેવાનું. અને આદમે આજીવિકા માટે રઝળપાટ કરવો રહ્યો.—એમ વર્ષો વિતાવવાં, મૃત્યુના ડરામણા ઓળાનો દુઃખદ અનુભવ કરવો, મત્યુ પામીને માટીમાં ભળવાનું—આ બધો ઈશ્વરી શાપ આદમ અને ઈવ પર ઊતર્યો. ઈવે આ શાપમાંથી ઊગરવા માટે બંનેના આપઘાતનો પ્રસ્તાવ મૂક્યો. પણ એ કંઈ વાજબી ઉકેલ નહોતો. પાપનું પ્રાયશ્ચિત્ત કરીને ઈશ્વરનો અનુગ્રહ અને એનું માર્ગદર્શન માગવામાં જ એમનું શ્રેય હતું.

પુસ્તકના છેલ્લા ખંડમાં આદમ અને ઈવ પ્રાયશ્ચિત્તથી નિર્મળ બનેલાં દેખાય છે. એમની પ્રાર્થના ઈશ્વર સાંભળે છે. ઈશ્વરનો દૂત માઈકેલ એ યુગલ નાસીપાસ ના થઈ જાય, ઉજ્જવળ ભાવિ માટે વિશ્વાસ ગુમાવી ના બેસે તે માટે તેમની પાસે આવે છે. આદમને એ મનુષ્યના ઉજ્જવળ, મંગલ ભાવિનું દર્શન કરાવે છે. આદમના મનનું સમાધાન થાય છે કે પૃથ્વી સ્વર્ગથી દૂર છે, તેમ છતાં ઈશ્વરનું અસ્તિત્વ સર્વત્ર છે અને સાચું સ્વર્ગ મનુષ્યના અંતરમાં વસેલું છે. ઈવના અંતરમાં પણ નવી શ્રદ્ધાનો ઉદય થાય છે કે ભવિષ્યમાં કોઈક મુક્તિદાતા અવતરશે અને માનવજાતનો ઉદ્ધાર કરશે. આદમ અને ઈવ આમ જીવનનું સમાધાન પામીને, ઈડનના બગીચાને છેલ્લી વાર ખેદપૂર્વક તૃષ્ણાતુર બનીને નીરખતાં પૃથ્વી ભણી વિદાય લે છે:

Some natural tears they dropped, but wiped them soon;
The world was all before them, where to choose
Their place of rest, and Providence their guide.
They, hand in hand, with wandering steps and slow,
Through Eden took their solitary way.

અને અહીં મિલ્ટનનું મહાકાવ્ય 'પૅરૅડાઈઝ લૉસ્ટ' વિરમે છે.

'પૅરૅડાઈઝ લૉસ્ટ' એક પ્રતિભાસંપન્ન પ્યૂરિટન પ્રકૃતિના કવિની સુદીર્ઘ ને ઊંડી બાઈબલ–સાધનાનું પરિપક્વ ફળ છે. બાઈબલમાંથી તેને લાધેલું દર્શન જ એ મહાકાવ્યમાં પ્રકટ્યું છે. બાઇબલની સમગ્ર કથાને તેણે પવિત્ર અને અધિકૃત તરીકે સ્વીકારી છે, એટલે બાઈબલના કથાપ્રસંગનું વફાદારીપૂર્વક આલેખન કરવાનું તેણે પોતાનું કર્તવ્ય માન્યું છે. અલબત્ત એ અધિકૃત, પવિત્ર ધર્મગ્રંથના વક્તવ્યનું અર્થઘટન કરવામાં તેણે બરાબર સ્વતંત્રતા ભોગવી છે. બાઇબલની કથા કહેતાં કહેતાં તેણે તેના યુગ સુધીનું સંચિત કરેલું સમગ્ર જ્ઞાન તેમાં ઠાલવી દીધું છે. તદુપરાંત એની પ્રતિભા જ એવી ઉત્કટ અને પ્રકૃતિએ તે એવો આત્મકેન્દ્રી છે કે એની છાયા અને એનો અવાજ સમસ્ત કાવ્યમાં ના પ્રકટે તો જ નવાઈ! મિલ્ટને પોતાનાં જ અરમાનો, એષણાઓ, ઊર્મિ, જ્ઞાન ઈત્યાદિ પોતાનાં પાત્રો દ્વારા અભિવ્યક્ત કર્યાં છે. અલબત્ત આને કારણે મહાકાવ્યમાં એક પ્રબળ વિસંવાદ ઊભો થાય છે. એક તરફ બાઈબલમાંની તેની અખૂટ શ્રદ્ધા તેને 'to justify the ways of God to men' તરફ પ્રેરે છે અને ઈશ્વરના આદમ–ઈવ એટલે કે સમગ્ર માનવજાત પ્રત્યેના કાર્યને તે ન્યાય્ય ઠરાવવા અતિ આયાસ વેઠે છે; પણ બીજી તરફ પ્રકૃતિએ તે સ્વતંત્રતાનો ઉપાસક અને આશક, અન્યાય અને જુલમ સામે ઝઝૂમનાર અડીખમ યોદ્ધો. એક તરફ સર્વશક્તિમાન ઈશ્વર પ્રત્યે શરણાગતિની શ્રદ્ધા, એની આજ્ઞાનો અનાદર એટલે મહાપાપ એવી દૃઢ ભાવના; અને બીજી તરફ આપખુદ સત્તાધારીનો એ શત્રુ. ચાર્લ્સ પહેલાની આપખુદી ને જો હુકમી સામે મેદાને પડેલો કવિ. આમ આ મહાકાવ્યમાં એની પ્રતિભા વિભક્ત થઈ જતી વરતાય છે. ઈશ્વરના મુખે મનુષ્યને ઇચ્છાસ્વાતંત્ર્યની અને ન્યાય વિષેની દલીલો મિલ્ટને મૂકી છે. ઈશ્વર પોતે જાણે પોતાના કાર્યને ન્યાય્ય ઠરાવવા માટે પ્રયત્ન કરી રહ્યા હોય તેવું એ લાગે છે. એ બધી દલીલો સાવ અપ્રતીતિકર લાગે છે અને મિલ્ટન જાણે પોતાની શ્રદ્ધાને બળેબળે રજૂ કરતો જણાય છે. એથી ઊલટું, સેતાનના પાત્રચિત્રણમાં મિલ્ટન સુપેરે ખીલી ઊઠ્યો છે. ઈશ્વર જેવા સર્વસત્તાધીશ સામે જેહાદ જગાવવાની ઘોષણા કરતો સેતાન મિલ્ટનની સ્વાતંત્ર્યઉપાસક પ્રકૃતિનો મહાંશ હોય તેવી પ્રતીતિ થાય છે. આમ મિલ્ટનની તીવ્ર ધર્મનિષ્ઠા ને સ્વતંત્ર આત્મકેન્દ્રી પ્રકૃતિ એ બંને વચ્ચેની ખેંચતાણ મહાકાવ્યના મુખ્ય પ્રયોજનને હાનિકર્તા બની રહે છે.

મિલ્ટને પોતાના મહાકાવ્ય માટે બાઈબલમાંથી વિષય પસંદ કર્યો, તેમાં એની કવિપ્રતિભા પર આપોઆપ થોડાં નિયંત્રણો મુકાઈ ગયાં. સમગ્ર મહાકાવ્યમાં આદમ અને ઈવ સિવાય બધાં પાત્રો દિવ્ય કે આસુરી જ છે. અને ઈશ્વરના પાત્રને પણ તેણે રંગભૂમ પર પ્રવૃત્ત થતું

દર્શાવ્યું છે. પણ મહાકાવ્યના મહાનાયક તરીકે ઈશ્વરનું પાત્ર યોગ્ય રીતે ઉઠાવ પામી શક્યું નથી. ઇશ્વરના પ્રેમલ, કરુણામય સ્વરૂપને સ્થાને તેના આપખુદપણાનું જુલમગાર તરીકેનું સ્વરૂપ જ ધ્યાન ખેંચી રહે છે. એના એકમાત્ર શબ્દથી સેતાન અને તેના સાથીદારો દોજખમાં ગંધકના ઊકળતા રસમાં પડતા—પીડાતા હોય, એના એકમાત્ર ઉદ્‌ગારથી તે બધા સાપયોનિમાં પલટાઈ જતા હોય ત્યાં ઈશ્વર અને સેતાન વચ્ચે યુદ્ધનો પ્રશ્ન જ અવાસ્તવિક બની રહે છે. એક તરફ સેતાનના સૈનિકો એમના નેતાની પ્રેરણાથી ઈશ્વર પર વેર લેવાની વૃત્તિ પ્રકટ કરે છે અને બીજી તરફ એ સર્વશક્તિમાન છે અને એની ઇચ્છા વિના કશું પણ તેઓ કરી શકે તેમ નથી એવી નિઃસહાયતાની વૃત્તિ પ્રકટ કરે છે. એ દૃષ્ટિએ જોઇએ તો સ્વર્ગમાં ઈશ્વર અને સેતાન વચ્ચે ખેલાએલા યુદ્ધનો ચિતાર પણ નિરર્થક બની રહે છે.

મિલ્ટને સર્જેલાં માનવ પાત્રો બે જ છે : આદમ ને ઈવ. એ બંને આદિ પૂર્વજ છે. એ સરળ પ્રકૃતિનાં ને ઊર્મિના આવેગ પ્રમાણે વર્તન-વહેવાર કરનારાં સ્ત્રીપુરુષને મિલ્ટને તે જ્ઞાનસમૃદ્ધ અને બૌદ્ધિક હોય તે રીતે દલીલો કરતાં નિરૂપ્યાં છે. રાફેલની સાથે આદમ વિશ્વની ઉત્પત્તિના કે રચનાના સિદ્ધાંતની ચર્ચા કરતો હોય અથવા લગ્નનાં અનિષ્ટો વિષે વિચારણા પ્રકટ કરતો હોય તે બધી ઘટના વાચકને આશ્ચર્ય પમાડે છે. કાવ્યની વચમાં અવારનવાર કવિ મિલ્ટનના અંગત ઉદ્‌ગારો પણ કથા-પ્રવાહને અંતરાયરૂપ બને છે. તેમ છતાં એમાં રહેલી કવિતા ચૂકી જવાનું સહૃદયને પાલવે નહિ. મિલ્ટનમાં આવી કેટલીક મુશ્કેલીઓ હોવા છતાં સમગ્રપણે આ મહાકાવ્યનો આસ્વાદ તૃપ્તિકર નીવડે છે. મિલ્ટનની ભવ્ય કલ્પનાઓ, તેની ઊડીને આંખે વળગે તેવી દીર્ઘ ઉપમાઓ, તેનું પાંડિત્ય, ચિંતન, આ સર્વ તેની મર્યાદાઓનું સાટું વાળી આપે છે. મિલ્ટને આ મહાકાવ્યમાં સ્વર્ગનાં, વિશ્વનાં અને નર્કનાં જે ચિત્રો આલેખ્યાં છે તેમાં તેની કલ્પનાશક્તિનો અપાર વૈભવ દેખાય છે. વિવેચકોએ કવિ દાન્તેના 'ડિવાઈન કૉમેડી'માં આલેખાએલા અને 'પૅરૅડાઈઝ લૉસ્ટ'માં નિરૂપેલા નર્કની તુલના કરી છે. દાન્તેનું નર્ક અનેક વિભાગોમાં ખંડિત છે; મિલ્ટને આલેખેલું નર્ક એમાં-darkness visible-અંધકાર પ્રત્યક્ષ કરાવીને ચિત્ત પર સમગ્રતાની એક ચિરંજીવી છાપ મૂકી જાય છે.

તેણે આલેખેલું સ્વર્ગનું ચિત્ર પણ જરા યે ઓછું ભવ્ય નથી. એ ભૂમિ ઉપર તેણે માનવના અંતઃકરણમાં ચાલતું ઈષ્ટ અને અનિષ્ટ વચ્ચેનું સનાતન નાટક યોજ્યું છે. બાઈબલે તેને આ નાટક માટેની સામગ્રી પૂરી પાડી છે. અને એ નાટકમાં એની આત્મકથાના અંશો પણ ક્યાં થોડા છે? એનાં લગ્ન પ્રથમ વાર કોઈ ઉમરાવજાદી સાથે થયાં અને એવો કટુ અનુભવ તે પામ્યો કે એ પછીનાં બે સુખી લગ્નો પણ એની કટુતા ધોઈ શક્યાં નહિ. આદમ અને ઈવના દામ્પત્ય-નિરૂપણમાં એનો આ અનુભવ ખપ લાગ્યો છે. એને મન પુરુષ કરતાં સ્ત્રી ઊતરતી અને અપૂર્ણ છે, અને તેના પર પતિનું નિયંત્રણ ના હોય તો તે ખતરનાક બની શકે છે. પુરુષની—પતિની ફરજ તેની સમક્ષ પોતાની જાતને અધીન કરી દેવાની નથી, પણ તેના માર્ગદર્શક મિત્ર અને માલિક બનીને તેને વશમાં રાખવાની છે. અને પુરુષ જો એના રૂપના નશામાં ભાન ભૂલ્યો તો રાફેલ જેવા દેવદૂતનો કે સાક્ષાત્ ઈશ્વરનો ઉપાલંભ તેના લલાટે લખાયો છે જ.

મિલ્ટનની પ્રતિભા નાટ્યકારની નથી. એની પ્રબળ કવિ પ્રતિભાનાં અંશો કાવ્યમાં એવા વિપુલપણે પ્રવેશી ગયા છે કે કૃતિમાં કેન્દ્રસ્થાને એ જ પ્રતિભા દૃષ્ટિગોચર થાય છે, ને એ અંશોમાં પણ જે કવિતા ઝળકે છે તે આ કૃતિની નાનીસૂની મીરાત નથી. અલબત્ત, એથી કૃતિમાં બિનઅંગતતાના તત્ત્વને ઘણું સોસવું પડયું છે. મિલ્ટનનું ઉચ્ચ ગાંભીર્ય, તેની ગર્વિષ્ઠતા તેની કઠોર શિસ્ત અને માનવજાતની મૂર્ખાઈઓ પ્રત્યે તેનો ઊંડો ખેદ આ બધું મહાકાવ્યમાં ઓતપ્રોત થઇ ગયુ છે. એટલે જ આ વીર-કાવ્ય નાટ્યાત્મકતા સાધી શક્યું નથી તેવી ટીકા વિવેચકોએ કરી છે.

અલબત્ત મિલ્ટન જેટલો એની અંગત પ્રતિભાબળે સહૃદયોને સ્પર્શે છે તેટલો તેનાં પાત્રો દ્વારા સ્પર્શી શકતો નથી. આ ટીકામાં તથ્ય છે. તેમ છતાં તેનામાં નાટ્યસૂઝનો સર્વથા અભાવ હતો એમ કહેવું તે એની કલાને અન્યાય કરવા બરાબર છે. ઈવ અને સાપ વચ્ચેનો નવમા ખંડનો એક પ્રસંગ જ મિલ્ટનની નાટ્યસૂઝની પ્રતીતિ કરાવવા માટે પૂરતો છે. એ આખા દૃશ્ય ઉપરથી મઝાનું એકાંકી થઇ શકે એવી તેમાં ગુંજાયશ રહેલી છે. નિષિદ્ધ જ્ઞાનવૃક્ષનું ફળ ખાધા પછી ઈવના ચિત્તની તરંગલીલા તો જુઓ! ફળ ખાઇને પોતે જ્ઞાની બની છે. આદમની સમક્ષક થવું કે એનાથી પણ ચડિયાતાં બનવું? આદમ તો એવો ને એવો જ આદિ માનવ રહ્યો છે. શા માટે એની ઉપર પોતાની સર્વોપરિતા ના કરવી? ઈવને એવી લાલસા જાગે છે. પણ એનું ભીરુ હૃદય એક બીજો ભય નિહાળે છે—ઈશ્વરી આદેશનું ઉલ્લંઘન કરીને પોતે ફળ ખાધું એની શિક્ષા કદાચ મોત હોય તો? એકદમ એના ચિત્તમાં કલ્પના-ચિત્ર દેખાય છે : Adam wedded to another Eve.' અને પળ-માત્રમાં તેનું ચિત્ત નિર્ણય કરી લે છે : સુખમાં કે દુઃખમાં આદમને પોતાની સાથે રાખવામાં જ શ્રેય છે. અને આદમ-ઈવના પતન પછી તેમના દામ્પત્યના નિરૂપણમાં પણ મૂલ્યવાન નાટ્યસામગ્રી રહેલી છે.

અને વ્યક્તિનાં કે પરિસ્થિતિનાં સુરેખ ચિત્રો પ્રત્યક્ષ કરાવી શકે તેવી તેની દીર્ઘ ઉપમાઓ કયો સહૃદય ભાવક ભૂલી શકે? કાવ્યના બીજા ખંડમાં ઈશ્વર સામે યુદ્ધ કે શાંતિ અને શરણાગતિ—એ વિષય પર પ્રાણવાન ચર્ચા પૂરી થયા પછી રાહતની લાગણી સર્વત્ર પ્રસરે છે તેનું કેવું સ્મરણીય ચિત્ર તે ઉપમા દ્વારા આલેખે છે!

Thus they their doubtful consultations dark
Ended, rejoicing in their matchless Chief:
As when from mountain-tops the dusky clouds
Ascending, while the North-wind sleeps, o'erspread
Heaven's cheerful face, the louring element
Scowls o'er the darkened landskip snow or shower;
If chance the radiant sun with farewell sweet
Extend his evening beam, the fields revive,
The birds their notes renew, and bleating herds
Attest their joy, that hill and valley rings.

એવું જ બીજું ઉપમા-ચિત્ર સ્વર્ગની દીવાલ પર ભૂખ્યા વરુની જેમ શિકાર માટે ટાંપી રહેલા અને ઈશ્વરના ઘરમાં પ્રવેશવા કરતા ભવ્ય ઉસ્તાદ ચોર જેવા સેતાનનું છે.

મિલ્ટને કિશોરાવસ્થામાં જગતમાં ચિરંજીવ બની રહે તેવી કૃતિ રચી જવાનો મનોરથ સેવ્યો હતો, તે 'પૅરૅડાઈઝ લૉસ્ટ'માં સાકાર થયો છે. આ મહાકાવ્ય પ્રકટ થતાં વાર તેને અપૂર્વ લોકપ્રસિદ્ધિ સાંપડી હતી. અઢારમી સદીમાં ડ્રાયડન અને ઍડિસન જેવા સાહિત્ય-વિવેચકોએ તેની ઉત્તમ કલા ઉપર પોતાની મહોર મારી હતી. અને સામાન્ય પ્રજાએ તો બાઈબલના વાચનનો આનંદ 'પૅરૅડાઈઝ લૉસ્ટ'માંથી પ્રાપ્ત કરવા માંડયો હતો. સાચે જ 'પૅરૅડાઇઝ લૉસ્ટ'ની રચના મિલ્ટનને જગતના મહાકવિઓની હરોળમાં મૂકી આપે છે. મિલ્ટનની અને અંગ્રેજી સાહિત્યની એ એક અપૂર્વ સિદ્ધિ છે. □

(આવતા અંકે છેલ્લું પ્રકરણ : 'પૅરૅડાઈઝ રીગેઈન્ડ' અને બીજી કૃતિઓ)

સાહિત્યસંપર્ક

શબ્દકથા: પીંગળુ, પિંગાણી, પેયન્ટ

ધાતુપાઠમાં પિંજ 'રંગવું' નોંધાયેલો છે. તેના પરથી સંસ્કૃત પિંગ 'પીળચટ્ટું,' 'રતાશ-પડતું કથાઈ', પિંગલ 'રતાશપડતું પીળું', પિંજર 'રતાશપડતું પીળું,' 'પીળચટું' એ શબ્દો થયા. મરાઠીમાં પિંગા, પિંગટ 'પીળચટું' છે, અને ગુજરાતીએ પિંગટ મરાઠીમાંથી લીધો . રતાશપડતા કથાઈ ચૂર્ણ માટે, 'કંકુ'ના અર્થમાં પિંગ શબ્દ પછીથી વપરાતો થયો. પ્રેમાનંદ-માં પિંગાણી 'કંકાવટી' એવો જે શબ્દ મળે છે, તેના મૂળમાં પિંગઘાની > પિંગઘાણી છે.

ગુજરાતીમાં પિંગલ ઉપરથી પીંગળું ઊતરી આવ્યો છે. વિશેષ નામ તરીકે પ્રચલિત પિંગલ (છંદઃશાસ્ત્રકાર) પિંગલા (ભર્તૃહરિવાળી) વગેરે પણ આપણને વારસામાં મળેલા છે.

પિંગલ શબ્દનાં મૂળ સંસ્કૃતથી પણ ઘણાં પ્રાચીન છે. લૅટિન ભાષામાં પિંગરે (ધાતુ પિંગ) 'રંગવું' છે (જેના પરથી બનેલ ધાતુ પ્રેયન્ટ ફ્રેંચ મારફત અને નામ પિક્ચર સીધું, અંગ્રેજીમાં આવેલ છે.) સંસ્કૃતની એક ભગિની ભાષા-મધ્યમ એશિયાની તુષારી ભાષામાં પિક્, પેક 'લખવું,' 'રંગવું' મળે છે. તે જ પ્રમાણે પ્રાચીન મેસોપોટમિયાના દક્ષિણ પૂર્વમાં આવેલા નુઝી નગરમાંથી મળેલા દસ્તાવેજોમાં ઘોડાની જાતિઓનાં જે નામો આર્ય ભાષામાંથી લીધેલાં મળે છે તેમાં એક પિંકરુન્નુ છે, તે પિંગળો ઘોડો જ છે. આમ પિંગ, પિંગલનું ભારતયુરોપીય મૂળ સ્પષ્ટ છે.

હરિવલ્લભ ભાયાણી

નવાં પ્રકાશનો

ધીરુભાઈ પરીખ

સમ્પૂર્ણ ગાંધી વાઙ્મય-ખંડ ૬૧ : હિંદી ભાષામાં પ્રકટતા જતા ગાંધી સાહિત્યના આ ખંડમાં ૧૯૩૫ની ૨૫મી એપ્રિલથી ૩૦મી સપ્ટેમ્બર સુધીનો કાળખંડ આવરી લેવામાં આવ્યો છે. આ ગાળા દરમિયાન રાજકીય રીતે કોઈ મહત્ત્વના કાર્યક્રમો ચાલી રહ્યા નહોતા; તેથી આ ગ્રંથમાં આંદોલનની ઝલકને સ્થાને મુખ્યત્વે ગાંધીજીનાં ગ્રામસેવા, મજૂરોની સ્થિતિ, સ્વદેશીની પ્રવૃત્તિ, બ્રહ્મચર્ય, પાપપુણ્યવિવેક આદિ પરનાં વિચાર વલણો અભિવ્યક્ત થયાં છે, જે ગાંધીજીની નીડર અને નિખાલસ બુદ્ધિપ્રતિભાનાં દ્યોતક બની રહે છે. (પ્ર. પ્રકાશન વિભાગ, ભારત સરકાર, નવી દિલ્હી-૧; કાચું પૂઠું, પૃ. ૬૪૭, રૂ. ૭ ૫૭.)

ભૂલે બિસરે ક્રાન્તિકારી: ભારતની આઝાદી માટે જે અનેકોએ પોતાનું સર્વસ્વ કુરબાન કર્યું છે, તેમાંના ૧૯ યુવાન ક્રાંતિકારીઓનો સંક્ષિપ્ત જીવનપરિચય કરાવતા આ હિંદી પુસ્તકમાં તેના લેખકો સર્વશ્રી રામશરણ વિદ્યાર્થી અને મન્મથનાથ ગુપ્તે યુવા પેઢીને દેશ માટે કંઈક કરી છૂટવાનો ઉત્સાહ પૂરો પડી રહે તે રીતે ચરિત્રનાયકનાં શબ્દાલેખનો અહીં રજૂ કર્યાં છે. (પ્ર. ઉપર મુજબ, કાચું પૂઠું, પૃ. ૧૪૫, રૂ. ૩.)

વાગડ કે ભિત્તિચિત્ર : ચિત્રકલાના અધ્યાપક શ્રી રવીન્દ્ર ડી. પંડયાએ આ પુસ્તિકામાં ભીંતચિત્રોની થોડી સમજ રજૂ કર્યા બાદ વાગડનાં ભીંતચિત્રોનો સચિત્ર પરિચય કરાવ્યો છે. પુસ્તિકાને છેડે એ ચિત્રોમાંથી કેટલાક નમૂનાઓ પણ આર્ટ પેપર પર રજૂ કર્યા છે. (પ્ર. રાજસ્થાની રત્નાકર, માણેકચોક, ડુંગરપુર, રાજસ્થાન; કાચું પૂઠું, પૃ. ૪૦, રૂ. ૮.)

રામચરિત માનસ : ભક્ત કવિ તુલસીદાસ વિરચિત 'રામચરિત માનસે' ભારતમાં સર્વત્ર અને સર્વજનહૈયે હુલામણું સ્થાન પ્રાપ્ત કરેલું છે. તેમાંથી તેનો કથાતંતુ વણતૂટ રહે તેમ, અઢી હજાર જેટલા દોહા-ચોપાઈનો, ગુજરાતી ગદ્યાનુવાદ સરળ અને ભાવવાહી શૈલીમાં એ મહાકાવ્યના ચિર-અભ્યાસી શ્રી રામનારાયણ ના. પાઠકે અહીં રજૂ કર્યો છે ત્યારે સાધારણ ભણેલાઓને માટે પણ આ ગ્રંથ આનંદદાયક થઈ રહેશે. એની સુંદર છપાઈ અને સુઘડતા પણ ધ્યાનાર્હ બની રહે છે. (પ્રકા. અનુવાદક પોતે જ. શબરીવાડી, વાલુકડ, તા. ઘોઘા, જિ. ભાવનગર; પાકું પૂઠું, પૃ. ૪૨૮, રૂ. ૨૫)

સરસ્વતીચંદ્રનો મહિમા તેની પાત્રસૃષ્ટિમાં: ગુજરાતી સાહિત્યના મૂર્ધન્ય સર્જક ગોવર્ધનરામ ત્રિપાઠીની એ પ્રશિષ્ટ કૃતિના ઊંડા અભ્યાસી અને વિદ્વાન વિવેચક શ્રી રસિકલાલ છો. પરીખે ગુજરાત વિદ્યાસભા યોજિત વિદ્યાબહેન સ્મારક વ્યાખ્યાનમાળામાં આપેલાં છ વ્યાખ્યાનો આ ગ્રંથમાં સંગૃહીત થયાં છે. તેમાં વ્યાખ્યાતાએ 'સરસ્વતીચંદ્ર' નવલકથાનો પાત્રસૃષ્ટિગત મહિમા ચર્ચવાનો અભ્યાસનિષ્ઠ પ્રયાસ કર્યો છે, જે તે કૃતિ પરની એમની પકડનો દ્યોતક છે. અભ્યાસીઓને આ ગ્રંથ ઉપયોગી થઈ પડશે એટલું જ નહિ, પણ આપણા સાહિત્યમાં 'સરસ્વતીચંદ્ર' વિષયક વિવેચનગ્રંથોમાં એકનો બહુમૂલ્ય ઉમેરો થશે. (પ્ર. ગુજરાત વિદ્યાસભા, ભદ્ર, અમદાવાદ-૧; કાચુ પૂઠું, પૃ. ૩૦૦, કિ. રૂ. ૨૦; શિક્ષકો અને વિદ્યાર્થીઓ માટે કિ. રૂ. ૧૨)

અંતરનાં ઝરણાં-ભાગ ૧, ૨ : 'સંદેશ' દૈનિકમાં પ્રસ્તુત શીર્ષકથી પ્રકટ થતી રહેલી પત્રમાળાના આ બે સંચયમાં તેના લેખક શ્રી વત્સલ વસાણીએ માનવ-હૃદયની સનાતન સ્નેહલાગણીને, નિમિત્ત-સ્વાતિનાં કાલ્પનિક પાત્રો લઈ, તેમના પરસ્પરના પત્રો દ્વારા સરળતાથી અને સહાનુભૂતિથી અભિવ્યક્ત કરી છે તેમાં યુવાન લેખકનો ઉત્સાહ. આદર્શપ્રિયતા, સૂઝ અને સજ્જતા છતાં થયા વગર રહ્યાં નથી. છાપાનું લખાણ હોવા છતાંય તે છેક જ છાપાળવી ગદ્યરીતિ ને કથનશૈલીથી બચી શક્યું જણાય છે. (પ્ર. અભિરુચિ પ્રકાશન, ૨૧૧-એ, સ્પેક્ટ્રમ, બીજો માળ, રિલીફ સિનેમા પાસે, સલાપસ રોડ, અમદાવાદ-૧; પાકું પૂઠું, પૃ. ૧૬૦ પ્રત્યેક ભાગના; કિ. રૂ. ૧૨-૫૦ પ્રત્યેક ભાગની.)

સ્વાધ્યાય-સ્મૃતિ : અમદાવાદના કેટલાક નિવૃત્તિજનો સત્સંગમાં સમય ગાળે છે. તેને સ્વાધ્યાય મંડળ નામ આપી, તે મંડળમાં તેના એક વિદ્વાન વયોવૃદ્ધ સભ્ય કાલિદાસભાઈ દવેએ આપેલાં ગીતા, ઉપનિષદો વગેરે ગ્રંથો પરનાં મનનીય પ્રવચનોનો આ સંગ્રહ જિજ્ઞાસુઓને વાંચવો ગમશે. (પ્ર. સ્વાધ્યાય મંડળ, ખડાયતા કૉલોની, અમદાવાદ-૬; પાકું પૂઠું, પૃ. ૧૭૬, રૂ. ૧૦.)

સર્જનશીલતા અને તેનો શૈક્ષણિક ફલિતાર્થ : સર્જકતાનો પ્રશ્ન જેમ કળાઓના ક્ષેત્રમાં આદિથી પુછાતો રહ્યો છે તેમ શિક્ષણના ક્ષેત્રમાં એ વણસ્પર્શ્યો રહ્યો છે, જેને આમાં તેના લેખક ડૉ. શાસ્ત્રી જયેન્દ્ર દવેએ વિધવિધ કોણથી તપાસવાનો પરિશ્રમ લીધો જણાય છે, અને શિક્ષણ પણ સર્જનશીલ પ્રવૃત્તિ હોઈ શકે તે સુપેરે બતાવવાનો ઉત્સાહ દાખવ્યો છે. (પ્ર. બાલગોવિંદ પ્રકાશન, ગાંધી માર્ગ, અમદાવાદ-૧, કાચું પૂઠું પૃ. ૭૦, રૂ. ૪ ૨૫.)

તદ્ભવ : જાણીતા કવિ-વિવેચક શ્રી હસિત બૂચના આ વિવેચનસંગ્રહમાં 'સાહિત્ય, સમાજ અને વ્યક્તિ', નવલકથા, ટૂંકી વાર્તા, નળાખ્યાન, ઈન્દુકુમાર-૧ આદિ સ્વરૂપ વિષયક તેમ જ કૃતિ વિષયક અને અન્ય સર્જક વિષયક લેખો સમાવવામાં આવ્યા છે. (પ્ર. ઉપર મુજબ, પાકું પૂઠું, પૃ. ૨૨૮, રૂ. ૧૫.)

ગુજરાતી સાહિત્ય : ગુજરાતી સાહિ-

ત્મનું શ્રી ગુલાબદાસ બ્રોકરે કરાવેલું એક વિહંગાવલોકન. (પ્ર. ઉપર મુજબ, પાકું પૂઠું, પૃ. ૧૦૨, કિ. રૂ. ૫.

કચ્છી ધાતુકોશ : કચ્છી ભાષાનો આ ધાતુકોશ તેના સંપાદક-સર્જક શ્રી પ્રતાપરાય મોદીના અથાક શ્રમ અને ઝીણી સમજનું પરિણામ છે. કચ્છી ભાષાના વ્યાકરણનું આ કદાચ પ્રથમ પુસ્તક કચ્છી ભાષાનું, પ્રજાનું અને લેખકનું ગૌરવ છે. ગુજરાતી ભાષાના અભ્યાસીઓને પણ આ પુસ્તક રસપ્રદ થઈ પડશે. (પ્ર. પોતે જ, હવેલી ચોક, માંડવી (કચ્છ); કાચું પૂઠું, પૃ. ૮૮, રૂ. ૫)

ખગોળ ખૂંદીએ—રેડિયો તરંગે : આજના વિકસતા વિજ્ઞાનયુગમાં સામાન્ય પ્રજાને પણ વિજ્ઞાનની અવનવી બાબતોમાં રસ પડે અને જિજ્ઞાસા જાગે તે સ્વાભાવિક છે. 'વિજ્ઞાન-પરિચય શ્રેણી'ના સાતમા પુસ્તક તરીકે પ્રકટ થએલી આ પુસ્તિકામાં રેડિયો તરંગ વિષે શ્રી પરેશ ર. વૈદ્યે સરળ ભાષામાં, અનેક આકૃતિઓ સહિત, ખૂબ જ ઉપયોગી ને રસપ્રદ માહિતી પૂરી પાડી છે. (પ્ર. સોમૈયા પબ્લિકેશન પ્રા. લિ., મુંબાઈ મરાઠી ગ્રંથસંગ્રહાલય માર્ગ, દાદર, મુંબાઈ–૧૪; કાચું પૂઠું, પૃ. ૪૮, રૂ. ૩-૭૫)

વનસ્પતિજગત : યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ પ્રયોજિત 'કિશોર ભારતી ગ્રંથમાળા'ના ચોથા પુસ્તક તરીકે પ્રકટ થએલી, અનેક આકૃતિઓ અને સરળ લખાવટવાળી આ પુસ્તિકામાં તજ્જ્ઞ શ્રી ઈસ્માઈલભાઈ નાગોરીએ વનસ્પતિ-જગતનું શ્રદ્ધેય જ્ઞાન વિદ્યાર્થીઓને મળી રહે તેમ રજૂ કર્યું છે. (પ્ર. ઉપર મુજબ; કાચું પૂઠું, પૃ. ૭૨, રૂ. ૯-૭૫.)

કાલિન્દી : કીમતી કાગળો પર સુંદર છપાઈવાળો, નવીન અભિવ્યક્તિ સાધવા પ્રયત્ન કરતા શ્રી જનક નાયકનાં ગદ્યકાવ્યોનો સંગ્રહ. (પ્રાપ્તિસ્થાન; સાહિત્યસંગમ, ગોપીપુરા, સૂરત-૧; કાચું પૂઠું, પૃ. ૫૬, રૂ. ૧૨.)

જગજીવનદાસ દયાળજી મોદી શતાબ્દી સ્મારક ગ્રન્થ : પંડિત યુગના છેલ્લા સાક્ષર જગજીવનદાસ મોદીની ગદ્યપદ્યકાર તરીકેની તથા વ્યક્તિત્વનાં વિવિધ પાસાંઓની મૂલવણી કરતા આ ગ્રંથમાં ગ્રંથનાયકનું ટૂંકું ચરિત્ર તથા તેમના લેખો અને કાવ્યો આપવામાં આવ્યાં છે. સાહિત્યના અભ્યાસીઓને માટે ઉપયોગી ગ્રંથ. (પ્ર. પ્રેમાનંદ સાહિત્ય સભા, વડોદરા; પાકું પૂઠું પૃ. ૧૬૨, રૂ. ૫.)

ઉત્તર-અપભ્રંશનો સાહિત્યવિકાસ : ગુજરાતી વિષયમાં પીએચ. ડી.ની ઉપાધિ માટે તૈયાર કરેલો શ્રી વિદ્યાત્રીબેન વોરાનો મહાનિબંધ આ રીતે પુસ્તકાકારે પ્રકટ

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનનાં ઉપાસકોના ઉત્તરો : ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**



શાંતિલાલ તોલાટ

જન્મ : ૩૧-૭-૧૯૦૪, સૂરત. ડૉ. હરિ મહાદેવ ભડકમકર પારિતોષિક અને ચંદ્રક જીતી સંસ્કૃતના સિનીઅર ફેલો. ઈ. ૧૯૨૭થી વિખ્યાત સામયિક 'સુવર્ણમાળા'ના સંપાદનમાં જોડાઈ એમણે પત્રકારત્વ અને મુદ્રણક્ષેત્રમાં પ્રવેશ કર્યો. ત્યાંના તથા તે પછી ગવર્નમેન્ટ સેન્ટ્રલ પ્રેસ, અખિલ ભારત પ્રિન્ટર્સ લિમિ., ભારતીય વિદ્યાભવન વગેરેમાં બહોળો અનુભવ પામ્યા છે. 'સુવર્ણમાળા' 'સમર્પણ', 'ઇન્ડિયન : સિને જર્નલ'માં સંપાદન કરવા ઉપરાંત, 'કલ્પનાની મૂર્તિઓ', 'જીવનનાં પ્રતિબિંબ', 'ભોગીન્દ્રરાવ દીવેટીઆ : જીવન, સમય અને સાહિત્ય', અને અપ્ર... 'વનલીલા' ને 'સંધ્યાને આરે'ના તથા અનેક અંગ્રેજી-ગુજરાતી લેખોના લેખક.

૧. સ્વ. મુનશીજી સાથે આપ લાંબો સમય સંકળાએલા હતા. એમના વ્યક્તિત્વની વિશિષ્ટતા શી હતી?

ઉ. સંવેદનશીલતા, સહૃદયતા, બુદ્ધિકૌશલ, વાક્ચાતુર્ય, વિનોદવૃત્તિ, વિશિષ્ટ વ્યવસ્થા-સૂઝ, રસિકતા અને ઉલ્લાસ એ એમના અતિ ઝળકમય જીવનનાં મુખ્ય પાસાં હતાં. રાજાજીએ એમને યથાર્થ રીતે 'હ્યુમન ડાયનૅમો' કહ્યા છે.

૨. મુનશીએ સ્થાપેલી બે મહત્ત્વની ગ્રંથશ્રેણી 'ભારતીય પ્રજાના ઇતિહાસ અને સંસ્કૃતિ' તથા ભવનની 'ગ્રંથ વિદ્યાપીઠ'ના આયોજન વિષે કંઈ કહેશો?

ઉ. વિદેશીઓના હાથે લખાએલા આપણા દેશના ઇતિહાસની અનેક અસંગતતાઓ, ને એકપક્ષીયતા દ્વારા ફેલાતા ભ્રમને દૂર કરવા ભારતીઓએ જ લખેલા ગ્રંથો દ્વારા આપણાં ઇતિહાસ અને સંસ્કૃતિનું ખરું દર્શન કરાવવા ઈ. ૧૯૪૪માં એમણે વિચારેલી તે યોજના ૧૯૫૧માં મૂર્ત સ્વરૂપ પામ્યું. તે પછીના અઢી દાયકામાં 'ભારતીય પ્રજાનાં ઇતિહાસ ને સંસ્કૃતિ'ના ૧૧ ગ્રંથોનું પ્રકાશન એક વિરલ સિદ્ધિ છે. ભવનની 'બુક યુનિવર્સિટી'ની ગ્રંથશ્રેણી સસ્તા ભાવે યુનિ૰ કક્ષાનું ઉચ્ચ ને સાત્ત્વિક સાહિત્ય આપતી શ્રેણી છે. દેશ-વિદેશના ખ્યાતનામ લેખકો, ચિંતકો ને તત્ત્વજ્ઞાનીઓએ લખેલાં ૩૦૦ ઉપરાંત પુસ્તકોની એની લગભગ ૭૦ લાખ નકલો છપાઈ છે.

૩. મુદ્રણક્ષેત્રના દીર્ઘ અનુભવ પછી આપણા એ ક્ષેત્રના વિકાસ અંગે આપ શું ધારો છો?

ઉ. છેલ્લાં પચ્ચીસેક વર્ષમાં આપણે એ ક્ષેત્રે ઘણો સારો વિકાસ સાધ્યો છે. 'ઑફસેટ' મુદ્રણના આગમનથી મુદ્રણની મોટી માગ સંતોષવા સરળ બની છે. અનેકવિધ સામયિકો પ્રકટ થવા શક્ય બન્યાં છે, અને એની ચિત્રાત્મકતા ને બહુરંગીતામાં વૃદ્ધિ થઈ છે.

૪. આપના પ્રિય લેખક, કવિ, પુસ્તક અને પાત્ર?

ઉ. લેખક તરીકે મુનશીજી, કવિ તરીકે 'કાન્ત', પુસ્તકમાં 'ગુજરાતનો નાથ' અને 'મંજરી'નું પાત્ર મને પ્રિય છે.

૫. અને અન્ય ભાષામાં?

ઉ. વિક્ટર હ્યુગો, ઑડેન, લા'મિઝરેબ્લ અને ઝાં વાલઝાં.

૬. આપના શૉખ, પ્રિય સ્થળ અને જીવનનો આદર્શ?

ઉ. શૉખ મોડી રાત સુધી વાચનનો—ઊંઘ આવે તો ચા પીને જાગરણ કરીને પણ; પ્રિય સ્થળ ચાણોદ કરનાળીનો નર્મદાતટ અને જીવનનો આદર્શ આત્મ ચીંધ્યાં ને ફરજ-ચીંધ્યાં કર્તવ્યો સન્નિષ્ઠાથી પાર ઉતારવાનો.

૭. 'ભારતીય વિદ્યાભવન'નો આદર્શ ને 'સમર્પણ'ના સંપાદન પાછળનું ધ્યેય શું છે?

ઉ. 'સત્યમ્, શિવમ્, સુંદરમ્' એ ભારતીય વિદ્યાભવનનો આદર્શ છે. એ આદર્શને અનુસરીને જીવનમાં આવતા પ્રત્યેક અવરોધો વળોટી ઉન્નતિ તરફ અભિમુખ થવામાં સહાયરૂપ બનવા માટે 'સમર્પણ'નું પ્રકાશન ભવને હાથ ધર્યું છે.

શાંતિલાલ તોલાટ

થાય છે ત્યારે વિદ્યાર્થીઓ અને અભ્યાસીઓને એ ઉપયોગી થઈ પડશે. પ્રસ્તુત પુસ્તકને 'અપભ્રંશનામકરણ અને એનો વિકાસ', 'પશ્ચિમ ભારતની વ્યાખ્યા', 'ઉત્તર અપભ્રંશની સાહિત્ય કૃતિઓ', 'કેટલાંક અપ્રસિદ્ધ પ્રકીર્ણ કાવ્યો' અને 'ઉપસંહાર' એમ પાંચ પ્રકરણમાં વહેંચી નાખવામાં આવ્યું છે, જેમાં લેખિકાનો અભ્યાસ, પરિશ્રમ અને સમજ અછતાં રહેતાં નથી. (પ્રકા. લેખિકા, ૮ હરિકૃપા સોસાએટી, અમદાવાદ-૭; પાકું પૂઠું, પૃ. ૨૦૭, કિંમત જણાવી નથી.)

નવા ગગનની નીચે: શ્રી ગુલાબદાસ બ્રોકરની અગાઉ 'કુમાર'માં પ્રકટ થએલી રોમાંચક પ્રવાસકથાનું આ પુનર્મુદ્રણ એની લોકપ્રિયતા પુરવાર કરી આપવા માટે પૂરતું છે. (પ્રાપ્તિસ્થાન: નવભારત સાહિત્ય મંદિર, રતનપોળ નાકા સામે, ગાંધીરોડ, અમદાવાદ-૧; પાકું પૂઠું, પૃ. ૪૨૩, રૂ. ૧૯–૫૦.)

ગ્રંથાલયે : ગ્રંથાલય અને ગ્રંથાલયશાસ્ત્ર વિષેનું સાહિત્ય આપણે ત્યાં નજીવું છે ત્યારે શ્રી નિપુણ ઈ. પંડયાના તદ્વિષયક અભ્યાસમૂલક લેખોનો આ લઘુ સંગ્રહ ગ્રંથપાલો અને ગ્રંથાલયશાસ્ત્રના વિદ્યાર્થીઓને ખૂબ જ ઉપયોગી થશે. (પ્રકા. ઉપર મુજબ; કાચું પૂઠું, પૃ. ૧૩૩, રૂ. ૭)

નવલકથા—કસબ અને કલા: શ્રી દીપક મહેતાના આ પુસ્તકમાં નવલકથાના ઉદ્ગમ ને સ્વરૂપની, વ્યાખ્યા, વિષય ને ઘટક તત્ત્વોની તથા ગુજરાતી નવલકથાની કેટલીક ચર્ચા કરવામાં આવી છે તે સાહિત્યના વિદ્યાર્થીઓને ઉપયોગી બનશે. છેલ્લે આપેલી નવલકથા વિષયક અંગ્રેજી, ગુજરાતી પુસ્તકોની વિસ્તૃત સંદર્ભસૂચિ એમાં ઉમેરો કરે છે. (પ્રકા. ઉપર મુજબ; પાકું પૂઠું, પૃ. ૧૨૮, રૂ. ૬–૫૦.)

પ્રો. બ. ક. ઠાકોરની દિનકી ભાગ ૨: સ્વ. પ્રો. બલવંતરાય ઠાકોર જેવા સમર્થ સાહિત્યકારની ૧૮૮૯થી ૧૯૦૦ સુધીનાં વર્ષોની (ઈ. ૧૮૯૬ના વર્ષને બાદ કરતાં) આ ડાયરી. નોંધો એમના વ્યક્તિત્વ, તે સમયના સાહિત્યિક સંદર્ભો અને ઇતર સંદર્ભો પર અદ્ભુત પ્રકાશ પાથરતી હોઈ સાહિત્યરસિકોને ખૂબ જ ઉપયોગી થઈ પડશે. (સંપા. શ્રી હર્ષદ ત્રિવેદી, પ્ર. ગુજરાતી વિભાગ, મ. સ. વડોદરા યુનિવર્સિટી, વડોદરા-૨; કાચું પૂઠું, પૃ. ૧૮૪, રૂ. ૬–૭૫.)

જોએલું અને જાણેલું: 'અખંડ આનંદ' માસિકમાં પ્રસ્તુત શીર્ષકથી ચાલતા વિભાગમાં જે પ્રેરક પ્રસંગો રજૂ થતા રહે છે તેમાંના કેટલાકનો આ સંચય સહુને વાંચવો ગમશે. (પ્ર. સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, ભદ્ર પાસે, અમદાવાદ-૧; કાચું પૂઠું, પૃ. ૧૫૨, રૂ. ૨–૫૦.)

ભગવાન મહાવીર સ્વામી: જાણીતા ચરિત્રલેખક શ્રી મુકુલભાઈ કલાર્થીએ આલેખેલું ભગવાન મહાવીરનું આ વિશદ અને વિગતપૂર્ણ ચરિત્ર નાનામોટા સૌ વાચકોને પ્રેરણાદાયી વાચન પૂરું પાડશે. (પ્ર. ઉપર મુજબ; કાચું પૂઠું, પૃ. ૧૧૨, રૂ. ૨.)

ભગવાન શ્રી સત્યદેવ: માનવજીવનમાં સત્યથી પરમ બીજું કોઈ સાધ્ય નથી. પુરાણો અને સંસારમાંથી આવા પ્રસંગોને ચૂંટીને પ્રેરણાદાયી ને સરળ રીતિએ અહીં એના સંપાદક શ્રી 'જયમંગલે' ગૂંથી આપ્યા છે (પ્ર. જયંતભાઈ ઠાકર, મંગલ મઢી, વિજય રોડ, વાંકાનેર-૩૬૩ ૬૨૧; કાચું, પૃ. ૮૨, કિંમત રાખી નથી.)

ગુપ્ત સમ્રાટો: ગુપ્તકાલીન સમ્રાટોનો ઐતિહાસિક સામગ્રીને આધારે અહીં શ્રદ્ધેય અને સંક્ષિપ્ત પરિચય આપવામાં આવ્યો છે તે ઇતિહાસના વિદ્યાર્થીઓને રસપ્રદ થઈ પડશે. (લેખક તથા પ્રકા. ડૉ. જયેશ એમ. શાહ, બી/૫૬૪, આચારવાડ, ભરૂચ; કાચું પૂઠું, પૃ. ૬૪, રૂ. ૧૨–૫૦.)

બાલઘડતરના પ્રેરક પ્રસંગો: બાળકોને જીવનઘડતરમાં સહાયભૂત થાય તેવા, વિવિધ મહાનુભાવોનાં જીવનમાંથી વિવિધ ગુણોને ઉપસાવતા પ્રેરક પ્રસંગો પસંદ કરીને બાળભોગ્ય શૈલીમાં આ પુસ્તકનાં લેખિકાઓ શ્રી કાન્તાબેન અને શ્રી હરવિલાસબેને ('હરિશ્ચંદ્ર'એ) રજૂ કર્યા છે. (યજ્ઞ પ્રકાશન, ભૂમિપુત્ર, હુઝરાતપાગા, વડોદરા-૧; કાચું પૂઠું, પૃ. ૬૮, રૂ. ૧–૫૦.)

કલાધર કૃષ્ણ: પુસ્તકકર્તા શ્રી પ્રતાપરાય ગોપાળજી ત્રિવેદીનો કચ્છી ભાષામાં રચાએલાં કાવ્યોનો સંગ્રહ. (પ્રકા. લેખક પોતે જ, માંડવી-કચ્છ; કાચું પૂઠું, પૃ. ૮૦, રૂ. ૨.)

યમુનાને પત્રો: યુવાન કન્યાઓને તેમના અંગત તેમજ સમાજજીવનમાં માર્ગદર્શક થઈ પડે તેવા શ્રી ગુણવંતીબહેન ગાંધીના આ રસાળ અને નિખાલસ પત્રો સ્ત્રીઓને ખૂબ જ ઉપયોગી બને તેવા છે. (પ્ર. શ્રી કોટ હિંદુ સ્ત્રી-મંડળ, જયાવતી પ્રાણલાલ ભવન, ૪૫, મોદી સ્ટ્રીટ, મુંબાઈ-૧; કાચું પૂઠું, પૃ. ૮૮, રૂ. ૩.)

મારા ગુરુના વાતો: વિવિધ સદ્ગુણો પર પોતે જેમને ગુરુ માન્યા હતા તેમના ઉપદેશોનો આ નાનકડો સંચય શ્રી મુકુન્દરાય વિ. પારાશર્યે તૈયાર કર્યો છે. (પ્રકા. પોતે જ, ૧૧૯૪ કૃષ્ણનગર, ભાવનગર; કાચું, પૃ. ૪૨, રૂ. ૧.)

સ્ત્રી-સંસારની સાચી સફળતા: લગ્ન અને સંસારજીવનને કેન્દ્રમાં રાખી સ્ત્રીઓ માટે ઉપયોગી વાચન પૂરું પાડતા શ્રી જેહાંગીર અરદેશર દેબુના પુસ્તકની આ છ બીજી આવૃત્તિ. (પ્રા. સ્થા. ૮/૭૬૪, દસ્તૂર વાડ, મોટા ફળિયા, નવસારી; કાચું પૂઠું, પૃ. ૧૧૨, રૂ. ૪.)

આપણું આરોગ્ય: 'પહેલું સુખ તે જાતે નર્યા' કહેવત પ્રમાણે આપણા રોજિંદા જીવનમાં આરોગ્ય જાળવવા શું શું કરવું જોઈએ તે તબીબી બાબતોને અહીં સર્વભોગ્ય રીતે રજૂ કરી છે શ્રી ચિનુભાઈ ગી. શાહે. (પ્ર. સ્વસ્થ માનવ, ૧૩૫૭/૩, સલાપસ રોડ, અમદાવાદ ૧; કાચું પૂઠું, પૃ. ૧૧૪, રૂ ૫.)

આ[illegible]નાં ઔષધો: 'કુમાર'માં 'રોગોપચાર' વિષયક આવતી માહિતીપ્રદ લેખમાળાના લેખક વૈદ્ય નવીનભાઈ ઓઝાએ આ પુસ્તકમાં આપણી આસપાસથી મળી આવતાં સામાન્ય છતાં મહામૂલાં ૧૧૫ ઔષધોનો અહીં સચિત્ર પરિચય કરાવ્યો છે તે સહુ વાચકોને ઉપયોગી થઈ પડશે. (પ્ર. જન-આરોગ્ય પ્રકાશન, સ્વામીનારાયણ મંદિર પાસે, વાડી, વડોદરા-૧; પાકું પૂઠું, પૃ. ૨૫૬, રૂ ૧૦.)

હિમાગિરિનાં યોગી: ભારત આધ્યાત્મિક રહસ્યોની ખોજભૂમિ છે, અને તેના આકર્ષાઈ પૉલ બ્રન્ટન જેવા વિદેશી હિમાલયમાં જઇને વસ્યા હતા. ત્યાં એમને જે આધ્યાત્મિક અનુભવો થયા તે તેમણે અંગ્રેજીમાં 'અ હર્મિટ ઇન ધ હિમાલયઝ' નામક અંગ્રેજી પુસ્તકમાં સુવાચ્યરીતે આલેખ્યા છે, જેનો સરળ ગુજરાતી અનુવાદ શ્રી 'યોગેશ્વરે' અહીં આપ્યો છે તે અધ્યાત્મના જિજ્ઞાસુઓને રસપ્રદ વાચન પૂરું પાડશે. (પ્ર. વોરા ઍન્ડ કંપની, ૩, રાઉન્ડ બિલ્ડિંગ, કાલબાદેવી રોડ, મુંબાઈ ૨; પાકું પૂઠું, પૃ. ૧૮૦, રૂ. ૯.)

ગિજુભાઈની બાળવાર્તાઓ-ભાગ ૧ થી ૮: આજીવન શિક્ષકધર્મ જેમણે બજાવ્યો છે તે બાળસાહિત્યના સુપ્રસિદ્ધ લેખક સ્વ. ગિજુભાઈની કલાત્મકરીતે કહેવાએલી સુંદર અને સદ્બોધગર્ભ બાળવાર્તાઓ આ ૮ ભાગોમાં મોટા અક્ષરની, સચિત્ર અને સુઘડ છપાઈમાં રજૂઆત પામી છે તે બાળકોને વાંચવી અને જોવી પણ ગમશે જ. (પ્ર. આર. આર. શેઠની કંપની, ગાંધીરોડ, અમદાવાદ-૧; પ્રત્યેકનું કાચું પૂઠું, પ્રત્યેકનાં પૃ. ૩૨, ભાગ ૨ ને ૬ના રૂ. ૨–૫૦, બાકીના પ્રત્યેક ભા. રૂ. ૨.)

ભાષા-ભૂર

હમણાં એક સ્થળે વાંચ્યું: 'પરપોટાની ચામડી (ખરી રીતે 'પડ' જોઈએ) આપણા વાળ કરતાં દસ હજાર ગણી પાતળી હોય છે' આ એક અતિ સામાન્ય ભૂલ છે. 'ગણું' એટલે 'ગુણ્યા'ના અર્થમાં 'જાડું' અથવા 'વધારે' કહેવાના અર્થમાં વપરાય. અહીં એમને 'પાતળા' અથવા 'ઓછા'નો ભાવ અભિપ્રેત છે, એટલે એ વાક્ય આમ જોઈએ: 'પરપોટાનું પડ આપણા વાળ કરતાં દસ હજારમા ભાગનું પાતળું હોય છે'

કલાવાર્તા

મોઝેઇક—જરા જુદી રીતે

પાછલા બે અંકોમાં આપણે શ્રી શાંતિ શાહનાં મોઝેઈકનાં ભીંતશોભનો જોયાં. વિવિધ રંગની ગ્લેઝ્ડ ટાઈલ્સની કપચીઓ ચોડીને કરાતા એ કામમાં, એ માધ્યમની મર્યાદાઓ લક્ષમાં રાખીને કરાતું ચિત્રસર્જન કલાદૃષ્ટિ ઉપરાંત કેટલુંક કૌશલ પણ માગી લે છે. આ માધ્યમની એક મોટી મર્યાદા એ છે કે એના વડે બહુ નાના કદનું વિગતસભર ચિત્રસર્જન મુશ્કેલ છે. કારણ એમાં એટલી ઝીણી કપચીઓ પાડવી શક્ય નથી. પણ આ મર્યાદાનો એક ઉકેલ વડોદરાના કલાકાર એસ. એમ. વાઘેલાએ શોધી કાઢ્યો છે. બગડી ગએલા વીજળીના ગોળાને તોડી તેના ઝીણા ઝીણા પારદર્શક ટુકડાઓને અંદરની બાજુએથી જોઈતા રંગે રંગીને પછી એને ચોડીને તેઓ પોતાનાં મોઝેઈક ચિત્રો બનાવે છે. કાચની કરચોના નાના કદ ને પારદર્શિકતાને લીધે એની પાછળ જોઈતી રંગઝાંય મૂકવાની સગવડથી નાના કદના ચિત્રમાં પણ ઘણી વિગતો મૂકી શકાય છે, અને આ રીતે તૈયાર કરેલા મોઝેઈકની ચમક કૃતિને એક અનેરો ઝળહળાટ આપે છે. કલા અને કૌશલના સમન્વયથી સર્જાતાં મોઝેઈકમાં આંખ અને બુદ્ધિ બંનેને આકર્ષતો એક આગવો પ્રભાવ પ્રકટ થાય છે.

આ બંને કલાકારો—શાંતિ શાહ ને એસ. એમ. વાઘેલાએ પોતાની આ કળા હમણાં અમેરિકામાં પણ રજૂ કરી હતી. બંનેની કૃતિઓને ત્યાં સારો આવકાર સાંપડેલો. રંગીન કાગળના ઝીણાઝીણા ટુકડા ચોડીને ચિત્ર બનાવવાના કલાપ્રયોગો તો ત્યાંની શાળાઓમાં પણ અજાણ્યા નહિ હોય, પરંતુ ચિત્રસર્જનમાં એને માધ્યમ તરીકે સ્વીકારવાના આ બંને જણના પ્રયાસોએ ત્યાંનાં કલાવર્તુલોમાં સારું એવું કુતૂહલ પ્રકટાવ્યું હતું. સ્વાભાવિક છે કે ત્યાંના પ્રયોગશીલ વ્યાવસાયિક કલાકારોને આ માધ્યમના નવતર પ્રયોગોની અજમાયશ માટે પ્રેરણા પણ મળી હોય. રંગના માધ્યમ વડે ચીતરાએલા ભારતીય ચિત્રવિષયો અને પૂર્વની ચિત્રશૈલીથી પરિચિત અમેરિકન કલાવર્તુળોમાં આ મોઝેઈક કૃતિઓને અખબારો ને ટેલિવિઝન વગેરે દ્વારા મળેલી પ્રસિદ્ધિ તથા પ્રદર્શન જોવા માટે આવેલા કલારસિકોની વધુકી સંખ્યા પરથી એણે જગાવેલા આકર્ષણનો સહેજે અંદાજ મળી રહે છે. અહીં એસ. એમ. વાઘેલાનાં મોઝેઈક ચિત્રોની વાનગી રજૂ કરી છે.







મથાળે ડાબી બાજુ: અમેરિકામા પોતાનાં મોઝેઈક ચિત્રોનાં ચારમાંના એક પ્રદર્શનમાં ન્યૂ યૉર્કનાં ખ્યાત બૅલે ડાન્સર મિસ મિશેલ રોઝા તથા ભારતના સુપ્રસિદ્ધ કલાકાર એન. એસ. બેન્દ્રે સાથે (વચ્ચે ઊભેલા) એસ. એમ. વાઘેલા. પાછળ એમનું એક મોઝેઈક ચિત્ર 'ગણેશ' દેખાય છે. જમણી બાજુ: સ્વ. કેનેડી. ઘણી નાની કરચોને કારણે આ પ્રકારની મોઝેઈક છબિમાં આબેહૂબતાની શક્યતા વધુ રહે છે. ઉપર: ગોઝારી ૩૦મી જાન્યુઆરી. ગાંધીજીની હત્યાને ચિત્રબદ્ધ કરતું મોઝેઈક.

ઉત્તર ભારતીય રંગાટીકામ અને છપાઈકલાનું એક અધ્યયન

'રંગે એવં છપે વસ્ત્ર'

ઓગણીસમી સદીની આખરમાં બનારસના કવિ રસસિન્ધુએ લખેલી 'જમુના તરંગિની'માં યમુના અને એની સખીઓનાં વસ્ત્રોનું વર્ણન છે જેમાં એણે કેટકેટલા રંગોનો ઉલ્લેખ કર્યો છે!

કવિત

સારી હે સિધૂરી રંગ ચન્દની અંગૂરી બેસ,
બૈંગની કરોંદી ફ કતાઈ ફાલસી ભી હૈં;
કહે રસસિન્ધુ અરગજી કકરેજી ન્યારી,
સેબકી બસંતી સફતાલૂ સુરમઈ હૈં.

ચૂનરી પિરોજી ઔ અંબીરી હૂ નારંગી ચાસ,
ભગુઆ કુસુંભી સુવાપંખી નીબુવાઈ હૈં;
પહિર કે કિરમચી પાનીપત લાખી ફેર,
જમુના કે સંગ સખી સ્યામ પાસ આઈ હૈં.

લાલ ખસખસી કારી પીરી હરી રંગ સારી,
હાસની બદામી ધાની સોસની હવાસી હૈ;
કહે રસસિન્ધુ આબી કેસરી ગુલાબી ઉદી,
પ્યાજી સરબતી નીલી કોકઈ કપસી હૈ.

ગુલેનાર ખાખી સિંગરફી આસમાની તૂસી,
ગંધકી કપૂરી કાહી ઔર ગુલેબાસી હૈ,
પહિરે ચમ્પઈ ચારુ સંદલી જંગાલી, બેશ,
સ્યામ પાસ આઈ સખી જમુના હુલાસી હૈ.

આવાં તો બીજાં અનેક ઉદાહરણો અને ઐતિહાસિક સંદર્ભોમાંથી સંખ્યાબંધ રંગનામ તારવી શકાય.

ભારતીય પ્રજાજીવનમાં વસ્ત્રપરિધાનનું મહત્ત્વનું સ્થાન રહ્યું છે. છેક વેદકાળથી એના વિષે જાણવા મળે છે, પણ કલા દૃષ્ટિએ એનું અલગ ને ઊંડું અધ્યયન બહુ ઓછાએ કર્યું છે. આવી સ્થિતિમાં ડૉ. દેવકી અહિવાસીએ આ વિષય પર શોધ-પ્રબંધ લખવાનું જે પ્રશંસનીય કાર્ય કર્યું છે તેની એક ઉત્તમ વાનગી રૂપે એમણે એમાંનો કેટલોક અંશ 'રંગે એવં છપે વસ્ત્ર' (હિન્દી ભાષામાં) નાનકડા સચિત્ર પુસ્તક રૂપે પ્રકટ કર્યો છે.

સુતરાઉ વસ્ત્રો ભારતીય હવામાન માટે સર્વોધિક અનુકૂળ છે. આ કાપડનું રંગકામ અને એના પરની વિધવિધ ભાતની છપાઈ એ ભારતનું સદીઓ જૂનું અને પૂર્ણ વિકસિત કલાકૌશલ હતું. છેક સિંધુ ઘાટીનાં ઉત્ખનનોથી પ્રાપ્ત આ કલાકારીગરીના નમૂનાઓ એની પ્રાચીનતાના પુરાવા છે. બૌદ્ધ ને સંસ્કૃત સાહિત્યમાંથી પણ એવી સંખ્યાબંધ નોંધો મળી રહે છે. ઋતુ, વારતહેવાર, ઉત્સવ કે માંગલિક પ્રસંગોને અનુરૂપ તથા દેહના વર્ણની સાથે મળે તેવાં વસ્ત્રોની પસંદગીને પૂરતી મોકળાશ મળી રહે એટલું મબલખ વૈવિધ્ય તેમાં રહ્યું છે. ભારત બહારના સાહિત્યમાં પણ હિંદી વસ્ત્રોના અનેક ઉલ્લેખો મળે છે. અહીંના રંગાટીકામ અને વિવિધ ભાત વિષે પણ ઘણું લખાયું છે. તેરમી સદીમાં માર્કોપોલોએ પણ અહીંની વસ્ત્રકલાની નોંધ લીધી છે. 'નુસ્ખસુલાસતુલ મજરૈબાત'માં કાપડને રંગ ચડાવવાના ૭૭ જેટલા ભારતીય નુસખા આપ્યા છે ને ૪૮ જાતના રંગની બનાવટ કરી છે!


હળદર, પારિજાતક, કુસુમ, કેસૂડાં, લોધ્ર વગેરે વનસ્પતિ કે તેનાં ફૂલમાંથી વિવિધગ્રાંયનાં પીળા રંગ; કુસુમ, મજીઠ, ગેરુ, આમલી, લીંબુ વગેરે સાથે ફટકડી, ચૂનો ઇત્યાદિના સંયોગથી લાલ રંગ; ને ગળી વગેરેમાંથી વાદળી જેવા મૂળ રંગો તથા એનાં વિવિધ મિશ્રણોથી જે સંખ્યાબંધ રંગો આપણે ત્યાં રંગરેજો તૈયાર કરતા હતા એ રંગોની યાદી પણ ચકિત કરી દે એટલી લાંબી છે. (લેખિકાએ ૨૧૫ જેટલાં નામ તો આપ્યાં છે!) આંબળાં, બહેડાં, બાવળ, ચંદન, ભિલામા, સાલ, મેંદી, આમલી, જાંબુ, તુલસી, ચપા, દાડમ, કચનાર, તૂન, કપૂરકાચલી, આમચૂર, કાથો, લાખ વગેરે સાથે ફટકડી, સુલતાની માટી અને વિવિધ ક્ષારોનાં મિશ્રણથી બનતા એ બધા રંગોના વૈવિધ્ય પરથી અહીંના રંગરેજોએ પોતાનું કૌશલ કેટલું વિકસાવ્યું હશે તેનો ખયાલ આવી શકે છે. આજે તૈયાર મળતા રાસાયણિક રંગો, યાંત્રિક વણાટ અને છપાઈ અને કલાત્મકતા અંગેના ખયાલોની અસરને કારણે આપણું આ અસલ કલાકૌશલ લગભગ વિસરાઈ ગયું છે, છતાં હજી યે અસલ ભારતીય રંગઝાંય ને રંગભેળ તથા ભાત ઉપર પરદેશીઓ ફિદા થઈ જાય છે. વસ્ત્રવૈવિધ્ય જેટલું આપણે ત્યાં છે એટલું દુનિયાભરમાં ક્યાંયે નથી. અરે, ગામના ચોટાચકલામાં થોડી વાર ઊભા રહીને જુઓ તો ત્યાંથી પસાર થતી સંખ્યાબંધ સ્ત્રીઓમાંથી કોઈ પણ બે સ્ત્રીનાં વસ્ત્રોમાં એકસરખી રંગભાત જોવા નહિ મળે! રંગોની વિવિધતા, એનું ચટકીલાપણું ને 'ફાટે પણ ફીટે નહિ' એવી સદાબહાર રંગભાત એ અસલ ભારતીય રંગાટકળાનું વૈશિષ્ટ્ય રહ્યું છે.

એટલું જ સમૃદ્ધ વૈવિધ્ય છે ભારતીય વસ્ત્રો પર છપાતી છાપમાં. આલંકારિક ભાતોનો જે વિશાળ ભંડાર ઉત્તર ભારતીય છીંટોમાં જોવા મળે છે એ આશ્ચર્યજનક છે. એમાં અધિકતર સંયોજનો વનસ્પતિઓના પ્રાકૃતિક આકારો પર આધારિત છે. પણ એ યે જે છે તે મૂળ સ્વરૂપે નહિ, પરંતુ હિંદી કારીગરોએ એની લાક્ષણિકતા જાળવી રાખીને એને કલામય મરોડ આપીને રજૂ કરી છે. ફૂલ–પાન–પત્તીનાં વિવિધ સંયોજનો ને ગોળ, બદામ, કેરી, કલગી વગેરે જેવા આકારોમાં એનાં વૈવિધ્યપ્રચુર સંયોજનોમાં તેઓએ કાંટાળી વનસ્પતિને યે કલાત્મક બનાવીને મૂકી છે. ગુજરાત–રાજસ્થાનની ભાતોમાં મૂળ વનસ્પતિ કરતાં યે વધુ સુકુમારતા પ્રકટ થાય છે, તો સાંગાનેરી છીંટની ભાતમાં કાંટાળી વનસ્પતિની કલાત્મકતા. પણ ગુજરાત-રાજસ્થાન જ નહિ ઉત્તર ભારતમાં અનેક સ્થળે આ રંગાટ-છપાઈનો પ્રસાર હતો, અને પોતાપોતાની આગવી વિશિષ્ટતાથી એ બધાં સ્થાનો ખ્યાત હતાં. ગુજરાતનાં ચૂંદડી, પોમચા, ઘરચોળાં, ઘાટપોત, પટોળાં, બાંધણી, છાયલ, ચંદરવા; રાજસ્થાનનાં લહેરિયાં, ચાદરો, રૂમાલ, છીંટ, દુપટ્ટા, બાંધણી, સાફા; ઉત્તર પ્રદેશમાં પર્દા, છીંટ, ચાદરો વગેરે અને એ જ રીતે મધ્યપ્રદેશ, પંજાબ, કાશ્મીર વગેરે પ્રદેશોની આગવી રંગભાતવાળું કાપડ સુખ્યાત હતું.


જેમ રંગમાં તેમ ભાતમાં પણ પ્રાદેશિક લાક્ષણિકતાઓ જોવા મળતી. એની છપાઈમાં સોના ચાંદીના વરખનો પણ ઉપયોગ થતો. અલકા, ઈલાયચી, બિચ્છુ, લટકન, સિંહબાલ, કેરી, રૈવડી, ખરબૂજા, લાડુ, માખી, પતાસી, ગુલાબ, મુકુટ, પાન, બિજોરા, કટાર, ચૌબગલા ઝાડ ફૂલ, પંચડોઢી, મિંડકા એમ આકારભેદે અનેક નામે ઓળખાતી બુટ્ટીઓ ને બેલપત્ર. કલમફૂલ, નીમપત્તી, અંગૂર, સુગ્ગા વગેરે સંખ્યાબંધ નામની વેલની ભાતો પ્રચલિત હતી. આવી ૧૯૬ જેટલી ભાત ૨૭ પાનાં ભરીને આ પુસ્તકમાં આપી છે. ઉત્તર ભારતીય રંગાટકામ અને છપાઈકલાના આ અધ્યયનમાં આ વિષયની પ્રાથમિક 'ભૂમિકા', 'રંગાઈકલા'નો ઇતિહાસ અને વિકાસ તથા રંગના પ્રકારો, 'બંધેજ યા બાંધણી'ના પ્રકાર અને તેની પ્રાદેશિક લાક્ષણિકતાનો પરિચય તથા 'છપે ઔર ચિત્રિત વસ્ત્ર'નો ઇતિહાસ ને એના પ્રકાર તથા તેના પરની વિવિધ ભાત અને આ કલાકૌશલનાં વિશિષ્ટ કેન્દ્રોનો પરિચય આ પુસ્તકમાં છે. સાથેનાં પરિશિષ્ટો તથા આ વિષયની માહિતી આપતાં પુસ્તકોની ગ્રંથસૂચિ આ વિષયના અભ્યાસીઓને ઉપયોગી બની રહે તેમ છે. (લેખિકા–પ્રકાશક: ડૉ. દેવકી અહિવાસી, ભારત કલાભવન, બનારસ હિંદુ યુનિવર્સિટી, વારાણસી ૫, કાચું પૂઠું, પૃ. ૪૨+૨+૫+૨૭=૭૬; કિં. ૨૦ રૂપિયા.)



ગ્રેઈટ બ્રિટનની કેટલીક બૅન્કોની કલાત્મક ધ્યાનસંજ્ઞાઓ


બૅન્કનાં નામ–અનુક્રમે: બાર્કલેઝ, કુટ્સ, ઑઈડ્સ નેશનલ, વેસ્ટમિન્સ્ટર, વિલિયમ્સ ઍન્ડ ગ્લીન્સ, યૉર્કશાયર, બૅન્ક ઑવ સ્કૉટલૅન્ડ, લ્લૉઈડ્સ ડૅઈલ અને રૉયલ બૅન્ક આવ સ્કૉટલૅન્ડ.



ગુજરાત, રાજસ્થાન અને
ઉત્તર પ્રદેશની છીંટોમાં
પ્રયુક્ત વિધવિધ ભાતની
વેલ-બુટ્ટીઓ










△ 'રંગે એવં છપે વસ્ત્ર' પુસ્તકમાં આપેલી વસ્ત્ર-છપાઈની ૧૯૬ જેટલી વિધવિધ ભાતોમાંની વાનગી રૂપ આ ડિઝાઈનો દિવાળી નિમિત્તે અનેક રીતે કામ લાગશે. △



સાંગાનેરી
બુટ્ટીઓ











ટિકિટ-સંગ્રહ

ઑક્ટોબર માસમાં ભારતની આ ચાર ખાસ ટિકિટો બહાર પડી. ઇ. ૧૯૬૭માં ભારતમાં આંતરરાષ્ટ્રીય હોમિયોપથિક કૉંગ્રેસ ભરાઇ હતી. ગયા માસમાં ૯ થી ૧૧ તારીખ દરમિયાન બીજી વાર ભારતમાં તેનું આયોજન થયું. ઉપરની બીજી ટિકિટ એ નિમિત્તે બહાર પડી છે, જેના પર હોમિયોપથીના પ્રવર્તક જર્મન ડૉ. સૅમ્યુઅલ હાનેમાન અને જે વનસ્પતિ–'સિંકોના'ની છાલ પરના અમુક ઔષધીય પ્રયોગો કરતાં એમને હોમિયોપથીનો વિચાર સ્ફુર્યો તેનાં રેખાંકનો આપ્યાં છે. બાકીની-પહેલી, ત્રીજી અને ચોથી ટિકિટ ગયા માસની ૧૨મી તારીખે બહાર પડી. તેમાંની પહેલી અને છેલ્લી ટિકિટ ૧૨ થી ૧૯ ઑક્ટોબરે બૅંગ્લૂરમાં યોજાએલા ત્રીજા રાષ્ટ્રીય ટિકિટ-પ્રદર્શન-'ઇન્પેક્સ-૭૭' નિમિત્તની છે. પહેલી ટિકિટ પર 'સિંહ અને તાડવૃક્ષ'ના ચિત્રવાળી એક ટપાલટિકિટનું ચિત્ર છે. ઇ. ૧૮૫૩માં કલકત્તાની ટંકશાળમાં સોનામહોર માટે પરીક્ષણ સારુ બે ડિઝાઇનો તૈયાર થએલી તેમાંની એક ડિઝાઇનની એ નકલ છે. આ ડિઝાઇન પરથી ટંકશાળમાં ઊપસેલી છાપ છાપવાની અજમાએશ થએલી. જો કે આ ટિકિટો ચલણમાં મુકાઈ નહોતી. એ જ વર્ષે લગભગ આવી જ એક બીજી ડિઝાઇન પણ તૈયાર થએલી અને કાગળ તથા રંગફેર સાથે એના નમૂના તૈયાર કરેલા. એમાંનો એક નમૂનો આ નવી ખાસ ટિકિટ પર છાપ્યો છે. નવી દિલ્હીના નૅશનલ ફિલાટેલિક મ્યૂઝિયમમાં એ મૂળ નમૂનો સંઘરાએલો છે. છેલ્લી ટિકિટ પરનું ચિત્ર આરંભ કાળના એક પંજાબી ટપાલીનું ચિત્ર છે, જે હૅમિલ્ટનના 'હિસ્ટરી ઑવ ધ પોસ્ટ ઑફિસ' પુસ્તકમાંથી લીધેલું છે. (ઉપરની) ત્રીજી ટિકિટ સમાજવાદી નેતા ડૉ. રામમનોહર લોહિયાની મૃત્યુતિથિએ એમના માનમાં બહાર પડી, જેના પર એમની સહી સાથેની છબિ આપી છે.


(પ્રેષક: ડાહ્યાલાલ પરમાર-અમદાવાદ)

શતરંજના કોયડા . . . . સુરેશ મોદી

આ વખતે આપણે Fairy chess કોયડામાં વધુ એક નવી શરતવાળો કોયડો જોઈશું. આ કોયડામાં એવી શરત છે કે કાળો તેની પાસે જે શક્ય ચાલ હોય તેમાંની લાંબામાં લાંબી ચાલ જ ચાલી શકે. જો એકથી વધુ શક્ય ચાલ (લાંબામાં લાંબી) સરખી હોય તો તેમાંથી કોઈ પણ એક ચાલ ચાલી શકે આવી શરતવાળા કોયડાને Maximummer કહે છે.

ચાલની લંબાઈ તે જે ખાના પરથી મહોરું ચાલવાનું હોય અને જે ખાના પર જવાનું હોય તે બન્નેના મધ્ય બિંદુ વચ્ચેનું અંતર છે. આથી ત્રાંસી (Diagonal–તીરકશ) લીટી પરની એક ખાનાની ચાલ તે હરોળ (Rank) કે પંક્તિ (File) પરની એક ખાનાની ચાલ કરતાં લાંબી ગણાય. હરોળ કે પંક્તિ પરની એક ખાનાની ચાલને આપણે 'ક્ષ' કહીએ તો ત્રાંસી લીટી પરની એક ખાનાની ચાલ ક્ષ $\sqrt{૨}$ થાય; ઘોડાની ચાલ ક્ષ $\sqrt{૫}$ થાય. ત્રાંસી લીટી પરની ત્રણ ખાનાંની ચાલ ૩ક્ષ $\sqrt{૨}$ એટલે કે લગભગ ૪.૩ ક્ષ થાય ને તે હરોળ કે પંક્તિ પરની ચાર ખાનાંની ચાલ કરતાં લાંબી થાય. આ શરત સમજાયા પછી આ વખતનો કોયડો સરળ લાગશે.

C. C. L. Sells



Maximummer
Mate in five

ચાવીની ચાલ: 1 Pb8 (=B)

ઉકેલ: 1..., Bh3; (ઊંટની આ ચાલ લાંબામાં લાંબી છે તે સહેલાઈ જોઈ શકાશે.)

2 Pg4, Bf1; (સફેદ પ્યાદાની ચાલથી ઊંટની c8 પર પાછા જવાને બદલે f1 પર જવા ફરજ પડે છે.)

3 Pg5, Bc4; 4 Pg6, Bg8; 5 BE5≠ સફેદ અને કાળા પ્યાદાના ઉપયોગથી કાળા ઊંટને ચાર ચાલમાં c8થી g8 પર જવા સિવાય છૂટકો રહેતો નથી. ફક્ત છ જ મહોરાંનો ઉપયોગ કરીને સાદો સરળ પણ શરતનો સુંદર રીતે લાભ લેતો આ કોયડો ઘણો આકર્ષક છે.

ભૂલ સુધાર: સપ્ટેમ્બર માસના શતરંજના કોયડાની આકૃતિમાં કાળો ઘોડો 'a5'ના બદલે 'a4'માં ગણવો. આ ઉપરાંત પહેલા કૉલમમાં છેલ્લી લીટીમાં 3 Sc5, Schના બદલે 3Sc5, Sc4 અને તે પછી ત્રીજા કૉલમની પહેલી લીટીમાં Kh4; 2SE4ના બદલે Kh5; 2SE5 વાંચવું.

પચ્ચીસ વર્ષ પહેલાં

કુમાર
નવેમ્બર ૧૯૫૨ · સળંગ અંક ૩૪૭



વિદ્વાન ઇતિહાસકાર રત્નમણિરાવ ભીમરાવે લખેલી ને, ત્યારે 'કુમાર'માં ચાલતી 'ગુજરાતનું મુસ્લિમ સ્થાપત્ય' નામની માહિતીસમૃદ્ધ લેખમાળાનો 'અમદાવાદની જુમા મસ્જિદ' વિષયક લેખ.

અમદાવાદની જુમા મસ્જિદ હિંદની સર્વથી ઉત્તમ અને મોટામાં-મોટી જુમા મસ્જિદોમાંની એક છે. દિલ્હીની જુમા મસ્જિદ બહારથી ઘણી ભવ્ય ને સુંદર દેખાય છે, પણ અમદાવાદ ને દિલ્હીની મસ્જિદોની સુંદરતામાં ફેર છે. દિલ્હીની મસ્જિદ એક સુંદર પરદેશી સ્ત્રી જેવી લાગે છે; અમદાવાદની મસ્જિદ એક સુંદર અને કોમળ હિંદુ નારી જેવી લાગે છે.

અમદાવાદની મસ્જિદમાં પેસતાં જ વાતાવરણ જુદું લાગે છે અને તેની ભવ્યતા મન ઉપર અસર કરે છે. આજે તો એના મિનારા પડી ગયા છે; પણ એ ઊભા હશે ત્યારે તો કેવો યે ભવ્ય દેખાવ લાગતો હશે! ઈ. ૧૭૮૧માં જ્યારે એ મિનારા ઊભા હતા ત્યારે જેમ્સ ફાર્બસે એનું એક ચિત્ર દોરેલું હતું. ઈ. સ. ૧૮૧૯ના ભૂકંપમાં એ પડી ગયા. મસ્જિદની વિશાળ બાંધણી, ઉત્તમ અલંકારો અને સ્થાપત્યની કલાથી; ઈશ્વરની પ્રાર્થનાનું સ્થળ તો આવું જ હોવું જોઈએ એવી મન ઉપર અસર થાય છે. જહાંગીરને અમદાવાદનો ખૂબ અણગમો થએલો અને એણે આ શહેરને ગાળો પણ દીધેલી. પરંતુ એને પણ જુમા મસ્જિદમાં આવતાં જ એવી અસર થઈ કે એણે આ મસ્જિદનાં તો વખાણ જ કર્યાં છે. એવું જ એને અમદાવાદનું કાંકરિયું તળાવ પણ ગમેલું. એક લેખક લખે છે કે આ મસ્જિદ અસાધારણ ગંભીર વાતાવરણવાળી છે, છતાં સુંદર પણ એટલી જ છે. દરવાજામાંથી એના પર નજર નાખતાં જાણે એ 'થાંભલાઓનો બગીચો' હોય એમ લાગે છે! બીજો એક લેખક કહે છે કે ગમે તેવા હલકા વિચારથી આવી મસ્જિદમાં માણસ પ્રવેશે, પણ અંદર જતાં જ મન પવિત્ર થઈ જાય.

આખી મસ્જિદની લંબાઈ-પહોળાઈ ૩૮૮'–૯'' × ૨૪૬'–૮'' છે. તેનો ચોક પૂર્વ-પશ્ચિમ ૨૮૪૩/૪' અને ઉત્તર દક્ષિણ ૨૩૬'–૮'' છે; અને પડાળી બાદ કરતાં ચોક ૨૭૪૩/૪ × ૨૧૬૩/૪ ફૂટ છે. મસ્જિદના ખુદ લીવાનની લંબાઈ ૨૦૭'-૪'' ફૂટ ને પહોળાઈ ૧૦૦'-૫'' ફૂટ છે. વચ્ચેનો ભાગ ૪૫ ફૂટ ઊંચો છે. લીવાનમાં ૨૫૨ થાંભલા છે. થાંભલા અષ્ટકોણ મંડપો બનાવીને કરેલા હોઈ એકસરખી હારમાં કરેલા દક્ષિણના થાંભલાના મંડપ જેવી નીરસતા (monotony) અહીં લાગતી નથી.

આ મસ્જિદની એક ખાસ વિશિષ્ટતા એ છે કે તેના અષ્ટકોણ મંડપોની હરોળને વધારતા જઈ લીવાનની વિશાળતા યોજેલી છે, અને મસ્જિદનો મ્હોરો ચડતો ઊતરતો કરી દેખાવમાં વૈવિધ્ય આણ્યું છે. વચલો ઘુમ્મટ ઊંચો કરી ત્યાં ત્રણ માળ યોજીને મેઘનાદ મંડપનો દેખાવ આપ્યો છે, અને વચલી કમાન ઊંચી લઈ ઊંચા થાંભલાને હિંદુ રીત પ્રમાણેના તોરણથી જોડીને દેખાવ ખૂબ ભવ્ય અને મનોહર કર્યો છે. વચલા થાંભલા ૨૬૩/૪ ફૂટ ઊંચા લીધા છે, અને તેમાં ૨૨ ફૂટથી તોરણ શરૂ થાય છે. એ તોરણને લીધે ઊંચા થાંભલાનું બેડોળપણું લાગતું નથી. એનો મહેરાબ પણ સુંદર છે ને મહેરાબ પાસેના થાંભલાને તોરણ છે. મસ્જિદના વાયવ્ય ખૂણામાં સ્ત્રીઓને પ્રાર્થના કરવા માટે ખાસ મુલુકખાનું બનાવેલું છે. એમાંના થાંભલા બધા જ આખા ને આખા કોઈ જૈન મંદિરમાંથી લીધા હોય એવા છે. વિખ્યાત વિવેચક ડૉ. બર્જેસ ધારે છે કે એ થાંભલાની બાંધણી અમદાવાદ પણ વસ્યા અગાઉ બસોથી ત્રણસો વર્ષ પહેલાંની હોય એવી લાગે છે. મસ્જિદની ઉત્તર તરફનું પ્રવેશદ્વાર તથા પૂર્વે અહમદશાહના રોજામાં પડતો મુખ્ય દરવાજો બંને સાદા છે, પણ દક્ષિણનો


ઈ. ૧૮૧૯માં થએલા ધરતીકંપમાં આ મસ્જિદના ઊંચા ને સુંદર મિનારા પડી ગયા તે પહેલાં એ મિનારા સાથે તે કેવી શોભતી હતી તેનું આવું આખું ચિત્ર આજ સુધી કોઈ એ આપ્યું નથી. ઈ. ૧૭૮૧માં જેમ્સ ફૉર્બસે તે જોઈને કરેલા સ્કેચ પરથી આ સપ્રમાણ આલેખન યોજ્યું છે.

શાકબજાર તરફનો દરવાજો ઉત્તમ કારીગરીવાળા હિંદુ મંડપ જેવો છે ને કોઈ હિંદુ મંદિરનો જ આખો યે મંડપ આણીને ત્યાં ઊભો કર્યો હોય એમ તેના થાંભલાઓમાં ઘસી નાખેલી મૂર્તિઓની જગ્યાઓ ઉપરથી સમજાય છે.


મસ્જિદના મિનારા તો બહુ જ ઊંચા હતા. ઈ. ૧૮૦૯માં હિંદના સર્વેયર જનરલ મૉનિયર વિલિયમ્સે એની નોંધ લીધી ત્યારે ઉપરથી હલાવતાં એ હાલતા હતા, અને ગતિ એકમાંથી બીજા મિનારામાં પસાર થતી હતી! વિલિયમ્સે આ બાબતની ઘણી ઘણી તપાસ કરેલી, પણ એનું કશું કારણ જાણી શકાએલું નહિ, અને આમ, અમદાવાદના વિખ્યાત હાલતા મિનારાઓનું રહસ્ય હજી સુધી અણઉકેલાએલું જ રહ્યું છે. અમદાવાદની મસ્જિદોની આ એક ચમત્કાર ભરેલી વિશેષતા છે. એક વખત અમદાવાદની બધી મસ્જિદોના મિનારા ઊભા હતા ત્યારે તે બધા હાલતા હતા. આજે એવા મિનારાઓના જે કાંઈ અવશેષો ઊભા છે તે ખૂબ સુંદર છે. હિંદુ કારીગરોએ એ મિનારાઓમાં પોતાની કલાને ખૂબ બુદ્ધિપૂર્વક ને મસ્જિદની સાદાઈમાં અલંકારો ગોઠવવાની ચાતુરીને નમૂના તરીકે બતાવીને યોજના કરી છે. આ મિનારાની બાજુની ભીંતના ગોખમાં કરચલિયાની નકશીવાળી કોતરણી છે એ પ્રાચીન હિંદુ મંદિરોમાંથી લીધેલી છે.

આ મસ્જિદ ઈ. સ. ૧૪૧૧માં અહમદશાહે અમદાવાદ વસાવ્યા પછી બીજે વર્ષે બાંધવાનું શરૂ કરેલું અને છેક બારે વર્ષે ઇ. ૧૪૨૨-૨૪માં તેનું બાંધકામ પૂરું થએલું. તેના વચલા મહેરાબ ઉપર અરબીમાં એક લેખ છે, એમાં આ પ્રમાણે લખ્યું છે: '...આ મોટી મસ્જિદ ખુદામાં અને એની મદદમાં વિશ્વાસ રાખનાર સેવક નસીરુદ્દુનિયા વ ઉદ્દીન અબુલફતહ અહમદશાહ બિન મુહમ્મદશાહ બિન મુઝફ્ફરશાહ સુલતાને બંધાવી. બંધાયાની તારીખની પયંગબર સાહેબની (એમના ઉપર અલ્લાહના આશીર્વાદ હો) હિજ સંવત ૮૨૭ના સફર માસ (મહિનો વિજયી અને સફળ નીવડો)ને પહેલો દિવસ છે.' એ હિસાબે તેની ખ્રિસ્તી તારીખ ૪થી જાન્યુઆરી ૧૪૨૪ આવે છે.


અહીં એક કલ્પનાચિત્ર જરા ખડું કરીએ. અહમદશાહે અમદાવાદ શહેર વસાવ્યું ત્યારે માત્ર ભદ્રનો કિલ્લો બાંધી તેમાં પહેલી એક મસ્જિદ બાંધી. એ મસ્જિદ આજે ગુજરાત ક્લબની પાછળ છે. એ પછી (ઉત્તર દક્ષિણ) ૧૬૦૦ ફીટનું મોટું મેદાન છોડીને ત્રણ દરવાજા બાંધ્યા. ત્રણ દરવાજાથી ફરી થોડી જગ્યા છોડીને આ મોટી જુમામસ્જિદ બાંધી. મસ્જિદની પૂર્વ તરફ પોતાના મરણ પછીના સ્થાન માટે પોતાનો રોજો પોતાની હયાતીમાં જ બાંધ્યો, ને તેની સામે પોતાની રાણીઓને માટે રોજો બાંધ્યો. એ બધું બંધાયું ત્યારે આજની પેઠે મસ્જિદ અને રોજાઓની આસપાસ નાની ગંદી દુકાનો ને ઘરો બંધાયાં નહોતાં એ રોજાઓની વચ્ચે અને ચોમેર મોટું મેદાન હતું. તેનું નામ માણેકચોક પાડયું. આ ચોકમાં અમદાવાદ જ્યારે વધ્યું અને મહમુદ બેગડાના સમયમાં બહારનો કોટ બંધાયો ત્યારે ચારે બાજુઓના દરવાજાઓમાંથી રસ્તાઓ આવીને મળતા. પરંતુ એ પહેલાં તો સુંદર પથ્થરનાં આટલાં જ મકાનો એ મોટા મેદાનમાં ઊભાં હતાં. કિલ્લો પણ આજે છે તે કરતાં ખૂબ સારી બાંધણીનો હતો એવું સોળમી સદીના મુસાફરોનાં વર્ણન ઉપરથી લાગે છે. ત્યારે કિલ્લા સાથે આ બધાં મકાનો અને વચ્ચે ત્રણ દરવાજા, એ બધો દેખાવ કેટલો ભવ્ય અને મનોહર લાગતો હશે! કલાવિવેચક મિ. પર્સી બ્રાઉને પોતાના સ્થાપત્યના પુસ્તકમાં આવાં પ્રાચીન સ્થાપત્યસ્થાનોનાં કેટલાંક કલ્પનાચિત્રો આપ્યાં છે. એ ઢબે અમદાવાદના આ પૂર્વ સ્વરૂપનું પણ ઉપર કહ્યું એવું કલ્પના-ચિત્ર કોઈ કલાકાર દોરે તો કેવું સુંદર લાગે? આટલી સૂચના અહીં અસ્થાને નથી.





આ પાનાને વાળીને સામેના પાનાની નજીક લઈ જઈ બંને કિનારો મેળવીને જોવાથી સમગ્ર ચિત્રથી ઊપજતી મસ્જિદની ભવ્ય મનોહરતાનો ખ્યાલ આવશે. મૉનિયર વિલિયમ્સે ઈ. ૧૮૦૯માં નોંધ્યું છે કે આ મિનારા હાલતા હતા ને એક મિનારાને હલાવવાથી બીજામાં ગતિ પસાર થતી.




ડાબી બાજુ: અમદાવાદની જુમા મસ્જિદમાં સ્ત્રીઓને પ્રાર્થના કરવા માટે ખાસ ઇલાયદા રચેલા મુલુકખાનાની છતમાંનું spiral (સ્ક્રૂની પેઠે ચડાઊતરી વધતું જતું છલ્લાદાર) શિલ્પ-શોભન, જે મધ્યમાંના નાના બિંદુમાંથી શરૂ થઈ મોટું થતુંથતું પાછું છેડે પાતળું થતું જઈ અદૃશ્ય થાય છે. એ આખા મુલુકખાનાની સ્થાપત્ય-રચના હિંદુ છે. નીચે ડાબી બાજુ: જુમા મસ્જિદના ભોંતળનો નકશો, જેમાં મોટા ચોક સામે ૨૫૬ થાંભલાવાળી મસ્જિદનું મકાન, આગળ ચોક અને તેની વચ્ચે હોજ છે. જમણી બાજુ: જુમા મસ્જિદનો દક્ષિણ તરફના મુખ્ય પ્રવેશદ્વારનો મંડપ, જે આખો હિંદુ મંદિરનો જ આણેલો હોય તેમ, તેના થાંભલા ઉપરથી ઘસી નાખેલી મૂર્તિઓ ઉપરથી લાગે છે.









ભરતકામના ટાંકાના કેટલાક પ્રકાર[ચિત્રબોધ]

મુંબાઈના પ્રિન્સ ઑવ વેલ્સ મ્યૂઝિયમમાં જાપાની કલાકારીગરીના ઓરડામાં સંગ્રહાએલા ભરતકામના બે સુંદર નમૂના ખાસ ધ્યાન ખેંચે તેવા છે. એક છે જળધોધનું દૃશ્ય અને બીજું છે એક લાંબી પૂછડીવાળા ત્યાંના વિશિષ્ટ કૂકડાનું ચિત્ર. રખેને આપણા શ્વાસોચ્છ્વાસની ફૂંક લાગતાં તે કૂકડાનાં પીછાંના વાળ હાલી ઊઠશે એવી લાગણી જન્માવતું એ મુલાયમ ભરતકામ જોતાં ઘડીભર દિઙ્‌મૂઢ બની જઇએ. એ કળા જાપાનમાં જ વિકસી છે એવું નથી. આપણે ત્યાં પણ ભરતકામમાં આયોજિત થએલાં રાજા-મહારાજાઓનાં હૂબહૂ ચિત્રો તથા તેમના શિકારખેલનનાં આલેખન સાથેનાં પ્રકૃતિદૃશ્યોનો સંગ્રહ પણ આપણા એ અંગુલિકસબ પ્રત્યે પ્રશંસોદ્‌ગાર કઢાવી લે એવો છે. ભરતકામની ખરી ખૂબી જેમ તેનાં માધ્યમો અને રંગરચનામાં છે તેમ તે માટે પસંદ કરાએલા ટાંકા પર પણ એટલી જ અવલંબે છે. અહીં એવા ૨૦ જાતના પ્રાથમિક ટાંકા દર્શાવ્યા છે, અને તેની રીત પરથી તે જે નામે ઓળખાય છે તે દરેકની નીચે આપ્યાં છે. ટાંકો લેવાની સમજણ તો એના રેખાંકન પરથી સ્પષ્ટ સમજાશે. ભરતનો પ્રત્યેક ભાગ તેના પ્રકાર પરત્વે તેને અનુરૂપ ટાંકા વડે ભરાતાં તેની શોભા ઓર ખીલે છે એમ એનો ઉપયોગ કરતાં લાગશે. ચિત્ર, સંગીત, ગૂંથણ, સીવણ આદિ વિષયો સાથે આ અંગુલિકસબ પણ સવિશેષ વિકસાવવા જેવો નથી લાગતો?

(પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાંનો વિભાગ)

ઋષિમંડળ-૧૧

ભૃગુ

એક સમયે ઋષિઓમાં ચર્ચા ચાલી કે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશમાં વધુ માનનીય દેવ કોને ગણવા. ઋષિઓએ આનો નિર્ણય કરવાનું કાર્ય ભૃગુ ઋષિને સોંપ્યું. આ કાર્યને માટે ભૃગુ પ્રથમ શિવજી પાસે ગયા. પણ એ સમયે તેઓ પાર્વતી પાસે બેઠેલા હોઈ ભગુને મળ્યા નહિ. આ ઉપેક્ષાથી નારાજ થઈ ભૃગુએ શિવને શાપ આપ્યો કે લોકો એમની પૂજા કરવાને, પવિત્રો માટે વર્જ્ય એવી એમની માત્ર લિંગપૂજા જ કરશે. એ પછી ભૃગુ બ્રહ્મા પાસે ગયા ત્યારે વિદ્વાનો સાથે ચર્ચામાં રત એવા બ્રહ્માએ એમના પ્રત્યે લક્ષ આપ્યું નહિ. ભૃગુએ બ્રહ્માને પણ શાપ આપ્યો કે મોક્ષ ઇચ્છતા લોકોમાં તેઓ (બ્રહ્મા) અપૂજ રહેશે. છેલ્લે ભૃગુ વિષ્ણુ પાસે પહોંચ્યા ત્યારે તેઓ નિદ્રાધીન હતા. આ રીતે પ્રમાદ સેવતા વિષ્ણુને જગાડવા ભૃગુએ એમની છાતી પર પદાઘાત કર્યો. પણ એથી જાગી ગએલા વિષ્ણુએ ક્રોધ ન કરતાં પદાઘાતને કારણે ઋષિના કોમળ પગમાં વાગ્યું હશે એમ કહી એમના ચરણ દાબવા લાગ્યા. ભૃગુએ વિષ્ણુની આ નમ્રતા જોઈ એમને જ સૌથી વધુ માનનીય ઠેરવ્યા. ભૃગુની લાતથી પોતાની છાતી ઉપર પડેલા ચિહ્નને વિષ્ણુએ ગૌરવથી ધારણ કરી રાખ્યું. એ ચિહ્ન તે 'ભૃગુલાંછન'.

ભૃગુની ઉત્પત્તિની પણ વિવિધ કથાઓ છે. મહાદેવના શાપથી પોતાના માનસપુત્રો મરી જતાં બ્રહ્માએ ફરી જે પુત્રો ઉત્પન્ન કર્યા તેમાંના એક તે ભૃગુ. બ્રહ્માની ત્વચામાંથી તેઓ ઉત્પન્ન થયાનું પણ મનાય છે. વરુણના યજ્ઞમાંથી અગ્નિના ભુગભુગ અવાજની સાથે એ ઉત્પન્ન થવાથી તે ભૃગુ કહેવાયા. એવી પણ કથા છે કે દક્ષયજ્ઞમાં એ ઋત્વિજ હતા અને શિવજીના ક્રોધથી એમની દાઢી જતી રહેલી. કર્દમ પ્રજાપતિની ખ્યાતિ નામની કન્યા એમની પત્ની હતી. તેનાથી એમને ધાતા, વિધાતા, કવિ ને સોમપ નામના પિતર અને શ્રી કે લક્ષ્મી નામે એક કન્યા હતી. ભૃગુની પુત્રી એટલે એનું એક નામ ભાર્ગવી પણ પડ્યું. પુરાણમાં છે કે ભૃગુ ઋષિની પુલોમા નામની સ્ત્રીની કૂખેથી પ્રથમ બાર દેવ ને પછી સાત ઋષિ નિર્માણ થયા હતા.

નર્મદાતીરે ભૃગુકચ્છના એ સ્થાપક ને બ્રાહ્મણોના ભાર્ગવકુળના મૂળ પુરુષ ગણાય છે. અથર્વવેદના અમુક સૂક્તોના એ કર્તા. એમણે પ્રસારેલ મત આથર્વણ કહેવાય છે. જન્મેલા અને ભવિષ્યમાં જન્મનાર પ્રત્યેક મનુષ્યના ભૂતભવિષ્ય-કથનની સંહિતા 'ભૃગુસંહિતા'ના સર્જક હતા. ચ્યવન, શુક્ર, શૌનક, જમદગ્નિ ને પરશુરામ તથા વાલ્મીકિ એમના વંશજો.



આરધું કરી

આસોની રાત આલિ! આવી રળિયાત રે,
ચાંદરણે સોહ્ય રૂડાં ધરતીનાં ગાત રે.
સીમસીમની તે દૂર મેલીને કામણી કુંજકુંજ રણકંતી ભોમ,
રોમરોમ માંહીં નહિ માતો આનંદ એમ ઝાઝેરું ઝંકતું વ્યોમ,
વરસે છે આજ ભલી ભાત પારિજાત રે.

—રાજેન્દ્ર શાહ

નૃત્યવિભૂતિ ઉદયશંકર

કોઈ દંતકથાના પાત્ર જેટલી લોકપ્રિયતા પ્રાપ્ત કરનાર અને ભારતીય નૃત્યોને વિશ્વભરમાં ગૌરવવંતું સ્થાન અપાવનાર પ્રતિભાવંત નૃત્યકાર ઉદયશંકરનું હૃદયરોગ ને મૂત્રાશયની બીમારીના કારણે ગઈ ૨૬મી સપ્ટેમ્બરે કલકત્તાની એક હૉસ્પિટલમાં અવસાન થયું. પ. બંગાળના મુખ્ય પ્રધાનના કહેવા પ્રમાણે એમના અવસાનથી ખરેખર 'એક યુગનો અંત આવ્યો.' સાંસ્કૃતિક ક્ષેત્રે દેશે એક અદ્વિતીય પ્રતિભા ગુમાવી. એમની કલાપ્રતિભા અને એમના જીવન-પુરુષાર્થનો વિસ્તૃત પરિચય અગાઉ 'કુમાર' અંક: ૪૯૬, ૪૯૭ અને ૪૯૮માં આવી ગયો છે.

ઈ. ૧૯૦૦ની ૯મી ડિસેમ્બરે એમનો જન્મ ઉદયપુરમાં થએલો એ પરથી પિતાએ એમનું ઉદયશંકર નામ પાડેલું. પિતા ડૉ. શ્યામશંકર અને માતા હેમાંગિનીદેવી આજના બાંગ્લાદેશના કાલિયા ગામનાં બંગાળી બ્રાહ્મણ. પિતા. એમ.એ. અને બાર-ઍટ-લૉ હતા. હેડમાસ્તર તરીકે પોતાની કારકિર્દીનો આરંભ કરીને સ્વપ્રયત્ને આગળ વધતા રહી રાજસ્થાનના એક દેશી રાજ્ય ઝાલાવાડમાં 'સેક્રેટરી ટુ ધ મિનિસ્ટ્રી'ના પદે પહોંચેલા અને નિવૃત્તિ લીધા બાદ બનારસમાં સ્થાયી થએલા. સંસ્કૃતના એ ઊંડા અભ્યાસી અને વિદ્વાન હતા. 'ડૉક્ટર ઑવ ઈન્ટરનૅશનલ પૉલિટિક્સ'ની પદવી પણ એમણે મેળવેલી. જીનિવામાં મળેલી 'લીગ ઑવ રિલીજીઅન્સ'માં પણ એમણે ભાગ લીધેલો. કોઈ રજવાડી કામ અંગે લંડન ગએલા ત્યાં ઈ. ૧૯૩૫માં મોટર અકસ્માતમાં એમનું અવસાન થએલું.

ડૉ. શ્યામશંકરના ચાર પુત્રોમાં ઉદયશંકર સૌથી મોટા. તેમનાથી નાના રાજેન્દ્રશંકર. (એમનાં પત્ની તે હિંદુસ્તાની કંઠ્ય સંગીતનાં ખ્યાતનામ ગાયિકા લક્ષ્મી શંકર). ત્રીજા દેવેન્દ્રશંકરે પણ નૃત્યપ્રવૃત્તિ જ સ્વીકારેલી, અને સૌથી નાના રવિશંકર તે આજના વિશ્વવિખ્યાત સિતારવાદક. એક સમયે તેઓ પણ ઉદયશંકરના કલાકાર-વૃંદમાં નૃત્ય કરતા.

બચપણમાં ઉદયશંકર ભણવામાં તો નહિ, પણ રમતગમતોમાં ભારે હોશિયાર હતા. તરવાના ખૂબ શૉખિન. ગંગાના પૂરમાં પણ ખમચાયા વિના કૂદી પડીને સામે કાંઠે પાર ઊતરે. તોફાની પણ એવા જ. ચિત્રકળાનો નાદ પણ ભારે અને યાંત્રિક કરામતોમાં પણ રસ. આ ઉપરાંત, જાદુકળામાં એ પારંગત થએલા! લંડનની 'મૅજિશ્યન્સ ક્લબ'ના એ માનાર્હ સભ્ય હતા.

ચિત્રકળાનો એમનો નાદ જોઈ પિતાએ એમને મુંબાઈની સર જે. જે. સ્કૂલ ઑવ આર્ટ્સમાં મૂકેલા, ને ત્યાં એમની શક્તિ જોઇને પ્રો. ધુરંધરે એમને પરદેશ મોકલવાનું સૂચવતાં પિતાએ એમને લંડનની 'રૉયલ કૉલેજ ઑવ આર્ટ્સ'માં મોકલ્યા. અહીં તેઓ પોતાની કલાપ્રતિભા વડે ત્યાંના આચાર્ય અને વિખ્યાત કલાકાર રૉથેન્સ્ટાઈનના પ્રીતિપાત્ર બનેલા. ત્યાંના અભ્યાસક્રમમાં પ્રથમ આવી એમણે 'ડબલ પ્રોમોશન' અને ઈટાલીની અભ્યાસ-શિષ્યવૃત્તિ મેળવેલી.

પહેલા વિશ્વયુદ્ધનાં વર્ષોમાં ડૉ. શ્યામશંકર લંડનમાં હતા. યુદ્ધમાં ઘાયલ થએલા હિંદી સૈનિકો માટે એમણે ત્યાં કંઈક નૃત્ય-નાટક જેવું ભજવેલું. એમાં કામ કરતાં કરતાં ઉદયશંકરને નૃત્યકળાનું રહસ્ય પામવાની જિજ્ઞાસા થઈ. બચપણમાં યે એમને નાચ-નવટંકી વગેરે જોવામાં બહુ રસ પડતો. પણ એ કાળે નૃત્ય કે નાટયકળાની ભદ્ર સમાજમાં કોઈ પ્રતિષ્ઠા હતી નહિ, એટલે પિતાથી છાના જે જોઈ શકાયું એ બધું એમણે જોએલું.

ઉદયશંકરની કલાસૂઝ અને સોહામણા વ્યક્તિત્વથી આકર્ષાઈ વિખ્યાત બૅલેરિના પાવ્લોવાએ લંડનમાં, પોતે રજૂ કરવા ધારેલા 'ઓરીએન્ટલ ઈમ્પ્રેશન્સ' નામક નૃત્ય-કાર્યક્રમમાં



ઉદયશંકર અને અમલાદેવી એક નૃત્યનાટિકામાં

ભારતીય નૃત્યોની રજૂઆતમાં એમની મદદ માગી. આ નિમંત્રણે ચિત્રકાર ઉદયશંકરના જીવનને એક નવો જ વળાંક આપ્યો. બ્રિટિશ મ્યૂઝિયમમાં હિંદી નૃત્ય વિષેનું ઉપલબ્ધ બધું સાહિત્ય શોધીને ઉદયશંકરે એનો ખંતપૂર્વક અભ્યાસ કર્યો. આમાંથી એમને ભારતીય કલાનું હાર્દ સમજાયું. કલાના સાચા રહસ્ય પ્રતિ અભિમુખ થએલી એમની નૈસર્ગિક શક્તિ ચેતનવંતી બની ઊઠી. ભારતીય લઘુચિત્રો અને શિલ્પોમાં જોવા મળેલી સંયોજના અને અંગભંગિઓથી પ્રભાવિત એમની કલ્પનાને વેગ મળ્યો ને એમનો કલાકાર આત્મા કૉળી ઊઠ્યો. પાવલોવા માટે તૈયાર થતી 'રાધા અને કૃષ્ણ' તથા 'અજંતા' એ બે નૃત્યનાટિકાની યોજનાએ એમને નવો જ દૃષ્ટિકોણ આપ્યો. રંગમંચની જરૂરિયાત લક્ષમાં રાખીને એ બૅલેમાં ગતિ, વેષપરિધાન, કથાવસ્તુ, પાર્શ્વસન્નિવેષ, સંગીત તથા ગીતગાન વગેરેનો સુંદર સુમેળ સાધી એમણે 'ઓરીએન્ટલ ઈમ્પ્રેશન્સ'-માં એક અનોખો ઓપ ઉમેર્યો.

પછી તો પાવલોવા સાથે એમણે ઘણે સ્થળે પ્રવાસ કર્યો. એમાં એમને તો માત્ર બે દશ્યો પૂરતું જ તખ્તા પર રજૂ થવાનું હતું. પગાર અને બીજી સગવડો પણ પૂરતાં હતાં, પણ બાકીના સમયમાં નવરા બેસી રહીને અને અહીંતહીંની મુસાફરીથી એ કંટાળ્યા. અંતે આ બધા અનુભવોના બળ પર સ્વતંત્રપણે નૃત્યો રજૂ કરવાનું વિચારી પાવલોવાના વૃંદમાંથી એ નીકળી ગયા.

પણ સ્વતંત્રપણે નૃત્ય-કાર્યક્રમો યોજવા ને રજૂ કરવા સરળ ન હતા. વળી, નૃત્યશિક્ષણ માટે એમણે લંડનમાં એક 'સ્ટૂડિયો' પણ ભાડે રાખેલો. એથી પૈસાની ખેંચ પણ પડવા લાગી. એમની આ પ્રવૃત્તિથી પિતા યે નારાજ હતા. પણ કોઈ સજ્જનની પાસે યે હાથ લાંબો કર્યા વિના એમણે એ અજ્ઞાતવાસ જેવી દશા ને બીજી અનેક મુસિબતોનો ધીટતાથી સામનો કરીને યે પોતાની શ્રદ્ધાને અવિચળ રાખી હતી.

એવામાં પારી(સ)માં 'કૉલોનિયલ એક્ઝિબિશન' યોજાયું. ઉદયશંકરને એમાં નૃત્યો રજૂ કરવાની તક મળી. બેએક અંગ્રેજ કલાકારોનો એમને સાથ હતો. એમાં એમના પ્રયોગોથી પ્રભાવિત થઈ ફ્રેન્ચ કલાકાર કુ. સિમ્કી (મિસ સિમોન બાર્બેરી) એમની સાથે જોડાયાં. આથી પ્રોત્સાહિત થઈ નવી નૃત્યમંડળી રચીને ઉદયશંકરે યુરોપભરમાં નૃત્યપ્રવાસ કર્યો. આ દરમિયાન ભારતીય સંસ્કૃતિનાં ચાહક અને વિખ્યાત શિલ્પી એલિસ બૉનર (જુઓ 'કુમાર' અંક ૬૩૪)નો એમને પરિચય થયો. આ સ્વિસ સન્નારીએ ઉદયશંકરની નૃત્યપ્રવૃત્તિ માટે સતત આર્થિક તેમ જ અન્ય આવશ્યક સહાય કરવાનો મહત્ત્વનો ફાળો આપ્યો હતો.

ઈ. ૧૯૨૦માં ઉદયશંકર સ્વદેશ પાછા ફર્યા ત્યારે સ્નાતક ચિત્રકાર જ નહિ, પણ સવિશેષ તો નૃત્યકાર તરીકે આવ્યા હતા. પણ અહીં તત્કાલીન સામાજિક સંજોગો અને પરિસ્થિતિમાં ભદ્ર અને સંસ્કારી બ્રાહ્મણ વર્ગનો કોઈ યુવાન નૃત્યકાર બને એ કલંકરૂપ ગણાય તેવું હતું. છતાં ઉદયશંકરે તો પોતાની શક્તિના ઉત્તમ વિનિયોગ માટે નૃત્યકલાને જ માધ્યમ તરીકે દૃઢ નિર્ધારપૂર્વક સ્વીકારી લીધી હતી.

બંગાળનાં વૃત્તપત્રોએ એમને વધાવી લીધા. કવિવર રવીન્દ્રનાથે એમની કલા અને ભાવનાને બિરદાવી. ઠેરઠેર ઉદયશંકરનું નામ ગાજવા લાગ્યું. 'ભારતીય નૃત્યો' જેવી કોઈ કળાને પુનર્જીવિત કરવાના એમના અગ્રણી કાર્યની સારી પેઠે નોંધ લેવાઈ. દેશની નૃત્યકળાના અભ્યાસ માટે એમણે ભારતવર્ષની સફર ખેડીને કથકલી, ભરતનાટ્યમ્, મણિપુરી ને કથક વગેરે સાથે ભારતીય લોકનૃત્યોનો સારી પેઠે અભ્યાસ કર્યો. આ કલાયાત્રાએથી પાછા ફર્યા બાદ ઉદયશંકરે જાહેર સમારંભો, વ્યાખ્યાનો, ને વૃત્તપત્રો દ્વારા લોકોને નૃત્યો પ્રતિ અભિમુખ કરવા માંડ્યા. આમાં એમને સારી એવી સફળતા પણ મળી.

એત્તદેશીય નૃત્ય-સ્વરૂપોનો અભ્યાસ અને એ વિષેનું અધિકારી જ્ઞાન મેળવી તેઓ ફરી યુરોપ ગયા, ને ઈ. ૧૯૩૦માં પારી(સ)માં 'કંપની ઑવ હિન્દુ ડાન્સિંગ' નામે એક સંસ્થા સ્થાપી. પોતાના ભાઈઓ, સિમ્કી, કનકલતા, સંગીતકાર વિષ્ણુદાસ શિરાલી અને તિમિર બરન વગેરે સાથે બારેક સભ્યોનું એક કલાકારવૃંદ રચી એમણે 'શિવપાર્વતી', 'સ્નેઈક ચાર્મર', 'રાધાકૃષ્ણ' ને 'મારવાડી ડાન્સ' વગેરે જેવી નૃત્યરચનાઓ રજૂ કરીને યુરોપભરમાં ભારતીય નૃત્યોનો ડંકો બજાવી દઈને વિદેશોમાં ભારતીય નૃત્યો પ્રત્યે એક અનેરું આકર્ષણ પ્રકટાવી દીધું. યુરોપના રંગમંચ ઉપર ભારતીય નૃત્યપ્રયોગોનો પ્રવેશ તે પછી સરળ બની ગયો.

આ બધા પ્રયોગોની સફળતાથી એમની દૃષ્ટિ અને શ્રદ્ધા સવિશેષ દૃઢ થયાં. પ્રશિષ્ટ (ક્લાસિકલ) નૃત્યો અને લોકનૃત્યોમાંથી પ્રેરણા લઈ એમણે પોતાનાં વિશિષ્ટ નૃત્યસર્જનો કરવા માંડ્યાં. સંગીત, પ્રકાશ-યોજના, પોશાક, રંગવિધાન, મુખશોભન ને શૈલી-કરણવાળા હાવભાવ ભારતની પ્રજાના આત્માને પ્રકટ કરે તેવી રીતે એમણે સંયોજવા માંડ્યાં. ભારતમાં ત્યારે શાસ્ત્રીય નૃત્યોને સમજી શકનારો વર્ગ તો હતો નહિ; અરે, મૂળ પ્રશિષ્ટ નૃત્યોને જ લોકોએ વિસારી દીધાં હતાં, ત્યાં એમનું આવું સર્જનાત્મક સાહસ ને નવીન પ્રયોગોને લોકો કેવાક સ્વીકારશે એ પણ એક વિકટ પ્રશ્ન હતો. પણ એનો સામનો કરવાની એમણે હામ ભીડી.

પરિણામ ધાર્યા કરતાં યે વધુ સફળ અને યશસ્વી આવ્યું. એ કાળે રાષ્ટ્રીયતાની ભાવનાથી રંગાએલી પ્રજા સ્વદેશાભિમાન ને આત્મભાનથી ભારતીય હોય તે સઘળું સ્વીકારવા ને તેની પ્રાણપ્રતિષ્ઠા કરવા ઉદ્યુક્ત હતી. રાષ્ટ્રીય કળા તરીકે સર્વ લલિતકળાઓનો ઉદ્ધાર કરવાનો ઉમળકો સર્વત્ર પ્રસર્યો હતો. ઉદયશંકરે પશ્ચિમનાં બૅલેના અનુભવો, રજૂઆતની કળા, રંગમંચનું જ્ઞાન, કથાનકની પસંદગી વગેરેનો સુમેળ સાધી, અટપટી શાસ્ત્રીયતા ગાળી નાખી, દશ્ય કળાના ઉત્તમ અંશોને પ્રભાવશાળી રીતે ઉપયોગમાં લઈ લોકોને નૃત્ય પ્રતિ વાળ્યા. ભરતનાટ્યમ, કથકલી, મણિપુરી કે કથક કોઈ નૃત્યોને, ઉદયશંકરે ગજાવેલા દાયકામાં—કે પૂર્વે યા તે પછીનાં તુરતનાં વર્ષોમાં પણ—એટલો આવકાર મળ્યો નહોતો. અલબત્ત, પ્રશિષ્ટ નૃત્યશૈલીઓમાં તે તે ક્ષેત્રે અગ્રણીઓએ હિલચાલ શરૂ કરી હતી. એક યુગવર્તી કાર્ય આરંભાયું હતું. પણ ત્રીસી ચાળીસીના એ ગાળામાં ઉદયશંકરની બોલબાલાને તો એમાંનું કોઈ આંબી શકે તેમ નહોતું. ઠેરઠેરથી તેમને પ્રશંસા અને કીર્તિ પ્રાપ્ત થતાં હતાં. દેશભરમાં જાણે એક નવો જુવાળ ઊઠ્યો હતો. યુક્તપ્રાંત (આજના ઉત્તરપ્રદેશ)ની સરકારે હિમાલયની ગોદમાં આવેલા આલમોડાનો સિમતોલા પહાડનો

વિસ્તાર ઉદયશંકરને ભેટ આપ્યો. ત્યાં એમણે 'ઉદયશંકર ઇન્ડિયન કલ્ચર સેન્ટર'ની સ્થાપના કરીને નૃત્યશિક્ષણની એક ભવ્ય યોજના હાથ ધરી. નૃત્યકલા ક્ષેત્રે એ એક અપૂર્વ ઘટના હતી. (એનો રોમાંચક ઇતિહાસ અગાઉ 'કુમાર' અંક ૨૦૦માં સ્વ. ડૉ. હરિપ્રસાદ દેસાઇએ આલેખ્યો છે.)

ભવ્ય પુરુષાર્થનું એ એક સ્વપ્ન હતું. આંતરરાષ્ટ્રીયક્ષેત્રે એની પ્રતિષ્ઠા જામવા લાગી હતી. પરદેશથી પણ એને આર્થિક સહાય મળતી. સંચાલન માટે ખાસ વ્યવસ્થાપકો પણ નીમાએલા હતા. પણ એ કેન્દ્ર ચાલી શક્યું નહિ. એનાં અનેક કારણો હતાં. અત્યંત રમણીય છતાં, પહાડીઓની વચ્ચે એ ઘણે દૂર હતું. એ જ અરસામાં વિશ્વયુદ્ધ ફાટી નીકળતાં ઉદયશંકર વિશ્વપ્રવાસો યોજી શક્યા નહિ અને એ રીતે એકઠાં થતાં નાણાંની ખેંચ પડી. બહારથી મળતી સહાય પણ અટકી પડી. શ્રીમંતો અને રાજરાજવીઓનો પણ ધાર્યો'તો એવો આશ્રય મળ્યો નહિ. વળી, પ્રારંભમાં ત્યાં જે કડક શિસ્તપાલન હતું તેમાં પણ શિથિલતા આવવા લાગી. કલાકારોમાં અંદરોઅંદર પ્રણયગાથાઓ રચાવા લાગી. આમાં આ સમગ્ર પ્રવૃત્તિના ધારક બળ ખુદ ઉદયશંકરના અમલાદેવી સાથેના લગ્નના ઉદાહરણથી શિસ્ત પ્રભાવહીન બની ગઈ. વિદ્યાર્થીઓ ઘટવા લાગ્યા. ભારતીય પ્રજા પણ એનું મહત્ત્વ પ્રમાણી શકી નહિ. આમ અનેક કારણો એકઠાં થતાં અંતે એ કેન્દ્ર સમેટી લેવું પડયું.

ઉદયશંકર અને એમની પ્રતિષ્ઠા બંને માટે આ ફટકો ભારે હતો. એને પચાવી જઇને એમણે ભારત તથા વિદેશોમાં રજૂ કરવા માટે 'કલ્પના' નામે એક ફિલ્મ બનાવી. તેમાં પટાંતરે પોતાની મહત્વાકાંક્ષા, અભિલાષા ને સ્વપ્નોને નૃત્ય સ્વરૂપે રજૂ કરવાની એમની ધગશ હતી. ભારતની એ સર્વપ્રથમ નૃત્ય ફિલ્મ હતી. આધુનિક સેટ્સ, પોશાકો, કરામતો, કલાત્મક છબિકલા, સુંદર રજૂઆત વગેરે છતાં પ્રજા એને સ્વીકારી શકી નહિ અને એને સરિયામ નિષ્ફળતા મળી. ઉદયશંકર વધુ ખુવાર થઈ ગયા. પોતાની તમામ સંપત્તિ એમણે એમાં નાખી હતી એટલે આ નિષ્ફળતાએ એમની સમગ્ર પ્રવૃત્તિ પર બીજો કારી ઘા કર્યો. આ પછી ફરી ઊભા થવા ઉદયશંકરને ભારે પરિશ્રમ કરવો પડયો, પણ ફરી તેઓ પૂર્વવત્ ઝલક તો ન જ લાવી શક્યા. ઉદયશંકરની નૃત્યશૈલી તેના તમામ ઉત્તમ અંશો સાથે તેમાં પૂર બહારમાં પ્રકટ થએલી છે. અને આજે હવે એમના એ ભવ્ય સાહસની કિંમત અંકાવા લાગી છે.

આ અતિ આકરા વિધિપ્રહાર પછી યે ફરી એક વાર નવું કલાકારવૃંદ રચી ભારતભરમાં નૃત્યપ્રવાસો યોજવા માંડયા. પણ હવે સમય બદલાયો હતો. શાસ્ત્રીય નૃત્યપ્રકારોની પ્રતિષ્ઠા થવા લાગી હતી. મોટા વૃંદને બદલે એમાં એક જ નર્તકના નૃત્યપ્રયોગના કાર્યક્રમો યોજવા સરળ બન્યા હતા. આર્થિક ભીંસ અને વયને કારણે ઉદયશંકરનાં નૃત્યોમાં હવે ભવ્યતા, શક્તિ ને જોમ ઘટયાં હતાં. બીજી બાજુ નાટક-સિનેમા અને શાસ્ત્રીય શૈલીનાં એકાકી નૃત્યોનું ચલણ વધ્યાની અસર પણ પડતી હતી. ધીરે-ધીરે એમની નૂતન નૃત્યશૈલીને ફટકા પડવા લાગ્યા. સાથીઓ એમને છોડી સ્વતંત્રપણે કામ કરવા લાગ્યા. એમની અધકચરી સમજભરી રજૂઆતથી પણ ઉદયશંકરની નવી શૈલી લોકાદર ગુમાવવા લાગી. 'બૅલે મૂવમેન્ટ' જેવું મોટું નામ પામી શકે એવો ઉદયશંકરનો પુરુષાર્થ વેડફાઈ જવા લાગ્યો. વળી, શાસ્ત્રીયતાના હિમાયતીઓ પણ એમની કલાને બરાબર પ્રમાણી શક્યા નહિ ને એની ટીકા કરતા થયા. જડ શાસ્ત્રીયતાને છોડી એનાં જરૂરી અંગોને ઉચિત પ્રમાણમાં યોજવાની ઉદયશંકરની રીત એના જમાનાથી કદાચ ઘણી આગળ હતી. શાસ્ત્રીય જટાજાળથી મુક્ત એમની શૈલી વધુ સરળ હતી.

કાર્તિકેય, ઇન્દ્ર, કૃષ્ણસુત પ્રદ્યુમ્ન વગેરેના પાત્રમાં બહુ દેખાવડા, આકર્ષક વ્યક્તિત્વવાળા, બલિષ્ઠ ને નૃત્યક્ષમ દેહ ધરાવતા ઉદયશંકરની છટા, ગતિવિધિ ને પ્રભાવ અજોડ જ હતાં. 'રિધમ ઑવ લાઈફ', 'લેબર ઍન્ડ મશિનરી', 'શિવતાણ્ડવ', 'શિવ-પાર્વતી નૃત્ય-દ્વંદ્વ', 'પ્રમીલા-અર્જુન', 'ઈટર્નલ મેલડી', 'ધ ગ્રેઈટ રીનન્સીએશન', 'વિઝન ઑવ ધ



અલમોડાના કલાકેન્દ્રના સ્થાપક અને ચાલક ઉદયશંકર

બુદ્ધ', 'નિરાશા', 'સામાન્ય ક્ષતિ' વગેરે એમની સુંદર નૃત્યનાટિકાઓ (બૅલે) છે. બૅલેની એમની સમજ ઘણી ઊંડી હતી. અનેક વિવેચકો એમને 'ક્લાસિકલ ડાન્સર' તરીકે સ્વીકારતા નહિ, પણ એમણે પોતે યે કદી એવો દાવો કર્યો નહોતો. પરંપરાના અંધ અનુકરણથી તેઓ દૂર ગયા એ જ કારણે એમની ટીકા કરવી વાજબી નથી. ઘણા કહે છે તેમ એમણે પૂર્વપશ્ચિમની નૃત્યશૈલીઓનો સમન્વય નહોતો સાધ્યો. ભારતીય નૃત્યને એમણે એક નવું સરળ સ્વરૂપ આપ્યું હતું. એમના પ્રત્યેક સર્જનમાં ભારતીયતાનો નિખાર હતો. રંગમંચ પર એમના આગમન પછી જ આપણી વિસ્મૃત નૃત્યકલા ફરી પાંગરી હતી—કથકલી, ભરતનાટયમ્, મણિપુરી ને કથક નૃત્યોના પુનરુત્થાનની ભૂમિકાનો આરંભ થયો હતો. ભદ્ર સમાજમાં એક કલા તરીકે નૃત્યનો સ્વીકાર એમના પ્રતાપે જ સરળ બન્યો હતો. એમની સર્જનશક્તિમાં કદી ઓટ દેખાઈ નહોતી. ભારતીય નૃત્યસંયોજનોમાં બૅલે-નૃત્યનાટિકાનું સ્વરૂપ એમણે જ ઊભું કર્યું હતું. એની રજૂઆતમાં એમણે અદ્વિતીય એવી પ્રતિભા દાખવી હતી.

છેલ્લે છેલ્લે યે વિધિ એમને ફટકો મારવાનું ન વિસરી. કલકત્તામાં એમના સંગ્રહમાંનાં સેટિંગ્સ, પોશાકો વગેરે મહામહેનતે સર્જેલી સામગ્રી આગમાં ભરખાઈ ગઈ. એમાંથી બચેલી જૂજ સામગ્રીની પેટીઓ ને થોડાં વાજિંત્રો જ છેવટ એમની પાસે રહ્યાં હતાં. પ. બંગાળની સરકારે, અને અંગત રીતે ત્યારના કેન્દ્રના એક પ્રધાન શ્રી હુમાયું કબીરે એમને ત્યારે સારી એવી સહાય આપી હતી. કલકત્તામાં 'રાજ્ય સંગીત નૃત્ય નાટક અકાદમી'ના ડીન તરીકે પણ થોડાં વર્ષ એમણે કામ કર્યું, પણ પછી કેટલાક મતભેદોને કારણે એમણે એ છોડી દીધેલું. સંગીત-નાટક અકાદમીએ એમનું બહુમાન કરેલું. કેન્દ્ર સરકારે એમની અગ્રયાયી કલાસેવાને ઈ. ૧૯૭૧માં 'પદ્મભૂષણ'ના માનથી નવાજેલી. પ. બંગાળની રાજ્ય સરકારે એમને નિયમિત આર્થિક સહાય આપતી હતી.

સિદ્ધિ અને લોકપ્રિયતાના ચરમ શિખરે પહોંચ્યા પછી જીવનકાળ દરમિયાન જ વિસરાવા લાગેલા એ પ્રતિભાવંત કલાકારે હૃદયરોગના ત્રણત્રણ હુમલા, મગજમાંના રક્તસ્રાવ અને આર્થિક ભીંસ વેઠયાં હતાં. છેલ્લે ૧૧મી સપ્ટેમ્બરે એમને ઑસ્પિટલમાં દાખલ કરવા પડેલા. પ. બંગાળની સરકારે એમની સારવાર માટે ત્રણ ખાસ દાક્તરોની નિમણૂક કરેલી. અંતે તેઓ પત્ની અમલા શંકર, પુત્ર આનંદ અને પુત્રી મમતાને છોડી ચાલી નીકળ્યા. ભારતીય નૃત્યક્ષેત્રે હવે ફરી આવી પ્રતિભા ક્યારે પ્રકટશે એની રાહ જ જોવી રહી.

છત્તીસગઢ

મધ્ય પ્રદેશમાં છત્તીસગઢ નામે ઓળખાતો પ્રદેશ આસપાસના અન્ય પ્રદેશો કરતાં અનેક રીતે ભિન્ન છે. એક કાળે હૈહયવંશી રાજના છત્રીસ જેટલા ગઢ આ પ્રદેશમાં હતા એ પરથી એને 'છત્તીસગઢ' કહે છે. પૂર્વે 'મહારણ્ય', 'દંડકવન' અને 'દક્ષિણ કોસલ'ના નામે પણ આ વિસ્તાર ઓળખાતો હતો. સમુદ્રગુપ્તના શાસન પછી પાંચમા સૈકામાં વાકાટક-વંશનું અહીં વર્ચસ હતું. ૯મી સદીમાં બાણવંશ પણ રાજ કરી ગયો. એમની પાસેથી ત્રિપુરીના કલચુરી રાજા શંકરગણે એ પ્રદેશ જીતીને પોતાના ભાઈને સોંપેલો ને ઈ.૧૦૦૦ના અરસામાં કલિંગરાજ નામના એક કલચુરી રાજપુત્રે પોતાની સત્તા ફરી સ્થાપ્યા પછી ૧૮મી સદી સુધી એ રાજસત્તા ત્યાં ટકી રહેલી. એમના પછી અહીં મરાઠા સત્તા આવી.



બહારના સંપર્કોથી બહુધા અલિપ્ત રહેવાથી અહીંના લોકોના પોશાક, રીતરસમો, ભાષા વગેરે જેવી અનેક લાક્ષણિકતાઓ આગવાં જ રહી. ઉત્તર કાળમાં પછાત બની રહેનાર આ વિસ્તાર ભૂતકાળમાં સમૃદ્ધ અને ગૌરવયુક્ત હતો એમ અહીંથી મળેલાં તામ્રપત્રો, શિલાલેખો, મુદ્રાઓ વગેરે જેવા પ્રાચીન અવશેષો ને અન્ય સંશોધનો પરથી જાણી શકાય છે. આજનું સિરપુર અગાઉ શ્રીપુર નામે અહીંનું પાટનગર જ નહિ, પણ વિદ્યા અને ધર્મનું એક મહત્ત્વનું ધામ હતું.

પ્રાકૃતિક સૌંદર્યથી ભરપૂર છત્તીસગઢનો વિસ્તાર વન અને ખનિજ સંપત્તિથી સમૃદ્ધ છે. આ તરફના અન્નભંડાર તરીકે એની નામના છે. દર વર્ષે અહીં હજારો ટન ચોખાનો પાક ઊતરે છે. પ્રજા મોટા ભાગે ખેતી કરે છે. કુટિર-ઉદ્યોગો પણ ઘણા છે. લોકો સરળ, નિર્દોષ ને શાંતિપ્રિય છે. વિદેશી શાસનકાળ દરમિયાન ગુલામી સ્વીકારવાને બદલે જંગલોમાં નાસી જઈને કરેલા વસવાટથી એમના પર પશ્ચિમી અસરોનો ઓછાયો પડચો નથી. અહીં લગભગ ૪૫ જેટલી વનજાતિની વસતિ છે. આમાં બંજવાર, ભૂમજિયા, બૈગા, કમાર, ગોંડ, કવાટ, હળવા, સતનામી, તેલી, કુળબી રાવત, પંકા, ભરેવા વગેરે જાતિઓ ખેતી કરે છે, જ્યારે દેવાર, ઓઝા, ભીમા, પરધાન મુખ્યત્વે ભાટાઈ કરનારા હતા. તેઓ શીઘ્રકવિ હોઈ અહીંનાં લોકકાવ્યોમાં તેઓની અનેક રચનાઓ પ્રચલિત છે.

અહીંના બ્રાહ્મણ, ક્ષત્રિય ને વૈશ્યો અસલ તો ઉત્તરમાંથી આવેલા છે. અહીંના કોરવ લોકો પોતાનો સંબંધ કૌરવ–પાંડવો સાથે સાંધે છે. એક વર્ગ વળી પોતાને મૂળ કનોજ તરફના ગણાવે છે. દખ્ખણના દ્રાવિડો પણ છે જેમાં ગોંડ અને કોંડ મુખ્ય છે. ગોંડ પોતાને રાવણના વંશજો સમજે છે. કલિંગના કલંગા અને કોંકણ તરફના ઉરાંવ પણ અહીં છે.

આમ, અહીં આર્ય દ્રવિડ સંસ્કૃતિનું મિશ્રણ થએલું છે. શૈવ, બૌદ્ધ અને જૈન વગેરે ધર્મનો પણ અહીં પ્રસાર થયો હતો. મધ્યયુગમાં મુસ્લિમ સત્તા આવ્યા પછીયે એનાથી પ્રાચીન પ્રભાવ હટાવી શકાયો નથી. અહીંની છત્તીસગઢી બોલી હિંદી ભાષાની એક શાખા જેવી છે. અવધી બોલી સાથે એનું વધુ સામ્ય છે. પણ એનું લોકસાહિત્ય સમૃદ્ધ છે.

અનેક ડુંગરમાળ, મેદાન ને નદીઓવાળા અને જંગલોથી આચ્છાદિત આ વિસ્તારમાં વસેલા વિવિધ લોકોનાં ગીતો પણ અલગ પડે છે. ઋતુગીતો, કૃષિગીતો, સંસ્કારગીતો, વીરગાથાઓ અને દેવીનાં સ્તવનોથી ભરપૂર એમનું લોકસાહિત્ય કરમા, દદરિયા, સુઆ, બાંસ વગેરે પ્રકારોમાં વહેંચાએલું છે. એ બધામાં એમનું લોકજીવન પ્રતિબિંબિત થાય છે. આવતી કાલની ચિંતા છોડી દઈને હસીખુશીથી આજનું જીવન માણી લેવું એ કરમા ગીતોનો મુખ્ય સૂર છે. બાંસ ગીતોમાં શારદા માતાની પ્રાર્થનાઓ હોય છે ને એ પ્રત્યેક ધાર્મિક સમારંભોના આરંભમાં ગવાય છે. પણ લોકગીતોમાં ઉત્કૃષ્ટ પ્રકાર તો છે દદરિયાનો. પ્રેમ-વિરહનાં આ ગીતો સ્ત્રી–પુરુષો સાથે મળીને સામસામા સવાલ જવાબ રૂપે ગાય છે. માદકતા અને ભાવુકતાની એ ભરપૂર હોય છે. અહીંનું લોકજીવન કઠિન અને કષ્ટમય હોવા છતાં એમની ભાષા નાજુક ને મધુર છે. વળી ગીતો સાથે નૃત્ય પણ જોડાએલું ખરું.

સ્વાતંત્ર્ય પછી દેશી રજવાડાઓના વિલિનીકરણ બાદ છત્તીસગઢ સરગુજા, રાયગઢ, બિલાસપુર, રાયપુર, દુર્ગ અને બસ્તર એ છ જિલ્લામાં વહેંચાઈ ગયો. લગભગ એક કરોડ ઉપરાંતની એની વસતિમાં ત્રીજા ભાગના લોકો આદિવાસી ને અનુસૂચિત જાતિઓના છે. એમનાં સ્વાસ્થ્ય, શિક્ષણ અને જીવનધોરણ હજી યે સંતોષકારક નથી. પણ આમ ઘણી રીતે પછાત હોવા છતાં આ પ્રદેશ રાજકીય ક્ષેત્રે પણ સુષુપ્ત રહ્યો નથી. ઈ. ૧૮૫૭ના બળવામાં સોનાખાણના વીર નારાયણસિંહને દેહાંતદંડ મળ્યો ત્યારથી ભારત સ્વતંત્ર થયું ત્યાં સુધી અહીંના લોકો રાજકીય ચળવળોમાં સક્રિય રસ દાખવતા રહ્યા હતા. પં. રવિશંકર શુક્લ, ઠાકુર પ્યારેલાલસિંહ, ઈ. રાઘવેન્દ્ર રાવ, બૅરિસ્ટર છેદિલાલ, મૌલાના રૌફ અને અન્ય કેટલીક અગ્રગણ્ય વ્યક્તિઓ આ પ્રદેશની જ દેન છે. મહાદેવ સપ્રે. પં. રામદયાળ તિવારી, બાબુ જગન્નાથપ્રસાદ 'ભાનુ', પં. સુંદરલાલ શર્મા, સૈયદ મીર અલી 'મીર', લોચનપ્રસાદ પાંડે અહીંના ખ્યાતનામ સાહિત્યકારો છે અને સ્વતંત્રતા પછી તો અહીંના સાહિત્યનો વિકાસ ઝડપી બન્યો છે.

રાયપુર આ પ્રદેશનું એક મહત્ત્વનું શહેર છે. ભૌગોલિક રીતે એના કેન્દ્રવર્તી સ્થાનનું અનેક રીતે મહત્ત્વ રહ્યું છે. વિવિધ જ્ઞાનશાખાઓ સાથે અહીં ઘણી કૉલેજો હોઈ આધુનિકતાની દિશામાં એ સારો વિકાસ પામ્યું હોવા છતાં હજી યે અહીં જૂની પરંપરાઓ ને સંસ્કારો પણ જળવાઈ રહ્યાં છે. દૂધધારી મઠ, જૈતુસાઓ મઠ, બુઢેશ્વરી મંદિર અને અન્ય પ્રાચીન દેવસ્થાનોનું આજે ય એટલું ગૌરવ છે. છેક ૧૯૧૩માં સ્થપાએલી અહીંની ઍથલેટિક ક્લબ હજી યે સક્રિય છે અને હૉકી તથા ફૂટબૉલની રમતમાં એણે અખિલ ભારતીય વિક્રમો પણ પ્રાપ્ત કરેલા છે. અહીં દર વર્ષે અખિલ ભારતીય 'નેહરુ મેમોરીઅલ હૉકી ટૂર્નામેન્ટ' પણ યોજાય છે. રવિશંકર યુનિવર્સિટી સ્થપાયા પછી અહીંના અનેક રમતવીરોએ છત્તીસ ગઢને ગૌરવ અપાવ્યું છે. આજ તો હવે સમગ્ર છત્તીસગઢ સાથે રાયપુર શહેર ઝડપથી વિકાસ સાધી રહ્યું છે, ને આ જ ઝડપ જારી રહેશે તો રાયપુર પણ દેશનું એક અગ્રગણ્ય શહેર બની રહેશે, ભિલાઈનું પોલાદનું કારખાનું અને અન્ય આડ ઉદ્યોગો પણ આ વિસ્તારના વિકાસમાં વેગ પૂરે છે.

કોબીજ

કોબીજ બહુ પ્રાચીન કાળથી જાણીતું શાક છે. ગ્રીક ને રોમન લોકો એનો ઉપયોગ કરતા હતા. મનાય છે કે ભારતમાં એનો પ્રવેશ વિદેશીઓ દ્વારા થયો છે. જોકે 'ભાવપ્રકાશ'માં એનાં નામ-વર્ણન છે.

પાનનાં કદ, આકાર રંગ અને પોત (એટલે કે સુંવાળાં કે નસવાળાં ખરબચડાં પાન) તથા એના દડાનો ઘેરાવો ને ઘટ્ટતા વગેરે લાક્ષણિકતા પ્રમાણે કોબીજના અનેક પ્રકારો છે, જેમાંથી ભારતમાં ચાર-છ જાતો જ પ્રચલિત છે. ચીકણી કે ચૂનાવાળી રેતાળ જમીનમાં એ વધુ સારી રીતે ઊગે છે. અમ્લતાવાળી જમીન એને બહુ માફક આવતી નથી. બીનું ધરું

ફરીને એને ઉગાડાય છે. જોકે ઉષ્ણ પ્રદેશમાં થતી કોબીજને બી આવતાં નથી. ભારતમાં કાશ્મીર, કુલુ, સીમલા, દાર્જિલિંગ, નીલગિરિ વગેરે સ્થળોમાં એમાં બી તૈયાર થાય છે. આ બી સારક, દીપન-પાચન અને કૃમિઘ્ન મનાય છે. બીમાંથી તેલ પણ નીકળે છે.

કોબીજ ધાવણ વધારનાર, રસમાં મધુર, વિપાકમાં તીખી, શીતવીર્ય લઘુ, દીપન-ચાચન, કામોત્તેજક, હૃદ્ય, ને મલમૂત્ર પ્રવર્તક તથા વાતકારક છે. કફ, પિત્ત, જ્વર, પ્રમેહ, મૂત્રકૃચ્છ, કુષ્ઠ, ઉધરસ, શ્વાસ, લોહીવિકાર, વ્રણ, વિદ્રધિ, અને યકૃતવૃદ્ધિમાં ગુણકારી છે. વાતરક્ત અને આમવાતના સોજા ઉપર તેનાં પાન બંધાય છે. ખનિજ તત્ત્વો ઉપરાંત વિટામિન 'એ', 'બી ૧', બી-૨' તથા 'સી'થી કોબીજ સમૃદ્ધ છે. કાચી કોબીજનું કચુંબર એના વપરાશની ઉત્તમ રીત છે. આ ઉપરાંત, એનું કાચું કે એને બાફીને એનું રસાદાર શાક પણ બને છે. બટાટાના શાક કે મૂઠિયાં સાથે પણ એ વપરાય છે.

ફ્લાવર કે કૉબીફ્લાવર એ પણ કોબીજના વર્ગનું જ શાક છે. એમાં પણ કોબીજ જેવા જ ગુણ છે. કોબીજ કરતાં એ વધુ પોષક તત્ત્વો ધરાવે છે. તેલનો વઘાર અને ગરમ મસાલો નાખીને બનાવેલું ફ્લાવરનું શાક સ્વાદિષ્ટ અને ગુણકારી છે. બટાટા ને વટાણા સાથે ફ્લાવરનું શાક બહુ સ્વાદિષ્ટ લાગે છે. ફ્લોવરનું રાયતું અને અથાણું પણ બનાવાય છે.

કોબીજ અને ફ્લાવર વધુ પ્રમાણમાં લેવાથી રાત્રે વારંવાર પેશાબ કરવા ઊઠવું પડે છે.

નોલકોલ કે કંદ કોબીજ પણ આ જ વર્ગનું શાક છે. આપણે ત્યાં એ ઓછું વપરાય છે. રસમાં એ મધુર, ઉષ્ણવીર્ય, ગુરુ, સારક, કફનાશક વાતકારક, પિત્તપ્રકોપક છે અને પ્રમેહ, શ્વાસ, ઉધરસમાં ગુણકારી ગણાય છે.
('નિરામય') —માધવ. મો. ચૌધરી

સ્તનપાનને અભાવે

ગરીબ દેશોમાં આધુનિકતાને નામે દાક્તરીકરણ વધે છે. ચિલીમાં ૧૯૬૦માં ૯૬ ટકા જેટલી માતાઓ બાળકોને એક વર્ષ માટે ધવડાવતી હતી. ૧૯૭૦માં માત્ર ૬ ટકા માતાઓ આમ કરતી હતી. ૨૦ ટકા માતાઓ બાળકોને માત્ર બે મહિના માટે જ ધવડાવતી હતી. આ આધુનિકતાનું પરિણામ એ આવ્યું કે ૮૪ ટકા જેટલું ધાવણ ઉત્પન્ન થવા જ ન પામ્યું. આ ખોટ પૂરી કરવા માટે ચિલીને ૩૨૦૦૦ ગાયોના દૂધની જરૂર પડે। દૂધની બાટલી પ્રતિષ્ઠાની નિશાની બની. જે બાળકોને માતાનું દૂધ ન મળ્યું અને જે માતાઓને એની અવેજીમાં શું આપી શકાય તેનું ભાન ન હતું તેમનાં બાળકો માટે દાક્તરી સારવાર જરૂરી બની.

દરદીની જાતે જ સારા થવાની શક્તિને ખીલવવાને બદલે આજનો દાક્તરી જાદુ એને લગભગ શક્તિહીન અને લાચાર બનાવી મૂકે છે.
(અખંડ આનંદ) —ઈવાન ઇલિચ


ગણિત ગમ્મત

પચ્ચીસ ખાનાંવાળા આ અંકચોરસમાં કેન્દ્રમાં ૦ (શૂન્ય) સાથે +૧ થી +૧૨ અને −૧૨ થી −૧ સુધીની ક્રમિક સંખ્યાને એવી રીતે ગોઠવી છે કે તેમાં કોઈ પણ ઊભી, આડી કે તીરકસ હારમાં આવેલા આંકડાનો સરવાળો ૦ જ આવશે; એટલું જ નહિ, પણ સામસામાં એક સરખાં બે કે ચાર ખાનાંઓનાં જૂથમાંની સંખ્યાઓનો સરવાળો પણ શૂન્ય જ થશે. (દા. ત. +૨, −૧૧ અને સામે છેડે +૧૧ −૨. આ જ રીતે +૭+૧૦+૫−૩ અને સામે છેડે +૩−૫−૧૦ +૭=૦).

+૨	−૧૧	+૬	−૭	+૧૦
+૯	+૧	−૧૨	+૫	−૩
−૪	+૮	૦	−૮	+૪
+૩	−૫	+૧૨	−૧	−૯
−૧૦	+૭	−૬	+૧૧	−૨

—કિશોર ગોરધનદાસ

માસમાસના આકાશમાં: નવેમ્બર-ડિસેમ્બર



બાર રાશિ અને સત્યાવીસ નક્ષત્રનાં તારામંડળોના પૂરા ચક્રનો અને એની આસપાસનાં અન્ય મુખ્ય મુખ્ય તારામંડળોના દર્શનનો એક દોર આપણે લગભગ પૂરો કર્યો છે. હાલમાં મૂળથી મુખ સુધીની આખી 'વૈતરણી' નદીનું દર્શન સુલભ હોઈ એના ઝાંખા તારાઓને નકશાના આધારે ખોળી ખોળીને એનો પરિચય કરી લેવા જેવો છે. 'મૃગમંડળ'ના 'બાણરજ'ની બાજુમાંથી આરંભાઈ ને છેક દક્ષિણ ક્ષિતિજે 'નદીમુખ' તારા પાસે પૂરા થતા આ મંડળનો પટ ઘણો લાંબો છે. નદીમુખ સૂર્ય કરતાં ચાર ગણો વ્યાસ ધરાવતો મોટો અને ત્રણસો ગણો તેજસ્વી તારો છે. આપણાથી એ ૧૧૮ પ્રકાશવર્ષ દૂર છે, રાશિચક્રમાં છેલ્લી મીન રાશિનું તારામંડળ 'મીન', 'ખગાશ્વ'માં ભાદ્રપદાના વિશાળ ચોરસને ઊચકી લેતા બે હાથની જેમ V આકારે ઝાંખા તારાઓની બે હારરૂપે ગોઠવાએલું છે. છે. આમાંની દક્ષિણ તરફની હારમાં 'વ' સંજ્ઞાથી દર્શાવેલો તારો ઘણી વાર ચંદ્રબિંબ પાછળ ઢંકાઈ જાય છે. આ તારાની બાજુમાં 'રેવતી' નક્ષત્રના તારા છે. સત્યાવીશ નક્ષત્રોમાં એ છેલ્લું છે. ¶ 'મીન'ની બાજુમાં પૂર્વ તરફ પ્રથમ નક્ષત્ર 'અશ્વિની' અને પ્રથમ રાશિ 'મેષ'નો જેનાથી આરંભ થાય છે એ 'અશ્વિની'નું તારામંડળ છે. અશ્વિનીના ત્રણમાં સૌથી વધુ તેજસ્વી તે 'ચ્યવન' (અથવા 'હામલ') ચંદ્રમાર્ગ પર અને આપણાથી ૭૨ પ્રકાશવર્ષ દૂર છે. બીજા બે તારા તે 'અશ્વિનીકુમાર' છે. તેની બાજુમાં ત્રણ નિસ્તેજ તારાનું ટચૂકડું 'ભરણી' અને તેની બાજુમાં 'કૃત્તિકા' તારાઝૂમખું છે. આની ઉત્તરે 'યયાતિ' મંડળમાં 'અલ્ગૂલ' અને દક્ષિણે તિમિમંડળમાં 'મિરા'એ બે વિશિષ્ટ રૂપવિકારી તારા છે. અલ્ગૂલનું તેજ વધે ત્યારે સાડાચાર કલાકમાં એકદમ વધી જઈ ૨૦ મિનિટ એમ જ સ્થિર રહી પછી ધીરેધીરે ઘટતું જાય છે. જ્યારે મિરા વધુમાં વધુ તેજસ્વી બન્યા પછી ૧૦ દિવસ તે જ સ્થિતિમાં રહી પછીના આઠ માસ સુધી ધીરે ધીરે ઝાંખો પડી નરી આંખે ન દેખાય એટલો નિસ્તેજ બની જાય છે, ને પછી ફરી તેજસ્વી થવા માંડી અઢી માસમાં ફરી પૂર્વવત્ તેજ પામે છે. એના લઘુતમ તેજ કરતાં મહત્તમ તેજ ૧૦૦૦ ગણું હોય છે. —બિ. ટાં.

આ માસ (નવેમ્બર) ઇતિહાસમાં

તા. ૧/૧૯૫૪ હિંદુસ્તાનમાં ૧૪૦ વર્ષથી જામેલી ફ્રેંચ વસાહતો મુક્ત થઈને સ્વતંત્ર ભારતમાં ભળી ગઈ. ઈ. ૧૯૪૭માં સૌરાષ્ટ્રના બાબી રાજ્ય જૂનાગઢને પણ આરઝી હકૂમત તળે હિંદી લશ્કરે કબજે કરીને ભારતમાં ભેળવી દીધું તે પણ આ જ માસની ૯મી તારીખે.

તા. ૭/૧૮૮૮ ભારતના સુપ્રસિદ્ધ વિજ્ઞાની ચંદ્રશેખર વેંકટ રામનનો જન્મ. ભારતના આવા જ બીજા જગપ્રસિદ્ધ વિજ્ઞાની અને વનસ્પતિ-ચેતનાની નવી જ દિશા ઉદ્‌ઘાટિત કરનાર જગદીશચંદ્ર વસુ (બોઝ)નો જન્મ પણ ઈ. ૧૮૫૮માં આ જ માસની ૩૦મી તારીખે થએલો અને અવસાન પણ ઈ. ૧૯૩૬માં ૨૩મી નવેમ્બરે થએલું.

તા. ૯/૧૯૦૭ ટ્રાન્સવાલની પ્રજા વતી બ્રિટિશ રાજાને જગવિખ્યાત 'કુલિનન' હીરો ભેટ.

તા. ૧૦/૧૬૫૯ ગુપ્ત રીતે વાઘનખ પહેરી શિવાજીએ અફઝલખાનનો વધ કર્યો.

તા. ૧૧/૧૮૭૮ કથકલી નૃત્યના ઉદ્ધારક 'કેરળ કોકિલ' કવિ વળ્ળત્તોળ નારાયણ મેનનનો જન્મ.

પ્રસંગ વિશેષ

તા. ૧૫/૧૯૨૦ પહેલા વિશ્વયુદ્ધ (જેની પૂર્ણાહુતિ ૧૧મી નવેમ્બર, ૧૯૧૮ના રોજ થએલી)-નો અંતે વિશ્વની મહાસત્તાઓ વચ્ચે સહકાર અને શાંતિના સંબંધો સ્થાપવા રચાએલી 'લીગ ઑવ નેશન્સ'ની જીનિવા મુકામે પહેલી બેઠક મળી. એ સમયે એમાં ૪૨ દેશોનું પ્રતિનિધિત્વ હતું. યુદ્ધોત્તર કાળમાં એણે કેટલાંક ઘણાં સારાં કાર્યો કરેલાં, પણ બીજું વિશ્વયુદ્ધ તે નિવારી શકી નહિ. બીજા વિશ્વયુદ્ધને અંતે ૧૯૪૬માં એને સંકેલી લેવાઈ અને એનું સ્થાન 'સંયુક્ત રાષ્ટ્રસંઘ'—યુનાઇટેડ નેશન્સ ઑર્ગેનિઝેશને ('યૂનો'એ) લીધું છે. પહેલા વિશ્વયુદ્ધને અંતે જર્મન સમ્રાટ કૈઝરે ગાદીત્યાગ પણ આ જ માસની ૯મી તારીખે (૧૯૧૮માં) કરેલો.

તા. ૧૬/૧૮૬૯ સુએઝની નહેરનું વિધિસર ઉદ્‌ઘાટન. બીજે દિવસે તેમાંથી સરઘસ રૂપે જહાજોનો પહેલો કાફલો પસાર થયો. આ નહેર બાંધનાર પ્રખ્યાત ફ્રેંચ ઈજનેર ફર્ડિનાન્દ દ લેસેપ્સનો જન્મ પણ ઈ. ૧૮૦૫માં આ જ માસમાં ૧૯મી તારીખે થએલો.

વ્યક્તિ વિશેષ

તા. ૩૦/૧૮૭૪ ઇંગ્લૅન્ડના ગૌરવ અને વિજયની સતત સ્થાપના કરતા રહીને એક નવો જ ઇતિહાસ રચનાર, વિશ્વના સમર્થતમ રાજપુરુષોમાંના એક સર વિન્સ્ટન લિયોનાર્ડ સ્પેન્સર



ચર્ચિલનો જન્મ. મહા મુત્સદ્દી હોવા ઉપરાંત, વાણી અને લેખન પર પણ એમનું એકસરખું પ્રભુત્વ હતું. 'મૅમ્બર્સ ઑવ માર્લબરગ', 'ધ સેકન્ડ વર્લ્ડ વૉર' અને 'હિસ્ટરી ઑવ ધી ઇંગ્લિશ સ્પીકિંગ પીપલ' એ એમનાં વિખ્યાત પુસ્તકો છે. સાહિત્ય માટેનું ઈ. ૧૯૫૩નું નૉબેલ પ્રાઈઝ પણ એમને મળેલું. ઉપરાંત પોતાના અતિ વ્યસ્ત જીવનમાં યે એમણે અવકાશના સમયમાં ચણતરકામ અને ચિત્રકળાનો વ્યાસંગ કેળવ્યો હતો. એમનો જન્મ થયો એ વર્ષે પારી(સ)માં ઈમ્પ્રેશનિસ્ટ ચિત્રકળાનું સૌ પ્રથમ પ્રદર્શન યોજાએલું. તે પછીનાં વર્ષોમાં બ્રિટનમાં ચિત્રકલાવ્યાસંગીઓની સંખ્યા ઉત્તરોત્તર વધતી રહેલી. જો કે એમના ચિત્રકામને અને કલાના કોઈ વાદને કશી જ નિસ્બત નહોતી. તેઓ કેવળ નિજાનંદ ખાતર જ ચીતરતા. ચિત્રકામથી કેળવાતી નિરીક્ષણશક્તિ, રંગોની વિવિધતા અને એનાં અવનવાં મિશ્રણો કરી ચિત્ર કરતાં કરતાં પ્રકટતી એકાગ્રતા એમને ગમતી. ઘર અંદરના દેખાવ, વસ્તુ-આલેખન, મિત્રોની છબિઓ અને ખાસ કરીને દૃશ્યચિત્રો કરવાં એમને પસંદ હતાં, એમનાં ચિત્રસર્જનોમાં એમનો રંગપ્રેમ અને એમના પ્રભાવક વ્યક્તિત્વની લાક્ષણિકતાઓની અસર સહેજે દેખાઈ આવે છે. ઈ. ૧૯૪૮માં રૉયલ ઍકૅડેમીએ એમને પોતાના 'ઑનરરી ઍકૅડેમીશીઅન ઍક્સ્ટ્રા-ઑર્ડિનરી' બનાવીને એમનું બહુમાન કરેલું.



જૂનાગઢના એક અભણ ને ભોલા નવાબની વાત છે. એક વાર ખાનગી દરબારમાં વાત નીકળી કે ભાવનગર કૉલેજનો એક છોકરો ફર્સ્ટ ક્લાસમાં આવ્યો ને આપણી કૉલેજનો સેકંડમાં આવ્યો. એ સાંભળી નવાબ સાહેબ બોલી ઊઠયા : 'અપના લડકા સેકંડમેં ક્યોં આવે? અપના સલૂન ભેજના થા ને?'

∞

પહેલી તારીખે બુદ્ધુજીના પગારના કવરમાંથી ભૂલથી કોરો ચેક નીકળ્યો. એ જોઈને તે બોલી ઊઠયા : 'આખરે હું ધારતો હતો તેમ જ બન્યું. આ મહિને મારો આખો પગાર જ કપાતમાં ચાલ્યો ગયો લાગે છે!'

∞

કનુ : પેલો કહે છે કે એ તો તારો ઘણો નજીકનો સંબંધી છે!

મનુ : એ તો ગધેડો છે, ગધેડો!

કનુ : તો તો એની વાત સાચી લાગે છે.

∞

'આ તમારા રસોડાની બારીનો કાચ કોણે ફોડયો?' 'મારા પતિએ.'

'કેમ કરતાં?'

'મેં એમના પર છૂટું વેલણ ફેંક્યું ને એ ખસી ગયા, તેથી.'

∞

'વાહ, તમને કેટલી ભાષા આવડે છે?'

'ત્રણ' 'કઈ કઈ?'

હિંદી, હિંદુસ્તાની અને રાષ્ટ્રભાષા.'



(જનસત્તામાં 'શિવ')

તોફાન વાવંટોળ વેઠી ભાગ્યનાં, હૈયું ધરીને મર્દનું આગે જજો;
શીખી જજો સહવું છતાં હસવું સદા, છે જીવવાની જિંદગાનીજીવજો.

સ્વામીનારાયણ સંપ્રદાયના સ્વામી યજ્ઞપુરુષદાસજી પાસે મોતીભાઈ અમીન કંઈક ચર્ચા કરતા'તા, ત્યાં કોઈ અજાણ્યાએ આવી સ્વામીજીને ખૂબ ગાળો ભાંડી; પણ ક્ષમામૂર્તિ સ્વામીજી જરા યે ક્રોધે ભરાયા વિના સાંભળી રહ્યા. બીજે દિવસે સાધુ કેશવદાસજીએ આવીને સ્વામીજીને પૂછ્યું, કોણ હતો એ ગાળો દેનારો?

એ વખતે પણ મોતીભાઈ ત્યાં હાજર જ હતા. કેશવદાસજીનો પ્રશ્ન સાંભળી સ્વામીજીએ મોતીભાઈ તરફ આંગળી ચીંધી કહ્યું : 'આ માણસ!' મોતીભાઈ તો આભા જ બની ગયા! પોતાને માથે આવું આળ મૂકવાનું કારણ પૂછતાં સ્વામીજી બોલ્યા : 'મને પેલા ભાઈએ જ્યારે ગાળો આપી ત્યારે આપણા ત્રણ વિના ચોથું કોઈ હતું નહિ. તમે એ વાતનો ઢંઢેરો પીટ્યો એટલે તમે જ મને ગાળો આપી એમ ગણાય!' મોતીભાઈ આ સાંભળી નીચું જોઈ ગયા.

ꝏ

કહેવતોના અર્થ : 'દૂધમાંથી પોરા કાઢવા'. —અવાવરુ માટલીમાં થોડા દિવસ પડી રહેલા વાસી પાણીમાં 'પોરા' નામની ઝીણી જીવાત પેદા થાય છે, તેમ દૂધમાં બનવું અશક્ય છે, કેમકે દૂધ તો બહુ જલદી બગડી જઈ નકામું થઈ જાય છે; એટલે એમાંથી પોરા કાઢવાનો પ્રયત્ન જેમ મિથ્યા છે, તેમ કોઈ પાકા સિદ્ધ કાર્યમાંથી ભૂલો શોધવાની વ્યર્થ કચકચ કરવા માટેની કહેવત.

ꝏ

અનેકાર્થી શબ્દ : લાલ = રાતા રંગનું; છેલ, રંગીલો કે બાંકો; છોકરો; લાડકો દીકરો; માણેક; ગંજીપાનાં પાનાંમાંની ચાર ભાતમાંની એક લાલરંગની બદામ ભાત; એક પ્રકારનું પક્ષી; એક જાતનો છોડ; પતિ; મૂર્ખ માણસ; ચોપાટની રમતમાં પાકેલી સોગઠી; લાલસા કે ઇચ્છા; શિયાળામાં કરમાઈ જતું એક ફૂલ; રચ્યુંપચ્યું; રમતમાં સૌથી પહેલો જીતેલો.

ꝏ

ગણિતગમ્મત : ૧૪૨૮૫૭ એ એવી રકમ છે કે જેને ૧ થી૬ સુધીના અંકો વડે ગુણતાં ગુણાકારમાં એ જ રકમના અંકો આવશે :

૧૪૨૮૫૭ × ૧ = ૧૪૨૮૫૭
૧૪૨૮૫૭ × ૨ = ૨૮૫૭૧૪
૧૪૨૮૫૭ × ૩ = ૪૨૮૫૭૧
૧૪૨૮૫૭ × ૪ = ૫૭૧૪૨૮
૧૪૨૮૫૭ × ૫ = ૭૧૪૨૮૫
૧૪૨૮૫૭ × ૬ = ૮૫૭૧૪૨

પણ હવે એને ૭ વડે ગુણો જોઈએ :

૧૪૨૮૫૭ × ૭ = ૯૯૯૯૯૯!

प्रथम वयसि पीतं तोयमल्पं स्मरन्तः
शिरसि निहितभाराः नारिकेराः नराणाम्
ददति जलमनल्पास्वादमाजीवनान्तम्
नहि कृतमुपकारं साधवो विस्मरन्ति॥

નાનપણમાં માળી પાસેથી પીધેલા પાણીનું સ્મરણ નાળિયેરનાં ઝાડ સદા રાખે છે અને તેથી આગળ જતાં પોતાના માથા પર પાણીનો ભાર લઈને તૈયાર રહે છે, અને જીવનપર્યંત અમૃતતુલ્ય પાણી આપતાં રહે છે. સત્પુરુષો કરેલા ઉપકારોને કોઈ દિવસે ભૂલતા નથી.

અંકસંદર્ભ: છ : ગણિતનાં છ કર્મ-સરવાળો, બાદબાકી, ગુણાકાર, ભાગાકાર, ઘાત ને મૂળ; ષડંગ ન્યાસ-હૃદય, શિર, શિખા, કવચ, નેત્ર, અસ્ત્રાયફટ-આ છ સ્થાને સ્પર્શ કરવો; ષટ્ કર્મ વિધિ-ધૌતિ, કપાલભાતિ, ત્રાટક, નેતિ, બસ્તિ, નૌલિ; છ ન-કાર-મૌન, વિલંબ, ભ્રૂભંગ, અધોવદન, ગમન, વિષયાંતર.




ટિકિટકથા : 'બ્લૅક માલ્ટીઝ' નામે સંગ્રાહકોમાં જાણીતી આ ટિકિટ ઈ. ૧૮૯૭માં બહાર પડેલી. એના પર સેન્ટ પૉલનું આલેખન છે. અસલ તો એ ખ્રિસ્તી ધર્મના વિરોધી એવા રબી હતા, પણ પછી એમણે આ નવા ધર્મને સ્વીકારેલો, એટલું જ નહિ, ઈ. ૬૩માં એ માટે એમણે રોમમાં શહીદી પણ વહોરી લીધી હતી. ટિકિટમાં એમને પોતાના ડૂબતા જહાજમાંથી બચી જઈ એક ખડક પર ઊભેલા બતાવ્યા છે, ને તણાઈને આવેલી બે કુમારિકા એમના પગ પાસે દર્શાવી છે. ઈ. ૧૯૨૧માં તે બંને બાજુ પર 'પોસ્ટેજ' અને 'રેવન્યુ' શબ્દના ઉમેરણ સાથે ફરી બહાર પડેલી. તેમાંની આ એક હમણાં એક હરાજીમાં ૯૦ પાઉન્ડમાં વેચાએલી.

નવી ગણિતગમ્મત : પ્રેમિકામાંથી બુદ્ધિની બાદબાકી કરો. જે જવાબ આવે તે પત્ની. તેમાં તમારો પગાર ઉમેરો ને તેને પત્નીની જરૂરિયાતથી ભાગો. જવાબમાં હમેશાં શૂન્ય જ આવશે



પતંગ ચડાવીને, આકાશમાં થતી વીજળી અને જમીન પર પેદા કરાતી વીજળી એક સરખી જ હોવાનું સાબિત કર્યાના બેન્જામિન ફ્રૅંકલિનના પ્રયોગમાં ભલે એને સફળતા મળી, પણ એમાં જીવનું જોખમ હતું, જેમાંથી એ અકસ્માત જ બચી ગયો હતો. આવો જ પ્રયોગ કરવા જતાં રશિયાનો એક વિજ્ઞાની માર્યો ગયો હતો. સૈદ્ધાંતિક રીતે બંને વીજળી એક સરખી ખરી, પણ આકાશની વીજળીનો વીજભાર પ્રચંડ શક્તિ ધરાવે છે.



કલાકૃતિ : મેક્સિકોની પ્રાચીન મય સંસ્કૃતિના કાળની એક સ્તંભની ટોચ. એમાં દર્શાવેલો પીંછાળો સર્પ એ એમના જળ તથા વનસ્પતિના દેવ તથા પવનદેવની સંજ્ઞા છે.